# Ordinary Gazette Part - I / 1994

| Issue No. | Date | Department |
|---|---|---|
| Issue No. 1 | 06-01-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 2 | 13-01-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 3 | 20-01-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 4 | 27-01-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 5 | 03-02-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 6 | 10-02-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 7 | 17-02-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 8 | 24-02-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 9 | 03-03-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 10 | 10-03-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 11 | 17-03-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 12 | 24-03-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 13 | 31-03-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 14 | 07-04-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 15 | 14-04-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 16 | 21-04-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 17 | 28-04-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 18 | 05-05-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 19 | 12-05-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 20 | 19-05-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 21 | 26-05-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 22 | 02-06-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 23 | 09-06-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 24 | 16-06-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 25 | 23-06-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 26 | 30-06-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 27 | 07-07-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 28 | 14-07-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 29 | 21-07-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 30 | 28-07-1994 | This Gazette may contain multiple departments/offices. |

INDEX

| Issue No. | Date | Department |
|---|---|---|
| Issue No. 31 | 04-08-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 32 | 11-08-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 33 | 18-08-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 34 | 25-08-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 35 | 01-09-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 36 | 08-09-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 37 | 15-09-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 38 | 22-09-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 39 | 29-09-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 40 | 06-10-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 41 | 13-10-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 42 | 20-10-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 43 | 27-10-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 44 | 03-11-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 45 | 10-11-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 46 | 17-11-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 47 | 24-11-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 48 | 01-12-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 49 | 08-12-1994 | This Gazette may contain multiple departments/offices. |
| Issue No. 50 | 15-12-1994 | This Gazette may contain multiple departments/offices. |

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV ] THURSDAY, 6th JANUARY, 1994/PAUSHA 16, 1915 [No. 1

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

# PART-I

| | Pages |
|---|---|
| PART--I--Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneous Notifications, Appointments etc. .. .. | 1—7 |
| PART--I-A--Orders and Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards. Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts. .. .. .. | NIL |
| PART-I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only .. | |
| Supplement .. .. .. | 1—17 |
| PART--II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. .. .. | 1—20 |
| PART--III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. .. .. | — |



INDEX

# Government Notifications, Orders, Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

### Miscellaneous Notifications, Appointments etc.

નાયબ ખેતી નિયામક દ્વારા

જમીન સુધારણા કાયદાની કલમ ૯(૧) અન્વયે.

હુકમ

જા. નાં. જમીન સુધારણા/કાયદા/૪૫૨૩—૨૪.— નીચે જણાવેલ યોજનાના ખરડાની યાદી જિલ્લા જમીન સુધારણા મંડળ રાજકોટ, જમીન સુધારણા યોજનાના ૧૯૪૨ના (સુધારેલ) કાયદાના અધિનિયમની કલમ ૫(૧) મુજબ પ્રસાર કરી ગામ તાલુકા અને જિલ્લાઓના મુખ્ય મથક ઉપર જમીન સુધારણા યોજનાના કાયદાના અધિનિયમન કલમ ૫(૨) મુજબ પ્રસિધ્ધ કરી હતી.

યોજના માટે નિમવામાં આવેલ તપાસણી અધિકારીઓને યોજના માટે કોઈપણ જાતની વાંધા અરજી મળેલ નથી. તેમ તેઓ જણાવે છે. તેથી યોજનાનો ખરડો જમીન સુધારણા યોજનાના ૧૯૪૨ના (સુધારેલ) કાયદાના અધિનિયમની કલમ ૯(૧) મુજબ મંજુર કરવામાં આવે છે.

યોજનાનો ખરડો ગુજરાત સરકારના ગેઝેટમાં અને ગામો, તાલુકા અને જિલ્લાઓના મુખ્ય મથક ઉપર જમીન સુધારણા યોજનાના કાયદાના અધિનિયમની કલમ ૯(૨) મુજબ પ્રસિધ્ધ કરવો.

યોજના કલમ ૯(૨) અન્વયે પ્રસિધ્ધ થયા પછી ક્રી ઉપ વિભાગીય જમીન સંરક્ષણ અધિકારી મોરબીને કાયદાની કલમ ૧૧(૧) પ્રમાણે યોજનાનું અધિકાર કરવાની સત્તા આપવામાં આવે છે.

૪/૨ રેવ્યુવર વિભાગ ૯/૧ ડેમી—૨ યોજના
જિલ્લો : રાજકોટ.
ગામ : ચાંચાપર, તાલુકો: મોરબી, જિલ્લો : રાજકોટ

થનાર કામનો પ્રકાર : ફી. મે.

| અનુ. | સર્વે નંબર | ક્ષેત્રફળ લેકટર | તપાસણી અધિકારી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ચાંચાપર માઈ-૧ રમા--૧ ૧થી૮ | | |
| | ૫૨/૧ | ૦--૫૩--૨૦ | ખેતી નિરીક્ષક, |
| | ૫૧ | ૩--૩૫--૮૯ | મોરબી |
| | ૫૦ | ૨--૭૦--૧૪ | |
| | ૪૯/પૈ. | ૦--૪૦--૪૭ | |
| | ૪૯/પૈ. | ૦--૪૪--૫૯ | |
| | ૪૯/પૈ. | ૦--૪૮--૫૬ | |
| | ૬૦/પૈ. | ૦--૪૬--૫૪ | |
| | ૨૩/પૈ. | ૨--૯૧--૩૮ | |
| | ૪૮/૧ | ૦--૬૨--૭૩ | |
| | ૪૮/૧ | ૦--૬૨--૭૩ | |
| | ૪૮/૨ | ૦--૧૬--૭૩ | |

તાલુકો: મોરબી જીલ્લો: રાજકોટ ગામ :ચાંચાપર

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ચાંચાપર | માઈ--૧ | | |
| | રમા--૧ | | |
| | ૧ થી ૮ | | |
| | ૪૮/૨ | ૧--૨૯--૫૦ | ખે.નિ.નિરીક્ષક, |
| | ૪૫ | ૧--૩૧--૫૨ | મોરબી. |
| | ૪૫/૩ | ૧--૧૨--૩૦ | |
| | ૪૫/૪ | ૧--૪૨--૬૫ | |
| | ૬૧ | ૦--૮૦--૦૦ | |
| | ૬૨ | ૧--૫૮--૮૪ | |
| | ૬૩/પૈ. | ૧--૪૨--૬૫ | |
| | ૬૩/પૈ. | ૧--૧૩--૩૧ | |
| | ૩૯/૧/પૈ. | ૦--૭૫--૦૦ | |
| | ૩૯/૧/પૈ. | ૧--૨૫--૦૦ | |
| | ૪૦/૧ | ૦--૭૫--૮૮ | |
| | ૪૦/૨ | ૧--૭૯--૦૭ | |
| | ૪૧/૧ | ૦--૮૮--૦૨ | |
| | ૪૧/૨ | ૦--૪૦--૪૭ | |
| | ૪૧/૧/પૈ. | ૦--૪૭--૧૫ | |
| | ૩૮ | ૧--૦૦--૦૦ | |
| | ૩૭/પૈ. | ૧--૩૮--૬૧ | |
| | ૩૬ | ૧--૪૮--૭૨ | |
| | ૩૫ | ૧--૫૮--૮૪ | |
| | ૩૪/પૈ. | ૦--૭૯--૯૬ | |
| | ૩૪/પૈ. | ૦--૭૯--૯૬ | |
| | ૧૮૩/૧ | ૦--૮૪--૯૯ | |
| | ૧૮૩/૨ | ૦--૩૨--૦૦ | |
| | ૧૮૩/૨ | ૦--૭૪--૮૬ | |
| | ૧૮૪ | ૦--૭૨--૮૨ | |
| | ૧૮૪/પૈ. | ૦--૭૨--૮૨ | |
| | ૧૮૭/૧ | ૦--૭૨--૭૭ | |
| | ૧૮૮ | ૦--૮૦--૦૦ | |
| | ૧૯૦ | ૧--૭૭--૩૬ | |
| | ૧૯૧/૧ | ૦--૨૪--૨૮ | |
| | ૧૯૧/૩ | ૦--૨૩--૨૭ | |
| | ૧૯૧/૨ | ૦--૫૮--૬૮ | |
| | ૧૯૨ | ૧--૭૧--૯૯ | |
| | ૧૯૩ | ૨--૫૨--૯૩ | |
| | ૧૯૪ | ૧--૪૬--૭૦ | |
| | ૨૦૩/૧ | ૦--૧૫--૦૦ | |
| | ૨૦૦ | ૦--૭૦--૦૦ | |
| | ૧૯૯ | ૦--૩૦--૦૦ | |
| | ૧૯૮/૧ | ૦--૪૦--૦૦ | |
| | ૧૯૬/પૈ. | ૦--૬૨--૭૩ | |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ૧૬૫/૧ | ૦--૩૯--૪૬ | ખે.નિ.મોરબી. |
| | ૧૬૫/૨ | ૦--૪૮--૫૬ | |
| | ૧૯૫/૩ | ૦--૬૮--૮૦ | |
| | ૩૨૧/૨ | ૦--૪૮--૫૩ | |
| | ૩૨૦/૪ | ૦--૧૮--૨૧ | |
| | ૩૨૨/૨ | ૦--૮૨--૯૬ | |
| | ૩૨૧/૧ | ૧--૫૪--૫૬ | |
| | ૩૨૦/૨ | ૦--૪૯--૫૭ | |
| | ૩૨૦/૩ | ૦--૪૪--૫૨ | |
| | ૩૧૯/૧ | ૨--૨૨--૫૮ | |
| | | કુલ... ૫૭--૭૦ | |

૨. ચાંચાપર—માઈ—૧/સમા—૨, ૧થી ૪

| | | |
|---|---|---|
| ૨૩/પૈ. | ૨--૯૧--૩૮ | |
| ૨૩/પૈ. | ૨--૯૧--૩૮ | |
| ૨૩/પૈ. | ૩--૪૨--૯૭ | |
| ૪૬/પૈ. | ૨--૪૯--૮૯ | |
| ૪૬/પૈ. | ૧--૬૪--૯૧ | |
| ૪૭/પૈ. | ૧--૦૭--૨૦ | |
| ૪૭/પૈ. | ૧--૦૮--૨૦ | |
| ૪૭/પૈ. | ૨--૨૬--૫૧ | |
| ૪૩ | ૧--૭૬--૦૪ | |
| ૪૫/૪/પૈ. | ૦--૭૦--૮૨ | |
| ૪૪ | ૩--૮૬--૨૮ | |
| ૪૨ | ૨--૨૪--૩૮ | |
| ૬૧ | ૨--૨૫--૬૫ | |
| ૩૧/પૈ. | ૧--૦૫--૨૨ | |
| ૩૩ | ૧--૮૧--૧૦ | |
| ૩૨/પૈ. | ૨--૨૫--૬૧ | |
| ૩૦ | ૦--૫૦--૦૦ | |
| | કુલ.. ૩૪--૨૮ | |

૩. ચાચાંપર માઈ-૧—સમા—૩—૧થી૪

| | | |
|---|---|---|
| ૨૦ | ૧--૫૬--૮૨ | ખે.નિ. મોરબી |
| ૨૨/પૈ. | ૪--૪૬--૧૬ | |
| ૨૧/પૈ. | ૦--૦૯--૧૯ | |
| ૨૧/પૈ. | ૧--૯૦--૨૦ | |
| ૨૨/પૈ. | ૧--૪૮--૭૨ | |
| ૧૯ | ૧--૫૪--૭૯ | |
| ૧૮ | ૦--૭૧--૮૩ | |
| ૧૭ | ૧--૫૫--૮૦ | |
| ૧૬ | ૦--૮૦--૯૪ | |
| ૧૫ | ૦--૭૪--૮૭ | |
| ૧૩ | ૪--૩૪--૦૩ | |
| ૧૪ | ૩--૬૬--૩૩ | |
| ૧૨ | ૩--૪૪--૯૯ | |
| ૨૭ | ૨--૬૪--૦૬ | |
| ૨૪ | ૧--૨૦--૩૯ | |
| ૨૫ | ૧--૧૯--૩૮ | |
| ૨૬ | ૨--૩૧--૬૮ | |
| ૨૮ | ૩--૨૪--૬૦ | |
| | કુલ:.. ૩૭--૪૫ | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | મોરબી ફી.—ચે.— | | |
| ૪. | ચાંચાપર—માઈ—૨—સમા—૯—૧ થી ૫ | | ખે. નિ. મોરબી. |
| | ૧૯૭ | ૧--૦૫--૨૩ | |
| | ૧૯૮ | ૧--૪૪--૦૦ | |
| | ૧૯૯ | ૦--૩૨--૦૦ | |
| | ૨૦૧ | ૧--૩૨--૫૪ | |
| | ૨૦૩ | ૧--૧૦--૦૦ | |
| | ૨૦૦/પૈ. | ૦--૬૦--૦૦ | |
| | ૨૭૪ | ૨--૩૫--૭૩ | |
| | ૨૭૩ | ૨--૫૨--૯૩ | |
| | ૨૦૨/૧ | ૧--૫૦--૭૫ | |
| | ૨૭૫ | ૧--૯૯--૩૦ | |
| | ૨૭૬ | ૧--૨૦--૫૦ | |
| | ૨૮૪ | ૨--૧૦--૫૨ | |
| | ૨૮૦/૨ | ૦--૬૨--૭૩ | |
| | ૨૭૭ | ૧--૫૮--૮૪ | |
| | ૨૭૯ | ૧--૧૭--૩૬ | |
| | ૨૭૯/૨ | ૦--૪૦--૪૭ | |
| | ૨૭૯/૩ | ૦--૩૬--૪૨ | |
| | ૨૮૨ | ૧--૦૮--૨૫ | |
| | ૨૭૮ | ૧--૩૫--૫૭ | |
| | ૨૮૦ | ૩--૦૪--૫૭ | |
| | ૨૮૧/૧ | ૦--૫૮--૬૭ | |
| | ૨૮૦/પૈ. | ૧--૩૯--૮૨ | |
| | | કુલ.. ૩૦--૮૫ | |

મોરબી—ફી.ચે.—

૫. ચાંચાપર—માઈ—૨—સમા—૮ ૧ થી ૭

| | | |
|---|---|---|
| ૨૭૨ | ૨--૬૦--૦૧ | ખે.નિ. |
| ૨૦૪ | ૧- ૩૧--૩૮ | મોરબી |
| ૨૦૫ | ૧--૫૦--૭૫ | |
| ૨૦૯ | ૦--૮૪--૯૮ | |
| ૨૦૮ | ૨--૧૭--૨૬ | |
| ૨૦૭/૧ | ૧--૩૬--૯૪ | |
| ૨૦૬ | ૧--૨૭--૧૪ | |
| ૨૮૬ | ૧--૪૮--૭૨ | |
| ૨૮૭ | ૧--૬૬--૯૩ | |
| ૨૮૭/૨ | ૦--૪૮--૫૬ | |
| ૨૮૫ | ૨--૦૮--૪૧ | |
| ૨૭૧ | ૨--૧૫--૫૦ | |
| ૨૬૮ | ૧--૯૩--૨૪ | |
| ૨૬૯ | ૧--૮૯--૧૯ | |
| ૨૭૦ | ૧--૧૧--૨૯ | |
| ૨૮૮ | ૦--૫૭--૬૭ | |
| ૨૮૯ | ૧--૨૦--૩૯ | |
| ૨૯૦ | ૩--૩૩--૮૭ | |
| ૨૯૯ | ૧--૫૧--૦૬ | |
| ૩૦૧ | ૧--૮૨--૧૦ | |
| ૩૦૨ | ૧--૯૩--૨૪ | |
| ૩૦૩ | ૩--૪૮--૦૩ | |
| ૩૦૦ | ૧--૫૦--૮૦ | |
| ૩૦૫ | ૪--૮૫--૬૩ | |
| ૩૦૪ | ૧--૫૫--૮૧ | |
| | કુલ.. ૪૫--૬૯ | |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૬. | ચાંચાંપર--સમા—૭/૧ થી ૬ | | |
| ૬. | ૨૬૭ | ૨--૧૦--૪૪ | |
| | ૨૧૦ | ૪--૪૫--૯૩ | |
| | ૨૧૧ | ૮--૦૫--૦૪ | |
| | ૨૬૬ | ૨--૯૭--૪૫ | |
| | ૨૬૬/૧ | ૧--૭૮--૦૬ | |
| | ૨૯૩/૧ | ૬--૨૯--૨૯ | |
| | ૨૯૪/૧ | ૧--૧૪--૩૨ | |
| | ૨૯૫ | ૧--૧૭--૩૬ | |
| | ૨૯૫/પૈ. | ૧--૫૬--૮૨ | |
| | ૨૯૧ | ૩--૮૪--૪૭ | |
| | ૨૯૨ | ૩--૩૩--૮૮ | |
| | ૨૯૨/૧/પૈ. | ૩--૩૩--૮૭ | |
| | ૨૯૭/પૈ. | ૨--૧૪--૪૮ | |
| | ૨૯૮ | ૫--૧૯--૧૬ | |
| | ૨૪૪ | ૭--૫૦--૯૯ | |
| | | કુલ: ૪૯--૯૦--૫૬ | |

મોરબી—ફ્રે. ચે. ચ.

૭. ચાંચાપર—સમા--૬/ ૧થી ૬

| | | |
|---|---|---|
| ૨૧૨ | ૨--૫૦--૫૪ | ખે.નિ. મોરબી |
| ૨૧૩/૧ | ૧--૨૭--૧૫ | |
| ૨૧૪ | ૧--૩૧--૫૬ | |
| ૨૧૫/૧ | ૧--૪૬--૬૩ | |
| ૨૧૬ | ૧--૮૦--૦૦ | |
| ૨૧૭ | ૫--૫૩--૪૨ | |
| ૨૬૪ | ૨--૧૩--૪૭ | |
| ૨૬૧ | ૨--૦૩--૧૨ | |
| ૨૬૦ | ૧--૩૦--૫૧ | |
| ૨૫૯ | ૧--૨૮--૪૯ | |
| ૨૬૧ | ૨--૨૪--૬૦ | |
| ૨૪૫ | ૪--૨૦--૮૮ | |
| ૨૫૫/પૈ. | ૧--૧૫--૩૪ | |
| ૨૪૬ | ૩--૮૨- ૪૩ | |
| ૨૪૭ | ૨--૪૯--૯૦ | |
| ૨૪૮ | ૧--૦૩--૧૨ | |
| ૨૪૯ | ૨--૨૮--૬૬ | |
| ૨૫૬ | ૨--૯૪--૯૨ | |
| ૨૬૨ | ૫--૧૧--૯૩ | |
| ૨૬૩ | ૧--૪૮--૭૨ | |
| ૨૦૫ | ૧ -૧૭--૩૬ | |
| | કુલ: ૪૮--૬૫ | |

તાલુકો : મોરબી—ડી.ચ.

૮. ખાનપર—ડી—૧/સમા--૧/ ૧ થી ૪

| | |
|---|---|
| ૫૪/ક | ૦--૯૫--૧૧ |
| ૫૪/ડ | ૦--૯૭--૧૭ |
| ૫૩/આ/૧ | ૦--૮૦--૯૪ |
| ૫૩/આ/૨ | ૧--૨૯--૫૦ |
| ૫૭/પૈ. | ૦--૫૦--૮૫ |
| ૫૮/૪ | ૦--૪૦--૦૦ |
| ૫૬/આ | ૧--૬૪--૧૭ |
| ૫૯/આ | ૧--૮૧--૧૧ |
| ૫૩/બ | ૨--૦૬ -૩૯ |
| ૫૩/૨/બ | ૧--૨૯--૫૦ |
| ૯૯/બ | ૨--૩૦--૭૬ |
| ૯૯/બ/૧ | ૧- ૬૯ -૯૭ |
| ૯૯/બ/૨ | ૦--૭૯--૩૩ |
| ૧૫૪/૧/આ | ૧--૦૩--૮૦ |
| ૫૬/બ | ૧--૬૭--૮૭ |
| ૫૯/૩ | ૦--૬૯--૭૩ |
| | કુલ ૨૧--૦૪--૫૨ |

મોરબી—ફ્રે. ચે.

૯. ખાનપર--ડી--૧—સમા--૨/ ૧ થી ૪

| | | |
|---|---|---|
| ૫૭/બ | ૦--૫૦--૮૫ | ખે. નિ. |
| ૫૮/૪ | ૦--૭૯--૧૨ | મોરબી |
| ૫૮/૨ | ૦--૮૪--૯૪ | |
| ૫૮/ક | ૧--૦૦--૦૦ | |
| ૫૮/ખ | ૩--૦૩--૬૩ | |
| ૫૮ | ૦--૬૩--૨૮ | |
| ૫૯/ડ | ૦--૬૦--૫૦ | |
| ૬૦ | ૧--૧૯--૫૫ | |
| ૬૧/આ | ૧--૧૨--૭૦ | |
| ૬૨/આ | ૦--૯૫--૬૭ | |
| ૯૮/આ/૧ | ૩--૦૫--૪૪ | |
| ૯૮/બ/૧ | ૩--૦૯--૫૯ | |
| ૧૫૪/૧/બ | ૧--૨૩--૯૭ | |
| ૧૫૬/૧ | ૦--૬૦--૭૩ | |
| ૧૫૬/૨ | ૦--૭૪--૮૭ | |
| ૧૫૭/આ | ૧--૦૮--૭૩ | |
| ૧૫૫ | ૫--૫૦--૫૪ | |
| ૧૫૨/આ | ૧--૫૦--૫૦ | |
| ૧૫૮/આ | ૧--૧૩--૩૧ | |

ખાનપર—ડી—૧/સમા--૨/ ૫ થી ૭

| | |
|---|---|
| ૧૫૨/ક | ૦--૫૦--૦૦ |
| ૧૫૨/ડ | ૦--૨૦--૦૦ |
| ૧૬૦ | ૦--૫૦--૦૦ |
| ૧૬૩ | ૧--૧૯--૩૮ |
| ૧૬૪ | ૧--૨૪--૪૪ |
| ૧૫૯/૧/બ | ૧--૦૦--૧૬ |
| ૧૫૯/૧/આ | ૩--૦૦--૪૮ |
| ૧૫૯/૧/બ | ૧--૦૦--૧૬ |
| ૧૫૯/૧/બ | ૧--૦૦--૧૬ |
| ૧૫૮/આ | ૧--૨૪--૦૦ |
| ૧૫૮/આ/પૈ. | ૦--૮૬--૦૦ |
| ૧૬૧ | ૦--૫૭--૬૭ |
| ૧૬૨ | ૧--૦૪--૨૧ |
| ૧૬૫/૧/આ | ૦--૭૧--૮૩ |
| ૧૬૫/૧/બ | ૦--૭૧--૮૩ |
| ૧૬૧/આ/૨ | ૦--૮૩--૯૫ |
| ૧૬૧/બ | ૧- ૯૦--૯૭ |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | ૧૬૧/બ | ૧--૫૦--૦૬ | |
| | ૧૬૬ | ૦--૯૦--૧૩ | |
| | ૧૬૬/૧ | ૦--૯૬--૧૨ | |
| | ૧૬૬/૧/બ | ૧--૭૮--૦૬ | |
| | ૧૬૬/૧/બ | ૧--૮૬--૦૬ | |
| | ૧૬૬/૧/બ | ૧--૮૩--૨૨ | |
| | ૧૬૬/૨ | ૦--૭૯--૯૩ | |
| | | કુલ : ૫૫--૭૭--૪૦ | |

મોરબી–ફી.ચે.

૧૦. ખાનપર–ડી–૧/માઈ–૨/સમા–૧

| | | |
|---|---|---|
| | ૨૪૮ | ૨--૧૫--૫૦ |
| | ૩૧૪/ક | ૭--૬૯--૯૨ |
| | ૩૧૪/આ | ૦--૩૨--૩૬ |
| | ૩૧૪/ડ | ૧--૫૩--૭૮ |
| | ૨૪૬ | ૨--૯૬--૮૨ |
| | ૨૪૭ | ૨--૪૫--૬૩ |
| | ૩૧૪/બ | ૪--૮૫--૬૩ |
| | ૨૪૫/બ | ૨--૪૨--૯૧ |
| | ૨૪૫/આ | ૦--૭૮--૯૧ |
| | ૨૪૪ | ૦--૮૦--૯૪ |
| | ૩૧૫ | ૬--૪૨--૭૬ |
| | | કુલ : ૩૨--૪૩--૯૮ |

૧૧. ખાનપર–ડી–૧/સમા–૨/સમા--૨/ ૧ થી ૪

| | | |
|---|---|---|
| | ૩૨૪ | ૩--૫૮--૪૦ |
| | ૩૨૦ | ૪--૪૧--૧૦ |
| | ૩૨૨/આ | ૧--૬૫--૯૨ |
| | ૩૨૨/બ | ૦--૮૦--૦૩ |
| | ૩૨૨/બ/૨ | ૦--૯૭--૧૩ |
| | ૩૨૨/બ | ૧--૮૬--૧૬ |
| | ૩૧૫ | ૨--૦૦--૦૦ |
| | ૩૨૪ | ૨--૦૪--૬૫ |
| | ૩૨૩ | ૩--૫૧--૦૭ |
| | ૩૨૦ | ૬--૨૪--૩૫ |
| | ૩૨૧ | ૪--૫૯--૩૨ |
| | ૩૧૯ | ૦--૫૦--૦૦ |

ખાનપર ૫ થી ૯

| | | |
|---|---|---|
| | ૩૧૮/આ | ૧--૭૫--૦૩ |
| | ૩૧૮/બ | ૧--૭૫--૦૩ |
| | ૩૧૭ | ૧--૬૧--૮૮ |
| | ૩૧૬ | ૧--૭૪--૦૨ |
| | ૩૧૯ | ૨--૦૦--૦૦ |
| | | કુલ ૪૧--૦૪--૦૯ |

૧૨. ખાનપર–ડી–૧/માઈ–૨/સમા–૩/ ૧ થી ૫

| | | |
|---|---|---|
| | ૩૯૬ | ૩--૫૭--૭૬ |
| | ૩૯૭ | ૧--૨૪--૪૪ |
| | ૩૯૮ | ૧--૫૦--૬૬ |
| | ૪૦૧ | ૨--૮૦--૦૦ |
| | ૪૦૦ | ૪--૦૦--૦૦ |
| | ૩૯૩/પૈ. | ૦--૯૭--૩૦ |
| | ૪૦૩/પૈ. | ૧--૫૦--૦૦ |
| | ૪૦૨ | ૫--૦૦--૦૦ |
| | | કુલ: ૨૦--૬૦--૧૬ |

કુલ ઘટક ૧૨ વિસ્તાર ૪૭૫--૮૨

---

સચિવ જિલ્લા જમીન સુધારણા મંડળ રાજકોટ તરફથી જમીન સુધારણા યોજના (વ્યાપ્તિ અને રાંશોધન) અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯/૨ મુજબ યોજનાની પ્રસિધ્ધિની નોટિસ.

આથ નોટિસ આપવામાં આવે છે કે (૧) જમીનની જાળવણી અને સુધારણા, (૨) જમીનનું ધોવાણ અટકાવવા, (૩) પાણી ધુરવહાની સુધારણા, (૪) સુકી ખેતી પધ્ધતિઓ દાખલ કરવા. (૫) ખેતીની પધ્ધતિઓમાં સુધારણા કરવા, (૬) ખરાબાની અને પડતર જમીનનું ખેડાણ કરવા, (૭) જેને લીધે ખેડાણને હાનીકારક રીતે અસર થવાની કે ખેડાણમાં દખલ ઉભી થવાનો સંભવ હોય તેવાં હરિયાળા અગર બીજી જાતનાં નિદાણ કે વનસ્પતિને નિમૂળ કરવા અંગે જોગવાઈ કરતી યોજનાઓને નીચ જણાવેલી જમીન માટેની જે ખાના નં. ૨ ૩, અને ૪ માં બતાવેલા ગામો તાલુકાઓ અને જિલ્લામાં આવેલી તેને ૧૯૫૮ના મુંબઈ જમીન સુધારણા યોજના (વ્યાપ્તિ અને રાંશોધન) અધિનિયમની કલમ(૧) મુજબ મંડળે મંજૂર કરી છે.

મંડળે સદરહું અધિનિયમની કલમ ૧૧/૧ મુજબ મોરબી ઉપ-વિભાગીય જમીન સંરક્ષણ અધિકારની યોજનાના કામ માટે નિમણુંક કરી છે.

તાલુકો: મોરબી જિલ્લો: રાજકોટ કામનો પ્રકાર : ફીલ્ડ ચેનાજ

| અનું નં. ૧ | ગામ અને બ્લોક ૨ | સર્વે નંબર અને જમીનનું વર્ણન ૩ |
|---|---|---|
| ૧ | ચાંચાપર મા. ૧ વોકો૧ | ૫૨/૧, ૫૧.૫૦, ૪૯, ૬૦, ૨૩, ૪૮, ૪૫, ૬૧, ૬૨, ૬૩, ૩૯, ૪૦, ૪૧, ૩૮, ૩૭, ૩૬, ૩૫, ૩૪, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૮૮, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૨૦૩, ૨૦૦, ૧૯૯, ૧૯૮, ૧૯૬, ૧૯૫, ૩૨૨/૨, ૩૨૧/૨, ૩૨૦/૨, ૩૨૦/૩, ૩૨૦/૪, ૩૧૯/૧, ૨૩, ૪૬, ૪૭, ૪૩, ૪૫, ૪૪, ૪૨, ૬૧, ૩૧, ૩૩, ૩૨, ૩૦. |
| ૨. | ચાંચાપર વોકો ૨ | ૨૩, ૪૬, ૪૭, ૪૩, ૪૫, ૪૪, ૪૨, ૬૧, ૩૧, ૩૩, ૩૨, ૩૦. |
| ૩ | ચાંચાપર વોકો ૩ | ૨૦, ૨૨, ૨૧, ૧૯, ૧૮, ૧૭, ૧૬, ૧૫, ૧૪, ૧૩, ૧૨, ૨૭, ૨૪, ૨૫, ૨૬, ૨૮, |
| ૪ | ચાંચાપર મા, ૨-વોકો ૯ | ૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૧, ૨૦૩, ૨૦૦, ૨૭૪, ૨૭૩, ૨૭૫, ૨૭૬, ૨૮૨, ૨૮૪, ૨૮૦, ૨૭૭, ૨૭૯, ૨૭૮, ૨૮૦, ૨૮૧, |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૫ | ચાંચાપર મા ૨ વેકો૮ | ૨૭૨, ૨૦૪, ૨૦૫, ૨૦૯, ૨૦૮, ૨૦૭, ૨૦૬, ૨૮૬, ૨૮૭, ૨૮૫, ૨૭૧, ૨૬૮, ૨૬૯, ૨૭૦, ૨૮૮, ૨૮૯, ૨૯૦, ૨૯૯, ૩૦૧, ૩૦૨, ૩૦૩, ૩૦૦, ૩૦૫, ૩૦૪. |
| ૬ | ચાંચાપર મા ૨ વેકા૭ | ૨૬૭, ૨૧૦, ૨૧૧, ૨૬૬, ૨૯૩, ૨૯૪, ૨૯૫, ૨૯૧, ૨૯૨, ૨૯૭, ૨૯૮, ૨૪૪, |
| ૭ | ચાંચાપર મા ૨ વેકા ૬ | ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭, ૨૬૪, ૨૬૫, ૨૬૦, ૨૫૯, ૨૬૧, ૨૪૫, ૨૫૫ ૨૪૬, ૨૪૭, ૨૪૮, ૨૪૯, ૨૫૬, ૨૬૨, ૨૬૩, ૨૯૫. |
| ૮ | ખાનપર ડો-૧આર વેકો ૧ | ૫૪, ૫૩, ૫૭, ૫૮, ૫૬, ૫૯, ૯૯, ૧૫૪/૧ |
| ૯ | ખાનપર વેકો ૨ | ૫૭૦, ૫૮૦, ૫૮૦/ ૫૯/૬, ૬૦, ૬૧, ૬૨, ૯૮, ૧૫૪/૧-બ, ૧૫૬, ૧૫૭, ૧૫૫, ૧૫૨, ૧૫૮, ૧૬૦, ૧૬૩, ૧૬૪, ૧૫૯, ૧૬૧, ૧૬૨, ૧૬૫, ૧૬૬ |
| ૧૦ | ,, વેકો ૧ | ૨૪૮, ૨૪૭, ૨૪૬, ૨૪૫, ૩૧૪, ૩૧૫, |
| ૧૧ | ,, વેકો ૨ | ૩૧૬, ૩૧૭, ૩૧૮, ૩૧૯, ૩૨૦, ૩૨૧, ૩૨૨, ૩૨૩, ૩૨૪, |
| ૧૨ | ,, વેકો ૩ | ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૩, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૦૩. |

ભાવનગર, ૧૮ માહે નવેમ્બર સને ૧૯૯૩.

(સહી) અવાચ્ય,
નાયબ ખેતી નિયામક,
સિંચાઈ પ્રાયોજના,
ભાવનગર.

---

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર દ્વારા

બોમ્બે પોલીસ એકટ, ૧૯૫૧ ની કલમ—૮૫ મુજબની જાહેરાત

જાહેરનામું

નં. મે : મેજી-વશી-૨૬૨૬/૩૦-૯૩.—શ્રી ગુજરાત સરકાર વતી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કોર્ટ-મહુવા તરફથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે પોલીસ સબ-ઈન્સપેકટરશ્રી, મહુવાની નીચે જણાવેલ મુદ્દામાલની બીનવારસી તરીકે ૧૯૫૧ની મુંબઈ પોલીસ એકટની મુદ્દામાલની કલમ-૮૫ (૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે નીચે લખેલ જે કોઈ શખ્સ તેની માલીકી હોવાનો દાવા કરતો હોય તેણે તેની તમામ આધાર-પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસમાં હાજર થવું સદરહું મુદત દરમ્યાન કલમ-૮૭ અન્વયે સદરહુ મુદ્દામાલની જાહેર હરરાજી કરી તેની જે કિંમત ઉપજશે તે સરકારશ્રીનાં જમા કરાવવામાં આવશે. જેની નોંધ લેવી.

| ક્રમ નં. | પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રીના જાહેરનામાં તારીખ | મુદ્દામાલ રજીસ્ટર નંબર | મુદ્દામાલની વિગત. | અંદાજીત કિંમત રૂા. |
|---|---|---|---|---|
| ૧. | જા.નં.૧૯૨૬-૯૩, તારીખ ૩૦-૬-૯૩ | મહુવા પો.સ્ટે. ડી.એ.નં.૩/૯૩ સીઆરપીસી ૧૦૨ મુજબ. | જુના જેવા ટેલી-ફોનના થાંભલાના નાના મોટા ટુકડાઓ બીડનો ભંગાર વજન ૧૬૫ મણ જેટલો. | ૧૬,૫૦૦ |

મહુવા, ૨૩ માહે નવેમ્બર સને ૧૯૯૩.

કે. જી. વ્યાસ,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર, મહુવા,
જી. ભાવનગર.

---

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ—૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

જાહેરનામું

નં.ડીએમ/૧/વશી/૬૬૦૮/૯૩.—આગામી તા. ૧૮-૧૧-૯૩થી તા. ૧૯-૧૧-૯૩ સુધી ભાવનગરની એમ. જે. કોલેજ ઓફ કોમર્સ, ભાવનગરમાં એફ. વાય./એસ. વાય/ટી. વાય. બી.કોમની પરીક્ષાઓ તા. ૧૫-૧૦-૯૩થી મુલત્વી રહેલ. જે પરીક્ષાઓ તા. ૧૮-૧૧-૯૩ તથા તા. ૧૯-૧૧-૯૩ ના રોજ લેવાનાર છે. પરીક્ષાઓ દરમ્યાન ચોરી કરવાના અને બહારના માણસોથી ચોરી કરાવવાના પ્રયાસો વધતા જાય છે. આ પરીક્ષાઓ અનુસુચિમાં દર્શાવેલ કેન્દ્ર ઉપર વિદ્યાર્થીઓ રાજીખુશીથી તથા કોઈપણ જાતની કનડગત વગર પરીક્ષા આપી શકે અને બિનઅધિકૃત માણસો પરીક્ષા કેન્દ્રમાં, કેન્દ્રના કમ્પાઉન્ડમાં પ્રવેશ કરે નહીં તેમજ કેન્દ્રની આજુબાજુમાં પરીક્ષાર્થીને આવતા-જતા અટકાવે નહીં અને પરીક્ષાઓ શાંતીથી પૂર્ણ થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (સને ૧૯૭૪ ના) અધિનિયમની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા તે પુરતુ કારણ છે અને ઝડપી ઉપાય યોજવાનું ઈષ્ટ છે. તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું બી. બી. ત્રિવેદી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે લોકોએ જીલ્લા પોલીસ અધિકારીશ્રી, ભાવનગરની લેખીત પરવાનગી વિના નીચેની અનુસુચિમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા સમયે કેન્દ્રના વિસ્તારમાં ચારે તરફ ૧૦૦ મીટરના એરીયામાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા અથવા ભેગા થવું નહીં અથવા સભાઓ ભરવી નહીં.

અનુસુચિ :

એમ. જે. કોલેજ ઓફ કોમર્સ, ભાવનગર.

આ હુકમ તા. ૧૮—૧૧—૯૩થી તા. ૧૯-૧૧-૯૩ સુધી રવિવારના ૧૦—૩૦થી ૧૩—૩૦ કલાક ૧૪—૩૦થી ૧૭—૩૦ દરમ્યાન ચાલુ પરીક્ષાના કેન્દ્ર પર અમલમાં રહેશે.

મે આજરોજ તા. ૧૭-૧૧-૯૩ના રોજ મારી સહી સીક્કા લેઠળ બહાર પાડયો છે.

બી. બી. ત્રિવેદી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

INDEX

ગુજરાત સરકારના રાજ્યપત્રના સને ૧૯૯૪ના વર્ષ માટે લવાજમના દર.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ,
ઠરાવ ક્રમાંક : મદન/૨૦૯૦/૫૩૧૧/ડી.૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૩મી ડીસેમ્બર, સને ૧૯૯૩

ઠરાવ

ગુજરાત સરકારના રાજ્યપત્રના સને ૧૯૯૪ના વાર્ષિક લવાજમના તેમજ એક નકલના દર નીચે પ્રમાણે નક્કી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| રાજ્યપત્રના | સાધારણ રાજ્યપત્ર | | અસાધારણ રાજ્યપત્ર | |
|---|---|---|---|---|
| | વાર્ષિક લવાજમ રૂા. પૈ. | એક નકલનો દર રૂા. પૈ. | વાર્ષિક લવાજમ રૂા. પૈ. | એક નકલના દર રૂા. પૈ. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર. | | | | |
| ૧ | ૧૨૫ | ૨.૫૦ | ૮૦ | ૧.૬૦ |
| ૧એ | ૩૦ | ૦.૬૦ | ૩૦૦ | ૬.૦૦ |
| ૧બી | ૨૦૦ | ૪.૦૦ | ૫૦૦ | ૧૦.૦૦ |
| ૪ | — | — | ૮૦ | ૧.૬૦ |
| ૪એ | ૭૫ | ૧.૫૦ | ૨૦૦ | ૪.૦૦ |
| ૪બી | ૮૦ | ૧.૬૦ | ૪૨૫ | ૮.૫૦ |
| ૪સી | ૧૪૫ | ૨.૯૦ | ૩૦૦ | ૬.૦૦ |
| ૫ | — | — | ૩૦૦ | ૬.૦૦ |
| ૬ | — | — | ૧૫૦ | ૩.૦૦ |
| ૯ | ૮૦ | ૧.૬૦ | ૨૭૦ | ૫.૪૦ |
| સરકારી પ્રેસ, વડોદરા | | | | |
| ૧ | ૨૦૦ | ૪.૦૦ | ૪૨૫ | ૮.૫૦ |
| ૧એ | ૧૧૦ | ૨.૨૦ | ૧૫૦ | ૩.૦૦ |
| ૧એલ | ૧૫૦ | ૩.૦૦ | ૨૫૦ | ૫.૦૦ |
| ૧બી | ૩૫૦ | ૭.૦૦ | — | — |
| સરકારી પ્રેસ, રાજકોટ. | | | | |
| ૧ | ૧૨૦ | ૨.૪૦ | ૬૦ | ૧.૨૦ |
| ૧એ | ૬૫ | ૧.૩૦ | ૫૦ | ૧.૦૦ |
| ૧બી | ૧૬૦ | ૩.૨૦ | ૭૫ | ૧.૫૦ |
| ૨ | ૨૫૦ | ૫.૦૦ | ૨૫૦ | ૫.૦૦ |

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા. ૨૩-૧૨-૯૩ની નોંધથી મેળ સંમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એચ. જે. ઝાલા,
સેકશન અધિકારી,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.
ગાંધીનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT
COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT
FROM THE DATE OF PUBLICATION ACCOMPANIED
BY THE WRAPPER.

INDEX

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV ] THURSDAY, 13th JANUARY, 1994/PAUSHA 23, 1915 [No 2

Separate page is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

## PART-I

| | Pages |
|---|---|
| PART--I—Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneous Notifications, Appointments etc. .. .. | 8—25 |
| PART--I-A--Orders and Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards. Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts. .. .. .. | NIL |
| PART--I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only .. | |
| Supplement .. .. .. | 18—24 |
| PART--II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. .. .. | 21—39 |
| PART--III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. .. .. | |



INDEX

# Government Notifications, Orders, Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

**Miscellaneous Notification Appointment etc.**

BY THE DISTRICT JUDGE

### NOTIFICATION

No.-B/404/1993-The following Civil Judges (Senior Division & Junior Division) working in this Distric were prevented from availing of the Winter Vacation for the year 1993, which commenced on 18--11--1993 and ended on 24--11--1993, during the period as shown in Col.No. 3 below against their name -

| Sr. No. | Name & Designation. | Period of vacation during which prevented. | Days |
|---|---|---|---|
| 1. | Shri C. S. Gaur, Civil Judge, (S. D.), Jamnagar. | 18--11--1993 to 24--11--1993. | 7 |
| 2. | Shri R. G. Chaudhary, Chief Judicial Magistrate, Jamnagar. | —— | — |
| 3. | Shri M. G. Baraiya, 2nd Jt. Civil Judge, (S.D.), Jamnagar. | 18--11--1993 to 24--11--1993. | 7 |
| 4. | Shri V. B. Nirmal, 3rd Jt. Civil Judge, (S. D.), Jamnagar. | 18--11--1993 to 24--11--1993 | 7 |
| 5. | Shri S. N. Vakil, 4th Jt. Civil Judge, (S. D.), Jamnagar. | —— | — |
| 6. | Shri M. G. Padhiyar, Joint Civil Judge, (J. D.), Jamnagar. | 18--11--1993 to 24--11--1993. | 7 |
| 7. | Shri B. G. Dave, 2nd Jt. Civil Judge, (J. D.), Jamnagar. | 18--11--1993 to 24--11--1993. | 7 |
| 8. | Shri P. M. Patel 3rd Jt. Civil Judge, (J. D.), Jamnagar. | —— | — |
| 9. | Shri Z. B. Desai, 4th, Jt. Civil Judge, (J. .D.), Jamnagar. | 18--11--1993 to 24--11--1993. | 7 |
| 10. | Shri P. P. Mekhia, 5th Jt. Civil Judge, (J. D.), Jamnagar. | 18--11--1993 to 24--11--1993. | 7 |
| 11. | Shri D. R. Rami, Civil Judge, (J.D.), Dhrol. | 18--11--1993 to 24--11--1993 | 7 |
| 12. | Shri D. R. Vakil, Civil Judge, (J. D.), Khambhalia,. | —— | — |
| 13. | Shri L. S. Nakrani, Civil Judge, (J. D.), Bhanvad. | 18--11--1993 to 24--11--1993 | 7 |
| 14. | Shri M. P. Sheth, Civil Judge, (J.D.) Kalavad. | 18--11--1993 to 24--11--1993 | 7 |
| 15. | Shri N. M. Dharani, Civil Judge, (J. D.), Dwarka. | —— | — |

Jamnagar, 2nd, December, 1993.

B. P. MUNSHI,
District & Sessions Judge,
Jamnagar.

INDEX

જીલ્લા ન્યાયધીશ દ્વારા

જાહેરનામું

જા.નં.બી/૩૯૮/૧૯૯૩.-નીચે મુજબના ઉમેદવારો તારીખ ૧ અને ૬ જુલાઈ ૧૯૯૩ના રોજ લેવાયેલ ખાતાકીય પરીક્ષાઓમાં ઉતિર્ણ થયેલા જાહેર કરવામાં આવે છે.

ઉચ્ચ શ્રેણી

(૧) શ્રી એ. પી. ત્રિવેદી
(૨) કુ. મી મરીયમ વર્ગીસ
(૩) શ્રી ડી. એ. વ્યાસ
(૪) શ્રી કે. એચ. વૈદ્ય
(૫) શ્રી જી. વી. પાંભર
(૬) શ્રી એસ. કે. ભોજા
(૭) શ્રી વાય. એચ. ત્રિવેદી
(૮) શ્રી વી. કે. કારડીયા

નિમ્ન શ્રેણી

(૧) શ્રી એન. પી. જોશી
(૨) શ્રી આર એન. નિમ્બાર્ક
(૩) કુ. એમ. આર. પટેલ
(૪) શ્રી પી. એમ. પાનસુરીયા
(૫) શ્રી ડી. એચ. રાવલ

જામનગર, ૩૦ માહે નવેમ્બર, સને ૧૯૯૩.

બી. પી. પુનવી,
જીલ્લા ન્યાયધીશ,
જામનગર.

## OFFICE ORDER

No. B.10(1)/12388/1993.—

During the Vacation from 18--11--93 to 24--11--93, in this District, the following Civi tudges & Judicial Magistrate were prevented from enjoying vacation for the period shown against their names in Col. 3 and they were allowed to enjoy vacation for the period shown in Col. 4 under the provision of Rule 741 read with Rule E.C.S.Rules.

| Sr. | Name of Civil Judge & Judicial Magistrate. | Period for which prevented from enjoying vacation | Period for which vacation enjoyed | Remarks. |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1. | Mr. P. D. Pandit, Civil Judge (S.D.), Bhavnagar. | —— | 18--11--93 to 24--11--93 | |
| 2. | Mr. N. K. Alvi, Chief Judicial Magistrate, Bhavnagar. | 18--11--93 to 24--11--93 | —— | |
| 3. | Mr. K. D. Solanki, 2nd Joint Civil Judge, (S.D.), Bhavnagar. | —— | 18--11--93 to 24--11--93. | |
| 4. | Mr. R. B. Chaudhari, 3rd Joint Civil Judge, (S. D.), Bhavnagat. | 18--11--93 to 24--11--93 | —— | |
| 5. | Mr. A. P. Trivedi, 4th Joint Civil Judge, (S.D.), Bhavnagar. | 18--11--93 to 24--11--93 | —— | |
| 6. | Miss L. P. Chauhan, 1st Jt. Civil Judge (J.D.), J.M.F.C., Bhavnagar. | 18--11--93 to 24--11--93 | —— | |
| 7. | Mr. J. B. Patel, 2nd Jt. Civil Judge (J.D.), & J.M.F.C., Bhavnagar. | 18--11--93 to 24--11--93 | —— | |
| 8. | Mr. P. M. Champaneri, Judicial Magistrate, F.C., (Railway), Bhavnagar. | —— | 18--11--93 to 24--11--93 | |
| 9. | Mr. P. V. Maru, Civil Judge (J.D.), & J.M.F.C., Talaja. | —— | 18--11--93 to 24--11--93 | |
| 10. | Mr. J. S. Nalierwala, Civil Judge (J.D.) & J.M.F.C., Mahuva. | 18--11--93 to 24--11--93 | —— | |

INDEX

| 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|
| 11. | Mr. G. M. Damodra, Civil Judge (J.D.), & J.M.F.C., Savarkundla,. | —— | 18--11--93 to 24--11--93 | |
| 12. | Mr. B. H. Thakar, Civil Judge (J.D.) & J.M.F.C., Palitana. | 18--11--93 to 24--11--93 | —— | |
| 13. | Mr. B. J. Dhandha Civil Judge (J.D.), & J.M.F.C., Sihor. | 18--11--93 to 24--11--93 | —— | |
| 14. | Mr. S. H. Tanna Civil Judge (J.D.), & J.M.F.C., Vallabhipur--Umrala. | 18--11--93 to 24--11--93 | —— | |
| 15. | Mr. R. J. Raval, Civil Judge (J.D.) & J.M.F.C., Botad. | 18--11--93 to 24--11--93 | —— | |
| 16. | Mr. N. C. Baroat, Jt. Civil Judge (J.D.) & J.M.F.C., Botad-Gadhada. | 23--11--93 to 24--11--93 | 18--11--93 to 22--11--93 | |

Bhavnagar, 3rd, December, 1993.

V. C. VYAS,
District Judge,
Bhavnagar.

---

## NOTIFICATION

No. U.H.C./23/B.8(2)/3149/ of 1993.—

In accordance with the provisions contained in Para--625 of Civil-Manual Vol.1, 1960, the District Judge, Kachchh at Bhuj is pleased to notify the following holidays to be observed in the year--1994. The District Court and all the subordinate Courts to it Kachchh District, shall remain closed on these days:—

| Sr. No. 1 | Name of the Holidays 2 | Date according to Gregorian Calender 3 | Day 4 |
|---|---|---|---|
| 1. | Makarsankranti | 14th, January, 1994. | Friday |
| 2. | Republic Day | 26th January, 1994 | Wednesday |
| 3. | Maha Shivratri | 10th, March, 1994, | Thursday |
| 4. | Ramzan Id (Id-Ul-Fitr) | 14th March, 1994 | Monday |
| 5. | Good Friday | 1st April, 1994 | Friday |
| 6. | Cheti Chand | 12th April, 1994 | Tuesday |
| 7. | Dr. Baba Saheb Ambedkar's Birthday | 14th April 1994, | Thursday |
| 8. | Ramnovmi | 20th April, 1994 | Wednesday |
| 9. | Mahavir Jayanti | 23rd April, 1994 | Saturday |
| 10. | Muharram | 20th June, 1994 | Monday |
| 11. | Indenpendence Day | 15th August, 1994. | Monday |
| 12. | Id-e-Milad-Un-Nabi(Prophet-Mohammad's Birthday). | 20th August, 1994 | Saturday |
| 13. | Parsi New Year Day | 23rd August, 1994. | Tuesday |
| 14. | Janmashtami (Krishna Jayanti). | 29th August, 1994 | Monday |
| 15. | Samvatsari (Chaturthi Paksha). | 9th September, 1994 | Friday |

INDEX

| 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|
| 16. | Dussehra | 13th October, 1994 | Thursday |
| 17. | Diwali (Extra). | 28th October, 1994 | Friday |
| 18. | Diwali (Extra). | 29th October, 1994 | Saturday |
| 19. | Sardar Vallabhbhai Patel's Birthday. | 31st October, 1994 | Monday |
| 20. | Diwali (Extra). | 1st November, 1994 | Tuesday |
| 21. | Diwali (Extra). | 2nd November, 1994 | Wednesday |
| 22. | Diwali. | 3rd November, 1994 | Thursday |
| 23. | Diwali (New Year Day). | 4th November, 1994 | Friday |
| 24. | Bhai Bij. | 5th November, 1994. | Saturday |
| 25. | Guru Nanak's Birthday. | 18th November, 1994 | Friday |

**NOTE :**

(1) No days have been notified as public holidays on account.

| | | |
|---|---|---|
| 1. | Holi--2nd Day (Dhuleti) | 27th March, 1994. |
| 2. | Bakri--Id (Id-Ul-Aza) | 22nd May, 1994. |
| 3. | Rakcha Bandhan (Narieli--Purnima) | 21st August, 1994. |
| 4. | Mahatma Gandhi's Birthday | 2nd October, 1994 & |
| 5. | Christmas Day | 25th December, 1994. |

as they fall on Sunday.

(2) In any of theMuslim Holidays notified above does not fall on the day notified, the Muslim Government Servant may be granted an optional holiday on the day on which the holiday is actually observed.

(3) In addition to the holidays notified above, Government Servants may avail of maximum of any two holidays on the festival occasions mentioned in Government of Gujarat, G.A.D. Resolution No. GS/93-24/JSR-1083-2727-Gh-, dated 29--10--1993, at their option and irrespective of their religious denomination. Permission for availment of those optional Holidays should however, be applied for in advance and will normally be granted by the officer competent to grant casual leave with due regard to exigencies of Government work. This leave of two days taken by Government Servant at their option on the festival of their choice will not be debited to their casual leave account.

Kachchh-Bhuj, 2nd December, 1993.

A. L. DAVE,
District Judge, Kachchh
at Bhuj.

---

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન ટાયમર્યાદા અને નિયમન અધિનિયમ, ૧૯૭૬ના ૩૩મો અધિનિયમ

ક્રમાંક: યુએલસી / ક્રમાંક ક. ૬. (૧) કેસ -૧૭૩૯/ ૯૦— ઉકત અધિનિયમની કલમ-૬ હેઠળ આખરી પત્રક નિમ્ન અનુસુચિમા નિર્દિષ્ટ વ્યકિતને તારીખ ૧૭-૧-૧૯૯૨ના રોજ બજાવવામાં આવતાં સદરહુ અધિનિયમની કલમ—૧૦ (૧) અન્વયે નોટિસ સતાની રૂએ આથી હું જાહેર કરું છું કે :—

(૧) ઉકત વ્યકિત તેમા જણાવ્યા પ્રમાણે ટાયમર્યાદાથી વધુ ખાલી જમીન ધારણ કરે છે.

(૨) સદરહુ વધુ ખાલી જમીન રાજય સરકાર સંપાદન કરવાની થાય છે. અને

(૩) પ્રસ્તુત જમીનમાં હિત ધરાવતી બધી વ્યકિતઓ જાતે અગર તેમના પ્રતિનિધિ દ્વારા આથી જમાનમાં તેમના હિતમાં પ્રકારની વિગતો સાથેનાં દાવા ત્રીસ (૩૦) દિવસમાં મારી સમક્ષ રજુ કરી શકશે.

અનુસૂચિ

વધુ જમીન ધારણ કરનારનું નામ તથા સરનામું :—
શ્રી ચંદ્રકાંતભાઇ પરસોતમભાઈ C/o. વકીલશ્રી રવિન્દ્રભાઈ પી. શાહ, જૈન દેરાસર પાસે, જામનગર

| ક્રમાંક | વધુ ખાલી જમીનની ઓળખ માટનું વર્ણન | વધુ ખાલી જમીનનું ક્ષેત્રફળ (ચોરસ મીટર માં) |
|---|---|---|
| (૧) | રે. સ.નં. ૪૨૧ | ૧૫૦૮૭--૭૫ |

જામનગર, ૨૭ નવેમ્બર સને ૧૯૯૩.

(સહી) અવાચ્ય,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર
શહેરી જમીન ટોચ મર્યાદા, જામનગર



INDEX

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડી.એમ.-ડીસી બેચ-૪૧૦૨-૯૩.—તા. ૧૨-૧૧-૯૩ થી ૧૫-૧૧-૯૩ દરમિયાન દિવાળી, નુતનવર્ષ ભાઈબીજ વિ. તહેવારો આવે છે. આ તહેવારો માં લોકો ફટાકડા (દારુખાનુ) ફોડે છે. આ ફટાકડા (દારુખાનુ) ફોડવાથી આગ લાગવાના રાહદારીઓના દાઝી જવાના તેમજ દુકાનોમાં નુકશાન થવાના બનાવો બનવા સંભવ છે. જેથી જાહેર સલામતી તથા જાહેર મિલ્કતના રક્ષણને લક્ષમાં લેતા જામનગર જીલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ જાહેર સ્થળો, પેટ્રોલપંપ, કેરોસીનના ગોડાઉન, ગીચ રહેણાંક વિસ્તાર, ઢોરહાઉસ, આનંદ પ્રમોદના સ્થળ, જાહેર રસ્તાઓ તથા જ્યાં તુરત સળગી ઉઠે તેવા પદાર્થો રાખવામાં આવેલ હોય તેવી જગ્યાઓ કે તેની આસપાસના વિસ્તારોમાં ફટાકડાનો ફોડવા ઉપર મોટા અવાજના ફટાકડા ફોડવા ઉપર તથા ઉપર ઉડતા ફટાકડા ફોડવા ઉપર તારીખ ૧૨-૧૧-૯૩ થી ૧૫-૧૧-૯૩ સુધી પ્રતિબંધ મુકવા માટે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરે દરખાસ્ત કરેલ છે.

જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરની દરખાસ્ત મને વ્યાજબી અને યોગ્ય જણાય છે. તેથી હું સંજય પ્રસાદ, જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ( ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ જામનગર જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૨-૧૧-૯૩ના ૦૦-૦૦ કલાકથી તા. ૧૫-૧૧-૯૩ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) ના સમય દરમિયાન નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારોમાં નીચે જણાવ્યા મુજબની ફટાકડા ફોડવાની મનાઈ ફરમાવું છું.

પરિશિષ્ટ

| ફટાકડાની આતશબાજીની વિગત | વિસ્તારોની વિગત |
|---|---|
| ૧. રોકેટ બોમ્બ, ૨. હવાઈ ચકરી, ૩. રામબાણ, ૪. રોકેટ, ૫. ઉપરોક્ત તરફ કે અન્ય દિશામાં ઉડતા ફટાકડા તથા આતશબાજી સળગાવીને નાખવાની થતી આતશબાજીનું બલુન. | જામનગર જીલ્લાનો સમગ્ર વિસ્તારમાં આવેલા જાહેર સ્થળો, પેટ્રોલપંપ, ઈન્ડેનોલેશન, કેરોસીનના, ગોડાઉન, ઢોર હાઉસ, ગીચ રહેણાંક વિસ્તાર આનંદ પ્રમોદના સ્થળો, જાહેર રસ્તાઓ તથા જે જગ્યાએ તુરત સળગી ઉઠે તેવા પદાર્થ રાખેલ હોય તેવી જગ્યા, વિસ્તાર તથા આ જણાવેલ તમામ વિસ્તારની ૫૦ ફુટ અંદરનો વિસ્તાર. |

આ ઉપરાંત જામનગર જીલ્લામાં ઉપર પરિશિષ્ટ મુજબના વિસ્તારોમાં સળગી ઉઠે તેવા પદાર્થોમાંથી નુકશાન થવા સંભવ હોય તેવા કોઈપણ જાતના સ્ફોટક પદાર્થો ફોડવાની આથી મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સ સામે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

વિશેષમાં ફરમાવું છું કે જામનગર જીલ્લાના સમગ્ર વિસ્તારમાં લોકો સહેલાઈથી જોઈ શકે તેવી જગ્યાએ હુકમની નકલ ચોંટાડી તેમજ લાઉડ સ્પીકર અને વર્તમાનપત્રો દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરાવવા માટે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓ અધિકૃત કરેલ હોય તેવા પોલીસ અધિકારીઓ કાર્યવાહી કરવી તથા તે અંગેનું વ્યવસ્થિત રેકર્ડ રાખવું.

આજ તારીખ ૧૦ માહે નવેમ્બર, સને ૧૯૯૩નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડયું.

(સહી) અવાચ્ય,
જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર.

---

જાહેરનામું

નં. ડીએ પ/૧/વર્ક/૬૩૭૭/૯૩.— ભાવનગર જીલ્લામાં ભાવનગર શહેર માં નીચે જણાવેલ રસ્તાઓ ઉપર તા. ૧૧-૧૧-૯૩ થી તા. ૧૩-૧૧-૯૩ દરમ્યાન દિવાળીના તહેવારોને કારણે લોકોનો ખૂબ જ ધસારો રહેવા સંભવ છે. માટે વાહનોનું તે વિસ્તારમા નિયમન કરવાની જરૂર જણાય છે. જેથી મુંબઈ પોલીસ એકટ ૧૯૫૧ની કલમ -૩૩ ((૧) ((બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું અનિલ મુકીમ, આઈ. એ. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગર જીલ્લો ભાવનગરથી ૧૦-૧૧-૯૩ થી તા. ૧૩-૧૧-૯૩ થી સુધી ((બંને દિવસો સુધ્ધા) સવારે દિવસના કલાક ૧૬-૦૦ થી સવારના કલાક ૦૨-૦૦ (બીજા દિવસના) સમય દરમ્યાન નીચે દર્શાવેલ રસ્તાઓમાં કોઈપણ જાતના ભારે અથવા હળવા વાહનોને લાવવા તથા લઈ જવા નહીં તથા ઘોભાવવા કે મુકવા નહીં તેમ ફરમાવું છું.

રસ્તાનું નામ :

૧. મોતીબાગથી કૃષ્ણ સીનેમા થઈ ખારગેઈટ સુધી રસ્તો (બંને તરફ)
૨. ખારગેઈટથી કૃષ્ણ સીનેમા થઈ મોતીબાગ સુધીનો રસ્તો (બંને તરફ)
૩. શેલારશા ચોકથી હેરીસ રોડ ((બંને તરફ)
૪. બાર્ટનલાઈબ્રેરી થઈ વોરાબજારવાળો રસ્તો (બંને તરફ)
૫. ગોળબજારથી જમાદાર શેરી સુધી રસ્તો ((બંને તરફ)
૬. હેવમોરચોકથી ઘોઘાગેઈટ પોલીસ ચોકી સુધીનો રસ્તો (બંને તરફ)
૭. હાઈકોર્ટ રોડ ઉપર જે.કે. રેસ્ટોરન્ટથી રૂપમ સિનેમા સુધીનો રસ્તો (બંને તરફ)

આ જાહેરનામું સાયકલ સવારને તથા સાયકલ દોરીને લઈ જતા રાહદારીઓને પણ લાગુ પડશે

આ જાહેરનામું નીચે જણાવેલ વાહનોને લાગુ કરશે નહીં.

(૧) નગરપાલીકાના ફાયરબ્રીગેડના વાહનોને
(૨) પોલીસ ઈમરજન્સી વાહનોને
(૩) એમ્બ્યુલન્સકારને
૪. ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડના વાહનોને
(૫) પોસ્ટલ વાહનો તથા ટેલીગ્રામ લઈને જતા પીયુનના સાયકલ વાહનોને
(૬) ભાવનગર ડેરીના વાહનને બપોરના ૧૬-૦૦ કલાકથી સવારના ૨-૦૦ કલાકના સમય દરમ્યાન મોતીબાગ થઈ જે કે. રેસ્ટોરન્ટ પાસેથી ઘોઘા દરવાજા સુધી વાહનોને લઈ જવા.

INDEX

અને તે જ રસ્તે પાછા લાવવાની શરતે આંશીક મુકિત આપવામાં આવે છે.

આજ તા. ૨૯-૧૦-૧૯૯૩ના રોજ મારી સહી તથા સ્ટેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવે છે.

અનિલ મુકીમ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનો હુકમ.

જાહેરનામું

નં. નાયિ-પલસ-વશી-૪૫ થી ૪૬૪૪.— હાલમાં ભારતીય કિસાનસંઘ દ્વારા આયોજીત ખેડુતોના વિવિધ પ્રશ્નો સબબ જુદા જુદા આંદોલનાત્મક કાર્યક્રમો અમલમાં હોય આ અનુસંધાને આ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી અમરેલી શહેર તથા અમરેલી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ સભા, સરઘસ તેમજ રેલી ન કાઢે કે ન ભરે તે હેતુથી મુંબઈ પોલીસ એકટની કલમ-૩૭ ની પેટા કલમ-૩ અન્વયે સભા સરઘસબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલીએ દરખાસ્ત કરેલ છે.

આથી આ અમરેલી જીલ્લા અને શહેરની સંવેદનશીલ પરિસ્થિતી તથા હાલના વાતાવરણને ધ્યાનમાં લેતા જીલ્લા પોલીસ અધિકારીશ્રીની ઉકત દરખાસ્ત જે ધ્યાને લેતા અમરેલી શહેરતથા જીલ્લામા કોઈ પોકકસ વિસ્તારમાં સુલેહશાંતિ નો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે માટે નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, એ. કે. અનસારી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ યોગ્ય સત્તાધિકારીની ગેરહાજરીમાં અમરેલી શહેર સુધરાઈ વિસ્તાર માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલી તથા તાલુકાઓ માટે તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની મંજુરી સિવાય તા. ૧૭-૧૧-૯૩ થી તા. ૧-૧૨-૯૩ સુધી બંને દિવસો સહીત અમરેલી જીલ્લા અને શહેરના વિસ્તારની હદની અંદર સભા, મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું. જાહેર સ્થળે ધરણા તેમજ ઉપવાસ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં આદેશ કરું છુ કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) (ફરજ) પરના કોઈ ગુલરક્ષક દળના વ્યકિતઓને.
(૨) કોઈ લગ્નના વરઘોડાને.
(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારીમાં હોય તે ફરજ પરના કર્મચારીઓને.
(૪) કોઈ સ્મશાનયાત્રાને.

આ જાહેરનામું ઉલ્લંઘન કરનાર અથવા મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિ. ૧૯૫૧ની કલમ-૧૩૫ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૨-૧૧-૯૩ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ મુંબઈ અધિનિયમ-૨૨ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ નો હુકમ

જાહેરનામું

નં. નાયિ-પલસ-વશી-૪૫ થી ૪૫૪૬૪૪.— હાલમાં ભારતીય કિસાનસંઘ દ્વારા આયોજીત ખેડુતોના વિવિધ પ્રશ્નો સબબ જુદા જુદા આંદોલનાત્મક કાર્યક્રમો અમલમાં હોઇ તે પરિસ્થિતી નજરે લેતા જાહેર જનતાને હિતાર્થે અમરેલી જીલ્લામાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પ્રજાના હિત જાળવવાના હેતુથી અમરેલી શહેર તાલુકા મથકો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહ શાંતિ બરાબર જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખાસ્ત સાથે સંમત થઈને નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

હું, એ.કે. અનસારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ સને ૧૯૫૧ અધિનિયમ-૨૨ની કલમ-૩૭ના પેટા કલમ-૧ થી મને મળેલ સતાની રૂઈએ તારીખ ૧૫-૧૧-૯૩ થી તા. ૨૯-૧૧-૯૩ સુધી બંન્ને દિવસો સહીત અમરેલી જીલ્લાની સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તેમજ શહેર સુધરાઈ વિસ્તારની અંદર નીચેના કૃત્યો કરવા મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડ, તલવાર ધોકા, સબ્બુ, છરા, છરી, કે લાકડી કે કુંડલીવાળી લાકડી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈને નીકળવું કે જવું.

(૨) કોઈપણ ક્ષયકારી સ્ફોટક પદાર્થો લઈ જવા કે લઈને નીકળવા અથવા

(૩) પથ્થર અથવા રોડા ફેંકી શકાય તેવી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા એકઠા કરવા, તૈયાર કરવા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાની યુકિત અથવા તેના શબ અથવા આકૃતિ પુતળા દેખાડવાની.

(૪) લોકોને ભુમો પાડવાની ગાવાની અથવા વાદ્યો વગાડવાની ૫. જે છટાદાર ભાષણ આપવાની ચાળા પાડવાથી અથવા વાદ્યો વગાડવાથી અથવા ચિત્રો નીશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાથી અથવા તેનો કોઈ ફેલાવો કરવાથી અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા શિસ્તભંગ થતો હોઈ, અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોઈ, અથવા જેને તે પરિણામે રાજ્ય ઉથલી પડવાની શંકા હોય તેવી છટાદાર ભાષણ આપવાની અને ચાળા વગેરે કરવાની તેવા ચિત્રો, નિશાનીઓ વિ. તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમના ખંડ (૬) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર તરીકે કામ કરતા હોઈ વ્યકિતને તેમના ઉપરી અધિકારીએ રાખેલું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર સાથે લઈ જવામાં તેમની ફરજ હોઈ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલી અથવા તેઓશ્રીએ અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જેની શારિરીક અશકતતા કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમરેલી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી અમરેલી ખાતે અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યકિતઓ.

INDEX

(૪) જો માલધારીઓ માત્ર ઢોર ચારવા માટે અન્યને નુકશાન ન કરવા પુરતી સાવચેતી રાખે તેને

આ જાહેરનામાનો અથવા તેના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા તેવા મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૨ માહે નવેમ્બર સને ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ-૩ હેઠળનો હુકમ.

જાહેરનામું

નં. ના.ચિ.પલસ-વ : ૪૩૯૪થી૪૪૪-૯૩.—

આગામી દિવસો તા દિવાળીના તહેવાર આવતો હોય, વળી ભારતીય કિશાન સંઘ તરફથી નવનવા આંદોલન થવાની પુરી શકયતા હોવાથી આ અનુસંધાને આ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી આ અમરેલી શહેર તથા અમરેલી જિલ્લાના તાલુકા ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ સભા, સરઘસ તેમજ રેલી ન કાઢે કે ન ભરે તે હેતુથી મુંબઈ પોલીસ એકટની કલમ-૩૭ની પેટા કલમ-૩ અન્વયે સભા સરઘસબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલીએ દરખાસ્ત કરેલ છે.

આથી અમરેલી જિલ્લા અને શહેરની સંવેદનશીલ પરિસ્થિતિ તથા હાલના વાતાવરણને ધ્યાનમાં લેતા જીલ્લા પોલીસ અધિકારીશ્રીની ઉકત દરખાસ્ત જે ધ્યાને લેતાં અમરેલી શહેર તથા જીલ્લા કોઈ ચોકકસ વિસ્તારમાં સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું એ. કે. અનસારી, અધિક જિલ્લા મેનજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ-૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ યોગ્ય સત્તાધિકારી ની હેસિયતે કે અમરેલી શહેર કે સુધરાઈ વિસ્તાર માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલી તથા તાલુકાઓ માટે તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની મંજુરી સિવાય તારીખ ૨-૧૧-૯૩ થી ૧૬-૧૧-૯૩ સુધી બંને દિવસો સહીત અમરેલી જિલ્લા અને શહેરના કિનારની હદની અંદર સભા, મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું. જાહેર સ્થળે ધરણા તેમજ ઉપવાસ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર કોઈ ગુહ રક્ષક દળના વ્યકિતઓને.
(૨) કોઈ લગ્ન પ્રસંગે વરઘોડાને.
(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે ફરજ પરના કર્મચારીઓને.
(૪) કોઈ સ્મશાન યાત્રાને.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨-૧૧-૯૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી હુકમ બહાર પાડયો.

એ. કે. અનસારી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

નં. ડીએમ/૧/૬૭૪૫ /૯૩.—આગામી માહે ડીસેમ્બર માસ દરમ્યાન તા. ૬/૧૨/૯૩ થી ખેડુતોનું ભારતીય કિસાન સંઘ તરફથી આંદોલન તથા સંઘ પરીવાર દ્વારા તા. ૬/૧૨/૯૩ના દિવસને વિજયદિન તરીકે ઉજવવાની તથા તા. ૬—૧૨—૯૩ના દિવસને મુસ્લીમો દ્વારા વિરોધ દિન તરીકે ઉજવવાની કરાયેલી જાહેરાતના સદર્ભ ભાવનગર જીલ્લામાં કાયદા અને વ્યવસ્થા જળવાઈ રહે અને આને અનુલક્ષીને સામાજીક કે કોમવાદી માનસ ધરાવતા તત્વો ગેરલાભ ન ઉઠાવે અને શાંતિ ન જોખમાય તે માટે સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાય છે. તેમજ જીલ્લા પોલીસ વડાશ્રીના અહેવાલ પરથી આને સમર્થન મળેલ છે, અને સામાન્ય જનજીવન રોકટોક, ભય કે ત્રાસ વગર ચાલે, કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતી પૂર્વક જળવાઈ રહે તે માટે અગમચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જીલ્લામાં લોકો જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, ધારીયા, કુહાડી, પાઈપ, ભાલા કુંડલીવાળી લાકડીઓ, તલવાર વગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરેફરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવવું જાહેરનામું જાહેરશાંતી અને સલામતી જળવવા બહાર પાડવું જરૂરી છે.

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧નાં મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ—૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, બી. બી. ત્રિવેદી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર, આથી જાહેરશાંતી અને સલામતી જળવવા સારૂ ફરમાવું છું કે કોઈએ નીચની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧-૧૨-૯૩થી તા. ૩૧-૧૨-૯૩ સુધી (બન્ને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, ધોકા, બંદુક છરી, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવી નહીં.

(ઘ) સરઘસમાં સળગતાં અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) મનુષ્યની અથવા શબોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(છ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં, અથવા તેવાં ફરવું નહીં.

(જ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવાં હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા ચિત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં. બતાવવા નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

INDEX

આ હુકમનો ખંડ ક—ખ—ગ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(ખ) ભાવનગર જીલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોયતે વ્યકિતને.

(ગ) જીલ્લા મેજીસ્ટ્રેટ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગરે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

અનુસૂચિ :—

ભાવનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧માંની કલમ—૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી અને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

મેં આજ, તા. ૧ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૩નાં રોજ મારી સહી કરી સીક્કો માર્યો.

———

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએ ૪/૧/૩૦૯૩-૯૩.—આગામી માહે નવેમ્બર માસ દરમ્યાન તા. ૧૩-૧૧-૯૩ના રોજ દિવાળી તા. ૧૪-૧૧-૯૩ના રોજ નૂતન વર્ષ તા. ૧૫-૧૧-૯૩ ના રોજ ભાઈબીજ અને તા. ૨૪-૧૧-૯૩ના રોજ તુલશી વિવાહ તા. ૨૮-૧૧-૯૩ના રોજ કાર્તીકી પૂનમનો મેળો તા. ૨૯-૧૧-૯૩ના રોજ ગુરૂનાનક જન્મદિન વિગેરેના ઉજવનાર તહેવારો દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને આને અનુલક્ષીને સામાજીક કે કોમવાદી માનસ ધરાવતા તત્વો ગેરલાભ ન ઉઠાવે અને શાંતી ન જોખમાય તે માટે સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાય છે. તેમજ જીલ્લા પોલીસ વડાશ્રીના અહેવાલ પરથી આને સમર્થન મળેલ છે. અને સામાન્ય જનજીવન રોકટોક, ભય કે ત્રાસ વગર ચાલે, કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતી પૂર્વક જળવાય રહે તે માટે અગમચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જીલ્લાના લોકો જાહેરમા તીક્ષ્ણ હથીયારો જેવા કે છરી, ધારીયા કુહાડી, પાઈપ ભાલા કુંડાળીવાળી લાકડીઓ, તલવાર વગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેરશાંતી અને સલામતી જળવવા બહાર પાડવું જરૂરી છે.

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું બી.બી. ટ્રિવેદી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગર જીલ્લો ભાવનગર, આથી જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસુચીમાં દર્શાવેલ વિસ્તારોમાં તા. ૧-૧૧-૯૩થી તા. ૩૦-૧૧-૯૩ સુધી (બન્ને દિવસો સુધ્ધા)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, ધોકા,. બંદુક, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજા કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે જઈ જવી નહીં એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) મનુષ્યની અથવા શબ્દોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(છ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લલીલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

(જ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો પત્રિકાઓ, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં બતાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(ખ) ભાવનગર જીલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલા પોલીસ અધિકારી કે જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને

(ગ) જીલ્લા મેજીસ્ટ્રેટ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગરે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને

અનુસૂચિ :

ભાવનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી ચાર મહીનાની અને વધુમા વધુ. એક વર્ષ સુધીની કદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ માંની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમા સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી અને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

મે આજ તા. ૩૦-૧૦-૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો માર્યો.

બી.બી. ટ્રિવેદી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસઅધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) તળેનું જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૪૨૪૫/૯૩-- પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં. તેની તકેદારી માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયારબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી, જામનગરે ભલામણ સાથે દરખાસ્ત કરેલ છે.

જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાય છે તેથી હું, એન. જે. દેસાઈ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ જામનગર--મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૯/૧૧/૯૩ના ૦૦-૦૦ કલાકથી તા. ૧૩-૧૨-૯૩ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) કોઈએ,

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છુરી, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થ લઈ જવા નહીં.

| ૧ | ૨૦૦ | ૪.૦૦ | ૪૨૫ | ૮.૫૦ |
| ૧એ | ૧૧૦ | ૨.૨૦ | ૧૫૦ | ૩.૦૦ |
| ૧એલ | ૧૫૦ | ૩.૦૦ | ૨૫૦ | ૫.૦૦ |
| ૧બી | ૩૫૦ | ૭.૦૦ | — | — |
| સરકારી પ્રેસ, રાજકોટ. | | | | |
| ૧ | ૧૨૦ | ૨.૪૦ | ૬૦ | ૧.૨૦ |
| ૧એ | ૬૫ | ૧.૩૦ | ૫૦ | ૧.૦૦ |
| ૧બી | ૧૬૦ | ૩.૨૦ | ૭૫ | ૧.૫૦ |
| ૨ | ૨૫૦ | ૫.૦૦ | ૨૫૦ | ૫.૦૦ |

૨. આ હુકમો ખાણ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા. ૨૩-૧૨-૯૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એસ. જે. ગાલા,
સેકશન અધિકારી,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ગાંધીનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT
COMPLAINTS ABOUT GAZETTE MUSTBEMADE WITHIN A FORTNIGHT
FROM THE DATE OF PUBLICATION ACCOMPANIED
BY THE WRAPPER

INDEX

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV ] THURSDAY, 10th FEBRUARY, 1994/MAGHA 21, 1915 [No. 6

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART-I

| | Pages |
|---|---|
| **PART--I—Government** Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneous Notifications, Appointments etc. .. .. | 49—54 |
| PART--I-A--Orders and Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards. Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts. .. .. .. | NIL |
| PART--I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only .. | |
| Supplement .. .. | 51—54 |
| PART--II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. .. .. | 68—73 |
| PART--III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. — — | — |



INDEX

# Government Notifications, Orders, Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

### Miscellaneous Notification Appointment etc.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**જાહેરનામું**

[illegible] ૪૫-૩-૧-૮૯૮૦ થી ૯૦૪૦/૯૩.– આગામી દિવસોમાં ભારતીય કિસાન સંઘ તરફથી શરૂ થનાર કાર્યક્રમોના સંદર્ભમાં અને તેને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાય રહે તે હેતુસર સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૧૬-૧૨-૯૩ થી ૩૦-૧૨-૯૩ સુધી કોઈપણ પાંચ કે તેથી વધુ માણસોએ એકઠા થવું તથા રાભા રાસસ કાઢવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર જીલ્લો મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯ ના ૨૨ માની કલમ ૩૭(૩) અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જી [illegible] તા. ૧૬-૧૨-૯૩ થી ૩૦-૧૨-૯૩ સુધીના સમય દરમ્યાન સંબ [illegible] માગલતદારશ્રીની રૂબરૂ થી મંજૂરી મેળવ્યા સિવાય ઉપરોકત કૃત્યે કરવાની આથી મનાઈ ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે આ જાહેરનામું સમગ્ર જીલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને સદરહુ વિસ્તારમાં ધ્વનિવર્ધક યંત્રો ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ રોજ તા. ૧૫ મી માહે ડીસેમ્બર-૧૯૯૩ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૫ માહે ડીસેમ્બર સને ૧૯૯૩.

આર. કે. પરમાર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જીલ્લા

---

**હુકમ**

ક્રમાંક-મજસ-૨-વ-૬૪૫૧ થી ૬૦/૯૩.-સુરેન્દ્રનગર જીલ્લાના પોલીસ અમલદારો/માણસો વાર્ષિક ફાયરીંગ પ્રેકીટસ તા. ૧-૧૨-૯૩ થી ૩૧-૧-૯૪ દરમિયાન દરરોજ સવારના ૬-૦૦ થી સાંજના ૧૮-૦૦ વાગ્યા સુધી કરવાના છે. આ ફાયરીંગ પ્રેકટીસ-પોલીસ હેડકવાર્ટર રેન્જ ઉપર ગોળી ધજા ડેમ પાસે ફાયરીંગ બટ ઉપર કરવાના છે. આ ફાયરીંગમાં ગોળીબારની ગોળીઓ ખાસ કરીને બે માઈલ સુધી જતી હોય છે. જેથી ગોળીબારના બટ નજીક ખાસ કરીને ખેરાળી ખખીમાણા દુધરેજ જેવા ગામો આવેલા છે. તે ગામ લોકોને ઉપર જણાવેલ વિસ્તારોમાના રસ્તેથી વાહનો માણસો તથા બસ અને અન્ય વાહનો તથા ઢોર ઢાંખરને આ ગોળીબારથી અકસ્માત થવાનો સંભવ રહે છે. તે અટકાવવાનું જરૂરી જણાતા મને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ એકસ્ટેન્શન એન્ડ એમેન્ડમેન્ટ એકટ ૧૯૫૯ની કલમ-૨ સાથે વાંચતા મને મળેલ અધિકારની રૂએ હું, આર.જે. માંકડીયા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો સુરેન્દ્રનગર આથી ફરમાવું છું કે તા. ૧-૧૨-૯૩થી તા. ૩૧-૧-૯૪ સુધીના સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાકના સમય દરમ્યાન સુરેન્દ્રનગર પોલીસ ગોળીબારનો બટ જે ખેરાળીયાના માર્ગ ઉપર ધોળીધજા ડેમ પરના મહાદેવના દેરા પાસે છે. તેની આજુબાજુના બે માઈલના વિસ્તારમાં કોઈએ હરવું ફરવું નહીં કે વાહન લઈ નીકળવું નહીં તેમજ પોતાના ઢોર ઢાંખર ચારવા નહીં કે છુટા ફરવા દેવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૭/૨૦ નવેમ્બર, ૧૯૯૩ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

---

ફોજદારી કાર્યરીતી અધિનિયમ૧૯૭૩ના કલમ ૧૪૪ મુજબનો હુકમ.

ક્રમાંકઃમજસ-૩-વ-૮૪૮૨ થી ૮૪૯૬/૯૩.- જીલ્લા પોલીસ અધિકારીશ્રી સુરેન્દ્રનગરના તા. ૯૩ ક્રમાંક એલઆઈબી-યુની-પરીક્ષા/જા.ખ./૧૧૪૯/૯૩ થી લખાઈ આવ્યા મુજબ તે મ.જ પરીક્ષા નિયામકશ્રી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના તા. ૪-૧૧-૯૩ના પત્ર મુજબ તા. ૨૨-૧૧-૯૩ થી ૭-૧૨-૯૩ દરમ્યાન લેવાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ અંગે પરીક્ષામાં પરીક્ષાર્થીઓ. શાંતિપુર્ણ રીતે પરીક્ષાઆપી શકે અને પરીક્ષા સંચાલકોને તેમના કામમાં મુશ્કેલી ઉભી ન થાય તેમજ સંચાલનના તમામ નિયામોનું પાલન થાય તે હેતુથી પરીક્ષાના સમય દરમ્યાન. કાયદો અને વ્યવસ્થા સારી રીતે જળવાય તે હેતુસર નીચે. જણાવેલ પરીક્ષાના કેન્દ્રો ઉપર ક્રીમીનય પ્રોસીજર કોડન કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવા માટે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું આર. જે. માંકડીયા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો સુરેન્દ્રનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪. થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ સુરેન્દ્રનગરના સ્થળો પર તે સામે જણાવેલ તારીખ તથા દર્શાવેલ સમય દરમ્યાન પરીક્ષાર્થીઓ પરિક્ષા સંચાલકો તથ પરીક્ષા સંચાલકોએ અધિકૃત કરેલા ઈસમો સિવાયના કોઈપણ ઈસમોને પરીક્ષા કેન્દ્રમાં દાખલ થવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

| પરીક્ષા કેન્દ્રનું નામ | તારીખ | સમયે |
|---|---|---|
| ૧. શ્રી એમ. પી. શાહ કોમર્સ કોલેજ સુરેન્દ્રનગર | ૨૨-૧૧-૯૩થી ૨૫-૧૧-૯૩ | ૧૦-૦૦થી ૧૮-૦૦ |
| ૨. શ્રી એમ. પી. શાહ આર્ટસ-સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર | ૨૨-૧૧-૯૩થી ૭-૧૨-૯૩ | —સદર— |

(૧) ઉપર જણાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવતાં વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું. નહી કે પરીક્ષાના સંચાલનમાં વિક્ષેપ પડે તેવું કોઈ કાર્ય કે પ્રવૃતિ કરવી નહીં. જયાં ત્યાં ભટકવું નહીં અને સુત્રો પોકારવા નહીં.

(૨) આ હુકમ ફરજ ઉપરના પોલીસ, હોમગાર્ડ કર્મચારીઓ તથા પરીક્ષા સંચાલકે અધિકૃત કરેલ અને પરીક્ષાના કામમાં રોકાયેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે હુકમ કર્યો.

આર. જે. માંકડીયા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જીલ્લો.

INDEX

જાહેરનામું

ક્રમાંક :એમ.એ.જી.-૩-વશી-૭૮૪૨/૯૩.-આગામી દિવાળી વગેરે તહેવારો આવતાં હોઈ તેને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુસર વાસ્તે હું, એ. કે. સંઘવી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જીલ્લો સુરેન્દ્રનગર, મુંબઇ પોલીસ અધિનિયમ૧૯૫૧ના ૨૨માની કલમ ૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૧૬૧૧-૯૩થી ૩૦-૧૧-૯૩સુધીના સમય દરમ્યાન જીલ્લા પોલીસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગરની અગાઉ મંજૂરી મેળવ્યા સિવાય નીચેની વિગતે દર્શાવેલા કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર , ભાલા, ધોકા, બંદુક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહીં.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહીં.

૩. વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ તથા તૈયાર કરવા નહીં.

૪. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

૫. જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નીતિનો ભંગ થાદ તેવું ભાષણ કરવું નહિ, તેવી ચેષ્ટા કરવી નહિ, તેવા ચિત્રો-પત્રિકા પ્લેકાર્ડ, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહિ. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી, જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ, અથવા ટોળામાં ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી, લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જે કોઈ ઈસમ ઉપરોકત હુકમોનો ભંગ કરશે, કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જીલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને સદરહુ વિસ્તારમાં ધ્વનિવર્ધક યંત્રો, ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ ૨૭મી માહે ઓકટોબર-૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્દા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૨૭ માહે ઓકટોબર સને ૧૯૯૩.

જાહેરનામું

ક્રમાંક મજસ-૩-વ-૭૮૪૩/૯૩.—આગામી તા. ૧૩-૧૧-૯૩થી દિવાળીના તહેવારો આવતાં હોય તેમજ બેંક કર્મચારી દ્વારા અપાયેલ હડતાલના એલાનને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાય રહે તે હેતુસર સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૧૧-૯૩ થી ૧૫-૧૧-૯૩ સુધી કોઈપણ પાંચ કે તેથી વધુ માણસોએ એકઠા થવું તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, એ. કે. સંઘવી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો મને મળેલ અધિકારની રૂઈએ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨ માંની કલમ ૩૭(૩) અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૧-૧૧-૯૩ થી ૧૫-૧૧-૯૩ સુધીના સમય દરમ્યાન સંબંધિત એકઠી. મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય ઉપરોકત કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

જે કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે, કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે આ જાહેરનામું સમગ્ર જીલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને સદરહુ વિસ્તારમાં ધ્વનિવર્ધક યંત્રો, ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ રોજ તારીખ ૨૭ માહે ઓકટોબર સને ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્દા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૭ માહે ઓકટોબર સને ૧૯૯૩.

એ. કે. સંઘવી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જીલ્લો.

---

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ખ)નું જાહેરનામું

નં. ડીઓમ/ડીસીએચ/૩૦૧૧/૯૩.—તા. ૨/૧૨/૯૩ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી જીલ્લાની મુલાકાતે પધારનાર છે. માન. મુખ્યમંત્રીશ્રી મુલાકાત દરમિયાન જામનગરમાં ક્રિકેટ બંગલા ખાતે રોજાયેલ જાહેર સભામાં ઉપસ્થિત રહેનાર છે. જાહેર સભામાં બહોળી સંખ્યામાં જન સમુદાય ઉપસ્થિત રહેનાર હોઈ લોકોની સલામતી જાળવવા માટે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ખ) હેઠળ જાહેરનામું પાડવા દરખાસ્ત કરી છે.

જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરની દરખાસ્ત તપાસતા તે દરખાસ્ત મને યોગ્ય અને ઉચિત જણાય છે. તેથી હું, એન. જે. દેસાઈ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧) (ખ)ના મળેલ અધિકારની રૂએ નીચે પરિશિષ્ટમાં નિર્દિષ્ટ વિસ્તારમાં તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર તથા ઉભા (પાર્ક) રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પરિશિષ્ટ

| | | |
|---|---|---|
| ૧ | જીમડાલાઈન સર્કલથી ક્રિકેટબંગલા થઈ જીલ્લા પંચાયત સર્કલ તરફ જતો એકમાર્ગી રસ્તો. | તા.૨/૧૨/૯૩ ૧૧-૦૦ કલાક થી ૧૯--૦૦કલાક સુધી |

INDEX

| | | |
|---|---|---|
| ૨ | સાત રસ્તા સર્કલથી જીલ્લા પંચાયત થઈ લાલ બંગલા સર્કલ થી ટાઉનહોલ સુધીનો માર્ગ. | તા. ૨-૧૨-૯૩ ૧૧-૦૦ કલાકથી ૧૯-૦૦ કલાક સુધી |
| ૩ | લીમડા લેન સર્કલથી લાલબંગલા સર્કલ સુધી | ,, ,, |

આ જાહેરનામું મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૬) મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવાનું યોગ્ય અને વ્યાજબી જણાતું હોય, આ જાહેરનામાનો તાત્કાલીક અસરથી અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ અનુસાર તથા ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ ૧૮૮ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, અથવા તેઓ દ્વારા અધિકૃત કરવામાં આવેલ અધિકારીએ કરવાની રહેશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડયું.

---

## મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ન કલમ ૩૭(૩) હેઠળ

## જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૪૩૦૪/૯૩.--આગામી તા. ૬-૧૨-૯૩ના રોજ મુસ્લીમ પર્સનલ લો બોર્ડ દ્વારા 'કાળાદિન' મનાવવાના હોવાથી જામનગર જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચારથી વધુ વ્યકિતઓ એકઠી થાય નહી તે માટે પ્રતિબંધ મુકવાનું જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ દરખાસ્ત કરેલ છે.

૨. જામનગર જીલ્લામાં સુલેહશાંતિ જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાનીપરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે જરૂરી હોવાનું વ્યાજબી જણાય છે અને તેથી હું, એન. જે. દેસાઈ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ પરિશિષ્ટના વિસ્તારમાં તા. ૫-૧૨-૯૩ના ૦૦--૦૦ કલાકથી તા. ૧૯-૧૨-૯૩ ના ૨૪-૦૦ કલાક થી (બંને દિવસો સહીત) ચાર કરતાં વધારે વ્યકિત-ઓની મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં અને એકઠા થવું નહીં.

### પરિશિષ્ટ

"જામનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર"

વધુમાં આદેશ કરું છું કે, આ જાહેરનામું નીચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.
૨. ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષકદળની વ્યકિતઓને.
૩. હોમગાર્ડઝને
૪. લગ્ન વરઘોડાને
૫. સ્મશાન યાત્રાને
૬. જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ સજા થશે.

વિશેષમાં ફરમાવું છું કે,ઉપર જણાવેલ વિસ્તારમાં આ જાહેરનામું સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાઓ તેની નકલ ચોંટાડીને લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીને તેમજ સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે જીલ્લા પોલીસ અધિક્ષાકશ્રીએ કાર્યવાહી કરવી.

આજ તા. ૩જી ડીસે. ૧૯૯૩ના રોજ મારી સહી તથા સીક્કો કરી બહાર પાડયું.

જામનગર, ૩ માહે ડીસેમ્બર, સને ૧૯૯૩.

---

## મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળનું

## જાહેરનામું

નાં.ડીએમ/ડીસીએચ/૪૪૩૨/૯૩.—હાલમાં ભારતીય કિશાન સંઘ દ્વારા ચલાવવામાં આવતાં આંદોલન અન્વયે જામનગર જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચારથી વધુ વ્યકિતઓ એકઠી થાય નહી તે માટે પ્રતિબંધ મુકવાનું જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ દરખાસ્ત કરેલ છે.

જામનગર જીલ્લામાં સુલેહશાંતિ જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાન [illegible] રીતે જળવાય રહે તે જરૂરી હોવાનું વ્યાજબી જ [illegible] અને તેથી હું એન. જે. દે[illegible]ઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામન ગર મુંબઈ પોલીસ અ[illegible]યમની કલમ ૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે, નીચે જણાવેલ પરિશિષ્ટના વિસ્તારમાં તા. ૨૧-૧૨-૯૩ના ૦૦--૦૦ કલાકથી તા. ૪-૧-૯૪ના ૨૪--૦૦ કલાક થી (બંને દિવસો સહિત) ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં, એકઠા થવું નહીં.

### પરિશિષ્ટ

"જામનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર"

વધુમાં આદેશ કરૂ છુ કે, આ જાહેરનામું નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા તેમન ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષકદળની વ્યકિતઓ ને.
(૩) હોમગાર્ડઝને
(૪) લગ્ન વરઘોડાને
(૫) સ્મશાન યાત્રાને
(૬) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓ ને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

INDEX

વિશેષમાં ફરમાવું છું કે, ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને અને લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ કાર્યવાહી કરવી.

આજ ૨૦ માહે ડીસે. સને ૧૯૯૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડયું.

---

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ -૩૭(૧) તળેનું જાહેરનામું

નં. ડી એમ –ડીસીએચ–૨જી–૪૦૪૪–૯૩.–ચાલુ માસ દરમ્યાન દિવાળીનો તહેવાર આવતો હોય તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) તળેનો સમગ્ર જીલ્લામાં હથીયારબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગરે ભલામણ સાથે દરખાસ્ત કરેલ છે.

જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાય છે. તેથી હું એન. જે. દેસાઈ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) તળે મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે, નીચેના પરિશિસ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૭-૧૧-૯૩ના ૦૦-૦૦ કલાકથી તા. ૨૧--૧૧-૯૩ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સહિત કોઈએ

(૧) શસ્ત્રો, દંડા તલવાર, ભાલા ધોકા, છુરી લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થ લઈ જવા નહીં .

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તું અથવા વસ્તુ ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં.

(૪) મનુષ્ય અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં .

(૫) આપવાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહીં.

(૬) જેનાથી સુરૂચીનો અને શાંતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ટા કરવી નહીં તથા ચિત્રો પત્રિકા પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી.

પરિશિષ્ટ

" જામનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર "

નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી .

(૧) ફરજ ઉપરના સરકારી અધિકારીઓ કે કર્મચારી કે હોમગાર્ડઝ ગ્રામરક્ષક દળના સભ્યો કે જેમને ઉપરોકત વસ્તુઓ ફરજ નિમિતે રાખવાની આવશ્કયતા હોઈ તેને.

(૨) પોલીસ ઈન્સપેકટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓને.

(૩) જેમને શારીરીક અશકિતને કારણે લાકડી રાખવની પરવાનગી આપેલ હોઈ તેને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને

(૫) સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી આપતા શખ્સને

(૬) યજ્ઞોપવિત આપાતું હોય તેવા બળવાઓને દંડ રાખેલ હોઈ તેને.

(૭) કિરપાણ રાખેલ શીખને .

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ઉલ્લંઘન કરનારને ટુંકામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીએ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોટાડીને લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીને તેમજ સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ ૬ માહે નવેમ્બર સને ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયું.

---

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ -૩૭(૧) તળેનું જાહેરનામું

નં. ડી. એમ./ડી. સી. એચ/૪૩૮૦/૯૩

આગામી માસમાં નાતાલના તહેવારો આવતા હોઈ, તહેવારોની ઉજવણી શાંતિપુર્ણ રીતે થાય અને જીલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી યથાવત જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જીલ્લામા હથીયારબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી, જામનગરે ભલામણ સાથે દરખાસ્ત કરેલ છે.

જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાય છે. તેથી હું એન. જે. દેસાઈ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ -૩૭ (૧) તળે મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે, નીચેના પરિશિસ્ટમાં દર્શાવેલ વિસ્તારમા તા. ૧૭-૧૨-૯૩ના ૦૦-૦૦ કલાકથી તા. ૩૧-૧૨-૯૩ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સહીત કોઈએ.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા ધોકા છરી, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

૨. કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થ લઈ જવા નહીં.



INDEX

૩. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં.

૪. મનુષ્ય અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

૫. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારાવા નહીં અશ્લીલ ગીતો ગાવા નહીં અને ટોળામા ફરકવું નહીં.

૬. જેનાથી સુરૂચીનો શાંતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ટા કરવી નહીં તથા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં.

પરિશિષ્ટ

"જામનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર."

નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. ફરજ ઉપરના સરકારી અધિકારીઓ, કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામરક્ષક દળના સભ્યો કે જેમને ઉપરોકત વસ્તુઓ ફરજ નિમિતે રાખવાની આવશ્યકતા હોઈ તેને.

૨. પોલીસ ઈન્સપેકટરશ્રી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓને

૩. જેને શારીરિક અશકિતને કારણે લાકડી રાખવાની પરવાનગી આપેલ હોઈ તેને.

૪. પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને

૫. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી આપતા શખ્સને

૬. યજ્ઞોપવિત આપાતું હોય તેવા બળવાઓને દંડ રાખેલ હોઈ તેને

(૭) કિરપાણ રાખેલ શીખને

આ જાહેરનામાના કોઈપણ ખંડના ઉલ્લંઘન કરનારને ઓછામા ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધી નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમા જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીએ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ, તા. ૧૪ માહે ડીસે. સને ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયું.

એન. જે. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર

---

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના મુંબઈના આંક ૨૨ માની કલમ-૩૭ની પેટા કલમ--૩ હેઠળ હુકમ.

જાહેરનામું

નં. એમએમજી/૫૦૨૩/૯૩.,

હાલમાં રાજકીય બીન-રાજકીય પક્ષો તથા સંસ્થાઓ તરફથી આંદોલનો થતા હોય તથા ચાલુ માસમાં દિવાળીના તહેવારો આવતા હોય જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરમાં રાખીને સુલેહશાંતિ જળવાઈ અને કોઈપણ જાતનો અનિચ્છનિય બનાવ બને નહીં તે હેતુ માટે પોરબંદર પોલીસ અધિકારીશ્રી પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં વ્યકિતઓની કોઈપણ મંડળીને સરઘસની મનાઈ તા. ૯--૧૧--૯૩ થી તા. ૨૨--૧૧--૯૩ સુધી કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ--૧૯૫૧ હેઠળ સને ૧૯૫૧-નાં મુંબઈના આંક ૨૨માંની કલમ--૩૭ની પેટાકલમ--૩થી મને મળેલ સત્તાની રૂએ હું રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ, જીલ્લો જુનાગઢ આથી પોરબંદર જીલ્લા પોલીસ અધિકારના કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં તા. ૯--૧૧--૯૩ થી તા. ૨૨--૧૧--૯૩ સુધી બંન્ને દિવસો સહીત સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈપણ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીને
૨. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
૩. કોઈ લગ્નના વરઘોડાને
૪. સક્ષમ અધિકારીની કાયદેસરની પરવાનગી લઈને.

હું એવો આદેશ કરૂ છું કે આ હુકમ સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તે રીતે સ્થળોએ તેની નકલો ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફત તેની જાહેરાત કરીને અથવા સ્થાનીક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ--૧૩૧ની પેટા કલમ--૩ અને ભારતીય ફોજદારી અધિનિયમ-૧૯૬૦નાં આંક--૪૫ની કલમ--૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તા. ૯--૧૧--૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધકર્યું.

રાજેન્દ્ર બી. દવે,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT
COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT
FROM THE DATE OF PUBLICATION ACCOMPANIED
BY THE WRAPPER,

INDEX

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV ] THURSDAY, 17th FEBRUARY, 1994/MAGHA 28, 1915 [No. 7

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART-I


| | Pages |
|---|---|
| PART-I—Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneous Notifications, Appointments etc. .. .. | 55—68 |
| PART--I-A--Orders and Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts. .. .. .. | 4 |
| PART-I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only .. | |
| Supplement .. .. | 55—71 |
| PART--II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. .. .. | 76—90 |
| PART--III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. | |




INDEX

# Government Notifications, Orders, Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

### Miscellaneous Notifications, Appointments etc.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટની દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭/૧/અન્વયે

જાહેરનામું

નં. એમ. એ. જી. સી, ૫૦૨૪/૯૩.—

હાલમાં રાજકીય બીન રાજકીય પક્ષો તથા સંસ્થા, ભારતીય કિશાન સંઘ વિગેરે તરફથી આંદોલનો સભાસરઘસો રેલીઓ યોજાતી હોય તથા દિવાળીનાં તહેવાર આ માસમાં આવતો હોય તેનાં કારણોના પ્રસંગોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહ-શાંતિ જાળવવા સારૂ મુંબઈ પોલીસ અધિનિયમની-કલમ-૩૭/૧ અન્વયે, સમગ્ર પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવા જરૂરી જણાય છે.

તેમજ, પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણો સર જાહેર સુલેહશાંતીની જાળવણી સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧માં આંક ૨૨ની કલમ-૩૭/૧ અન્વયે મળેલ સત્તાની રૂએ, પોરબંદર પોલીસ જીલ્લાનાં વિસ્તારોના તા. ૧૫-૧૧-૯૩થી તા. ૧૩-૧૨-૯૩ સુધી બન્ને દિવસો સહીત નીચે પ્રમાણે ફરમાવું છું કે કોઈપણ વ્યકિતએ

૧. શસ્ત્રો દંડા, તલવાર બંદુક લાકડી કે લાઠી ધોકા અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજા કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી ચીજો વસ્તુઓ અથવા તે વસ્તુ ફેંકવાના કે ધકેલવાના યંત્રો તથા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર રાખવા નહીં.

૩. કોઈપણ ક્ષયકારી પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહીં.

૪. માનુષ્યો અથવા શબ્દો જેવી આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં અશ્લીલ સુત્રો પોકારવા નહીં અશ્લીલ ગીતો ગાવા નહીં.

આ હુકમનો નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેનાં ઉપરી અધિકારીશ્રીઓએ ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોઈ,

૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી, જુનાગઢ પોરબંદર જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની અથવા ગુજારેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિ.-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૯ મારે નવેમ્બર, સને ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું

જુનાગઢ, ૯ મારે માહે નવેમ્બર સને ૧૯૯૩.

---

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના આંક-૨૨માંની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ હુકમ.

જાહેરનામું

નં. એમ.એમ.જે/સી/૫૧૧૯(૨)/૯૩.-ના હાલમાં તા. ૨૪-૧૧-૯૩ના દેવદિવાળી તથા તા. ૨૯-૧૧-૯૩ના ગુરૂપુર્ણીમા તેમજ જુનાગઢ શહેરમાં પરિક્રમાં આવતી હોય તેમજ ભારતીય કિસાન સંઘ તરફથી ઈલેકટ્રીકના દરમાં તથા ખાતરના ભાવ વધારા વિરૂધ્ધ આંદોલન ચાલુ હોય જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી નજરમાં રાખીને સુલેહશાંતિ જળવાય અને કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે હેતુ માટે પોલીસ અધિકારીશ્રી જુનાગઢ જીલ્લા, પોલીસ વિસ્તારમાં વ્યકિતઓની કોઈપણ મંડળીને સરઘસની મનાઈ તા. ૧૮-૧૧-૯૩ થી ૧-૧૨-૯૩સુધી કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, મુંબઈ પોલીસ અધિ.-૧૯૫૧ હેઠળ સને ૧૯૫૧નાં મુંબઈના આંક--૨૨ માંની કલમ ૩૭ ની પેટા કલમ-૩થી મને મળેલ સતાની રૂએ, હું રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ, આથી જીલ્લા પોલીસ અધિકાર ક્ષેત્રિત્ર હેઠળના વિસ્તારમા તા. ૧૮-૧૧-૯૩ થી તા. ૧-૧૨-૯૩ સુધી બંને દિવસો સહિત સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈપણ મંડળી કે સરઘસ માટે મનાઇ ફરમાવું છું વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવા ગૃહરક્ષક દળની મંડળીને

(૨) સરકારી નોકરીમા અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને

(૩) કોઈ લગ્નના વરઘોડાને

(૪) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી લઈને.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફત તેની જાહેરાત કરીને અથવા સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ની પેટા કલમ-૩ અને ભારતીય ફોજદારી અધિ-. ૧૮૬૦ના આંક-૪૫ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૧૭-૧૧-૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

---

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં.એમએમજે/સી/૫૧૧૯/(૧)૯૩.--હાલમાં તા. ૨૪-૧૧-૯૩ના દેવદિવાળી તથા તા. ૨૯-૧૧-૯૩ના ગુરૂપુર્ણીમાં તેમજ જુનાગઢ શહેરમાં પરિક્રમાં આવતી હોય તેમજ ભારતીય કિસાન સંઘ તરફથી ઈલેકટ્રીકના દરમાં તથા ખાતરના ભાવ વધારા વિરૂધ્ધમાં આંદોલન ચાલુ હોય જેના કારણે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયે સમગ્ર જુનાગઢ જીલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવા જરૂરી જણાય છે.

સબબ, જુનાગઢ જીલ્લાના પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણોસર જાહેર સુલેહશાંતિની જાળવણી સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ

INDEX

જીલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ની કલમ ૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, જુનાગઢ પોલીસ જીલ્લાના વિસ્તારોમાં તા. ૧૮-૧૧-૯૩ થી ૧૬-૧૨-૯૩ સુધી બંન્ને દિવસો સહીત નીચે પ્રમાણે ફરમાવું છું. કે કોઈપણ વ્યકિતઓ,

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, બંદુક, લાકડી કે લાઠીધોકા, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજા કોઈપણ સાધન સાથે સાથે લઈ જવુ નહિ.,

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુ ફેંકવાના કે ઘકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા કરવા નહિ. તથા તૈયાર કરવા નહીં.

(૩) કોઈપણ જ્વાયકારી પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

(૪) મનુષ્યો અથવા શખ્સો જેવી જ આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ. અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રોપોકારવા નહિ. અશ્લીલ ગીતો ગાવા નહીં.

આ હુકમનો નીચની વ્યકિતઓ લાગુ પડશે નહિ.

(૧) સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિ.શ્રી જુનાગઢે કોઈ શખ્સને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને,

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિ—૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજ રોજ તા. ૧૭-૧૧-૯૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ માહે નવેમ્બર, સને ૧૯૯૩.

———

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિ-આંક-૨૨ની કલમ-૩૩/૧/બી/ હેઠળ

જાહેરનામું

ક્રમાંક : એમ.એજી/સી/૧૭૧૧/૯૩.—સેનાપતિ રા.અ.પો. દળ જુથ-૩ ગોંડલના પત્ર નંબર ૧૦૦/એડજ્યુ.ટન્ટ/ફાયરીંગ/૩૬૧/૯૩ તારીખ ૧૬-૧૧-૯૩ અન્વયે પોલીસ તાલીમ મહા વિદ્યાલય, જુનાગઢ ખાતે રાજય અનામત પોલીસ દળ જુથ-૩ના જવાનોનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ લેવાનું હોય તા. ૨૩-૧૧-૯૩ ના રોજ દિવસ-૧ માટે જુથ-૩ ગોંડલના જવાનોનું વાર્ષિક ફાયરીંગ ઉકત બટ ઉપર લેવાનું નક્કી થતાં અહીંને જણાવેલ છે.

સબબ, ઉપરોકત ફાયરીંગ દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર જવર ભયજનક જણાતાં હું રાજેન્દ્ર બી. દવે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને ૧૯૫૧નું મુંબઈ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૩૩/૧/બી/ હેઠળ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૨૩-૧૧-૯૩ ના રોજ સવારના ૬-૦૦થી ૧૮-૦૦ વાગ્યા સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય જુનાગઢ હસ્તકના (જુનાગઢ) ના ફાયરીંગ બટનાં વિસ્તારમાં પૂર્વ ભાગે ૧ ફર્લાંગ પશ્ચિમ ભાગે-૧ ફર્લાંગ, તથા ઉત્તર ભાગ-૩ ફર્લાંગ અને દક્ષિણ ભાગ-૧ ફર્લાંગ, વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડના ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

જાહેરનામું આજ રોજ તારીખ ૧૭ માહે નવેમ્બર સને ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ ૧૭ માહે નવેમ્બર સને ૧૯૯૩.

———

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિ-આંક ૨૨માંના કલમ ૩૩/૧ બી હેઠળ

જાહેરનામું

ક્રમાંક એગએજી/સી/૫૩૦૮/ /૫૩૦૯/ ૯૩ સેનાપતિ શ્રી રાજય અનામત પોલીસ દળ, જુથ-૧૩ રાજકોટના પત્રનંબર સીબી/ ૨/ ફાયરીંગ/ ૯૩ તા. ૨૩-૧૧-૯૩ થી યુનીટની બે કંપનીઓનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ લેવાનું હોવાથી જુનાગઢ પોલીસ તાલીમ મહાવિધાલય જુનાગઢનું ફાયરીંગ બટ ઉપર તા. ૨-૧૨-૯૩ થી તા. ૮ -૧૨-૯૩ સુધી લેવાનું નકકી થતાં અહીંને જણાવેલ છે.

સબબ, ફાયરીંગ દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતા હું રાજેન્દ્ર બી. દવે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ (૧)(બી) હેઠળ મને મળેલ સતાની રૂએ સેનાપતિ રા.અ.પો.દળ જુથ -૧૩ રાજકોટના યુવાનો તથા અધિકારીશ્રીઓ માટે તા. ૨-૧૨-૯૩ થી ૮-૧૨-૯૩ સુધી પોલીસ તાલીમ મહા વિધાલય જુનાગઢના ફાયરીંગ બટના વિસ્તારમાં પૂર્વે ભાગે-૧ ફર્લાંગ પશ્ચિમ ભાગે-૧ ફર્લાંગ તથા ઉતર ભાગે ૩ ફર્લાંગ અને દક્ષિણ ભાગે-૧ ફર્લાંગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છુ .

આ જાહેરનામા કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિ. ૧૯૫૧ની કલમ-૧૩માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૧ માહે ડિસેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧ માહે ડીસેમ્બર સને ૧૯૯૩.

———

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિ-આંક-૨૨માંની કલમ-૩૩/૧/બી હેઠળ જાહેરનામું.

જાહેરનામું

ક્રમાંક :એમએજી/સી/૧૫૨૪/૯૩.—જીલ્લા પોલીસ અધિકારીશ્રી પોરબંદરના પત્ર નંબર : એલઆઈબી/૨૬૯૦/૯૩ તા. ૪-૧૨-૯૩થી જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તથા પોલીસના કર્મચારીઓના વાર્ષિક સને ૧૯૯૩ના ફાયરીંગ પ્રેકટીસ માટે પોરબંદરથી ઓડદર ગામ જતા

રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ ઉપર તા. ૨૦-૧૨-૯૩થી શરૂ થતી હોય. સબબ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસના બટ વિસ્તારમાં તા. ૨૦-૧૨-૯૩ થી ૨૦-૧-૯૪ સુધી ફાયરીંગ પ્રેકટીસ લેવાનું નક્કી થતાં અહીંને જણ વેલ છે.

સબબ ફાયરીંગ દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતા હું રાજેન્દ્ર બી. દવે. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જીલ્લો જુનાગઢ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-આંક-૨૨-માંની કલમ-૩૩ (૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ જીલ્લા પોલીસ અધિકારીશ્રી પોરબંદરના પોલીસ અધિકારીશ્રીઓ તથા પોલીસના કર્મચારીઓ માટે તા. ૨૦-૧૨-૯૩થી તા. ૨૦-૧-૯૪ સુધી પોરબંદરથી ઓડદર ગામ જતા રસ્તા નજીક દરીયા કીનારાના ફાયરીંગ બટ વિસ્તારનાં પૂર્વ ભાગે-૨ ફર્લાંગ પશ્ચિમ ભાગે-૨ ફર્લાંગ તથા ઉત્તર ભાગે-૨ ફર્લાંગ અને દક્ષિણ ભાગે-૨ ફર્લાંગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણ વેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૧૪ મી ડીસેમ્બર સને ૧૯૯૩ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યા.

જુનાગઢ, ૧૪ મી ડીસેમ્બર સને ૧૯૯૩.

રાજેન્દ્ર બી. દવે,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો, જુનાગઢ.

---

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧, અને ૧૯૫૧ના મુંબઈ ૨૨મી ની કલમ-૩૭ની પેટા કલમ-(૩) હેઠળનું જાહેરનામું

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું-૩૭(૩)-૧૨-૯૩.- ખેડૂત વિજળી બીલો નવા વિજળી દરે ભરતાં ન હોવાથી ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા ખેડુતોના વિજળી જોડાણો કાપવાનું ચાલુ કરેલ હોઈ, એના વિરોધમાં ભારતીય કિશાન સંઘ દ્વારા તા. ૧૭/૧૨/૯૩ થી ગુજરાત બંધ તથા રસ્તા રોકો આંદોલન ચાલુ કરેલ હોઈ, જીલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને અનઈચ્છનિય બનાવ નબનવા પામે તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે નીચે દર્શાવેલ અનુસુચિમાં નિદિષ્ટ કરેલા વિસ્તારો જેમા હવે પછી સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કર્યો છે. તેમાં વ્યકિતઓની કોઈ મંડળી અને સભા સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હું મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના ૨૨ માંની કલમ-૩૭, ની પેટા કલમ(૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, જે. જી. ખંડયા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ-ભુજ) તા. ૧૭-૧૨-૯૩ના કલાક ૧૪-૦૦ વાગ્યાથી તા. ૨૪-૧૨-૯૩ સુધી દિવસ-૮ (આઠ)ની મુદત માટે, આ નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં જેમા હવે પછી સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કર્યો છે. તેમાં વ્યકિતઓની કોઈ સભા, સરઘસ માટે તેમજ મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું, આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરીમાં અગર રોજગારમાં હોય તેવી વ્યકિતઓને.
૨. ફરજ પર હોય તેવા ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.
૩. કોઈ લગ્ન પ્રસંગના વરઘોડાને.
૪. કોઈ સ્મશાન યાત્રાને.

અનુસુચિ

ભુજ શહેરનો ભુજ આંટી પોલીસ સ્ટેશનનો વિસ્તાર તથા ભુજ, નખત્રાણા, તેમજ મુન્દ્રા તાલુકાનો સમગ્ર વિસ્તાર

આ હુકમનો કોઈ ભંગ અથવા ઉલ્લંઘન કરેથી સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ની પેટા કલમ-(૩) અને ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ સને ૧૮૬૦, ના ૪૫માની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૭-૧૨-૧૯૯૩ના રોજ મારી સહી કરી સિક્કો મારી બહાર પાડવામા આવ્યો.

જે. જી. ખંડયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

---

જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી દ્વારા

વંચાણે લીધા : (૧) સરકારશ્રીના સહકાર વિભાગના હુકમ નં. : હ-૨૮/૮૪ ડીડીસી.--૧૧૮૨/૭૪૨૫--ગ. તા. ૨૨--૩--૧૯૮૪.
(૨) આ કચેરીના ક્રમાંક ફડચ-/૦૧/ઝ/૨૫૪/૨૦૪/૯૩/તારીખ : ૩૦--૩--૯૩ વાળો વરચુગાળાનો હુકમ :
(૩) આ કચેરીની તારીખ : ૨૬--૧૦--૯૩ વાળી નોંધ :

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ-૦૧-૨૫૪-ઝ-૬૨૫/૯૩.--

શ્રી થર્મલ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મુ. નવાકંડલા, તા. અંજાર જીલ્લો કચ્છ કે જેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧)(ગ)(૪) હેઠળ ફડચામાં લઈ જવા માટે ઉકત વંચાણે--૨વાળા હુકમથી વરચુગાળાનો હુકમ કરવામાં આવેલ છે. તેને તેજ કાયદાની કલમ ૧૦૭(૩) હેઠળ આથી કાયમ કરવામાં આવે છે.

ભુજ, ૨૩ મી ડિસેમ્બર સને ૧૯૯૩.

---

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીનાં સહકાર વિભાગનાં ઠરાવ ક્રમાંક : ધ-ખ-૨૪/૯૧/સી.ડી.સી./૧૧૮૮/જ તા. ૩૦-૩-૯૧.
(૨) ક્રમાંક ફડચ-વ-અ-૨૪૯/ઝ/૫૮૬/૯૨ તારીખ ૩-૧૧-૯૨ વાળો અંતિમ આદેશ.
(૩) સબ. ઓડીટર સ. મ. ભુજનું તા. ૨૦-૯-૯૩ વાળું અંતિમ ઓડિટ અન્વયેનું પ્રમાણપત્ર.
(૪) સહકારી અધિકારી ફડચો—૧ ની તા. ૨૨-૯-૯૩ વાળી નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : ફડચ/૨૪૯/ઝ/૫૯૯/૯૩.—આથી હું પી. એન. દેસાઈ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ ભૂજ-કચ્છ મને મળેલ

INDEX

અધિકારોની રુએ શ્રી સર્વોદય ખાણ કામદાર સહકારી મંડળી લી, માધાપર, તા. ભુજ-કચ્છ કે જે સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી નં. ઉ-૯૯૨૯ તા. ૧૧-૭-૯૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. અને તેને તેજ કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે ઉપર વંચાણ ક્રમ (૨) વાળા અંતિમ આદેશથી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચા કામગીરી સમાપ્ત થયેલ જાહેર કરું છું અને તેની નોંધણી તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આથી રદ કરું છું.

કચ્છ-ભુજ, ૩૦ માહે નવેમ્બર સને ૧૯૯૩.

———

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગનાં ઠરાવ ક્રમાંક : ઘ-ખ-૨૪/૯૧/સી.ડી.સી./૧૧૮૮/જે, તારીખ ૩૦-૩-૯૧.

(૨) આ કચેરીનો ક્રમાંક ફડચ-વ.આ.-૧૫૩/ઝ/૪૨૧ / ૯૦ તા. ૩૦-૪-૯૦ વાળો કચેરીનો અંતીમ આદેશ.

(૩) સબ. ઓડિટર્સ, લગત જીલ્લા ખાસ અન્વેષક સ. મ. ભુજનું તા. ૧૪-૧૦-૯૩ વાળું અંતિમ ઓડટ અન્વયેનું પ્રમાણપત્ર

(૪) સહકારી અધિકારી ફડચો નં. ૧, ની તા. ૧૪-૧૦-૯૩ વાળી નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : ફડચ/૧૫૩/ઝ/૬૦૦/૧૯૯૩.—આથી હું પી.એન. દેસાઈ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ મને મળેલ અધિકારોની રુએ શ્રી ફ્રેન્ડઝ કોટેજ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ભુજ-કચ્છ કે જે સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી ઓનાં અધિનિયમયમ હેઠળ નોંધણી નં. ૮૮૮૮ તા. ૧-૩-૮૨થી નોંધવામાં આવેલ હતી અને જેને તેજ કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે ઉપરોકત વંચાણ ક્રમ-૨ વાળા અંતિમ આદેશથી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચા કામગીરી સમાપ્ત થયાનું જાહેર કરું છું. અને સદર મંડળીની નોંધણી તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આથી રદ કરું છું.

કચ્છ-ભુજ, ૩૦ માહે નવેમ્બર સને ૧૯૯૩.—

———

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ (૧૯)ની જોગવાઈ.

(૨) સહકારી અધિકારી ફડચો (૧) ભુજની તા. ૬-૯-૯૩ વાળી મંડળીને પુનઃજીવીત કરવા અંગેની દરખાસ્ત.

(૩) આ કચેરીનો હુકમ ક્રમાંક : ફડચા/વ.આ. ૧૮૬/ઝ-૩૯૪-૧૯૯૧ તા. ૯-૫-૯૧ વાળો અંતિમ આદેશ.

હુકમ

ક્રમાંક : ફડચ-૧૮૬/ઝ-૫૮૭/૧૯૯૩.

આથી હું પી. એન. દેસાઈ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ મને મળેલા અધિકારો અને સત્તાની રૂએ, શ્રી લુણામોટા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. લુણામોટા તા. ભુજ-કચ્છ, કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ, ના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક : ઉ-૧૮૩૨ તા. ૨૯-૬-૯૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. અને ઉપર ક્રમ નં. (૩) માં વંચાણે લીધેલ આદેશ થી જેને તે જ કાયદાની કલમ ૧૦૭ (૩) અન્વયે કાયમી ફડચામાં લઇ જવામાં આવેલ હતી. તેને તેજ કાયદાની કલમ ૧૯નો જોગવાઈઓ અન્વયે ઉકત વંચાણ ક્રમ-૧ મુજબ અને નીચેની શરતોને આધીન સદરહું મંડળીને પુનઃજીવીત કરવા માટે આથી આદેશ કરું છું. અને આ આદેશ અન્વયે નીચેની શરતોને અમલ મંડળીને ત્રણ માસમાં કરવાનો રહેશે.

શરતો :—

(૧) સદરહું મંડળીના નોંધણી નંબર તારીખ તથા મંડળીનું નામ અને મંજુર થયેલ પેટા નિયમો અગાઉ થયેલ નોંધણી પ્રમાણે જ યથાવત રહેશે.

(૨) મંડળીએ તેની દરેક કામગીરી સહકારી કાયદા અને કાનુન અને મંડળીના પટા નિયમોને અનુલક્ષીને કરવાની રહેશે. તેમજ પેટા નિયમો અનુસાર વ્યવસ્થાપક સમિતિ અને વાર્ષિક સામાન્ય સભા નિયમીત રીતે બીનચુક બોલાવવાની રહેશે. મંડળીની રચના કરવા પાછળના ઉદેશો નજરે સભા-સદોના હિતમાં મંડળીનું કામકાજ કાર્યદક્ષતા પુર્વક હાથ ધરવાનું રહેશે.

(૩) મંડળીએ જુનું દફતર નાશ પામેલ હોય તે બારામાં જરૂરી દફતર ચોકસાઈ પુર્વક ફરીથી તૈયાર કરી લેવાનું રહેશે. અને તે કામગીરી એક માસમાં પુર્ણ કરવાની રહેશે. અને ઓડીટ કરાવી લેવા માટે પણ ત્વરીત પ્રયાસો કરવાના રહેશે.

(૪) મંડળીએ ઢોરવાડો ચલાવેલ હોય તો તેના મંજુરીના તથા તમામ વ્યવહારોને લગતા ઉતારા અને અન્ય આધારો સહીત અન્ય પત્ર વ્યવહારના આધારો પુર્ણ કરવાના રહેશે. કે સંબંધકર્તા કચેરીઓમાંથી મેળવીને દફતરે રાખવાના રહેશે.

(૫) મંડળીના સભાસદોએ મંડળીમાં દુધ ભરી મંડળીએ તે એકત્ર કરેલ દુધ ડેરીને નિયમીત મોકલવાનું રહેશે. સભ્યોએ મંડળી સાથે જરૂરી વ્યવહારો જાળવવાના રહેશે.

(૬) મંડળીનું તમામ દફતર ચોપડા સંપૂર્ણ રહે તે રીતે જાળવવાનું રહેશે. દફતર હિસાબો લખવા બારામાં અનિયમતતા ઉપસ્થિત ન થાય તે જોવાનું રહેશે. તેમજ મંડળીએ હિસાબી વહીવટી કામના જાણકાર અને તાલીમ લીધેલ વ્યકિતની નિમણુંક કરવાની રહેશે.

(૭) ફડચા અધિકારીએ એક માસની અંદર આ મંડળીની ખાસ સાધારણ સભા બોલાવી મંડળીના નવા હોદેદાર નકકી થાય તેને ચાર્જ સોંપવાનો રહેશે. તેમજ ઉપરોકત શરતોનું પાલન થવા અંગે ખાત્રી કરી તે અંગેનો વિગતવાર રીપોર્ટ આ કચેરીએ રજુ કરવાનો રહેશે.

કચ્છ-ભુજ, ૧૩ માહે નવેમ્બર સને ૧૯૯૩.

———

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સરકાર વિભાગના ઠરાવ ક્રમાંક-ઘખ-૨૪ ૯૧-સીડીસી-૧૧૮૮જે તા. ૩૦-૩-૯૧

(૨) ક્રમાંક ફડચ/૨૩૩/ઝ/૧૧૧૩/૧૯૯૧ તા. ૫૪-૧૦-૯૧ વાળો અંતિમ આદેશ

(૩) ઓડીટર ગ્રેડ ૨ મીલ્ક ઓડીટ ઓફીસ ભુજ-કચ્છનું તા. ૨૮-૯-૯૩ વાળુ અંતિમ ઓડીટ અન્વયે પ્રમાણપત્ર

(૪) સરકારી અધિકારી ફડચો નં. ૧ તરફથી તા. ૨૮-૯-૯૩ વાળા પત્ર થી મળેલ નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત



INDEX

હુકમ

ક્રમાંક: ફડચ/૨૩૩/ઝે/૫૯૧/૧૯૯૩.—આથી હું, પી. એન. દેસાઈ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ કચ્છ ભુજ મને મળેલ અધિકારીની રૂએ શ્રી ચોબારી દૂધ ઉત્પાદક સરકારી મંડળી લી. ચોબારી તા. ભચાઉના કચ્છ કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી નં. ઉ-૬૧૮૯ તા. ૨૯/૩/૮૬ થી નોંધાયેલ સરકારી સંસ્થા છે અને જેને તે જ કાયદા ની કલમ ૧૦૩(૩) અન્વયે ઉપર વેચાણ ક્રમ (૨)વાળા અંતિમ આદેશથી ફડચામાં કાયમી લઈ જવામાં આવેલ હતી તેની ફડચા કામગીરી સમાપ્ત થયાનું જાહેર કરૂ છું અને તેની નોંધણી તે જ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે આથી રદ કરૂ છું.

કચ્છ-ભુજ, ૩ માહે ડીસેમ્બર સને ૧૯૯૩.

પી. એન. દેસાઈ
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, કચ્છ-ભુજ.

———

વંચાણે લીધાં :

(૧) સહકાર વિભાગના હુકમ ક્રમાંક· હ—૨૮/૮૪/ડીડીસી/ ૧૧૮૨/૭૪૨૫-ગ, તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક· ફડચ/ધ-૨/ ૩૬૦—૯૩, તા. ૧૪-૮-૮૬.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ—૨૦(૧) ૧૦૩ અને ૧૧૪(૧) (૨) (૩)ની જોગવાઈઓ.

(૪) શ્રી ફડચા અધિકારી અને બ્રાન્ચ મેનેજરશ્રી, રાજકોટ જીલ્લા સહકારી બેન્ક લી. બગથળા શાખા તરફથી તા. ૧૯-૧૦-૯૩ના સહકારી બેન્ક લી. બગથળા શાખા તરફથી ૧૯-૧૦-૯૩ના પત્ર ક્રમાંક· ફ્વ—૨૩-૮૧૮થી મુદ્દાઓની સ્પષ્ટતા સાથે ફડચા મંડળીની નોંધણી રદની રજુ થયેલ દરખાસ્ત અન્વયે.

હુકમ

ક્રમાંક· ફડચ/ધ—૨/૨૧૭૦ થી ૮૧/૯૩.—હું, પી. ડી. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર સ.મં. રાજકોટ મને મળેલ ઉકત વંચાણે લીધાં ક્રમાંક—૧ માં દર્શાવેલ અધિકારની રૂએ ઉકત વંચાણે લીધાં ક્રમાંક—૩ ની કલમ અન્વયે ફડચાની શ્રી મોડપર વિકાસ મં. લી. મોડપર તા. મોરબી, જી. રાજકોટની ફડચાની કાર્યવાહી કલમ-૧૦૩ અન્વયે સમાપ્ત થતી હોવાનું જાહેર કરૂ છું. અને કલમ—૨૦(૧) અન્વયે ફડચાની સદરહું મંડળીની નોંધણી રદ કરવાનું ઠરાવું છું.

રાજકોટ, ૬/૮ માહે નવેમ્બર સને ૧૯૯૩.

પી. ડી. રાવલ,
જીલ્લા રજીસ્ટ્રાર.
સહકારી મંડળીઓ, રાજકોટ.

———

વંચાણે લીધા —

(૧) નામ ગુજરાત સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામાંનાં ધ.ખ-૨૪-૯૧-ડીડીસી. ૧૧૮૮-૫૨૦૪ જે તા. ૩૦—૩—૯૧

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ-/ગ-૨/૫૭/૮૮ તા. ૨૪-૨-૮૮

(૩) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફ) નં. ૧ લગત આ કચેરીના નીચે મુજબના પત્રો (૧) ફડચા સ. આ. (૧)૧૫૮ તા. ૨૪-૧૧-૯૨ (૨) ફડચ સ. આ. (૧) ૧૬૩ તા. ૧-૧૨-૯૨ (૩) ફડચ સ.આ. (૧)૧૭૫ તા. ૧૬/૧૨/૯૨થી રજુ થયેલ મંડળી પુન: જીવીત કરવાની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : ફડચ/ધ-૨/૨૮૫થી ૨૮૭.—

હું, શ્રી એન. એસ. ત્રિવેદી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, રાજકોટ મને વંચાણ-૧ના જાહેરનામાથી મળેલ અધિકાર ની રૂઈએ જયપ્રકાશ નારાયણ મજુર બાંધકામ સહકારી મંડળી લી. મોટીપાનેલી તા. ઉપલેટા જી. રાજકોટને આમુખમાં જણાવેલ વિગતો શરતોએ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૯(૨) હેઠળ પુન: જીવીત કરવાનો આથી આદેશ કરું છું.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુ આરી ૧૯૯૩. ઓન. ઓસ. ત્રિવેદી,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, રાજકોટ.

———

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ—૩૩(૧) યુ અન્વયે હુકમ.

જાહેરનામું

નં.:— ના. ચિ-પલસ-ફટક-વશી-૫૬૭૩થી૯૩.—

આગામી દિવાળીના તહેવારો દરમ્યાન દારૂખાનું ફોડવાથી આગ લાગવાથી કે રાહદારીઓને કે અન્યને અકસ્માત થવાનો પુરતો સંભવ છે. તેમજ જાહેર જનતાની સુવેહશાંતિ તથા સલામતી ન જોખમાય તે માટે આગામી દિવાળીના તહેવારો દરમ્યાન અમરેલી જિલ્લાના તમામ શહેરી તથા ગામડા તથા જાહેર રસ્તાઓ ઉપર તેમજ આનંદ પ્રમોદના સ્થળોમાં ફટાકડા ફોડવાની અને આતશબાજી ફોડવા પ્રતિબંધ મુકવાની આવશ્યકતા હોવાના સબળ કારણો જણાતા હોય હું એ. કે. અનસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રે ટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩(૧)(યુ) મુજબ મળેલ સત્તાની રૂએ આ હુકમ થયા તારીખથી તા. ૨૫-૧૧-૯૩ સુધી બંને દિવસો સહીતના દિવસો માટે અમરેલી જિલ્લાના શહેરો તથા ગામડાઓમાં જાહેર રસ્તાઓ ઉપર આનંદ પ્રમોદના સ્થળે ફટાકડા અને આતશબાજી ફોડવાની મનાઈ ફરમાવું છું વધુમાં અમરેલી જીલ્લામાં કોઈપણ સ્થળે સળગી ઉઠે તેવા પદાર્થોનું નુકશાન થવા સંભવ હોય તેવા જાહેર સ્થળ નજીક જેવા કે, પેટ્રોલ પંપ, કેરોસીનના ગોડાઉનના સ્થળો નજીક કોઈપણ જાતના સ્ફોટક પદાર્થો ફોડવાની આથી મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ કામ ચલાવવાને પાત્ર થશે.

આજ તા. ૧૦મી માહે નવેમ્બર ૧૯૯૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

———

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)યુ/તથા કલમ-૩૩(૧)/એચ

જાહેરનામું

નં. નાચિ/સ્ફટક/વશી/૫૬૯૪ થી.—૫૭૨ આગામી દિવાળીના તહેવારો દરમિયાન દારૂખાનું ફોડવાથી આગ લાગવાનો કે

INDEX

રાહદારીને કે અન્યને અકસ્માત થવાનો સંભવ છે. તેમજ તાજેતરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી લક્ષમાં લેતા જાહેર જનતાની સુલેહ શાંતિ તથા સલામતી ન જોખમાય તે માટે આગામી દિવાળીના તહેવારો દરમિયાન અમરેલી જિલ્લાના તમામ શહેરો તથા ગામડાઓમાં રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તેમજ બહોળી પ્રમાણમાં માણસોના અવરજવર રહેતા હોય તેવી બજારો તથા શેરીઓમાં તેમજ આનંદ પ્રમોદના સ્થળોમાં હાથલારી, ગાડા કે અન્ય પ્રકારના વાહનોમાં ફટાકડા કે દારૂખાનું વેચાણ તથા હેરફેર કરવા ઉપર પ્રતિબંધ મુકવાની આવશ્યકતા હોવાના સબળ કારણો જણાતા ન હોઈ હું, એ. કે. અનસારી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કલમ-૩૩ ૧(યુ) તથા આજ અધિનિયમની કલમ-૩(૧) મેચ મુજબ મળેલ સતાની રૂએ આ હુકમ થયા તારીખથી ૨૫-૧૧-૯૩ સુધી બંને દિવસો સહીતના દિવસો માટે અમરેલી જિલ્લાના શહેરો તથા ગામડાઓમાં મુકરર કરેલ સ્થળો સિવાય રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તેમજ બહોળા પ્રમાણમાં માણસોની અવરજવર રહેતા હોય તેવા સ્થળો તથા શેરીઓ તેમજ આનંદપ્રમોદના સ્થળો :

વાહનોમાં ફટાકડા કે દારૂખાનાનું વેચાણ તથા હેરફેર કરવા ઉપર આથી મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળ કામ ચલાવવાને પાત્ર થશે.

આજ તા. ૧૦ માહે નવેમ્બર સને ૧૯૯૩ના રોજ મારી સહી સિક્કા કરી આપ્યા.

એ. કે. અનસારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર દ્વારા
યાદી

ક્રમાંક :— સહ/૧/નધણ/સે/૨૫૮૦૦/૯૩.—

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત અમરેલી. આથી જાહેર કરે છે કે શ્રી પાણીયા સેવા સહકારી મંડળી લી. પાણીયા તાલુકો : અમરેલી જીલ્લા : અમરેલી ને સને ૧૯૬૧ના ગુજરાત રાજયનાં સહકારી મંડળીઓના અધિનિયમની કલમ પેટા ૯(૧)૪અ અન્વયે આજરોજ નોંધવામા આવે છે.

અમરેલી, ૧૯ માહે ઓકટોબર સને ૧૯૯૩.

(સહી) અવાચય,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

---

જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજ. સહ. મંડળી અધિનિયમ કલમ ૮૧ની જોગવાઈઓ.

(૨) કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. જી. એચ. કે. એચ./૨૪/૯૧/૧૧૮૮/૫૨૦૪/જ/ તા. ૩૦-૩-૯૨થી મળેલ અધિકારો.

(૩) ઓડીટર સ. મં. ગ્રેડ-૧(ન. જ). અમરેલીનો તા. ૨૮-૬-૯૩ નો ખાસ અહેવાલ.

(૪) આ કચેરીની કારણ દર્શક નોટીસ ક્રમાંક : સકક/ગ-૩-૧૩૮૪ ૧૩૮૯/૯૩ તા. ૨/૯/૯૩.

(૫) મંડળીના વ્ય. કમીટી સભ્યોના પ્રત્યુતરો.

હુકમ

ક્રમાંક : સકક ગ-૩/-૧૭૭૪ સને ૧૯૯૩.—

હું, એ. એસ. ખંધાર, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી મને મળેલ અધિકારની રૂએ સહકારી અધિનિયમ કલમ ૮૧(૧) ખ(૨)ની જોગવાઈઓ અનુસાર શ્રી ઢુંઢીયા પીપળીયા સેવા સહકારી મંડળી લી. મું. ઢુંઢીયા પીપળીયા તા. કુંકાવાવની વ્ય. કમિટિના સભ્યોને પોતાના કમીટી સભ્ય તરીકેના હોદા પરથી દુર કરું છું. અને આજ કાયદાની કલમ ૮૧(૧) ખ (૨) મુજબ આ કમીટીની જગ્યાએ વહીવટદાર તરીકેની શ્રી અમરેલી જિલ્લા વ્ય. મધ્ય. સહ. બેન્ક લી. અમરેલીની નિમણુંક આ હુકમની તારીખથી બે વર્ષ માટે કરું છું.

અમરેલી, ૨૦ માહે ઓકટોબર સને ૧૯૯૩.

---

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના ફડચાના અંતિમ હુકમ નંબર ફડચ-ચ-૧૮૮/૮૯ તા. ૧૩/૧૭-૨-૮૯.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૧૪(૧)ની જોગવાઈઓ.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન નંબર એચ.કે.એચ. /૨૪/ડીડીસી ૨૧૮૮/૫૨૦૪ તા. ૩૦/૩/૯૧.

(૪) સહકારી અધિકારી ગ્રેડ-૧ ફડચાના પત્ર ક્રમાંક નીલથી ૨૬ તા. ૨૫/૧૦/૯૩ કરવાની અહેવાલ.

હુકમ

ક્રમાંક : ફડચ/ચ/૩થી૫/૩૨૨૨/૯૩.—

શ્રી અમરેલી જિલ્લા દુધ ઉત્પાદક સહ. સંઘ લી. મુ. અમરેલી તા. અમરેલી જિલ્લા અમરેલીની વંચાણે લીધેલ ક્રમ નં. ૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

(૨) સદરહું મંડળીના નોંધણી નંબર ૮૯૦૭ તા. ૧૩/૩/૭૫થી નોંધાયેલ છે.

(૩) આ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૧૪ (૧) હેઠળ મને મળેલ સતાની રૂએ શ્રી અમરેલી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. મુ. અમરેલી તા. અમરેલી જિ. અમરેલીના ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરું છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરું છું.

અમરેલી, ૨૭ માહે ઓકટોબર સને ૧૯૯૩.

---

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના ફડચાના અંતિમ આદેશ નંબર ફડચ-ચ/૧૬૨૬ તા. ૧૫/૧૨-૮૮.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૧(૧)ની જોગવાઈ.

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન નંબર એચ.કે.એમ./૨૪/ડીડીસી-૨૧૮૮/૫૨૦૪ તા. ૩૦/૩/૯૧.

INDEX

(૪) મદદનીશ સહકારી અધિકારી (ફડચા) ના પત્ર ક્રમાંક: અસફ-/ કડપ ૨/૮૯૬ તા. ૧/૧૦/૯૩ થી રદ કરવાની અહેવાલ.

હુકમ

ક્રમાંક : ફડચ/ચ/૩૨૩૧થી૩૨૩૮/૯૩.—

શ્રી ચૌહાણની ખાણ લીફટ ઈરીગેશન સહકારી મંડળી લી. મુ. ચૌહાણની ખાણ તા. કોડીનાર જિ. અમરેલીનો વંચાણે લીધેલ ક્રમ નં. ૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

(૨) સદરહું મંડળીના નોંધણી નંબર ૧૮૪૦૬ તા. ૨૩/૫/૫૦ થી નોંધાયેલ છે.

(૩) આ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૧૪(૧) હેઠળ મળેલ સત્તાની રૂએ શ્રી ચૌહાણની ખાણ લીફટ ઈરીગેશન સહકારી મંડળી લી. મુ. ચૌહાણની ખાણ તા. કોડીનાર જિ. અમરેલીના ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરું છું. તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરું છું.

અમરેલી, ૩, માહે ઓકટોબર, સને ૧૯૯૩.

———

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના ફડચાના અંતિમ આદેશ નંબર ફડચ-ચ/ ૪૪૨/૮૯ તા. ૧૫/૧૭-૩-૮૯.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૧૪(૧)ની જોગવાઈ.

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન નંબર એચ.કે.એમ./૨૪/ડીડીસી-૨૧૮૮/૫૨૦૪ તા. ૩૦/૩/૯૧.

(૪) મદદનીશ સહકારી અધિકારી (ફડચા) ના પત્ર ક્રમાંક: ગસભ/૨ /૭૬૩ ૨ તા. ૨૧/૧૦/૯૩ થી રદ કરવાની અહેવાલ.

હુકમ

ક્રમાંક : ફડચ/ચ/૩૨૪૩થી૩૨૩૦/૯૩.—

શ્રી ઠક્કરબાપા કો.ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી. મુ. લાઠી જિ. અમરેલીનો વંચાણે લીધેલ ક્રમ નં. ૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

(૨) સદરહું મંડળીના નોંધણી નંબર ૧૮૭૬ તા. ૧૯૭૬ થી નોંધાયેલ છે.

(૩) આ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૧૪(૧) હેઠળ મળેલ સત્તાની રૂએ શ્રી ઠક્કરબાપા કો.ઓ. હાઉસીંગ સહકારી મંડળી લી. મુ. લાઠી તા. લાઠી જિ. અમરેલીના ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરું છું. તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરું છું.

અમરેલી, ૩ માહે ઓકટોબર સને ૧૯૯૩.

———

વંચાણે લીધાં :

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહ. મંડળી અધિ. કલમ ૮૧(૧) ની જોગવાઈઓ.

(૨) કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક: જી. એચ. કે. એચ./૨૪૯૧/૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧.

(૩) ઓડીટર સ.મં. ધારીનો ખાસ અહેવાલ તા. ૩૦-૬-૯૩ને અપણ-૦૧/૨૯૯/૯૩.

(૪) આ કચેરીની કારણદર્શક નોટીસ નં. સક્ક--ગ—૩/૧૭૨૩/ ૧૭૩૨/૯૩ના તા. ૧૪/૧૦/૯૩.

હુકમ

જામનગર જિલ્લામાં સુલેહશાંતિ જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે તે જરૂરી હોવાનું વ્યાજબી જણાય છે. આથી હું આર જે. દેશાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ પરિશિષ્ટનાં વિસ્તારમાં તા.૧૦-૨-૯૪ના ૦૦-૦૦ કલાકથી તા. ૨૪-૨-૯૪ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સહીત) ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહી કે એકઠા થાવું નહિ.



INDEX

પરિશિષ્ટ

"જામનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

વધુમાં આદેશ કરૂ છું કે, આ જાહેરનામુ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમા અથવા તેમની ફરજની રૂએ રોજગારીમા હોઇ તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષક દળનાં વ્યકિતઓને

(૩) હોમગાર્ડને

(૪) લગ્ન વરઘોડાને

(૫) સમશાનયાત્રાને

(૬) ૦૪૯૬૧ પોલીસ અધિકારીશ્રી અથવા તેમણે આવેદૂત કરેલ વિકારીઓને પરવાનગી આપવા હોય તે વ્યકિત.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુબઇ પોલીસ અધિ.નો કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિ.નો કલમ ૧૮૮ મુજબ સજા થશે.

વિશેષમાં ફરમાવું છું કે, ઉપર જણાવેલ વિસ્તારમા આ જાહેરનામું સહેલાઇથી દેખાઇ આવે તેવા જગ્યાએ તેના વકીલ પોલીસના ઓન લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરાવ તમજ સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરાવ આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રીને કાર્યવાહી કરવા.

આજ તા. ૯ મા ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિકકો કરી જાહેર કર્યુ.

અ.ન. જે. દેસાઇ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક. ઙ-૨૮-૮૪-ડીડીસી-૧૨૮૨-૭૪૫૫, તા. ૨૨-૩-૮૪.

(૨) શ્રી સબ—ઓડીટર, સહકારી મંડળીઓ, જામનગરના તારીખ : ૫-૧-૯૪થી ૩૦-૬-૯૪ સુધીના ઓડીટ નોધ.

(૩) આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક: ફડચ-(ક—૩) ૩૩૮૩—૮૬, તા.. ૨૬-૧૦-૯૩.

અંતીમ આદેશ

જા. નં. ફડચ/ક—૩/૬૩૫-૪૪,—હું, એ. એલ. કોરવાડીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, સને ૧૯૬૧ની કલમ—૧૦૩ના પેટા કલમ ૧/બ/ક/૮/૪/ તથા પેટા કલમ—૩ અન્વયે શ્રી કડવા પાટે ટુસ્ટ કમીટીના વારાણ સહકારી મંડળી લી. મુ. પોરબંદર તાલુકા. જામખંભાળીયા જીલ્લા: જામનગરને ફડચામા લઇ જવાના વચગાળાના આદેશને બહાલી આપતા આતમ આદેશ કરૂ છું.

સદરહુ અધિનિયમની કલમ—૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, (ફડચા-૨) કચેરીમા જામનગરની નિમણુંક કરવામા આવે છે. મંડળીનો ફડચાનો કાર્યવાહી ફડચા અધિકારીએ સહકારી કાયદા મુજબ નિયત સમય મર્યાદામા એટલે કે ત્રણ વર્ષમા પૂરી કરવાની રહેશે.

જામનગર, ૨૮ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: ઙ-૨૮-૮૪-ડીડીસી-૧૨૮૨-૭૪૫૫ તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક: ફડચ/ક-૩/૩૭૨૪-૫૧ તા. ૨૯-૧૧-૯૩.

(૩) આ કચેરીના ફડચાની કાર્યવાહી સમાપ્ત કરતાં આદેશ ક્રમાંક: ફડચ/ક-૩/૬૨૭-૨૮ તા. ૨૫-૨-૯૪.

(૪) શ્રી સહકારી અધિકારી, (ફડચા-૧) જામનગરના પત્ર નં. ફડચ/૧/૧૦૭ તા. ૨૮-૨-૯૪.

(૫) શ્રી સબ—ઓડીટર સહકારી મંડળીઓ, દૂધ (જામનગર)નો તા. ૨-૧૦-૯૩થી તા. ૨૮-૨-૯૪ સુધીના ઓડીટ નોધ.

હુકમ

જા. નં. ફડચ/ક-૩/૬૫૧-૫૯.—આથી હું, એ. એલ. કોરવાડીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર મને મળેલ અધિકારની રૂએ આ ગોલણીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ગોલણીયા, તાલુકા: કાલાવાડ, જીલ્લા: જામનગર જે નોંધણી નંબર ૯૦૬૪ તા. ૧૯-૩-૯૦થી કરવામાં આવેલ છે. આ તેની ફડચાની કાર્યવાહી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ—૧૧૪(૧) મુજબ સમાપ્ત થયેલ છે જેથી સદર મંડળીના નોંધણી તેમ કાયદાની કલમ—૨૮(૧) અન્વયે આથી રદ કરૂ છું.

જામનગર, ૨૮ માહે ફેબ્રુઆરી, સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: ઙ-૨૮-૮૪-ડીડીસી-૧૨૮૨-૭૪૫૫ તા. ૨૨-૩-૮૪.

(૨) શ્રી સબ—ઓડીટર સહકારી મંડળીઓ, (દૂધ) રાજકોટના તા. ૧-૩-૯૨થી ૩૦-૬-૯૩ સુધીનો ઓડીટ નોંધ.

(૩) આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક: ફડચ/ક—૩/૯૭—૧૦૦ તા. ૨૧-૧-૯૪.

અંતીમ આદેશ

જા. નં. ફડચ/ક—૩/૭૬૧—૭૦—હું, એ.એલ. કોરવાડીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, સને ૧૯૬૧ની કલમ—૧૦૩ની પેટા કલમ—૧/બ/ક/૨/૪/ તથા પેટા કલમ—૩ અન્વયે શ્રી હરીપર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. હરીપર, તાલુકા: લાલપુર, જીલ્લા: જામનગરને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને બહાલી આપતા અંતીમ આદેશ કરૂ છું.

સદરહુ અધિનિયમની કલમ—૧૦૮(૨) અન્વયે આ મંડળીનો ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, (ફડચા-૨) કચેરીમાં જામનગરની નિમણુંક કરવામાં આવે છે. મંડળીનો ફડચાનો કાર્યવાહી ફડચા અધિકારીએ સહકારી કાયદા મુજબ નિયત સમય મર્યાદામા એટલે કે ત્રણ વર્ષમાં પૂરી કરવાની રહેશે.

જામનગર, ૧૨/૧૫મી/૧૫ માહે માર્ચ, સને ૧૯૯૪.

એ. એલ. કોરવાડીયા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જામનગર.

INDEX

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યનાં સને—૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાનાં કલમ—૧૦૭, તથા ૧૦૮ નાં જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યનાં સહકાર ખાતાના જાહેરનામાં ક્રમાંક: ઙ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨/૩/૮૪.

(૩) સબ-ઓડીટર, સહકારી મંડળીઓ, વેરાવળનો તા.૩૦/૬/૯૩નો ખાસ અહેવાલ નં. ખાણુ/૩૧૭ સને ૯૩.

(૪) મંડળીની તા. ૩૧-૧૨-૯૧ની સાધારણ સભાનો ઠરાવ નંબર—૭.

વચગાળાનો આદેશ

ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/છ/૧૬૯૧/૯૩-૯૪.— "આથી હું, બી. એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓના કાયદાથા મળેલ અધિકારની રૂએ શ્રી ભગવતી કો.ઓપ., હાઉસીંગ સોસાયટી, લા. વેરાવળ- તા. વેરાવળ જી. જુનાગઢ, કે જે નોંધણી નંબર—૧૦૫૭૬ તા. ૧૯-૫-૮૩થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યના સને—૧૯૬૧ના, સહકારી મંડળીઓના કાયદાઓની કલમ—૧૦૭(૧) (બ) (૧) (૨) અન્વયે ફડચામાં લઈ જવામા આવે છે. તથા ત જ કાયદાનો કલમ—૧૦૮ (૧) અન્વયે તેના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો—૨) લગત આ કચેરીનાં નિમણુંક કરવામાં આવે છે."

નોંધ.:—

આ આદેશ સામે મંડળીને વાંધો કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિન—૩૦ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાનમા કોઈ રજુઆત થશે નહી તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

જુનાગઢ, ૯ માહે માર્ચ, સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સને—૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ—૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ નં. ધખ-૨૭૭-ડીડીસી-૧૧૬૮-૧૮૪૯૬-બી, તા. ૨૭-૫-૬૮.

(૩) શ્રી રજીસ્ટ્રાર સ.મં.ગુ.રા. અમદાવાદના પરીપત્ર ક્રમાંક: વહર/૨૮૦/અ/૩૨૧૪, તા. ૩-૧૧-૭૨.

(૪) આ કચેરીના વચગાળાના આદેશ નં. ઉખસ—ફડચ—ધ-૨—૯૮૩—૯૩, તા. ૧૦-૩-૯૩.

(૫) શ્રી માણાવદર કુકીંગ ગેસ કન્ઝ્યુમર્સ કો.ઓપ. સો.લી. માણાવદરના તારીખ ૧૫-૩-૯૩, ૨-૫-૯૩, ૨૫-૮-૯૩, ૧૬-૯-૯૩, તા. ૨૨-૧૧-૯૩, થી થયેલ રજુઆત.

અંતીમ આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/૯૩૯૩/ધ૨/૧૧૩/૯૪.— આથી હું, બી. એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ અધિકારની રૂએ શ્રી માણાવદર કુકીંગ ગેસ, સહકારી મંડળી, લી. માણાવદર, તા. માણાવદર, જી. જુનાગઢ, જે નોંધણી નં. ૧૪૨૨, તા. ૨૪-૪-૭૯ના રોજ થી. તેને ગુજરાત રાજ્યના સને—૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાનો કલમ ૧૦૭(૧) (બી) (૧) (૪) અન્વય ફડચામા લઇ જવા અને તે જ કાયદાના કલમ—૧૦૮(૧), તા. ૧૮-૩-૯૩ના આદેશથી નિમવામાં આવેલ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો-ન.૧ લગત આ કચેરીનો ચાર્જ સંભાળી કામ કરી ફડચાની કામગીરી નિયત સમયમાં પુરી કરવા આદેશ કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીના તમામ પ્રકારના ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લેટરના નકલ મંડળીના છેલ્લા ઠરાવોની સાથે માકલી મંડળીનો ફડચાનો હીસા નિયત ધારણ આકારણી કરી કાયદાનો કલમ—૧૧૪, અનુસાર કામગીરી પુરી કરવાની રહેશે.

જુનાગઢ, ૯ માહે માર્ચ, સને ૧૯૯૪.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના સને—૧૯૬૧ની અધિ નિયમ—૧૯૬૧ના કલમ—૧૯ના જોગવાઇઓ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનાં સને—૧૯૬૫ના કાનુન-૫૦ના જોગવાઇઓ.

(૩) ગુજરાત સરકારશ્રીનાં સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક: ઙ ૨૮-/૮૪/ડાડાસા/૧૧૮૨/૭૪૨૫/ગ, તા.૨૨-૩-૮૪

(૪) ફડચા અધિકારશ્રી, પાણકવા દુધ ઉત્પાદક સ.મં.લી. તા. માળીયા, તથા સહકારી અધિકારી (ફડચા) ન. ૨ લગત કચેરીના તા. ૨૮-૨-૯૪ના પત્ર નં. ફડચ ચ-૧ ૫૭૬/૯૪.

(૫) આ કચેરીના જાહેર વિજ્ઞાપતી ક્રમાંક: ફડચ ખ-૪-૫૮-૯૪, તા. ૯-૨-૯૪.

આદેશ

ક્રમાંક: ફડચ/ખ-૪/૧૦૧/૯૪,—આથી હું, ડૉ. બી. એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સને—૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો અધિનયમથી મળેલ સત્તાની રૂએ શ્રી પાણકવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. માળીયા, જી. જુનાગઢ, કે જે,રજી. નં. ૮૩૦૦ તા. ૬-૯-૮૪થી નોંધાયેલ છે. તેના સને—૧૯૬૧ના સહકારી મંડળીઓ, ના અધિનિયમની કલમ—૧૯, તથા ગુજરાત સહકારી મંડળીઓનાં ૧૯૬૫ના કાનુન—૧૦, ના જોગવાઇ મુજબ નીચેની શરતોએ પુર્નજીવીત કરવાનો અંતીમ આદેશ કરું છું.

શરતો :—

(૧) મંડળીના તમામ સભાસદોએ મંડળી ચલાવવામાં પુરતો રસ દાખવવાનો રહેશે.

(૨) મંડળીનો વહીવટ કાયદા કાનુન અને મંડળીના ધેટા નિયમ મુજબ ચલાવવાનો રહેશે.

(૩) મંડળીની નવી ચુંટાનારી વ્યવસ્થાપક કમીટીએ સક્રિય રસ લઈ મંડળીની આર્થીક પરિસ્થિતિ સંતોષકારક અને સધ્ધર બને તે રીત કાર્યક્રમ ગોઠવી કામગીરી કરવાની રહેશે.

જુનાગઢ, ૭/૯ માહે માર્ચ, સને ૧૯૯૪.

INDEX

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ—૧૯૬૧ના કલમ—૮૧ નીં જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના સહકાર વિભાગનાં જાહેરનામાં ક્રમાંક: હ—૨૮-૮૪-ડીડીસી-૧૧૮૨-૭૪૨૫, તા.૨૨-૩-૮૪

(૩) શ્રી ઓડીટર ગ્રેડ—૧ સહકારી મંડળીઓનાં (નવી જગ્યા) જુનાગઢના તારીખ ૨૬-૧૧-૯૨નો ખાસ અહેવાલો.

(૪) આ કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક: સપવ ખ-૨ ૮/૯૩. તા. ૧૧-૩-૯૩.

(૫) પ્રમુખશ્રી શ્રી ફટાણા સેવા સહકારી મંડળી લી. ફટાણા તા. પોરબંદરની તા. ૨૫-૨-૯૩ની રજુઆત.

(૬) શ્રી જુનાગઢ જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. જુનાગઢનો તા. ૨૪-૬-૯૩ના પત્રથી આવેલ અભિપ્રાય.

હુકમ

હું ડૉ. બી. એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧—૧—ક, હેઠળ મળેલ સત્તાનો રૂએ જુનાગઢ જીલ્લાનાં પોરબંદર તાલુકાની શ્રી ફટાણા સેવા સહકારી મંડળી લી. ફટાણાની વ્યવસ્થાપક કમીટીના તમામ સભ્યોને તેમના હોદ્દા પરથી દુર કરું છું. અને સંસ્થાનો વહીવટ ચલાવવા સદરહુ અધિનિયમની કલમ—૮૧—૧(ખ-૨) નીચે વહીવટદાર તરીકે શ્રી ખાસ અધિકારી વર્ગ.૨ અને ફરજો પોરબંદર લગત શ્રી જુનાગઢ જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ની હુકમની તારીખથી—૨(બે) વર્ષનાં મુદત માટે નિમણુંક કરૂ છું.

જુનાગઢ, ૯ માહે માર્ચ, સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં : (૧) ગુજરાત રાજ્યના સને—૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ.—૧૦૩, ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ નં. ધપ—૨૭૭, ડી.ડી.સી. ૧૧૬૮/૧૮૪૯૬--બી, તા. ૨૭-૫-૬૮.

(૩) શ્રી રજીસ્ટ્રાર, સ.મં.ગુ.રા. અમદાવાદના પરીપત્ર ક્રમાંક: વહર/૨૮૦/અ/૩૨૧૪, તા. ૩-૧૧-૭૨.

(૪) આ કચેરીનાં વચગાળાના આદેશ નં. ઉખસ/ફડચ/૪૪/ ખ-૪/૯૪, તા. ૩-૨-૯૪.

આંતીમ આદેશ

આથી, હું, ડૉ. બી. એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ- જુનાગઢ, મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ સહકારી મંડળી લી. કે જેનો નોંધણી નંબર તથા તારીખ કોલમ ૩માં દર્શાવેલ છે તેને ગુજરાત રાજ્યના સને—૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૩ (૧)(બી) અન્વયે ફડચામાં લઈ જવા અને તેજ કાયદાની કલમ ૧૦૮(૧) તા. ૩-૨-૯૪નાં આદેશથી નિમવામાં આવેલ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો)નં. ૨ લગત કચેરીની નિમણુંક કાયમ કરી ફડચાની કામગીરી નિયત સમયમાં પુર્ણ કરવા આદેશ કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચાની ફીની નિયત ચોરસે આકારણી કરી કાયદાની કલમ—૧૧૪, અનુસાર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

| ક્રમાંક અને તારીખ<br>૧ | મંડળીનું નામ, ગામ, તાલુકો અને જીલ્લો<br>૨ | નોંધણી નંબર અને તારીખ<br>૩ |
|---|---|---|
| ક્રમાંક:ઉખસ/ફડચ/૯૩૯૫/ખ-૪/૬૬/૯૪, તા. ૧૫-૩-૯૪. | શ્રી રામ ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી લી. મું. રાણાવાવ, તા. રાણાવાવ, જી. જુનાગઢ. | નં. ૯૭૧૮, તા. ૭-૨-૯૦ |
| ક્રમાંક: ઉખસ/ફડચ/૯૩૯-૪ખ-૪/૬૭/૯૪, તા. ૧૫-૩-૯૪. | શ્રી ચોરેશ્વર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. તા. કુતીયાણા, જી. જુનાગઢ. | નં. ૮૨૯૪ તા. ૪-૧-૮૪ |
| ક્રમાંક:ઉખસ/ફડચ/૯૩૯૬/ખ-૪/૬૮/૯૪, તા. ૧૫-૩-૯૪. | શ્રી સર્વોદય મરઘા ઉછેર સહકારી મંડળી લી. મું. બળેજ, તા. પોરબંદર, જી. જુનાગઢ. | નં. ૫૩૨૫, તા. ૨૦-૧૧/૮૫ |
| ક્રમાંક: ઉખસ/ફડચ/૯૩૯૭/ખ-૪/૧૦૪/૯૪, તા. ૧૭-૩-૯૪ | શ્રી થલ્લી સેવા સહકારી મંડળી લી. મું. થલ્લી તા. માંગરોળ, જી. જુનાગઢ. | નં.૮૨૬૭ તા. ૧૯૬૫-૬૬ |

ડૉ. બી. એન. યાજ્ઞીક,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

INDEX

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ—૧૧૪ તથા ૧૧૫નો જોગવાઈઓ.

(૨) ના. ગુજરાત સરકારશ્રીનાં ખતી, ઉદ્યોગ અને સહકારી વિભાગ -નાં પરિપત્ર ક્રમાંક: કો.ખાસ.ઓ. / ૪૯૬૯/૧૮૫૭/ડી—૨ તા. ૨૩-૯-૧૯૭૭.

(૩) અત્રેનાં આદેશ ક્રમાંક: ફડચ/૮૩૭/ઉખાસ/૪૮૨/હ-૮૧૧૨-૬૨૯/૧૯૮૫ તા. ૨૯-૧૧-૮૫.

(૪) શ્રી ફડચા અધિકારીશ્રી રાજપરા (ખો) સે.સ.મં.લી. (ફ) અને શ્રી મનંજર ભાવનગર જિલ્લા સહકારી બેન્ક લી. નો તા. ૨૭-૧૨-૯૩નાં જા. નં. ઇન્સ./લીકવી/અડવી/૩૬/૭૩૦ થી કરવામાં આવેલ આખરી રિપોર્ટ.

આદેશ

જા. નં. ફડચ/ખ—૪/૧૩૮/૧૯૯૪.—આથી હું, કે.બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં. ભાવનગરને ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ—૧૧૪(૧) તથા ૧૧૫ થી મળેલ અધિકારની રૂઈએ શ્રી રાજપરા (ખો) સેવા સહકારી મંડળી લી. મું. રાજપરા (ખો) તાલુકો શિહોર, જિ. ભાવનગર કે જેનો નોંધણી નં. ૧૫૫ તા. ૮-૨-૧૯૩૮થી નોંધવામાં આવેલ છે. તેની ફડચા કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂ છું. તેમજ તેનાં ટ્રસ્ટી પ્રતિનિધિ તરીકે શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેન્ક લી. ભાવનગરની નિમણૂંક કરૂ છું. તેમણે ઉપર મુજબની કામગીરી તથા સરતોયા મુજબની બાકી કામગીરો પૂર્ણ કરવાની રહેશે. અને વધારાની રકમ નીચે સહી કરનાર નાં. પો.એલ.ઓ.માં જમા કરાવવાની રહેશે.

ભાવનગર, ૪ માહે માર્ચ, સને ૧૯૯૪.

કે. બી. ઉપાધ્યાય,
જીલ્લા મેજીસ્ટ્રોટ,
સહકારી મંડળીઓ ભાવનગર.

---

વંચાણે લીધા :—

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ કલમ-૮૧ (૧) ખ (૩) ની જોગવાઈઓ.

(૨) કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક-જી.એચ.કે.એચ.૨૪૯૧/ડીસી/૧૧૮૮/૫૧૦૪ / જે, તા. ૩૦-૩-૯૧ થી મળેલ અધિકારો.

(૩) વહીવટદારશ્રી, મોટી ખેરાળી સેવા સ. મં.. લી. તા. રાજુલાનો તા. ૧૪-૧૨-૯૩નો દરખાસ્ત.

(૪) આ કચેરીના હુકમ નં. સવન/ચ/૩૫૬/૯૨, તા.૩૧-૩-૯૨.

હુકમ

ક્રમાંક : ગ-૩-૨૪૧-સને-૧૯૯૪.—હું, એ. એસ. ખંધાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, મને મળેલ સને ૧૯૬૧ના ગુજરાત સહ. મંડળી અધિનિયમ કલમ-૮૧ (૧) ખ (૩) ની સત્તાના રૂએ મોટી ખેરાળી સેવા સહકારી મંડળી લી. મુ. મોટી ખેરાળી તા. રાજુલામાં મુકેલ વહીવટદારની વ્યવસ્થા સમાપ્ત કરૂ છું. અને ઉપરોક્ત ચૂંટાયેલ બો. કમિટીને સદરહુ મંડળીનો વહીવટ સોંપી દેવા હુકમ કરૂં છું.

અમરેલી, ૨૨ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪.

એ. એસ. ખંધાર,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, અમરેલી.

(Rjt.)—I—5

વંચાણે લીધાં :

(૧) ના. ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. પબ્ય/૨૪/૯૧/ડીડાસી/૧૧૮૮/૫૧૦૪/જે, તા. ૩૦-૩-૯૧ .

(૨) આ કચેરીના મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ ક્રમાંક: ફડચ/ગ -૨/૭૫ તા. ૧૦-૩-૮૭.

(૩) આ કચેરીનો હુકમ નં. ફડચ/ચ ૨/૧૦૦૦ તા. ૧૮/૬/૯૩ થી ફડચાના ખર્ચના મુદત વધારાનો હુકમ.

(૪) શ્રી રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પત્ર ક્રમાંક: ફડચ/૦૨૪/૯૫/૫૪૨૬, તા. ૧૯-૨૮-૫૨--૮૬ તથા તે અંગેના ચાલુ ગાઈટમન્ટના અભિપ્રાયો.

(૫) ફડચા અધિકારીશ્રી નં. ૨(કચેરીનો) તરફથી રજુ થયેલ ફડચાનો શ્રી જલારામ દૂધ ઉત્પાદક સ.મ.લી. તા. પડધરી-નાં આખરી હિસાબો તા. ૭-૨-૯૪ના જા.નં. ફડચ/સ.મ. ૨/૨૭ થી રજુ થયેલ દરખાસ્ત અન્વયે.

હુકમ

ક્રમાંક: ફડચ/૬—૨/૭૧૭ થી ૭૩૨/૯૪.—હું, પી.ડી. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, મને વંચાણ -૧ના જાહેરનામાથી તેમજ વંચાણ -૪ના પત્રો મુજબની જોગવાઈને આધીન રહીને ફડચાનો શ્રી જલારીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. જલારીયા, તા. પડધરી, જી.રાજકોટની ફડચા કાર્યવાહી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ -૧૯૬૧ની કલમ —૧૧૪(૧) હેઠળ આનુષંગે જરૂરવેલ વિગતો ધ્યાને લઈ ફડચા કાર્યવાહી આધારાધ સમાપ્ત થતી હોવાનું જાહેર કરૂ છું.

તેમજ તેજ કાયદાની કલમ -૧૫૯ અને ૧૫૫ હેઠળની કાર્યવાહી કરવા વંચાણ -૪નાં પત્રોમાંના અભિપ્રાય મુજબ સહકારી અધિકારી (ફડચા) નં. ૨ની આ કચેરીનાં ટ્રસ્ટી પ્રતિનિધિ તરીકે કામગીરી કરવા નિમણૂંક કરૂ છું. જેઓએ અત્રેની કચેરીની વખતો વખતની સ્થાયી સુચના મુજબ ફડચાની બાકી કામગીરી પુર્ણ કરવાની રહેશે. તેમજ નામ. કોર્ટમાં ચાલતા કેઈસોમાં હાજર રહેવા અધિકૃત કરવામાં આવે છે.

રાજકોટ, ૧૮ માહે માર્ચ, સને ૧૯૯૪.

પી. ડી. રાવલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, રાજકોટ.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૨૪/૯૧/ડીડાસી/૧૧૮૮/૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧

(૨) આ કચેરીના વચગાળાનો આદેશ ક્રમાંક: ફડચ/ગ -૨, ૮૨૬-૯૩થી તા. ૧-૧-૯૪ના હુકમ.

(૩) શ્રી ખાસ અન્વેષક સ.મં. દુધ સુરેન્દ્રનગરની કચેરીના તા. ૨૦-૭-૯૩ના પત્ર ક્રમાંક: અષણ/ફડચ/ખ ૩૮૫/૯૩.

INDEX

### અંતીમ આદેશ

ક્રમાંક: ફડચ/ગ/૨/૧૦૯/૯૩.- શ્રી રાજપરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. રાજપરા, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર, કે જેના નોંધણી ક્રમાંક: ૬૨૦૫, તા. ૩૧-૮-૭૨ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહુ મંડળીને નીચે જણાવેલ કારણોસર ફડચામાં લઈ જવા અંગેના વચ્ચાણુ લીધા અનુ.જા. રચી વચગાળાનો આદેશ કરવાનો આવેલ અને તેની સામે સંસ્થાના હોદ્દેદારોએ આજની કચેરીના નિયત કરેલ તારીખ અને સમયે રજુઆત કરેલ કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી તે અન્વયે મંડળીને નીચેનાં કારણોસર સહકારી કાયદાની કલમ -૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફડચામાં લઈ જવા અંગેનો હુકમ કરવામાં આવે છે જેના કારણો નીચે મુજબ છે.

(૧) મંડળીનું ઓડીટ તા. ૧-૧૦-૯૧થી તા. ૩૧-૩-૯૩ સુધીનું થયેલ છે અને ઓડીટ વર્ગ -૬ આપવામા આવેલ છે. તેમાં જણાઈ આવેલ ક્ષતિઓ ધ્યાને લઈ મંડળીને ફડચામા મુકવા માટે વચ્ચાણુ લીધા અનુ. જા. ઉર્ધા ભલામણ થયેલ છે.

(૨) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગીત છે.

(૩) મંડળીનો ઓડીટ વર્ગ ત્રણ વર્ષથી "ડ" આપેલ છે.

(૪) મંડળીનાં પેટા નિયમ મુજબ કારોબારીની મીટીંગ મળતી નથી તેમજ છેલ્લે વાર્ષિક સાધારણ સભા ૮૭/૮૮ વર્ષની રહેલ છે.

(૫) મંડળીનાં વર્ષ વર્ષ ખોટનું પ્રમાણ વધતું જાય છે. છેલ્લે તા. ૩૧-૩-૯૩ના રોજ કુલ્લે આકરદર ખોટ રૂ. ૨૧૧૩૨-૫૦ છે.

(૬) મંડળી ચલાવવામાં સભ્યોને રસ જણાતો નથી.

(૭) મંડળી તેના મંજુર થયેલ પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ છે. અને સહકારી કાયદા અને કાનુન મુજબની કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૮) મંડળી વર્ષોવર્ષ ઓડીટ મેમોની દુરસ્તી વાસ્તવીક રીતે દફ્તર ઉપર કરવામાં કસુર કરે છે. તેમજ દુરસ્તી અહેવાલ મોકલવામાં પણ કસુર કરે છે.

આમ ઉપરોકત સંજોગો જોતાં મંડળીને સહકારી કાયદાની કલમ -૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગે આ કચેરી તરફથી તા. ૧-૧--૯૪ હુકમ ક્રમાંક: ફડચ/ગ-૨ ૮૨૬/૯૩થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ તેની સામે મંડળીને કોઈ વાંધા હોઈ તો આદેશની તારીખથી એક માસમાં આ કચેરીને લેખીતમાં તેમજ મૌખિકમાં રૂબરૂ જાતે હાજર થઈ રજુઆત કરવા માટેની તક આપવામાં આવેલ હતી પરંતુ મંડળી તરફથી સદરહુ સમય દરમ્યાન આ કચેરીને કોઈ રજુઆત કરવામાં આવેલ છે જ રજુઆત માન્ય રાખી શકાય તેમ ન હોઈ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ -૧૦૭ અન્વયે ફડચામા લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવેલ છે અને તેમજ કાયદાની કલમ -૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૨ હસ્તક જિલ્લા રજી. સહ. સુરેન્દ્રનગરની નિમણુંક કરવામાં આવે છે અને સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા અંગે જે વચગાળાનો આદેશ કરવામાં આવેલ તે આથી કાયમી કરવા માં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૮ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના હુકમનાં. હ—૨૮/૮૪ ડી.ડી.સી.—૧૧૮૨/૭૪૨૫/—ણ તા. ૨૨-૩-૧૯૮૪.

(૨) આ કચેરીના ક્રમાંક: ફડચ/૧૨૯/ઝ—૩૫૧-૯૩, તારીખ ૩-૬-૯૩ વાળો વચગાળાનો હુકમ.

(૩) આ કચેરીની તારીખ : ૨૮-૨-૯૪ વાળી નોંધ.

### અંતિમ આદેશ

ફડચ/૦૧/૧૯૨/ઝ/૧૧૬/૧૯૯૪.— શ્રી ભુવડ જુથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મું. ભુવડ તા. અંજાર, જિલ્લો: કચ્છ કે જેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧) હેઠળ ફડચામાં લઈ જવા માટે ઉકત વંચાણે—૨ વાળા હુકમથી વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે. તેને તેજ કાયદાની કલમ ૧૦૭(૩) હેઠળ આથી કાયમ કરવામાં આવે છે.

ભુજ—કચ્છ, ૮ માહે માર્ચ, સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ ભુજ-કચ્છ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Warapper.

INDEX

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV ] THURSDAY 2nd JUNE, 1994/JYAISTHA 12, 1916 [No. 22

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

# PART-I


| | Pages |
|---|---|
| PART-I—Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneons Notification Appointments etc. .. .. | 228—248 |
| PART--I-A--Orders and Notificatios (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards. Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts .. .. .. | Nil |
| PART-I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only .. | |
| Supplement | 230—237 |
| PART--II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Birth and Deaths, etc. | 230—239 |
| PART--III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. — — | — |




INDEX

# Government Notifications, Orders, Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

### Miscellaneous Notification Appointment etc.

સક્ષમ અધિકાર અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમન અધિનિયમ, ૧૯૭૬ (૧૯૭૬નો ૩૩મો અધિનિયમ. )

ક્રમાંક યુ, એલ. સી. (ક) (૧) કેશ નં. ૧૨૫૫/૭૬/૯૪.

ઉકત અધિનિયમ કલમ ૯ હેઠળ આખરી પત્રક નિમ્ન અનુસૂચિમાં નિર્દિષ્ટ વ્યકિતને તારીખ ૩૧-૭-૯૨ના રોજ બજાવવામાં આવતાં સદરહુ અધિનિયમની કલમ ૧૦(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હું જાહેર કરૂ છું કે—

(૧) ઉકત વ્યકિત તેમાં જણાવ્યા પ્રમાણે ટોચ મર્યાદાથી વધુ ખાલી જમીન ધારણ કરે છે.

(૨) સદરહુ વધુ ખાલી જમીન રાજય સરકારને સંપાદન કરવાની થાય છે. અને,

(૩) પ્રસ્તુત જમીનમાં હિત ધરાવતી બધી વ્યકિતઓ જાતે અગર તેમના પ્રતિનિધિ દ્વારા આવી જમીનમાં તેમના હિત પ્રકારની વિગતો સાથેના દાવા ત્રીસ (૩૦) દિવસમાં મારી સમક્ષ રજુ કરી શકશે.

અનુસૂચિ

વધુ જમીન ધારણ કરનારનું નામ તથા સરનામું :
શ્રી દાઉદભાઈ હબીબભાઈ મીયાંણા,
મુ. બેડી તા. જામનગર.

| ક્રમાંક | વધુ ખાલી જમીનની ઓળખ માટેનું વર્ણન | વધુ ખાલી જમીનનું ક્ષેત્રફળ (ચોરસ મીટર) |
|---|---|---|
| (૧) | બેડીનાં સ. નં. ૫૨ | ૮૯૧૦-૫૮ ચો.મી. |

જામનગર, ૨૯ માહે એપ્રિલ સને ૧૯૯૪.

---

સુધારો

ક્રમાંક : રાજટામ/૧૬૪૧/૭૬, તા. ૬-૧-૯૪ના આ જાહેરનામાના પત્રકના કોલમ નં. ૩ માં સર્વે નં. ૩૭ના જમીનનું ક્ષેત્રફળ જે ૦૯૪-૦૦ ચો.મી. દર્શાવેલ છે તેને બદલે સ. નં. ૩૭ની જમીનનું ક્ષેત્રફળ ચો. મી. ૧૫૧૨-૦૦ વાંચવા વિનંતી

ટી. એ. ગામી,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન, ટોચમર્યાદા,
જામનગર.

---

જાહેરાત

નં. યુએલસી ૬(૧) ૨૮૦૭ ક. ૧૦(૧) શાખા-૩- શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ—૧૯૭૬ની કલમ-૧૦ (૧) અન્વયે રાજકોટ ગામના રહીશ શ્રી બાબુલાલ ગોવાભાઈ એન્ડ કું. નીચે પ્રમાણે શહેરી જમીન ટોચ મર્યાદા કરતાં વધારે જમીન ધારણ કરતાં હોવાનું જાહેર કરવામાં આવે છે.

| ગામ | સરવે નંબર | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો. મી. |
|---|---|---|---|
| રાજકોટ | ૪૪૯ | ૪૦/૧ | ૪૨૧--૬૯ રસ્તો મળે તે રીતે |
| રાજકોટ | ૬૦૩--૬૦૪ પપપ | — | ૮૬૫૦૨--૦૦ |
| રાજકોટ | ૪૩૨ | — | ૧૧૩૦--૪૩ |
| રાજકોટ | ૨૮૭/૨ | ૨૨ | ૧૯૯--૭૪ |
| રાજકોટ | ૪૩૧--૪૩૨ | ૧૬૪ પૈકી | ૪૩૪--૭૪ |
| રાજકોટ | ૪૬૬/૫ | ૩-૨૧-૨૩-૨૪-૨૭-૪૩ ૨૬ | ૨૬૬૭--૫૯ |
| | | કુલ... | ૯૧૩૫૬--૭૯ |

ઉપરોકત જમીન ગુજરાત સરકારશ્રી તરફથી ઉપરોકત કાયદા નીચે પ્રાપ્ત કરવાપાત્ર છે.

આ જમીનમાં કોઈનો હકક, હીત હોય તો પોતે જાતે અગર પોતાના અધિકૃત પ્રતિનિધિ મારફત પોતાનો કઈ જાતનો. કેવી રીતે હકક-હિત છે તેની રજૂઆત લેખિત જરૂરી આધારો સાથે આ જાહેરાતની તારીખથી દિવસ-૩૦ માં કરવી.

(સહી) અવાવ્ય,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા
રાજકોટ.

---

નાયબ વેચાણવેરા કમિશનર દ્વારા

આદેશ

ક્રમાંક : નાકરા--વ૧૮--ક૧--સીફોર્મ-૨૬-વ.-૮-રાજ-૯૩-૯૪-જા. ૨૫/૨૭ વેચાણવેરા કચેરી, ઘટક--૩, રાજકોટનાંતા. ૧૮-૧-૯૪ના પત્ર ક્રમાંક-વે. વે.અ.પ.ઘટક-૩, રાજકોટ-૯૩--૯૪ જા,૩૧૨૪૯ અન્વયે અત્રે દરખાસ્ત કરેલ છે. તદઅનુસાર તેમની કચેરીએ ફાળવેલ 'સી' ફોર્મ બુક પાના નંબર ૩૬૨૨૦૧ થી ૩૬૨૨૨૫ એમ કુલ પાના ૨૫ ગુમ થયેલ હોય જે રદ કરવા પાત્ર છે.

આથી હું આર. જે. પરમાર, નાયબ વેચાણવેરા કમિશનરશ્રી રાજકોટ, મને કેન્દ્રીય વેચાણવેરા-- અધિનિયમ (ગુજરાત નિયમ ૧૯૭૦ ના નિયમ—૪ એ ના પેટા નિયમ—૭ તથા ૮(૨બ) અન્વયે મળેલ સત્તાની રૂએ ઉકત પારા—૧ માં દર્શાવેલ 'સી' ફોર્મ નંબર ૩૬૨૨૦૧ થી ૩૬૨૨૨૫ સુધીનાં તારીખ : ૨૨--૮--૮૮ની અસરથી રદ બાતલ ઠરાવું છું.

રાજકોટ, ૨૮ માહે એપ્રિલ સને ૧૯૯૪.

---

આદેશ

ક્રમાંક : નાકર--વ૧૮--૧ક--સીફોર્મ-૨૬-વ.-૮-રાજ-૯૩-૯૪-જા. ૨૯/૩૧ વેચાણવેરા કચેરી, ઘટક--૩, રાજકોટનાં તા. ૮-૩-૯૪ના પત્ર ક્રમાંક -વે. વે.અ.૧.ઘટક-૩, રાજકોટ-૯૩--૯૪ જા, ૩૭૩૬ તા. ૮-૩-૯૪ અન્વયે અત્રે દરખાસ્ત કરેલ છે. તદનુસાર મે. જોષી ફોમ્યુલેલ્ઝ પ્રા. લી. રાજકોટને ફાળવેલ 'સી' ફોર્મ બુક પાના નંબર ૨૭૯૧૨૩૦૩ તથા ૨૭૯૧૨૩૯૪ એમ પાના ૨ ગુમ થયેલ છે જે રદ કરવા પાત્ર છે.

INDEX

આથી હું આર. જે. પરમાર, નાયબ વેચાણવેરા કમિશનરશ્રી રાજકોટ અને કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ (ગુજરાત) નિયમ — ૧૯૭૦ ના નિયમ—૪ એ ના પેટા નિયમ—૭ તથા ૮ મા દર્શાવેલ 'ડી' ફોર્મ નંબર ૨૭૯૧૨૩૯૩ તથા ૨૭૯૧૨૩૯૪ એમ. પાના ૨ તારીખ ૧૫—૩—૯૪થી અમલથી રદ બાતલ ઠરાવું છું.

રાજકોટ, ૨૮ માહે એપ્રીલ સને ૧૯૯૪.

આર. જે. પરમાર,
નાયબ વેચાણવેરા કમિશનર,
રાજકોટ વિભાગ,
રાજકોટ.

---

પોલીસ કમીશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક :રાજ. સીપી-એલબી -૪/૩૧૫/૧૯૯૪.—રાજકોટ શહેરમાં આવેલ નુતન પ્રેસ રોડ, ઉપર કોઈ જગ્યાએ પાર્કીંગ ની વ્યવસ્થા નથી. તેમ જ આ રોડ ઉપર હોટલ કોમ્યુનીટી હોલ અને દૂકાનો આવેલ છે. જેથી બન્ને બાજુના રસ્તાઓ ઉપર દુકાનદાર, ગ્રાહકો પોતાના વાહનો આડેધડ પાર્ક કરતા હોય છે. જેના લીધે વાહનો પસાર થવામાં ખુબજ મુશ્કેલી ઉભી થતી હોય જેના કારણે ત્યાં પાર્કીંગ સ્થળ નિયત કરવું હિતાવહ જણાતા આ કચેરીનાં નોટીશ નં. રાજ.સીપી. . એલબી -૪ / ૨૧૭/ ૯૪ તા. ૨૨.૨.૯૪થી જાહેર જનતા ના વાંધાઓ સુચનો મંગાવવામાં આવેલ હતા. આ અંગે સમય મર્યાદામાં કોઈ વાંધા કે સુચનો મળેલ નથી. જેથી નિચે પ્રમાણે આખરી હુકમ કરૂ છું.

સબબ, હું વિજયસિંહ, આઈ. પી.એસ. પોલીસ કમિશનર, રાજકોટ, શહેર મને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ગ) થી મળેલ સતાની રૂએ આથી ફરમાવું છું કે (૧) નુતન પ્રેસ રોડ, 'અમૃતા' મકાનના દરવાજાની ખુણાથી પશુ દવાખાના સુધી સોઢા ગંઠા હોલની સામેના ભાગે કાર પાર્કીંગ તથા (૨) પશુ દવાખનાના ખુણાથી નુતન પ્રેસ સુધી સ્કુટર પાર્કીંગ પશુ દવાખાનાની બાજુએ આમ બે પાર્કીંગ સ્થળ જાહેર કરૂ છું.

આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૧ મુજબ પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૨-૪-૯૪થી કરવા આથી ઠરાવવામાં આવે છે.

આજરોજ તા. ૭-૪-૯૪ના રોજ મારી સહી તથા સીક્કા નીચે જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

રાજકોટ, ૮ માહે એપ્રીલ સને ૧૯૯૪.

વિજયસિંહ,
પોલીસ કમિશનર,
રાજકોટ શહેર.

---

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૪૩ (૧) અન્વયે જાહેરનામું.

ક્રમાંક : એમએજી-માધવપુર/મેળો/૪/૯૪.—પોરબંદર તાલુકાના માધવપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ માધવરાયજી મંદિરના પ્રાંગણમાં રામનવમીના પર્વ સબબ દર વર્ષે મેળો ભરાય છે. તે મુજબ ચાલુ વર્ષે પણ આ મેળો, ભરવાનો હોવાથી મોટી સંખ્યામાં યાત્રાળુઓની અવરજવર રહે છે. તેથી આ સમય દરમ્યાન લોકોના જાહેર આરોગ્યને નુકશાન ન થાય અને ચેપી રોગો નો ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલાં લેવાનું ઈષ્ટ જણાતાં હું ગુરૂપ્રસાદ મહાપાત્ર, જી. મેજીસ્ટ્રેટ જુનાગઢ, જિલ્લો જુનાગઢ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ આંક-૨૨ની કલમ ૪૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું. તા. ૧૫/૪/૯૪થી ૩૦/૪/૯૪ સુધી માધવપુર નગર પંચાયત, વિસ્તાર તેમજ તેની આજુબાજુના આઠ કિલોમીટરના વિસ્તારમાં માધવપુર નગર પંચાયત સહિતના આઠ કીલોમીટર વિસ્તારમાં તા. ૧૫/૪/૯૪થી તા. ૩૦/૪/૯૪સુધી પીવાના પાણી પરત્વે માણસોને પીવાના પાણીના ઉપયોગમાં ન આવે તેવા કૃત્યો કરવા નહીં, જાહેર આરોગ્યને નુકશાન થાય તેવી રીતેખાદ્ય પદાર્થો ખુલ્લા રાખી વેચાણ કરવું કરાવવું નહિ. જાહેર આરોગ્ય ખાતાના કર્મચારીઓ તરફથી મળતી સુચના વિરૂધ્ધ ગંદકી કરવાની સાથે તો રકતપીત જેવી ચેપી રોગવાળા શખ્સને દાખલ થવાની મનાઈ કરવામાં આવે છે.

ઉપરોકત બાબતે દેખરેખ રાખવા અને યોગ્ય પગલાં લેવા જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી જુનાગઢ તથા તેઓશ્રીને નિયુકત કરેલા કર્મચારીઓને અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૯માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૫/૪/૯૪ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

ગુરૂપ્રસાદ મહાપાત્ર,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

---

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ગ)નળેનું સુધારા જાહેરનામું

નાં. ડીએમ. ડીસીએમ -૧૪૨૬ /૯૪—આ કચેરીનાં તા. ૨૯-૪-૯૩નાં જાહેરનામાં ક્રમાંક: ડીએમ. ડીસીએમ /૧૫૫૬/૯૩થી બહાર પાડેલ જાહેરનામામાં અપવાદ નાં. ૧ પછી અપવાદ નાં.૨ દાખલ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

અપવાદ નાં. ૨ : -

ઈન્દીરા ગાંધી માર્ગ ચાલુ થઈ ગયેલ હોવાથી રાજકોટ તરફથી આવતાં વાહનો વિકટોરીયા પુલથી ઈન્દીરા ગાંધી માર્ગ , સાત રસ્તા સર્કલ થઈ ખંભાલીયા તરફ તથા ઉદ્યોગનગર તરફ જઈ શકશે. પરંતુ આ માર્ગ ઉપર કોઈ જગ્યાએ વાહન પાર્ક (ઉભુ ) કરી શકશે નહી.

જામનગર, ૬ માહે એપ્રીલ સને ૧૯૯૪.

સંજય પ્રસાદ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામં

નં ડીએમ/ડીસીએચ/ ૧૪૩૯/ ૯૮.- તારીખ ૧૨/૪/૯૪ના રોજ સીધી ભરતીનો "ઝુલેલાલ જયંતિ" નો તહેવાર હોય જુના રેલ્વે સ્ટેશન પાસે આવેલ ઝુલેલાલ મંદિર પાસે ભજન તેમજ અન્ય ધાર્મિક કાર્યક્રમો ઘણા માણસો એકઠા થવાની સંભાવના

હોય જામનગર મહાનગરપાલીકાના વિસ્તારો પૈકી જુના રેલ્વે સ્ટેશન તરફથી ત્રણ બતી, બેડીનાકા તરફ વાહન વ્યવહાર જાય છે તેના બદલે જુના રેલ્વે સ્ટેશનથી ત્રણબતી તરફ જવાના બદલે ગેલેકસી સિનેમા રોડ તરફ વાહન વ્યવહાર ચલે તે મુજબ વાહનવ્યવહાર બંધ કરવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગર તરફથી મારા અભિપ્રાય મળેલ છે

જેથી હું એન. જે. દેસાઈ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ખ) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે જામનગર મહાનગરપાલીકા ના વિસ્તારો પૈકી જુના રેલ્વે સ્ટેશન તરફથી બેડીગેઈટ તરફ વાહન વ્યવહાર જાય છે તે રસ્તો દરેક પ્રકારના વાહનો એટલે કે મોટરકાર મોટરબસ ભારખટારા ગુડસ કેરીયર દરેક પ્રકારના મોટર સાઈકલ, ઘોડાગાડી, ઉંટગાડી, બળદગાડી, માણસોથી ખેંચાતી રેંકડી કે સાયકલની અવરજવર તારીખ ૧૨-૪-૯૪ના ૧૭-૦૦ કલાક થી ૨૧-૦૦ કલાક સુધી બંધ રહેશે એટલે કે આ રસ્તા ઉપરથી ઉપરોકત વાહનો પસાર કરી શકાશે નહીં. આ સમય દરમ્યાન આવા વાહનો જુના રેલ્વે સ્ટેશનથી ગેલેકસી સિનેમા રોડ તરફથી જઈ શકશે.

આ જાહેરનામું મું. પો. અધિ. ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) ના પ્રોવીઝો અનુસાર ઉકત સમયગાળા દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સ મું. પો. અધિ. ૧૯૫૧ની કલમ ૧૩૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ જાહેર જનતાને જાણ થાય તે રીતે જાહેરાત કરીને કરાવવાની રહેશે.

આજ તા. ૧૧ માહે એપ્રિલ સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી બહાર પાડયું

જામનગર. ૧૧ માહે એપ્રીલ સને ૧૯૯૪.

## જાહેરનામું

ક્રમાંક ડીએમ.-ડીસીએચ. -૧૦૮૩-/૧૧૩૨/૯૪—આગામી તા. ૨૬-૩-૯૪ તથા ૨૭-૩-૯૪ ના હુતાસણી તથા ધુળેટીના તહેવારો આવતા હોય આ તહેવારોમાં મોટા પ્રમાણમાં પુરૂષો સ્ત્રીઓ અને બાળકો ભાગ લે છે તેમજ આવી ઉજવણી દરમ્યાન સુલેહ શાંતિ અને કાયદા વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગરે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવા ભલામણ સાથે દરખાસ્ત કરી છે તે દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

તેથી હું એન. જે. દેસાઈ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૬-૩-૯૪ ના ૦૦-૦૦ કલાકથી તા. ૨૭-૩-૯૪નાં ૨૪—૦૦ કલાક સુધી (બન્ને દિવસો સહીત) કોઈએ

(૧) કોઈની ઈચ્છા વિરૂધ્ધ તેનાપર રંગ છાંટવો નહી

(૨) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(૩) લાગણી દુભાય તેવા શબ્દો અથવા સુત્રો પોકારવા નહી કે બોલવા નહી પત્રિકા પ્લેકાર્ડો અથવા વિચિત્ર આકૃતિઓ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી કે ફેલાવો કરવો નહી.

### પરિશિષ્ટ

" જામનગર જિલ્લાનો સમગ્ર... વિસ્તાર"

આ જાહેરનામા કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધી નિર્દેશ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખાય તેની નકલો ચોટાડીને સદરહુ વિસ્તારમાં જાહેર કરી બહોળી પ્રસિધ્ધી કરવાનું ફરમાવું છું.

આજ તા. ૨૪ માહે માર્ચ સને ૧૯૯૪ના રોજ મારી સહી કરી મહોર લગાડી બહાર પાડયું.

---

## જાહેરનામું

ક્રમાંક : ડીએમ/ડીસીએચ/૧૨૯૦/૯૪.—સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સંલગ્ન જામનગર જીલ્લાની કોલેજોમાં જુદી જુદી પરીક્ષાઓ શરૂ થયેલ હોય પરીક્ષાના સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ સુપરવીઝનની કામગીરી સરળતાથી ચાલે અને પરીક્ષા સંચાલકોને તેમના કાર્યોમાં કોઈ મુશ્કેલી ઉભી ન થાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનું જાહેરનામું બહાર પાડવાનું મને ઉચિત જણાય છે તેથી હું, એન. જે. દેસાઈ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર આથી નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ કોલેજોના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં તા. ૩૧-૩-૯૪ થી તા. ૧૬—૪—૯૪ સુધી સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૬--૦૦ વાગ્યા સુધીની મુદત માટે ચાર કરતા વધુ વ્યકિતઓની કોઈ મંડળી કે કોઈ સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

### પરિશિષ્ટ

(૧) એ. કે. દોશી મહિલા કોલેજ, જામનગર.
(૨) ડી. કે. વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, જામનગર.
(૩) વી. એમ. મહેતા કોલેજ, જામનગર.
(૪) શારદાપીઠ આર્ટસ અને કોલેજ ઓફ એજયુ. દ્વારકા.
(૫) પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધ્રોલ
(૬) આર્ટસ/કોમર્સ કોલેજ, જામજોધપુર.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારની નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.
૨. ફરજ ઉપર હોય તેવા ગૃહરક્ષક દળની વ્યકિતને.
૩. લગ્ન વરઘોડાને.
૪. સ્મશાન યાત્રાને.
૫. પ્રમાણીત પરીક્ષાર્થીને.
૬. જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેમને અધિકૃત કરેલ

અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને હું એવો પણ આદેશ કરું છું કે, આ હુકમ સદરહુ વિસ્તારમાના સહેલાઈથી

INDEX

દેખાય આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીને અથવા રેડીયો ઉપરથી તેની પ્રસારણ કરીને પ્રસિધ્ધી કરવામાં આવશે.

નોંધ : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫નો પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (૪૫ માંથી) કલમ-૧૮૮ તળે શીક્ષા પાત્ર થશે.

આજ તા. ૩૧ માહે માર્ચ સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એન. જે. દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ—૩૭ની પેટા કલમ-૩ હેઠળ ને હુકમ.

જા હે ર ના મું

નં. ના. ચિ.--પલસ--શી ૧૪૯૨ થી --૧૫૪૧--૯૪.— આગામી દિવસોમાં ડો. આંબેડકર જયંતિ તથા ચેટીચાંદનો તહેવાર આવતો હોય જેથી આ તહેવારને અનુલક્ષીને આ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી અમરેલી શહેર તથા જીલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ સભા, સરઘસ તેમજ રેલી ન કાઢે કે ભરે તે હેતુથી મુંબઈ પોલીસ એકટની કલમ--૩૭ ની પેટા કલમ--૩ અન્વયે સભા સરઘસબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ અમરેલીએ દરખાસ્ત કરેલ છે.

આથી અમરેલી જીલ્લા અને શહેરની સંવેદનશીલ પરિસ્થિતિ તથા હાલના વાતાવરણને ધ્યાનમાં લેતા જીલ્લા પોલીસ અધિકારીશ્રીની ઉકત દરખાસ્ત જે ધ્યાને લેવા અમરેલી શહેર તથા જીલ્લામાં કોઈ ચોકકસ વિસ્તારમાં સુલેહશાંતીનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, વી.બી. રામાનંદી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ—૩૭ ની પેટા કલમ—૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ યોગ્ય અધિકારીની એટલે કે અમરેલી શહેર સુધરાઈ વિસ્તાર માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલી તથા તાલુકાઓ માટે તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની મંજુરી સિવાય તા. ૩૧--૩--૧૯૯૪ થી તા. ૧૪--૪--૯૪ સુધી બંન્ને દિવસો સહિત અમરેલી જીલ્લા અને શહેરના વિસ્તારની હદની અંદર સભા--મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના કોઈ ગૃહ રક્ષકદળની વ્યકિતઓને.
(૨) કોઈ લગ્નના વરઘોડાને.
(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે ફરજ પરના કર્મચારીઓને.
(૪) કોઈ સમશાનયાત્રાને.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૧૩૫ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૩૧--૩--૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

---

ફોજદારી કાર્યરીતી અધિનિયમ—૧૯૭૩--૭૪ના બીજાની કલમ-૧૪૪ હેઠળનો હુકમ.

હુ ક મ

નં. નાચિ--પલસ--૨--મકમ--૧૫૪૨ થી ૧૫૮૧--૯૪. સ્ત્રોથી તા. ૧૯--૩--૯૪ ના રોજ ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ની કલમ—૧૪૪ ના બીજાની કલમ—૧૪૪ હેઠળ પ્રતિબંધક જાહેરનામા નં. નાચિ--પલસ--૨--૩--મકમ--૧૧૪૫ થી ૧૨૦૪નું બહાર પાડવામાં આવેલ છે. સદરહું જાહેરનામાની મુદત તા. ૫--૪--૯૪ સુધીની હતી પરંતુ પરીક્ષાઓના કાર્યકમમાં ફેરફાર થતા ઉકત જાહેરનામામાં દર્શાવેલ પરીક્ષાઓ તા. ૭--૪--૯૪ સુધી લંબાડવામા આવેલ છે. જિ. પો. અધિ. શ્રીએ આ જાહેરનામાની મુદત લંબાવવા દરખાસ્ત કરેલ છે.

જિલ્લા પોલીસ અધિ. શ્રી અમરેલીની દરખાસ્ત ધ્યાને લઈ તેની સાથે સંમત થતા આથી હું, વી. બી. રામાનંદી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ—૧૯૭૩ સને-૧૯૭૪ ના બીજાની કલમ—૧૪૪ ની પેટા કલમ—૫ થી મને મળેલ સત્તાની રૂએ સદરહું જાહેરનામાની મુદત તા. ૨૧--૩--૯૪ થી ૫--૪--૯૪ ને બદલે તા. ૨૧--૩--૯૪ થી ૭--૪--૯૪ સુધી લંબાવવા હુકમ કરૂ છું.

તા. ૧૯--૩--૯૪ ના રોજ બહાર પાડેલ ઉકત જાહેરનામાની અન્ય શરતો અને જોગવાઈઓ યથાવત રહે છે.

આજ તા. ૩૧મી માર્ચ સને ૧૯૯૪ ના રોજ મારી સહી તથા સીકકો કરી બહાર પાડયો.

વી. બી. રામાનંદી
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનો હુકમ.

જાહેરનામું

નં. નાચિ-પલસ-શી-૧૬૭૫ થી ૧૭૨૪-૯૪.— આગામી દિવસોમાં રામ-નવમી તથા મહાવિર જયંતિના તહેવારો આવતા હોય જેથી આ તહેવારને અનુલક્ષીને આ જિલ્લામા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી અમરેલી શહેર તથા જીલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ સભા, સરઘસ તેમજ રેલી ન કાઢે કે ભરે તે હેતુથી મુંબઈ પોલીસ એકટની કલમ-૩૭ની પેટા કલમ-૩ અન્વયે સભા સરઘસબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલીએ દરખાસ્ત કરેલ છે.

આથી અમરેલી જીલ્લા અને શહેરની સંવેદનશીલ પરિસ્થિતિ તથા હાલના વાતાવરણને ધ્યાનમા લેતા જીલ્લા પોલીસ અધિ-

(Rjt.)-I-2

INDEX

કારીકીની ઉકત દરખાસ્ત જે ધ્યાને લેતા અમરેલી શહેર તથા જીલ્લામાં કોઈ ચોકકસ વિસ્તારોમાં સુલેહશાંતીનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, ઓ.કે. અનસારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૩ હેઠળ મને મળેલ સતાની રૂઈએ યોગ્ય અધિકારીની એટલે કે અમરેલી શહેર સુધરાઈ વિસ્તાર માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલી તથા તાલુકાઓ માટે તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની મંજુરી સિવાય તા. ૧૫-૪-૯૪ થી તા. ૨૯-૪-૯૪ સુધી બંને દિવસો સહીત અમરેલી અને શહેર વિસ્તારના હદની અંદર સભા-મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂ છું કે, આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના કોઈ ગૃહરક્ષકદળની વ્યકિતઓને.
(૨) કોઈ લગ્નના વરઘોડાને.
(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે ફરજ પરના કર્મચારીઓને
(૪) કોઈ સ્મશાનયાત્રાને

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૫-૪-૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

ઓ. કે. અનસારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩—૭૪ના બીજાની કલમ-૧૪૪ હેઠળનો હુકમ.

હુકમ

નં. ના.ચિ. પલસ-ઉ-મકમ-૧૨૮૮૩ થી ૧૩૭૭.

તા. ૨૯-૩-૯૪થી અમરેલી જિલ્લામાં અમરેલી બગસરા વડિયા તથા ધારી કોડીનાર મુકામે નીચે જણાવેલ કેન્દ્ર ઉપર આનુક્રમે ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી. એસ.સી. થર્ડ બી. એસ. સી. ની પરીક્ષા લેવાનાર છે.

૧. અમરેલી કેન્દ્ર.
૧. કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ,અમરેલી.

૨. બગસરા કેન્દ્ર.
૧. જે. સી. ધાનક આર્ટસ કોલેજ, બગસરા.

૩. વડિયા કેન્દ્ર.
શ્રી આર. ડી. કેહોર આર્ટસ અને કોમર્સ કોલેજ, વડિયા.

૪. કોડીનાર કેન્દ્ર.
૧, જે. એસ. પરમાર કોલેજ, કોડીનાર.
૨. મહિલા કોલેજ, કોડીનાર.

૫. ધારી કેન્દ્ર.
૧. યોગીજી મહારાજ મહા વિદ્યાલય, ધારી.

ઉપરોકત પરીક્ષા મથક ઉપર પરીક્ષાર્થીઓ સિવાયના બહારના લોકોના મોટા ટોળા એકઠા થાય તો પરીક્ષાનાં સંચાલન કાર્યમાં ડખલગીરી ઉપરાંત પરીક્ષાર્થીઓને પણ લોકોના એકઠા થતાં ટોળા અને તેની અવર જવર અને ધાંધાટથી પરીક્ષાના શાંતીમય વાતાવરણમાં વિક્ષેપ ઉભા થવા પુરતો સંભવ હોવાનું મને જણાય છે. અને તેમ થતું તાત્કાલીક અટકાવવાનું ઈચ્છનીય પણ મને જણાયું છે.

જેથી હું, વી. બી. રામાનંદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩. અને ૭૪માં બીજાની કલમ-૧૪૪ તળે મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

ઉકત દર્શાવેલ પરીક્ષાના મથકો મકાની હદથી આજુ-બાજુના ૧૦૦ એકસો મીટરની હદની અંદર તા. ૨૯-૩-૯૪ થી તા. ૧૬—૪—૯૪ સુધી બંને દિવસો સહીત દરરોજ સવારના ૧૦-૩૦ વાગ્યાથી સાંજના૬-૩૦ વાગ્યા સુધી કોઈપણ લોકોએ જીલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલીની લેખીત પરવાનગી સિવાય અનઅધિકૃત વ્યકિતઓએ પ્રવેશ કરવો નહીં.

હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.—

(૧) પરીક્ષાખંડમાં આવનાર પરીક્ષાર્થીઓ.
(૨) જાહેરરોડ પર પસાર થતાં વાહનોમાં બેઠેલા મુસાફરોને
(૩) પરીક્ષા સંચાલકોને બંદોબસ્ત માટે ફરજ પર રોકે યેલા અધિકારીશ્રીઓ કર્મચારીઓને-આ હુકમનું ઉલ્લંઘન કરનાર શખ્સને ભારતીય દંડ સંહીતાની કલમ---૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ કલમ હેઠળનો ગુન્હો કોગ્નીઝેબલ અને બીનજામીનલાયકી ગુન્હો બને છે.

આજ તા. ૨૫-૩-૯૪ના રોજ મારી સહી તથા નિયત સિક્કો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડયો.

---

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧, મુંબઈ અધિનિયમ-૨૨ની કલમ-૩૩ ની પેટા-કલમ—૧૧ હેઠળનો હુકમ.

જાહેરનામું

નં. ના. ચિ. પલસ-વશી-૧૩૩૮થી ૧૩૮૭/૯૪.—આગામી તા. ૨૬-૩-૯૪ તથા ૨૭-૩-૯૪ ના રોજ હોળી ધુળેટીના તહેવારો આવતા હોય આ તહેવારોમાં જાહેર રસ્તાઓ ઉપર પસાર થતા વાહનો તથા અવર જવર કરતા લોકોને રંગ છાંટીને માનસિક તથા શારીરિક ત્રાસ આપવાના તથા વાહનોને અંતરાયો ગોઠવી અવરોધ કરી ફરજીયાત "ગોઠ" ઉધરાવવામાં આવતી હોય છે. જેથી જાહેર સલામતી તેમજ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર જિલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલીએ તેમના તારીખ ૨૫-૩-૯૪ના પત્રથી ઉકત બંને તહેવારો દરમ્યાન સમગ્ર જિલ્લામાં બોમ્બે પોલીસ એકટ મુજબ પ્રતિબંધક હુકમ ફરમાવવા દરખાસ્ત કરેલ છે.

આથી અમરેલી જિલ્લાની પરિસ્થિતી તથા હાલના વાતાવરણને ધ્યાને લેતાં જિલ્લા પોલીસ અધિકારીશ્રીની ઉકત દરખાસ્ત મુજબ અમરેલી શહેર તથા જીલ્લામાં કોઈ વિસ્તારમાં સુલેહ શાંતિનો ભંગ ન થાય કે કાયદો વ્યવસ્થા અને સલામતી ન જોખમાય તે હેતુથી નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, વી. બી. રામાનંદી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા

INDEX

કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૬-૩-૯૪ થી ૨૭-૩-૯૪ બન્ને દિવસે સહીત અમરેલી શહેર તથા સમગ્ર જિલ્લામાં જાહેર રસ્તા ઉપર કે કોઈ ચોકકસ સ્થળે પસાર થતા લોકોને કે વાહનો ઉપર રંગ છાંટવા મનાઇ ફરમાવું છું વધુમાં જાહેર રસ્તા ઉપર પસાર થતા વાહનો કે લોકોને આંતરી કે અંતરાયો ઉભા કરી "ગેાક" ઉધરાવવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર કે ભંગ કરવામાં મદદગારી કરનાર શખ્સ સને. ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૫ માહે માર્ચ સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિકકો કરી જાહેર જનતાની જાણ માટે હુકમ બહાર પાડયો.

વી. બી. રામાનંદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી.

---

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં મુંબઈના આંક-૨૨માંની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ હુકમ

જાહે નામું

નં. એમએજી. ૨૧૨૦/૯૪ —હાલમાં કોલેજોની પરીક્ષાઓ તથા રાજકીય / બીન રાજકીય સંગ્રામો તથા હનુમાન જયંતિ, રામ નવમી જેવા ધાર્મિક તહેવારો આવતાં હોય જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરમાં રાખીને સુલેહશાંતિ જળવાઈ રહે અને કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે હેતુ માટે પોરબંદર પોલીસ અધિકારીશ્રી, પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં વ્યકિતઓની કોઈપણ મંડળી ને સરઘસની મનાઈ તા. ૨૧-૪-૯૪થી ૪-૫-૯૪ સુધી કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી મુંબઈ પોલીસ અધિ. ૧૯૫૧—હેઠળસને—૧૯૫૧નાં મુંબઈના આંક-૨૨માંની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ હું, આર. એમ. છાયા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જીલ્લા જુનાગઢ આથી પોરબંદર જીલ્લા પોલીસ અધિકારના કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં તા. ૨૧-૪-૯૪ થી તા. ૪-૫-૯૪ સુધી બન્ને દિવસો સહિત સુધીની મુદત દરમ્યાન ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈપણ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની મંડળીને.
(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સક્ષમ અધિકારીની કાયદેસરના પરવાગની લઈને.

હું, એવો આદેશ કરૂ છું કે આ હુકમ સરઘસ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તે રીતે સ્થળોએ તેની નકલો ચોંટાડીને અને સરઘસ વિસ્તારમાં ઢઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફત તેની જાહેરાત કરીને અથવા સ્થાનીક વર્તમાન પત્રોમાં તેની જાહેરખબર આપીને , અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સરઘસ અધિનિયમની કલમ -૧૩૧ની પેટા કલમ-૩ અને ભારતીય ફોજદારી અધિનિયમ -૧૯૬૦નાં આંક-૧૪૫ની કલમ -૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજરોજ તા.૨૧-૪-૯૪નો રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

આર અમ. છાયા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

---

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ આંક-૨૨ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) સી અન્વયે જાહેરનામું

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/શીવરાત્રી/મેળા/૯૪(૪).—જુનાગઢ તાલુકાના ભવનાથ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ ભવનાથ મહાદેવના પાંગણામાં ચાલુ વર્ષે મહાશીવરાત્રીનો મેળો ભરવાનો છે. જેમાં બહારથી મોટી સંખ્યામા યાત્રાળુઓ આવવાનો છે. જેથી જાહેર સલામતી માટે અને યાત્રાળુઓ જુનાગઢથી ભવનાથ તળેટીમાં સહેલાઈથી અવરજવર કરી શકે તે માટે જુનાગઢ શહેરમાં નગરપાલીકાની સીટી તથા એસ.ટી. બસ માટેના સ્ટેન્ડો નકકી કરવાનું ઈષ્ટ જણાતા હું, રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (સી) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ જુનાગઢ શહેરમાં નગરપલીકા સીટી બસ અને એસ.ટી.બસ માટે નીચે દર્શાવેલ જગ્યાઓએ જુનાગઢથી ભવનાથ જવા આવવા માટે સ્ટેન્ડ નકકી કરું છું.

(૧) જુનાગઢ નગરપાલીકાની સીટી બસ સ્ટેન્ડ માટે.

આઝાદ ચોકથી ઉપડશે તથા મેળામાં રૂપાયતનના પાટીયા પાસે રોકાશે.

(૨) એસ.ટી. બસ માટે

(૧) ખેતીવાડી કેમ્પસની વાડીમાં એસ.ટી. બસ માટે ભવનાથ મેળામાં બસ સ્ટેન્ડ
જુનાગઢ સીટીમાં
(૧) રેલ્વે સ્ટેશન
(૨) દુબડી પ્લોટ
(૩) જનતા ચોક

| | |
|---|---|
| | (૪) જુનાગઢ એસ. ટી. ડેપો.<br>(૫) ગીરનાર દરવાજા પાસેથી<br>(૬) મોતીબાગ પાસે |
| (૩) રીક્ષા માટે | (૧) જીલ્લા પંચાયત રેસ્ટ હાઉસની સામે કેમ્પસની વાડીની ખુલ્લી જમીનમાં એસ. ટી. બસ સ્ટેન્ડની બાજુમાં રીક્ષા સ્ટેન્ડ રહેશે.<br>(૨) ઉપરાંત વધારાની રીક્ષા પુલના નાળાની સામેના ભાગે આવેલ ખુલ્લી જગ્યામાં પાર્ક થશે.<br>(૩) વધારાના કાર પાર્કીંગ માટે<br>જંગલ ખાતાની માલીકીની નાળા સામે આવેલ જગ્યા |

આ જાહેરનામું તા. ૫-૩-૯૪ થી તા. ૧૨-૩-૯૪ સુધી બંને દિવસો સહીત અમલમાં રહેશે.

આ જાહેરનામાને ભંગ કરનાર વ્યકિત સને—૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૭ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

રાજેન્દ્ર બી. દવે,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો, જુનાગઢ.

———

ફોજદારી કાર્યરીતી અધિનિયમ—૧૯૭૩ નાં ૨ સને ૧૯૭૪ની કલમ—૧૪૪ મુજબનો

હુકમ

ક્રમાંક:મજસ—૩-વ-૨૦૩૩ થી ૫૬/૯૪.—સુરેન્દ્રનગર જિલ્લાનાં સુરેન્દ્રનગર સંયુકત નગરપાલીકા, વઢવાણ, લીંબડી, ધ્રાંગધ્રા, નગરપાલીકા વિસ્તારનાં લોકોને પીવાનાં પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવે છે હાલ આ ચારેચારેય નગરપાલીકા વિસ્તારમાં પાણીની અછત હોઈ તેમજ ઉનાળાની સીઝન ચાલુ હોય પાણી પુરવઠો દરેકને સમાન રીતે વહેંચણી કરવામાં આ વે છે. પરંતુ કેટલાંક શહેરનાં નગરજનો તરફથી પાણીની પાઈન લાઈનમાં સીધી(ડાયરેકટ) મોટર મુકી પાણી ખેંચી લેવામાં આવે છે. જેનાં લીધે પાણીની મુશ્કેલી ઉભી થાય છે. અને અમુક લોકો પાણીથી વંચીત રહી જાય છે અને પાણીની તંગી દિન-પ્રતિદિન વધતી જાય છે.

જેથી શહેરનાં અમુક નગરજનો દ્વારા ડાયરેકટ પાણીની પાઈપ લાઈનમાં મોટર મુકી પાણી ખેંચવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ રોકવાનાં હેતુસર પ્રતિબંધીત હુકમ કરવો જરૂરી જણાય છે.

સબબ, હું, આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) સુરેન્દ્રનગર જીલ્લાનાં ચારેય નગરપાલીકા વિસ્તારમાં (સુરેન્દ્રનગર, વઢવાણ, લીંબડી-ધ્રાંગધ્રા) કોઈપણ લોકોએ ગેર-કાયદેસર પાણીની પાઈપ લાઈન માં મોટર મુકી સીધું (ડાયરેકટ) પાણી ખેંચી લેવું નહીં. તથા પાણીની પાઈપ લાઈન ઉપર ડંકી મુકી તે વડે પાણી ખેંચવું નહીં.

(૨) આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતા ની કલમ—૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૯ માહે માર્ચ સને ૧૯૯૪નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે હુકમ કરવામાં આવ્યો.

———

જાહેરનામું

ક્રમાંક -મજસ ૩--વ- ૨૧૪૭ થી ૭૭/૯૪.—આગામી માસ દરમ્યાન ન્યુ એસ. એસ.સી./એચ.એસ.સી. તથા કોલેજ પરીક્ષા ભાજપ તરફથી જુદા જુદા કાર્યક્રમો ગુજરાત કર્મચારી મહામંડળ તરફથી કર્મચારીઓની માંગણી સંદર્ભમાં અને તેને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તારીખ ૧/૪/૯૪થી ૧૫-૪-૯૪ સુધી કોઈપણ પાંચ કે તેથી વધુ માણસોએ એકઠા થવું તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર જીલ્લો મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧નાં ૨૨માંની કલમ ૩૭(૩) અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ ૧/૪/૯૪થી ૧૫-૪-૯૪ સુધીનાં સમય દરમ્યાન સંગંધિત એકઝીકયુટીવ મેજી. શ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય ઉપરોકત કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત કલમનો ભંગ કરશે, કરવામાં મદદ-ગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે આ જાહેરનામું સમગ્ર જીલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો

INDEX

ચોંટાડી અને સદરહુ વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો ઢંઢેરો દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજરોજ, તારીખ ૨૮ માહે માર્ચ સને ૧૯૯૪નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

જાતરાહે

ક્રમાંક-મઙ્ગસ-૩૫૯૨૫૬૦ ની ૨૬૧૦/૯૪.—આગમી તા. ૨૦.૪.૯૪ નાં રામનવમી તહેવાર તેમજ હાલમાં કોલેજ ની પરિક્ષાઓ ચાલતી હોય તેનાં સંદર્ભમ અને તેને અનુલક્ષી ને કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતી સારી રીતે જળવાઈ રહે તે હેતુસર સમા સુરેન્દ્રનગર જીલ્લામાં તારીખ ૧૬/૪/૯૪થી તા. ૩૦/૪/૯૪ સુધી કોઈપણ પાંચ કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહી તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે, એ, આર. ક.. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર. સુરેન્દ્રનગર જીલ્લો મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨મી કલમ ૩૩(૩) અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તારીખ ૧૬/૪/૯૪થી તા. ૩૦/૪/૯૪ સુધીના સમય દરમિયાન સંબધિત એકઝીકયુટીવ મેજી.શ્રીના અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય ઉપરોકત કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

જો કોઈ, ઉપરોકત હુકમનો ભંગ કરશે કે કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો, ઢઢેરા કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ રોજ તા. ૧૫ માહે એપ્રિલ સને ૧૯૯૪માં મારી સહી તથા કચેરીના મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

આર. કે. પરમાર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જીલ્લો,

---

જાહેરનામું

નં. ડીસ્ટોપ-૧-વર્ક-૧૨૦૮/૯૪.— ભાવનગર મહાનગરપાલીકાના સ્થાનીક જળાશય (ગૌરીશંકર) તળાવની આજુબાજુ આવેલ કુવાઓમાંથી મોટાપાયા ઉપર પાણી ખેંચવામાં આવી રહયું છે. જેને ઉપયોગ પાણી ખેંચવામાં પણ થઈ રહયો છે. જેનાથી જળાશયની સપાટી ઘણી જ નીચી ગઈ છે. અને ઉકત સપાટીએ પાણીનો જથ્થો નહીવો રહેવા પામ્યો છે. આ પાણીનો જથ્થો શહેરના પાણી પુરવઠા માટે ગાકસિક સંજોગોમાં વાપરી શકાય. તેમજ શહેરના કુવા બોરીંગના પાણીના તળ જળવાઈ રહે તે અત્યંત આવશ્યક બન્યું છે. જેથી આવા સંજોગોનાં તળાવથી વધારે નજીકના ૫૦૦ મીટરની હદ સુધીમાં પાણી ખેંચવા મુકી તા. ૩૦/૭/૯૪ સુધી ખેંચવામાં ન આવે તે મુજબ પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં. ૧ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાનવાડી, ભાવનગર દ્વારા તા. ૫-૪-૯૪ના જાવક નં. પી.બી. આઇત /જાહેરનામું/૧૯૪૩ થી દરખાસ્ત થઈ આવતા સદરહુ હેતુસર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)થી મને મળેલ અધિકારની રૂઈએ હું. બી. બી. દિવેદી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે ભાવનગર મહાનગરપાલકનું સ્થાનિક જળાશય (ગૌરીશંકર તળાવ) ની આજુબાજુના ૫૦૦ મીટરની હદ સુધીમાં પાણી પંપ મૂકી ખેંચવા ઉપર તા. ૩૦/૬/૯૪થી પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને એક મહીના સુધીની સજા અથવા રૂ. ૨૦૦/- સુધીનો દંડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ મુજબ ગુનાઓ અટકાવવા માટે કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલીકા અથવા તેમનોએ અધિકૃત કરેલા અધિકારીશ્રીઓને સ્પેશીફાઈડ કરવામાં આવે છે. તેમજ આ હુકમ શહેરના મુખ્ય વિસ્તારોમાં તેમજ જરૂરી વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તે જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સદરહુ વિસ્તારોમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તા. ૧૫ માહે એપ્રિલ સને ૧૯૯૪ના રોજ મારી સહી કરી સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બી. બી. દ્વિવેદી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં :

(૧) સહકાર વિભાગના હુકમ ક્રમાંક: ઙ—૨૮-૮૪/ડીડીસી/-૧૧૮૨--૭૪૨/ગ તા. ૨૨-૩--૯૪

(૨) અત્રેની કચેરીના ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક: ફડચ/ધ--૨/૨૫૬૪ થી ૭૮ તા. ૧૪-૧૨-૯૩.

(૩) ફડચા અધિકારીશ્રીનાં પત્ર ક્રમાંક: ફડચ/સઅ—૨/૪૪, તા. ૪-૩-૧૯૯૪.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ—૧૯૬૧ની કલમ—૧૧૪ની જોગવાઈઓ.

(૫) અત્રેની કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક: ફડચ/ધ—૨/૩૮૯૫ ૪૦૩, તા. ૨-૩-૯૪.

(૬) ફડચા અધિકારીશ્રીનાં પત્ર ક્રમાંક: ફડચ/સ.આ.-૨/૪૬, તા. ૮--૩- ૯૪.

હુકમ

(૧) ક્રમાંક: ફડચ/ધ-૨/૮૦૮ થી ૮૨૫ /૧૯૯૪.
(૨) ક્રમાંક: ફડચ/ધ-૨/૮૪૦ થી ૮૫૪/૧૯૯૪,



INDEX

હું, પી. ડી. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, મને મળેલ અધિકારની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૩ અન્વયે ફડચાની (૧) શ્રી રંગપર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.રંગપર, તા. જામકંડોરણા, જી. રાજકોટ અને (૨) શ્રી બી. આંબેડકર ઘર બાંધનારી સહકારી મંડળી લી. મું. વાંસાવડ, તા. ગોંડલ, જી. રાજકોટની ફડચાની કાર્યવાહી સમાપ્ત થતી હોવાનું જાહેર કરું છું.

તેમજ તેજ કાયદાની કલમ-૨૦ અન્વયે ફડચાની સદરહું મંડળીની નોંધણી રદ કરવાનું ઠરાવું છું.

રાજકોટ, ૩૦મી માહે માર્ચ સને ૧૯૯૪.

---

વંચાણે લીધા :

(૧) સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : ધ-૨૮-૮૪-ડીડીસી-૧૧૮૨૭૪૨૫-ગ તા. ૨૨-૩-૮૪ થી રૂબ્રત થયેલ સત્તાઓ :

(૨) કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : ધખ-૨૪-૦૧-ડીડીસી-૧૧૮૨-૫૨૦૪-જે તા. ૩૦-૩-૯૧

(૩) ગુજરાત સહકારી મંડળીઓના આ ધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા ૧૦૮(૧) ની જોગવાઈઓ.

(૪) આ કચેરીના તા. ૧૮-૯-૯૩ના ઠરા. નં. ફડચ-ધ-૨-૧૭૩૯ થી ૪૩/૯૩ થી શ્રી નોંધણ ચોરા દુધ ઉત્પાદક સ. મં. લી. નાં નોંધણ-ચોરા તા. કોડાસાંગણી મંડળીને ફડચામાં લઈ જવા માટે આપવામાં આવેલ કારણદર્શક નોટીશ.

(૫) શ્રી રબ-ઓપરેટર સ. મ. (ઓડિટ) નાં રાજકોટ તરફથી મંડળીના કરવામાં આવેલા તા. ૧-૧-૯૦ થી તા. ૩૦-૬-૯૩ સુધીના રેગ્યુલર ઓડિટ અન્વયે.

આદેશ

ક્રમાંક : ફડચ-ધ-૨-૮૨૬ થી ૮૩૯.—આથી હું પી. ડી. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, રાજકોટ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની ઉપર વંચાણે લીધા ક્રમાંક-૩ ની જોગવાઈ અનુસાર અને ક્રમાંક ૧-૨ માં દર્શાવેલ સત્તાની રૂએ મને મળેલ અધિકાર અનુસાર ધી નોંધણ-ચોરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. નોંધણ-ચોરા તા. કોડાસાંગણી રા. રાજકોટને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરું છું અને તે જ કાયદાની ક્રમાંક-૩ માં દર્શાવેલ જોગવાઈ અનુસાર મંડળીના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફ) નંબર-૩ની નિમણુંક કરું છું.

રાજકોટ, ૩૦ માહે માર્ચ સને ૧૯૯૪.

---

વંચાણે લીધા :—

(૧) નામ. ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક ધખ - ૨૪/૯૧ ડીડીસી/ ૧૧૮૨/૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧

(૨) અત્રેની કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ધ-૨ ૭૪/૮૭ તા. ૯-૩-૮૭

(૩) ફડચા અધિકારીશ્રીનાં ક્રમાંક ફડચ/ સ. મ. ૩/૩૪/૯૪ તા. ૧૧-૨-૯૪

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ -૧૯૬૧ની કલમ -૧૧૪ ની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક ફડચ/ ૪૫૮ થી ૪૬૯/૯૪.— હું, પી.ડી. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ રાજકોટ મને મળેલ અધિકારની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ -૧૯૬૧ ની કલમ -૧૦૭ અન્વયે ફડચ ની શ્રી પાંજ જવાહિચન સહકારી મંડળી લી. મુ. પાંજ તા. વાંકાનેર રાજકોટની ફડચ ની કાર્યવાહી સમાપ્ત થતી હોવાની જાહેર કરૂ છું.

તેમજ તેજ કાયદાની ક્રમ-૨૦(૧) અન્વયે ફડચાની સદરહું મંડળીની નોંધણી રદ કરવાનું ઠરાવું છું.

રાજકોટ, ૯ માહે માર્ચ સને ૧૯૯૪.

---

વંચાણે લીધા :—

(૧) નામ. ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક ધખ/૨૪-૯૧-ડીડીસી- ૧૧૮૨ ૫૨૦૪ / જે ૩૦-૬-૯૧

(૨) અત્રેની કચેરીના ફડચના અંતિમ આદેશ ક્રમાંક ફડચ ધ-૨/૮૫૩ તા. ૧૪-૬-૧૯૯૩

(૩) ફડચા અધિકારીશ્રીના પત્ર ક્રમાંક ફડચ/સ. મ. (૧) ૩૬/૯૪ તા. ૨૮-૨-૯૪.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ -૧૯૬૧ની કલમ-૧૧૪ની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક ફડચ- ધ-૨/૪૭૦ થી ૪૮૩/૯૪.—હું, પી. ડી. રાવલ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ રાજકોટ મને મળેલ અધિકારની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચાની શ્રી મેટોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ મેટોડા તા. પડધરી જી. રાજકોટની ફડચાની કાર્યવાડી સમાપ્ત થતી હોવાનું જાહેર કરૂ છું.

તેમજ તેજ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે ફડચાની સદરહું મંડળીની નોંધણી રદ કરવાનું ઠરાવું છું.

રાજકોટ, ૯ માહે માર્ચ સને ૧૯૯૪.

---

વંચાણે લીધા :

(૧) નામ. ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક: ધખ-૨૪ ૯૧-ડીડીસી૧૧૮૨-૫૨૦૪ તા. ૩૦-૩-૯૧

(૨) અત્રેની કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક: ફડચ/ ધ—૨-૨૬૦૯થી ૨૩ તા. ૧૪-૧૨-૯૩.

(૩) ફડચા અધિકારીશ્રીનાં પત્ર ક્રમાંક: ફડચ/ સ. મ. ૧/૩૭, તા. ૨-૩-૧૯૯૪.

(૪) ધી. ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ—૧૯૬૧ની કલમ—૧૧૪ની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક: ફડચ/ધ—૨/૪૮૪ થી ૫૦૧/૧૯૯૪.—હું, પી.ડી. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ રાજકોટ મને મળેલ અધિકારની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ

INDEX

૧૯૬૧ની કલમ—૧૦૦ અન્વયે ફડચાની કરી નાના મહિકા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. નાના મહિકા, તા. ગોંડલ જી. રાજકોટની ફડચાની કાર્યવાહી સમાપ્ત થયી હોવાનું જાહેર કરૂ છુ.

તેમજ તે કાયદાની કલમ—૨૦(૧) અન્વયે ફડચાની સદરહુ મંડળીની નોંધણી રદ કરવાનું ઠરાવેલ છુ.

રાજકોટ, ૯મી માર્ચ, સને ૧૯૯૪.

———

વંચાણે લીધાં :

(૧) નામદાર ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક: ધખ—૨૪-૯૧—ડીઈસી—૧૦૮૮—૫૨૦૪/ તા. ૩૦/૩/૯૧.

(૨) આત્રેની કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક: ફડચ/ગ—૨/૧૨૭/ તા. ૧૪-૮-૯૩.

(૩) ફડચા અધિકારીશ્રીના પત્ર ક્રમાંક: ફ. વ. ૩૫/૪૭૧૪, તા. ૧૬-૨-૧૯૯૪.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ—૧૯૬૧ની કલમ—૧૧૪નો જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક: ફડચ/ધ—૨/૫૦૨ થી ૫૧૮/૧૯૯૪, હું, પી.ડી. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ મને મળેલ અધિકારની રૂએ ધી. ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ—૧૯૬૧ની કલમ—૧૦૦ અન્વયે ફડચાની કરી દેરડી જુથ સેવા સહકારી મંડળી લી. મું. દેરડી, તા. જેતપુર, જી. રાજકોટની ફડચાની કાર્યવાહી સમાપ્ત થયી હોવાનું જાહેર કરૂ છું.

તેમજ તેજ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે ફડચાની સદરહુ મંડળીની નોંધણી રદ કરવાનું ઠરાવું છે.

રાજકોટ, ૯ મીએ માર્ચ, સને ૧૯૯૪.

પી. ડી. રાવલ
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, રાજકોટ.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: હ—૨૮-૮૪-ડીવીઝી—૧૮૨-૭૪૨૫ તા. ૨૨-૩-૮૪.

(૨) શ્રી જામનગર ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્ક લી. જામનગરના પત્ર નં. એલ.એચ. ૭૧૮ તા. ૨૧-૧૨-૯૩.

(૩) આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક: ફડચ/ક—૩/૩૯૫૬—૫૯ તા. ૧૬/૧૨/૯૩.

અંતીમ આદેશ

જા. નં. ફડચ/ક—૩/૬૧૩—૨૨,—હું, એ. એલ. કોરવાડીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ—૧૦૭ની પેટા કલમ ૧/અ/ક/૨/૪/ તથા પેટા કલમ—૩ અન્વયે શ્રી આખરા જુથ સેવા સહકારી મંડળી લી. મું. આખરા, તાલુકો: ધ્રોલ જીલ્લો: જામનગરને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છું.

સદરહુ અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે બ્રાન્ચ મેનેજરશ્રી, જામનગર ડીસ્ટ્રીક્ટ કો—ઓપરેટીવ બેન્ક લી. ધ્રોલની નિમણુંક કરવામાં આવે છે. મંડળીની ફડચાની કામગીરી ફડચા અધિકારીએ સહકારી કાયદા મુજબ નિયત સમય મર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂરી કરવાની રહેશે.

જામનગર, ૨૪/૨૫ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪.

એ. એલ. કોરવાડીયા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જામનગર.

મેનેજર અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં (૧) સરકારશ્રીનાં ખેતી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦/૩/૧૯૯૧નું જાહેરનામું
(૨) ધી કમિશનર સહકુટિર અને ગ્રામોદ્યોગ, ગુ.રા. ગાંધીનગરનો તા. ૧૬-૧૦-૯૧નો પત્ર ક્રમાંક:સહક/ચ/૩૨૭૩/૯૧,
(૩) આત્રેની કચેરીના તા. ૧૧-૧૧-૯૩/૧૬/૯/૯૩ની કારણદર્શક નોટીસ ક્રમાંક: ફડચ/ગ--૩/૬૫૧--૬૫૨--૪૨૭/૯૩.
(૩) આત્રેની કચેરીનો તા. ૨૯-૧૦-૯૩ની નોંધ ક્રમાંક: અધગ/૮૦/ગ—૭/૪૨૫,
(૫) આત્રેની કચેરીને તા. ૧૨--૧--૯૪ને વચગાળાનો હુકમ/આદેશ ક્રમાંક: ફડચ/ગ-૩/ /૯૪.

અંતિમ આદેશ

હું, એ. ડી. ચૌહાણ, મેનેજર (કે.ડી.સી.બેંક લી.) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, (ઉદ્યોગ) સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ અમોએ ઉપરોક્ત સંદર્ભ—પત્રો નિર્દિષ્ટ કરાયેલ અરજોની કચેરીનાં તા. ૧૨-૧-૯૪નાં આદેશથી નીચે જણાવેલ સહકારી મંડળીઓને સુરેન્દ્રનગરને આંટો પી લેવા અંગે ગુજરાત સહકારી અધિનિયમનો કલમ ૧૦૭(૧)(ગ)(૨) મુજબનો વચગાળાનો આદેશ કરેલ તે સંબંધમાં તમામ વિગતોને ધ્યાનમાં લઈ સદર કરેલ હુકમને કાયમ કરવા સંબંધમાં સદર અધિનિયમની કલમ. ૧૦૭(૩)અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અન્વયે નીચે જણાવેલ સહકારી મંડળીઓને આંટોપી લેવાનાં કરેલ વચગાળાનાં તા. ૧૨-૧-૯૪નાં આદેશને બહાલ રાખી સદર મંડળીને આંટોપી લેવા અંગે આ અંતિમ આદેશ કરૂ છું.

સદર અધિનિયમની કલમ ૧૦૮(૧) અનુસાર પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ફડચા અધિકારી તરીકે આત્રેને કચેરીનાં સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરેન્દ્રનગરની નિમણુંક ચાલુ રાખવાનો આથી આદેશ કરવામાં આવે છે.

INDEX

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ, ગામ, તાલુકો અને જીલ્લો<br>૨ | નોંધણી નંબર અને તારીખ<br>૩ |
|---|---|---|
| જા.નં. ફડચ/ગ—૩/૧૪૩/૧૪૪/૧૪૫/૯૪<br>તા. ૬--૪--૯૪ | શ્રી જય રામાપીર મીઠા ઉ. સ. મં. લી.<br>મુ. જસમતપુર, તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર | ઉ-૮૦૦૫, તા. ૨૦-૮-૭૯ |
| | શ્રી આશાપુરા મીઠા ઉત્પાદક સ. મં. લી.<br>મુ. નિમકનગર, તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર | નં. ૮૩૯૧, તા. ૯-૪-૯૧ |
| | શ્રી વોરા અહેમદગઢ મીઠા ઉત્પાદક સ. મં. લી.<br>મુ. જેનાબાદ, તા. દસાડા, જી. સુરેન્દ્રનગર | ઉ.-૮૩૭૮/૮૦ તા. ૧૭-૧૦-૮૦ |

એમ. ડી. ચૌહાણ
મેનેજર (કે.વી.સી.આઈ. અને)
જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
સુરેન્દ્રનગર.

---

વાંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક હ—૨૮—૮૪—ડી.ડી.સી.—૧૧૮૨-૭૪ ૨૫ ગ. તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના તા. ૮/૧૧/૯૩ના હુકમ નં. ફડચ/ખ-૪/૭૩૯/૧૯૯૩ નો સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

(૩) આ કચેરીના તા. ૨૬/૧૨/૯૩ના પત્ર ક્રમાંક:/ફડચ/ખ-૪/૮૬૨/૧૯૯૩.

આદેશ

ક્રમાંક: ફડચ/ઉખસ/ફ—૯૫૬૬/ખ-૪/૧૫૦-૯૪.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭—૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, કે. બી. ઉપાધ્યાય, જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. ભાવનગર સદરહુ સંસ્થાનો તા. ૮--૧૧--૯૩નો રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરું છું.

તેમજ આ કાયદાની કલમ ૧૦૮—૧ અન્વયે સદરહુ સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪ કચેરીમાં ભાવનગરની આથી નિમણૂંક કરવામાં આવે છે.

ભાવનગર, ૯ માહે માર્ચ સને ૧૯૯૪.

---

(૧) નામદાર સરકારશ્રીના સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંક: હ/૨૮/૮૪/ડીડીસી ૧૨૮૨/૭૪૨૫/ગ તા. ૨૨-૩-૧૯૮૪.

(૨) અત્રેની કચેરીનાં આદેશ નાં. ક્રમાંક: ઉખસ/૫૪૭/ફડચ/૮૮૯/ફ/૮૪૭૩૦-૪/૫૩૭/ તારીખ ૨૬/૬/૧૯૮૮.

(૩) શ્રી માજી.મંત્રીશ્રી ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ એન્ડ ટ્રાન્સપોર્ટ કો. ઓપ.સોલી. ભાવનગરની તા. ૧૨-૧-૯૪ તથા ૭-૨-૯૪નાં પત્રોથી થયેલ રજુઆત.

(૪) શ્રી ફડચા અધિકારીશ્રી ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ એન્ડ ટ્રાન્સપોર્ટ કો. ઓપ.સો. લી. અને સહકારી અધિકારી ફડચા નં. ૧ કચેરીમાંનો તા. ૨૫/૧/૯૪ નાં ક્રમાંક: ફડચ/૧/૨૭/૧૯૯૪ નો રીપોર્ટ.

આદેશ

નં. ફડચ/ખ—૪/૧૫૧/૧૯૯૪,— શ્રી ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ એન્ડ ટ્રાન્સપોર્ટ કો. ઓપ. સો. લી. (હ.) મં. ભાવનગરના તા. ભાવનગર, જિ. ભાવનગર ને સહકારી કાયદાની કલમ ૧૯ અન્વયે નક્કી થયેલ નિયમોની કલમ—૧૦ અન્વયે હું શ્રી કે. બી. ઉપાધ્યાય, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ ભાવનગર મને મળેલ સત્તાની રૂઈએ મંડળીની પુનઃરચના નીચેની શરતોએ કરાવવાનો આથી હુકમ કરું છું.

શરતો :

(૧) મંડળીએ હવેથી પેટા નિયમ મુજબ સુવ્યવસ્થિત કામગીરી કરવાની રહેશે. અને જે કારણોસર ફડચામાં લઈ જવામાં આવેલ છે તે તમામ મુદાની વાસ્તવિક દુરસ્તી ૩ માસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) ફડચા અધિકારીએ ફડચામાં આવ્યાની તારીખથી દિવસ ૧૦માં મંડળીની સંસ્થામાં ચૂંટાયેલ કમીટીને વ્યવસ્થિત ચાર્ટ સુપ્રત કરી આપવાનો રહેશે.

ભાવનગર, ૮ માહે માર્ચ સને ૧૯૯૪.

કે. બી. ઉપાધ્યાય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભાવનગર.

---

વાંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સને—૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ—૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ નં. ધખ-૨૭૭ ડી.ડી.સી.-૧૧૬૮/૧૮૪૯૬-બી. તા. ૨૭-૫-૬૮.

(૩) શ્રી રજીસ્ટ્રાર, સ. મં. ગુ. રા. અમદાવાદના પરીપત્ર ક્રમાંક: વહર-૨૮૦-અ/૩૨૧૪, તા. ૩-૧૧-૭૨.

INDEX

(૪) આ કચેરીના વચગાળા ના આદેશ નાં. ઉખસ-ફ૬ચ-૧૩-ખ-૪--૯૪, તા. ૧૩-૧-૯૪.

અંતીમ આદેશ

ક્રમાંક : ઉખસ/ફ૬ચ/૯૩૮૧-ખ-૪/૮૧/૯૪.— આથી હું, ડૉ. બી. એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ અધિકારની રૂએ શ્રી મોઢવાડા હરીજન મજૂર બાંધકામ સહકારી મંડળી લી. મોઢવાડા તાલુકો પોરબંદર જીલ્લો જુનાગઢ જે નોંધણી નાં. ૮૨૧૫, તા. ૩૧-૩-૮૯ થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજયના સને—૧૯૬૧નાં સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) ૩(૨) અન્વયે ફ૬ચામાં લઈ જવા અને તેજ કાયદાની કલમ—૧૦૮(૧) તારીખ ૧૩-૧-૯૪ ના આદેશથી નિમવામાં આવેલ ફ૬ચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફ૬ચો નં. ૧, લગત કચેરીની નિમણુંક કયમ કરી ફ૬ચાની કામગીરી નિયત સમયમાં પુર્ણ કરવા આદેશ કરવા આવે છે.

ફ૬ચા અધિકારીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફ૬ચા ફીની નિયત ઘોરણે આકારણી કરી કાયદાની કલમ—૧૧૪ અનુસાર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૨૩ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪.

---

ધ્યાને લીધાં : (૧) ગુજરાત રાજયનાં સને—૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪, તથા ૨૦મી જોગવાઈઓ.
(૨) ગુજરાત રાજયના ખેતીવાડી, અને સહકાર ખાતાના હુકમ નંબર—ધ-ખ-/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬-બી તા. ૨૫-૫-૮૦.
(૩) શ્રી ફ૬ચા અધિકારી અને સહકારી અધિકારી ફ૬ચો નં. ૧ લગત કચેરીની તા. ૨૪/૩/૯૪ની દરખાસ્ત.

આદેશ

આથી હું, ડૉ. બી. એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને સહકારી મંડળીઓના સને—૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલી મંડળીઓ કે જેની નોંધણી નંબર, નીચે જણાવેલ કોલમમાં દર્શાવેલ છે જેની ફ૬ચા કામગીરી પુર્ણ થતાં મંડળીની નોંધણી સહકારી કાયદની કલમ ૨૦—૧ ની જોગવાઈ મુજબ રદ કરવાનો આદેશ કરું છું.

| ક્રમાંક અને તારીખ | મંડળીનું નામ, ગામ, તાલુકો અને જીલ્લો | નોંધણી નંબર અને તારીખ. |
|---|---|---|
| ક્રમાંક/ઉખસ//ખ-૪/છ/૩૬૩/૧૭૮૪/૯૪ તા ૨૯-૩-૯૪ | શ્રી સોમનાથ કન્ઝ્યુમર્સ કો. ઓપ. સોસાયટી લી. મું. વેરાવળ, તા. વેરાવળ, જી. જુનાગઢ | નાં. ૨૫૮૦ તા. ૨૫-૮-૮૯ |
| ક્રમાંક:ઉખસ/ખ-૪/છ/૩૧૩/૧૭૮૫/સને-૯૪ તા. ૨૯-૩-૧૯૯૪ | શ્રી આદરી માલવાહન વ્યવહાર સહકારી મંડળી લી. મુ, આદરી તા. વેરાવળ, જી. જુનાગઢ. | નાં. ૧૨૭૭ તા. ૧૦-૬-૮૩ |
| ક્રમાંક:ઉખસ/ખ-૪/છ/૫૧૨/૧૭૮૬/સને-૧૯૯૧ તા. ૨૯-૩-૧૯૯૪ | શ્રી હાસમી પોલ્ટ્રી ફાર્મર્સ સહકારી મંડળી લી. મું. ઉના, તા. ઉના, જી. જુનાગઢ. | નાં. ૫૫૪૧ તા. ૭-૧૮-૮૯ |
| ક્રમાંક:ઉખસ/ખ-૪/છ/૯૩૩૬/૧૭૮૭/સને-૧૯૯૪ તા. ૨૯-૩-૧૯૯૪ | શ્રી સોમનાથ ટ્રસ્ટનાં કર્મચારીઓની શરાફી ગ્રાહક સહકારી મંડળી લી. મું. પ્રભાસપાટણ તા. વેરાવળ, જી. જુનાગઢ. | નાં. ૧૯૬૨ તા. ૧૫-૧૦-૮૮ |
| ક્રમાંક:ઉખસ/ખ-૪/છ/૯૩૬૨/૧૭૮૮/સને ૯૪ તા. ૨૯/૩/૧૯૯૪ | શ્રી મોરવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. મોરવાડા, તા. ભેંસાણ, જી. જુનાગઢ. | નાં. ૨૩૭૦ તા. ૧-૧૨-૮૮ |

---

ધ્યાને લીધા :

૧. ગુજરાત રાજયના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ તથા ૨૦-ની જોગવાઈઓ
૨. ગુજરાત રાજયના ખેતીવાડી અને સહકાર ખાતાના હુકમ નં. ધ-ખ-૨૭૭—ડીડીસી-૧૧૬૮-૧૮૪૯૬-બી તા ૨૫/૫/૮૦.
૩. શ્રી ફ૬ચા અધિકારી અને સહકારી અધિકારી ફ૬ચો નં. ૧ લગત કચેરીની તારીખ ૩-૩-૯૪ ની દરખાસ્ત.

આદેશ

ક્રમાંક : ઉખસ-ખ-૪-૧૦૮-સને ૧૯૯૪.—આથી હું, ડૉ. બી. એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના કાયદાની મળેલ અધિકારની રૂએ શ્રી સિધ્ધાર્થ કો.ઓપ.હાઉસીંગ સહકારી મંડળી મુ. કેશોદ તા.. કેશોદ જી : જુનાગઢ કે જે નોંધણી નં. નં. ૪૪૩૬ સને ૧૯૭૭/૭૮ થી નોંધાયેલ છે તેની ફ૬ચા કામગીરી પૂર્ણ થતા મંડળીની નોંધણી સહકારી કાયદાની કલમ-૨૦-૧ની જોગવાઈ મુજબ. રદ કરવાનો આદેશ કરું છું.

---

વંચાણે લીધાં :

(૧) શ્રી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ—૧૯૬૧ની કલમ—૭૪-ધ ની જોગવાઈઓ.
(૨) આ કચેરીના હુકમ ક્રમાંક: રાવન/ખ-૨/૩૪૭૨/૮૯, તા. ૨૬/૧/૮૯.
(૩) આ કચેરીના હુકમ ક્રમાંક: રાવન/ખ-૨/૮૧૬/૯૨, તા. ૩૦/૯/૯૨.



INDEX

હુકમ

ક્રમાંક: સપ્રવ/ખ-૨/૨૮/સને-૧૯૯૪.—હું, કે. બી. એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ, મને ગુજરાત સહકારી અધિનિયમ, -૧૯૬૧ની કલમ -૭૪(ડી)ની જોગવાઈ અન્વયે મળેલ સત્તાની રૂએ જુનાગઢ જીલ્લાની શ્રી લક્ષ્મી સેપા., કો.ઓપ. હા. સો. લી. જુનાગઢમાં આ હુકમની તારીખથી ૧ વર્ષની મુદત માટે કસ્ટોડીયનની નિમણુંક કરૂ છું. તથા ઉકત મંડળીના કસ્ટોડીયન તરીકે શ્રી આર. આધિકારી વહીવટ અને ફરજો શ્રી જુનાગઢ ડી. સેં. કો. ઓપ. બેન્ક લી. જુનાગઢની ઉકત મુદત સુધી નિમણુંક કરૂ છું.

જુનાગઢ, ૪ માહે એપ્રિલ સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં :-

(૧) ગુજરાત રાજયના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ -૧૧૪ તથા ૨૦ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજયના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ નં. ધ-ખ ,૨૭૭ -ડીડીસ -૧૧૬૮-૧૮૪૯૬ -બી, તા. ૨૫/૫/૮૦.

(૩) શ્રી ફરજ્યા અધિકારી અને સહકારી અધિકારી ફરજો નં. ૧, લગત, કચેરીની તા. ૨૫/૩/૯૪ની દરખાસ્ત.

ક્રમાંક ઉખસ ખ--૪ ૧૨૫/૩૧૬ સને ૧૯૯૪.— આથી હું કે. બી. એન. યાજ્ઞીક જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જુનાગઢ મને સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી હરીઓમ ગ્રાહક સહકારી ભંડાર લી. મું. કેશોદ તા. કેશોદ , જી. જુનાગઢ કે જે નોંધણી નંબર ૨૫૫૯, તા. ૨૭/૭/૮૭થી નોંધાલેલ છે. તેની ફરજ્યા કામગીરી પૂર્ણ થતાં મંડળીની નોંધણી સહકારી કાયદાની કલમ-૨૦-૧ ની જોગવાઈ મુજબ રદ કરવાનો આદેશ કરૂ છું.

જુનાગઢ, ૨૫ માહે માર્ચ સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજયનાં સને ૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ- ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજયનાં સહકાર ખાતાના જાહેરનામાં ક્રમાંક: હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨/૩/૮૪.

(૩) સુબા, ગોડોટર સહકારી મંડળીઓ (દુધ) વેરાવળનો સ્પેશ્યલ ગોડોટર સહ. મંડળી ઓ (દુધ) જુનાગઢ રજીસ્ટર્ડ થયેલ તા. ૧/૧૨/૯૩નો અહેવાલ.

(૪) આ કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક: ફરજ્ય/ખ-૪/છ/૧૪૭૬/૯૩-૯૪ તારીખ ૩૧/૧/૯૪.

વચગાળાનો આદેશ

ક્રમાંક: ઉખસ/ફરજ્ય/ખ-૪/છ/૧૮૦૦/૯૩-૯૪.— આથી હું બી. એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને સહકારી મંડળીઓના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી લોઢવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. લોઢવા, તા. વેરાવળ, જી. જુનાગઢ, કે જે નોંધણી નંબર- ૨૩૪૫૯, તા. ૩૦/૬/૮૮થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજયનાં સને- ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ- ૧૦૭(૧)(ક)(૨) અન્વયે ફરજ્યામાં લઈ જવાનો આદેશ કરવામાં આવે છે. તથા તે જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે આનુષંગે તેના ફરજ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફરજો- ૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ.

આ આદેશ સામે મંડળીને વાંધો કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિન- ૩૦ ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાનમાં કોઈ રજુઆત થશે નહીં તો મંડળીને ફરજ્યામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

જુનાગઢ, ૩૦ માહે માર્ચ સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજયના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ- ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજયના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ નાં. ધ્ખ-૨૭૭-ડીડીસી-૧૧૬૮-૧૮૪૯૬-બી, તા. ૨૭/૫/૬૮.

(૩) શ્રી રજીસ્ટ્રાર, સ.મં.ગુ.રા. ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક: વહર/૨૮૦/અ/૩૨૧૪/અ/ના. ૩/૧૧/૭૨.

(૪) આ કચેરીના વચગાળાના આદેશનાં ઉખસ/ફરજ્ય-ખ-૪-૧૩૭૭, સને-૯૩, તા. ૪/૮/૯૩.

અંતીમ આદેશ

ક્રમાંક: ઉખસ/ફરજ્ય/૯૪૦૭/૯૪૦૮/ખ-૪/છ/મહેનથા૮/૯૦—૯૩--૯૪.—આથી હું બી. એન યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ અધિકારની રૂએ શ્રી ખોજદીયા દુધ ઉત્પાદક સહકારી મંડળીઓ, તા. ખોજદીયા તા. વિસાવદર, જી. જુનાગઢ જે નોંધણી નાં. ૧૩૦૧૪, તા. ૩૧/૩/૮૦થી તથા શ્રી અંજાર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. અંજાર, તા. ઉના, જી. જુનાગઢ જે નોંધણી નાં. ૨૩૪૦૭, તા. ૧૪/૩/૮૮થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજયના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧)(ગ)(૨) અન્વયે ફરજ્યામાં લઈ જવા અને તે જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે અત્રેના અનુક્રમ મુજબ તા.૪/૮/૯૩ તથા ૮/૧૨/૯૩ના વચગાળાના આદેશથી નિમવામાં આવેલ ફરજ્યા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફરજો-૧) જુનાગઢની નિમણુંક કાયમ કરી ફરજ્યાની કામગીરી નિયત સમયમાં પુર્ણ કરવા આદેશ કરવામાં આવે છે.

ફરજ્યા અધિકારીએ મંડળીના તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફરજ્યા ફીની નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૩૧ માહે એપ્રિલ સન ૧૯૯૪.

INDEX

વંચાણે લીધાં : (૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ—૧૦૩ તથા ૧૦૮ની જોગવાઈઓ
(૨) ગુજરાત રાજ્યનાં સહકાર ખાતાનાં જાહેરનામાં ક્રમાંક:હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪.
(૩) સબ-ઓડીટર, સહકારી મંડળીઓ (દુધ) વેરાવળ(હ)ના તા. ૧-૨-૯૪નો અહેવાલ નંબર અષણ/ફડચા

વચગાળાનો આદેશ

આથી હું, બી. એમ. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને સહકારી મંડળીઓના કાયદાથી મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ સહકારી મંડળીઓ કે જેનો નોંધણી નંબર તથા તારીખ કોલમ નંબર-૩માં દર્શાવેલ છે. તેને ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ—૧૦૩(૧)(ક) (૨) અન્વયે ફડચામાં લઈ જવામાં આવે છે. તથા તેજ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકાર (ફડચા—૨) લગત આ કચેરીની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ.—આ આદેશ સામે મંડળીને વાંધો કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિન—૩૦ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાનમાં કાંઈ રજુઆત થશે નહીં તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ, ગામ, તાલુકો અને જીલ્લો<br>૨ | નોંધણી નંબર<br>૩ | અને તારીખ |
|---|---|---|---|
| ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/છ/૪/૫૨/સને-૯૪-૯૫, તા. ૧૫-૪-૯૪ | શ્રી ગાંગડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મુ. ગાંગડા, તા. ઉના, જી. જુનાગઢ. | ૮૨૬૭ | તા. ૧-૧૦-૮૨ |
| ક્રમાંક:ઉખસ/ફડચ/ખ-૪/છ/૩-૧૫૫/સને-૯૪-૯૫, તા. ૧૫-૪-૯૪ | શ્રી સોંદરડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મુ. સોંદરડી, તા. ઉના, જી. જુનાગઢ | ૮૨૬૭/ | તા. ૧-૧૦-૮૨ |
| ક્રમાંક:ઉખસ/ફડચ/ખ૪/છ-૩/૫૩/સને-૯૪/૯૫, તા. ૧૫-૪-૯૪ | શ્રી બહુચરાજી મરઘા ઉછેર સહકારી મંડળી લી.<br>મુ. નવીધારી ગુંદાળી તા. ભેંસાણ, જી.જુનાગઢ | ૫૨૯૧ | તા. ૫-૪-૯૪ |
| ક્રમાંક: ઉખસ/ફડચ/ખ૪/૬૭/૫/૫૨/સને-૯૪/૯૫, તા. ૧૫-૪-૯૪ | શ્રી સામતેર સેવા સહકારી મંડળી લી.<br>મુ. સામતેર, તા. ઉના, જી. જુનાગઢ. | ૧૧૪૮૧ | તા. ૨૯-૯-૫૦ |

---

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૧૪ તથા ૧૧૫ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના ખેતી-વન અને સહકાર વિભાગના પરીપત્ર ક્રમાંક: સીએસઅે/૪૯૬૯/૧૮૫૭૦/ડી (૨), તા. ૨૩/૯/૭૭.

(૩) અત્રેના અંતીમ આદેશ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૯૧૯૨/૬૩૬/૮૭, તા. ૨૫/૨/૮૭.

(૪) શ્રી સહકારી અધિકારી (ફડચો) નં.-૨,—લગત કચેરીની તા. ૨૧/૩/૯૪ની દરખાસ્ત.

આદેશ

ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૧૩૩/૯૪.—આથી હું, ડૉ. બી. એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪(૪) તથા ૧૧૫ થી મળેલ અધિકારની રૂએ શ્રી વલ્લભગઢ ગીર માલધારી વસાહત ગોપાલક સ.વિ.કો.સ.મં.લી. મુ., વલ્લભગઢ, તા. માંગરોળ, જીલ્લો: જુનાગઢ કે જેનો નોંધણી નં. ૧૩૯૯૯, તા. ૩૦/૧/૭૬ થી નોંધવામાં આવેલ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત જાહેર કરૂ છું તેમજ તેના ટ્રસ્ટી-પ્રતિનિધિ તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) નં. ૨, લગત કચેરીની નિમણૂક કરૂ છું. તેમણે બાકીની કામગીરી પુર્ણ કરવાની રહેશે. અને વધારાની રકમ અત્રેના પી.ઓલ.એ.માં જમા કરાવવાની રહેશે.

જુનાગઢ, 30 મારૂ માર્ચ સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં.—(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ તથા ૨૦ની જોગવાઈઓ.
(૨) ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ નં. ધ-ખ-૨૭૭-ડીસી—૧૧૬૮—૧૮૪૯૬—બી, તા. ૨૫/૫/૮૦.
(૩) શ્રી ફડચા અકિારી અને સહકારી અધિકારી ફડચો નં.—૨ લગત કચેરીનાં તા. ૨૮-૩-૯૪તથા તા. ૩૧-૩-૯૪ની દરખાસ્ત.

આદેશ

આથી હું, ડૉ. બી. એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ અને સહકારી મંડળીઓના સને:૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારીની રૂએ નીચે જણાવેલ સહકારી મંડળીઓ કે જેનો નોંધણી નંબર કોલમ નં. ૩માં દર્શાવેલ છે. તેની ફડચા કામગીરી પુર્ણ થતાં મંડળીની નોંધણી સહકારી કાયદાની કલમ ૨૦—૧ ની જોગવાઈથી રદ કરવાનો આદેશ કરૂં છું.

INDEX

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ, ગામ, તાલુકો અને જીલ્લો<br>૨ | નોંધણી નંબર અને તારીખ.<br>૩ |
|---|---|---|
| ક્રમાંક: ઉખસ/ખ-૪--સને ૧૯૯૪, તા. ૨૯-૩-૯૪ | શ્રી રાતીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મુ. રાતીયા, તાલુકો: પોરબંદર, જીલ્લો : જુનાગઢ | નં. ૧૭૮૫૦ તા. ૯૦/૯૧ |
| ક્રમાંક: ઉખસ/ખ-૪/છ/૧૮૦૧/સને-૧૯૯૪<br>તા. ૨૯/૩૦—૩—૧૯૯૪ | શ્રી રતાંગ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મુ. રતાંગ, તા. વિસાવદર, જી. જુનાગઢ. | નં. ૨૩૧૫૫ તા. ૨/૨/૯૮ |
| ક્રમાંક:ઉખસ/ખ-૪/૧૩૬/ સને ૧૯૯૪<br>તા. ૩૧-૩-૧૯૯૪ | શ્રી ત્રિદેવ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી.<br>મુ. જુનાગઢ તા. જુનાગઢ જીલ્લો જુનાગઢ | નાં. ૧૧૭૪૨ તા. ૧૮/૧/૯૦ |

---

**વંચાણે લીધાં :** (૧)ગુજરાત રાજ્યનાં સને—૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ—૧૦૭, તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાનાં હુકમ નં. ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી, તા. ૨૭-૫-૬૮.

(૩) શ્રી રજીસ્ટ્રાર, સા.સ.મં. ગુ.રા. અમદાવાદના તા. ૩/૧૧/૭૨નાં પરીપત્ર ક્રમાંક: વહર/૨૮૦/અ/૩૨૧૪/ તા. ૩-૧૧-૭૨.

(૪) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૨૨/૨૩/૯૪, તા. ૧૫-૧-૯૪.

(૫) આ કચેરીના વચગાળાના આદેશ નાં. ઉખસ/ફડચ/ખ-૪/છ/૧૦૫૯/સને-૯૩/૯૪ તા. ૮ ૧૨-૯૩.

(૬) આ કચેરીના વચગાળાના આદેશ નાં. ઉખસ/ફડચ/૭૫/ખ—૪-૯૪/ તા. ૨૨/૨/૯૪.

અંતીમ આદેશ

આથી, હું, ડૉ. બી. એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ-જુનાગઢ, મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ સહકારી મંડળીઓ જેમનો નોંધણી નંબર કોલમ નાં.૩માં દર્શાવેલ છે. તેને ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) થી (૩) અન્વયે ફડચામાં લઈ જવા અને તે જ કાયદાની કલમ ૧૦ (૧) મુજબ તા. ૧૫/૧/૯૪નો આદેશથી નિમવામાં આવેલ ફડચા અધિકારી તરીકે શ્રી ખાસ અધિકારી (વહીવટ)ને ફડચો) લગત જી. ડિ.સે.કો.ઓપ. બેન્ક લી. કેશોદ / શાખાની નિમણુક કાયમ કરી ફડચાની કામગીરી નિયત સમયમાં પુર્ણ કરવા આદેશ કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયામાં સાથે મોકલી મંડળીની ફડચાની ફીની નિયત ઘોરણે આકારણ કરી કાયદાની કલમ—૧૧૪, અનુસારની કામગીરી પુર્ણ કરવાની રહેશે.

| ક્રમાંક અને તારીખ<br>૧ | મંડળીનું નામ, ગામ તાલુકો અને જીલ્લો<br>૨ | નોંધણી નંબર અને તારીખ<br>૩ |
|---|---|---|
| ક્રમાંક:ઉખસ/ફડચ/૯૩૯૮/ખ-૪/૧૧૯/૯૪<br>તા. ૨૫/૩/૯૪ | શ્રી પંચાળા સેવા સહકારી મંડળી લી.<br>મુ. પંચાળા, તા. કેશોદ, જીલ્લો:જુનાગઢ | નં. ૮૨૬૨ તા. ૭-૧૧-૬૫ |
| ક્રમાંક:ઉખસ/ફડચ/૯૩૮૯/ખ-૪/૧૨૦/૯૪<br>તા. ૨૫/૩/૯૪ | શ્રી સરસાલી સેવા સહકારી મંડળી લી.<br>મુ. સરસાલી, તા. માંગરોળ, જી.જુનાગઢ. | નં. ૨૫૪૬ તા. ૧૯૫૬/૫૭ |
| ક્રમાંક:ઉખસ/ફડચ/૮૪૦૨/ખ-૪/છા/૧૭૫૭<br>૯૩-૯૪ તા. ૨૮/૩/૯૪ | શ્રી વડવીયાળા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મુ. વડવીયાળા, તા.ઉના, જી. જુનાગઢ. | નાં. ૨૩૭૦૬ તા. ૨૨/૧૧/૮૮ |
| ક્રમાંક:ઉખસ/ફડચ/૯૪૦૩/ખ-૪/૧૩૦/૯૪<br>તા. ૨૯/૩/૯૪ | શ્રી ગૌતમનગર કો.ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી. મુ. તા. જીલ્લો:જુનાગઢ | તા. ૫/૭/૭૪ નાં. ૬-૫૮૨૨ |

---

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સને -૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ—૧૦૭ તથા ૧૦૮, ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યનાં સહકાર ખાતાના જાહેરનામા ક્રમાંક: હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨/૩/૮૪.

(૩) સબ-રજીસ્ટ્રાર—સહકારી મંડળીઓ (પ્રમાણીત) જુનાગઢનો તા. ૧/૩/૯૪નો ખાસ અહેવાલ.

(૪) મંડળીની વ્ય.કમીટીનાં સભ્યશ્રીઓનાં તા. ૨૨/૯/૯૩નો પત્ર.

વચગાળાનો આદેશ

ક્રમાંક: ઉખસ/ફડચ/ખ-૪/૧૨૨/સને-૧૯૯૪, "આથી હું હું ડૉ. બી. એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટાર, સહકારી મંડળીઓ, જૂનાગઢ મને સહકારી મંડળીઓના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી પલાસવા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. પલાસવા તા. જુનાગઢ, જીલ્લો: જુનાગઢ કે, જે નોંધણી નંબર—૨૦૦૧૩,

INDEX

તા. ૨૨/૧૧/૮૪, થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યનાં સને-૧૯૬૧ના, સહકારી મંડળીઓ ના કાયદાની કલમ–૧૦૩(૨) તથા તે જ કાયદાની કલમ–૧૦૪( ) અન્વયે ને ના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) નં. ૧ લગત કચેરીની નિમણુક કરવામાં આવે છે.

નોંધ.:–આ આદેશ સામે મંડળીને લાગે કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિ- ૩૦,ની અંદર સમારી શકે જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાન કોઈ જુઆત થશે નહી તો તે મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

જુનાગઢ, ૨૫ માહે માર્ચ સને ૧૯૯૪.

ડો. બી. એન. યાજ્ઞિક,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ–૧૯૬૬ની કલમ–૮૧ની જોગવાઈઓ.

(૨) આ કચેરીનો હુકમ ક્રમાંક: સવન/ખ-૨/૧૩૨૬, તા. ૨૦/૪/૯૦.

(૩) શ્રી મેનેજરશ્રી, જુનાગઢ જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. જુનાગઢનાં તા. ૫/૩/૯૪થી રજુ થયેલ દરખાસ્ત

હુકમ

ક્રમાંક: સવન/ખ-૨/૩૬/૮૦૩૬/૯૪,–હું, પી. એમ. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ-જુનાગઢ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ- ૮૧ની જોગવાઈ તથા મળેલી સત્તાની રૂએ આ જીલ્લાની ક્રાં બંટીયા સેવા સહકારી મંડળી લી. મું. બંટીયા, તા. વંથલી, જુનાગઢમાં નિયુકત કરવામાં આવેલ વહીવટદારશ્રીની મુદત આ હુકમની તારીખથી સમાપ્ત જાહેર કરૂં છું. તથા વહીવટદાર તરફથી તા. ૮/૩/૯૪ની સાધારણ સભાના ઠરાવ નં. ૩, થી ચુંટાયેલ નવી વ્યવસ્થાપક કમીટીને ચાર્જ સુપ્રત કરી આપવા આદેશ કરૂં છું.

જુનાગઢ, ૧૩ માહે એપ્રલ સને ૧૯૯૪.

પી. એમ. રાવલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

---

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ધ/ખ/૨૪/૯૧/સી. ડી. સી./૧૮૮/જે, તારીખ: ૩૦-૩-૯૧

(૨) આ કચેરીનો ક્રમાંક: ફડચ/વ.આ./૨૪૪/૯/૧૫૧/૯૨, તારીખ: ૬-૩-૯૨ વાળો અંતિમ આદેશ.

(૩) સભ–ઓડીટર, સહકારી મંડળીઓ, ભચાઉ–કચ્છનું તા. ૨૫-૨-૯૪ વાળુ અંતિમ ઓડીટ અન્વયેનું પ્રમાણપત્ર.

(૪) આ કચેરીના સહકારી અધિકારી, ફડચો-૧ની તા. ૨૮-૨-૯૪ વાળી નોંધણી રદનં દરખાસ્ત.

હુકમ

ક્રમાંક: ફડચ/૨૪૪/૯૯/જ-૧૯૯૪.–આથી હું, પી. એન. દેસાઈ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ મને મળેલ અધિકારો અને સત્તાની રૂએ શ્રી નવા અંજાર ગ્રાહક સહકારી ભંડાર લી. નવા અંજાર, તાલુકો: અંજાર-કચ્છ કે જેની નોંધણી સને: ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક: ૧૬૯૪, તારીખ: ૯-૧-૮૭થી કરવામાં આવેલ હતી. અને જેને તેજ કાયદાની કલમ ૧૦૩(૩) અન્વયે ઉપર નં.-૨ માં વંચાણે લીધેલ આદેશથી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચા કામગીરી સમાપ્ત થયાનું જાહેર કરૂં છું અને સદરહું મંડળીની નોંધણી તેજ કાયદાની કલમ ૨૮(૧) અન્વયે આથી રદ કરૂ છું.

ભુજ–કચ્છ, ૨૮ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ધ.ખ./૨૪/૯૧/સી.ડી.સી./૧૧૮૮/જે, તા. ૩૦/૩/૯૧

(૨) આ કચેરીનો ક્રમાંક ફડચ-૧૫૧-૭-૧-૨૪૧/૬૮ તારીખ ૪-૧૦-૬૮ વાળો અંતીમ આદેશ.

(૩) સભ–ઓડીટર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છનું તારીખ ૩૧-૩-૯૪ વાળુ અંતીમ ઓડીટ અન્વયેનું પ્રમાણપત્ર.

(૪) આ કચેરીના સહકારી અધિકારી, ફડચે નાં. ૨ની તારીખ ૩૧--૩--૯૪ વાળી નોંધણી રદની દરખાસ્ત.

(૫) આ કચેરીનો શ્રી કચ્છ જિલ્લા સ.ર. બેંક લિ. ભુજને લખાયેલ પત્રનાં. ફડચ-૪૮-જ-૧૩૨-૯૪ તા. ૨૫-૩-૯૪ અને તે અન્વયે બેંકનો [illegible] નં. [illegible]/૩૫/૧૦૫૨૧ તા. ૨૯/૩/૯૪.

હુકમ

ક્રમાંક: ફડચ/૪૦/જ/૧૪૦/૯૪,–આથી હું, પી.એન.દેસાઈ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ મને મળેલ અધિકારો અને સત્તાની રૂએ શ્રી કેરીયાણી સેવા સહકારી મંડળી લી. કેરીયાણી, તા. લખપત જી. કચ્છ કે જે સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક: ૭૨૫૧, તા. ૨૫/૪/૬૨થી નોંધાયેલ હતી અને તેને તેજ કાયદાની કલમ–૧૦૩(૩) અન્વયે ઉપર ક્રમ-૨ [illegible] વંચાણે લીધેલ આદેશથી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચા કામગીરી સમાપ્ત થયાનું જાહેર કરૂં છું. અને સદરહુ મંડળીની નોંધણી તેજ કાયદાની કલ[illegible]-૨૦(૧)અન્વયે આથી રદ કરૂં છું.

ભુજ–કચ્છ, ૩૧ માહે માર્ચ સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ધ.ખ./૨૪/૯૧/સી.ડી.સી./૧૧૮૮/જે, તા. ૩૦/૩/૯૧.

(૨) આ કચેરીનો ક્રમાંક: ફડચ/૦૧/૧૩૧/જ/૮૯-૧૯૮૯, તારીખ: ૧૫/૨/૮૯ વાળો, અંતીમ આદેશ.



INDEX

(૩) સબ ઓડીટર સહકારી મંડળીઓ, ભુજ-કચ્છનો, તા. ૩૧-૩-૯૪નાળુ અંતીમ ઓડીટ અન્વયેનું પ્રમાણપત્ર.

(૪) આ કચેરી ના સહકારી અધિકારી ફડચો નાં.૨ ની તા. ૩૧-૩-૯૪ વાળી નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક: ફડચ/૧૧૧-ઝ-૧૩૯-૯૪,—આથી, હું, પી.એન. દેસાઈ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ- મને મળેલા અધિકારો અને સત્તાની રૂએ શ્રી માંડવી સ્પીનીંગ મીલ્સના કર્મચારીની ધિરાણ ગ્રાહક સહકારી મંડળી લી. માંડવી, તા. માંડવી, જિ. કચ્છ, કે જે સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક: સે.-૭૫૬૬, તા. ૨૯-૮-૮૦થી નોંધાયેલ હતી. અને જેને તેજ કાયદાની કલમ—૧૦૯(૩) અન્વયે ઉપર ક્રમ.—૨માં વંચાણે લીધેલ આદેશથી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચા કામગીરી સમાપ્ત થયાનું જાહેર કરું છું અને સદરહુ મંડળીનાં નોંધણી તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આથી રદ કરું છું.

ભુજ—કચ્છ, ૩૧ માહે માર્ચ સને ૧૯૯૪.

પી. એન. દેસાઈ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ.

---

વંચાણે લીધાં :(૧) સરકારશ્રીના સહકાર વિભાગ ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: હ-૨૮-૮૪/ડીડીસી/૧૧૮૨-૭૪૨૫/૭૪-ગ.તા.૨૨-૩-૮૪
(૨) આ કચેરીના વચ્ચગાળાના આદેશ ક્રમાંક:જિઉકે/ભુજ/અસમ/ફડચ/ધ/૬/૩૬૭/૯૩/તા. ૧૪-૭-૯૩.
(૩) સદર મંડળીના હોદેદારો તરફથી થયેલ તા. ૨૫-૫-૯૩ વાળી રજુઆત.
(૪) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક: જિઉકે/ભુજ/અસમ/ફડચ/ધ/(૬)/૬૭૦/૯૩, તા. ૧૮-૧૨-૯૩
(૫) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક: જિઉક/ભુજ/અસમ/ફડચ/ધ/(૬)/૧૩૪/૯૪, તા. ૨૧-૨-૯૪
(૬) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક: જિઉકે/ભુજ/અસમ/ફડચ/ધ(૬)૧૪૯/૯૪, તા. ૨૧-૦૨-૯૪
(૭) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક: જિઉકે/ભુજ/અસમ/ધ(૬)/૩૯૪/૯૪, તા. ૨૨/૭/૯૩
(૮) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક: જિઉકે/ભુજ/અસમ/ફડચ/ધ (૬)૩૬૦/૯૩, તા. ૧૪-૭-૯૩.
(૯) સદર મંડળીના હોદ્દેદારો તરફથી થયેલ તા. ૬--૮--૯૩ વાળી રજુઆત.

અંતિમ આદેશ

આથી નીચે જણાવેલ સહકારી મંડળીઓ કચ્છ કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ હેઠળ કોલમ નંબર ત્રણમાં દર્શાવેલ નોંધણી નંબર-ક્રમાંક તથા તારીખથી સહકારી સંસ્થા/મંડળી તરીકે નોંધવામાં આવેલ છે અને જેને વંચાણે–૨ વાળા હુકમથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે.

તેને વંચાણ–૩વાળી રજુઆત આ નીચે સહી કરનારને સંતોષકારક અને વજુદવાળી નહીં જણાતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ—૧૦૭(૩) હેઠળ આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

વંચાણ—૨ વાળા વચગાળાના હુકમમાં કલમ ૧૦૮(૧) અન્વયે જે તે અધિકારીની ફડચા અધિકારી તરીકે નિમણુક કાયમ કરવામાં આવે છે.

| ક્રમાંક અને તારીખ | સહકારી મંડળીનુંનામ ગામ, તાલુકો અને જીલ્લો | નોંધણી ક્રમાંક અને તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| નં. જીઉકે/ભુજ/અસમ/ફડચ/ધ-૩/૯૭/૯૪ તા. ૨/૪—૫-૧૯૯૪ | શ્રી સંજીવની ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. ભુજ, તા. ભુજ, જી.—કચ્છ. | ઉ-૫૦૨૬ તા. ૨૨-૮-૮૬ |
| નં. જીઉકે/ભુજ/અસમ/ફડચ/ધ-૩/૧૦૬/૯૪ તા. ૨/૪-૫-૯૪ | શ્રી મહિલા ભ. ગુ. હસ્તકળા સહકારી મંડળી લી. મુ. લોડાઇ, તા. ભુજ. જિ. કચ્છ | ઉ-૯૩૩૭ તા. ૩૦-૯-૮૯ |
| નં. જીઉકે-ભુજ/જીખેમ/ફડચ/ધ-૩/૧૧૪/૯૪ તા. ૨/૪—૫--૯૪ | શ્રી કચ્છી લેન્ડીક્રાફ્ટ ઉત્પા. સહકારી મંડળી લી. મુ. ધમડકા, તા. અંજાર, જિ. કચ્છ | ઉ-૫૨૦૦ તા. ૧૮-૬-૮૭ |
| નં જીઉકે/ભુજ/અસમ/ફડચ/ધ-૩/૧૨૩/૯૪ તા. ૨/૪—૫—૯૪ | શ્રી આબાપર જુથ મહિલા ભરત ગુંથણ સહ.મં.લી. મુ. આંબાપર તા. અંજાર, જિ. કચ્છ, | ઉ-૬૨૮૬ તા. ૧૬-૧૨-૮૮ |
| નં. જીઉકે/ભુજ/અસમ/ફડચ/ધ-૩/૧૩૧/૯૪ તા. ૨/૪-૫-૯૪ | નખત્રાણા જુથ મહિલા ભ. ગુ. સહકારી મં.લી. મુ. અંગીયા, તા. નખત્રાણા જિ. કચ્છ | ૯૩૪૬ તા. ૬-૧૦-૯૦ |
| નં. જીઉકે/ભુજ/અસમ/ફડચ/ધ-૩/૧૩૯/૯૪ તા. ૨/૪—૫—૯૪ | શ્રી અંજાર તાલુકા પ્રિન્ટીંગ સહકારી મંડળી લી. મુ. આદીપુર, તા. અંજાર, જિ. કચ્છ. | ૫૦૩૩ તા. ૧-૧-૯૦ |

આર. કે. ત્રિવેદી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ઉદ્યોગ) અને
મેનેજર (કે.વી.સી.આઈ.)
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,—ભુજ.

INDEX

| ક્રમાંક<br>૧ | સહકારી મંડળીનું નામ<br>૨ | મર્યાદિત સ્થળ તાલુકો અને જીલ્લો<br>૩ | | |
|---|---|---|---|---|
| ૧. જા.નં. નધણુ/૭૪-૨,૫૧૮ ૮૪<br>તા. ૨૫/૨૭-૪-૮૪ | શ્રી રાજકોટ શહેર ઉચ્ચતર માધ્યમિક શિક્ષકના ધિરાણ અને ગ્રાહક સહકારી ભંડાર લી. | રાજકોટ | રાજકોટ | રાજકોટ |
| ૨. જા.નં. નધણુ/૭૪-૨/૫૬ ૩/૮૪<br>તા. ૪-૫-૮૪ | શ્રીજીવન પ્રકાશ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી. લી. | રાજકોટ | રાજકોટ | રાજકોટ. |
| | | | પી. ડી. રાવલ,<br>જીલ્લા રજીસ્ટ્રાર<br>સહકારી મંડળીઓ, રાજકોટ. | |
| ૩. જા. ન. ચ—૧—નધણુ —૧૫૧<br>તા. ૨૩-૪-૮૪ | શ્રી નુતન ગુજરાત ગારમેન્ટ એન્ડ હેન્ડીક્રાફ્ટ વિવિધ ઔદ્યોગિક સહકારી મંડળી લી. | જેતપુર | જેતપુર | રાજકોટ |
| ૪. ક્રમાંક—ચ—૧—નધણુ -૧૫૩<br>તા. ૨૩-૪-૮૪ | શ્રી બંસીધર ઔદ્યોગિક સેવા સહકારી મંડળી લી. | રાજકોટ | રાજકોટ | રાજકોટ |
| ૫. ક્રમાંક—ચ—૧—નધણુ- ૧૧૯<br>તા. ૩૧-૩-૮૪ | શ્રી રાજકોટ જીલ્લા સીલીકેટ ઉત્પાદક સહકારી મંડળ લી. | રાજકોટ | રાજકોટ | રાજકોટ |
| ૬. ક્રમાંક—ચ—૧—નધણુ- ૧૨૧<br>તા. ૩૧-૩-૮૪ | શ્રી પ્રિય દર્શીની હસ્તકલા અને ઔદ્યોગિક ઉત્પાદક અને વેચાણ સહકારી મંડળી લી. | રાજકોટ, | રાજકોટ | રાજકોટ |
| ૭. ક્રમ—૧—નધણુ—૧૨૩<br>તા. ૩૧-૩-૮૪ | શ્રી રાજકોટ ઔદ્યોગિક સેવા સહકારી મંડળી લી | રાજકોટ | રાજકોટ | રાજકોટ |

એન. જી. પાંચેલા,
મેનેજર (કેવીસીઆઈ) અને
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ.
(ઉદ્યોગ), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, રાજકોટ.

સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ મુજબ નોંધણી.

| ક્રમ નં.<br>૧ | મંડળીની નોંધણી નંબર અને તારીખ<br>૨ | મંડળીનું નામ<br>૩ | મર્યાદિત સ્થળ/ તાલુકો અને<br>૪ | | જિલ્લો |
|---|---|---|---|---|---|
| ૧. | ક્ર. નધણુ/૬-ક/૧૧૦૫/ ૩૦૬<br>તા. ૩૧/૩/૮૪ | શ્રી લતીપુર બચત અને ધીરાણ કરનારી સહકારી મંડળી લી. | લતીપુર | ધ્રોલ | જામનગર |
| | | | | (સહી) અવાચ્ય,<br>જિલ્લા રજીસ્ટ્રાર,<br>સ. મં. જામનગર. | |
| | | મદદનીશ જિલ્લા નિબંધક સ. મં. દ્વારા, | | | |
| ૨. | નંબર-સા.-૨૪૦૭ તા. ૯-૪-૮૪ | શ્રી ચોખા મંડળ તાલુકા ટ્રક માલીક સહકારી મંડળી લી. | ચુરજકરાડી. | દ્વારકા | જામનગર |
| ૩. | નંબર -ઉ-૧૮૭૩૮ તા. ૧૯-૪-૮૪ | શ્રી ભીમરાવ મત્સ્યઉદ્યોગ સહકારી મંડળી લી. | રાવલ | કલ્યાણપુર | જામનગર |
| ૪. | નંબર ઉ-૧૦૭૩૯ તા. ૧૯-૪-૮૪ | શ્રી મોમાઈ ઉત્પાદન અને વેચાણ વણકર સહકારી મંડળી લી. | સરવાણીયા | કાલાવડ | જામનગર |
| ૫. | નંબર ખે-૩૩૬૬/૮૪ તા.૩૦-૩-૮૪ | શ્રી માખેશ્વર જળસિચન સહકારી મંડળી લી. | ખાખરા | ધ્રોળ | જામનગર |
| ૬. | નંબર-ઘ-૭૪૪૯ તા. ૨૦-૪-૮૪ | શ્રી ગીતા કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી. | લાલપુર | લાલપુર | જામનગર |
| ૭. | નંબર-ઘ-૭૪૫૦ તા. ૨૦-૪-૮૪ | શ્રી શીવમ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સોસાયટી | ભાણવડ | ભાણવડ | જામનગર |
| ૮. | નંબર.ઘ-૧૫૦૫૧ તા. ૨૭-૪-૮૪ | શ્રી કૃષ્ણ કો.ઓ. હાઉસીંગ સોસાયટી. લી. | રાવલ | કલ્યાણપુર | જામનગર. |

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા નિબંધક,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, જામનગર.

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ | | |
|---|---|---|---|---|---|
| | | જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા | | | |
| ૧. | ક્રમાંક-નધણ/ચ/ ૧૨૬૦/૧૦૧૧૩/૯૪ તા. ૨૯-૪-૯૪ | શ્રી કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજના કર્મચારીની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. | અમરેલી | અમરેલી | અમરેલી. |
| ૨. | ક્ર. નધણ/ચ/૮૬૨/૫૦૪૯/૯૪ તા. ૩૧-૩-૯૪ | શ્રી લોઠપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. | લોઠપુર | જાફરાબાદ | અમરેલી. |
| ૩. | ક. નધણ/ચ/૮૯૦/૫૦૫૦/૯૪ તા. ૩૧-૩-૯૪ | શ્રી પ્રિન્સ બચત સહકારી મંડળી લી. | રાજુલા | રાજુલા | અમરેલી. |
| ૪. | ક્ર. નધણ/ચ/૮૯૭/૫૦૫૧/૯૪ તા. ૩૧-૩-૯૪ | શ્રી કુંકાવાવ તાલુકા કલ્યાણકારી બચત અને ધિરાણ મંડળી લી. | કુકાવાવ | કુકાવાવ | અમરેલી. |
| ૫. | ક્ર.નધણ/ચ/૯૦૪/૫૦૫૨/૯૪ તા. ૩૧-૩-૯૪ | શ્રી સિધ્ધાર્થ બચત સહકારી મંડળી લિમિટેડ | અમરેલી | અમરેલી | અમરેલી |
| ૬. | ક્ર.નધણ/ચ/૯૧૧/૯૯ ૩૧-૩-૯૪ | શ્રી મોટા માંડવડા બચત અને ધિરાણ સહકારી મંડળી લી. | મોટામાંડવડા | અમરેલી | અમરેલી. |
| | | | | (સાહી) અવાચ્ય, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી. | |
| ૧. | ક્ર.નસબ–સા ૧૯૩૩–૦૧–ચ ૨૩૩–૯૪ તા. ૧૯–૪–૯૪ | શ્રી ભુજ મર્કેન્ટાઈલ કો. ઓપ. બેન્ક લિ. | ભુજ | ભુજ | કચ્છ. |
| ૨. | ક્ર.નં.નધણ–ય–૧૪૯૦૫–૬ ૨–૪૩૬/ તા. ૧૯–૪–૯૪ | શ્રી પદમ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. | ભુજ | ભુજ | કચ્છ. |
| ૩. | ક્ર.જા.નં–નધણ–ધ ૧૪૯૦૬–૬ ૨/ ૪૩૭/૯૪–તા. ૧૯–૪–૯૪ | શ્રી તપોવન કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. | ભુજ | ભુજ | કચ્છ. |
| ૪. | ક્ર.નસબ–સા–૧૯૩૨–૦૧–ચ–૨૨૯ ૨૨૯–૯૪–તા. ૧૯–૪–૯૪ | શ્રી ગાંધીધામ મર્કેન્ટાઈલ કો. ઓપ બેન્ક લી. | ગાંધીધામ | અંજાર | કચ્છ. |
| ૫. | ક્ર..જા.નં.નધણ–સે–૨૬૦૬૮ (છ) ૩૩૭–તા. ૩૧–૩–૯૪ | શ્રી નાના નખત્રાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. | નાના નખત્રાણા | નખત્રાણા | કચ્છ |
| ૬. | ક્ર.જા.નં નધણ/સે ૨૬૦૯/છ/૩૩૧– ૩૩૧/ ૩૧ ૩ ૯૪ | શ્રી ખીરસરા(રોહા) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. | ખીરસરા(રોહા) | નખત્રાણા | કચ્છ |
| ૭. | ક્ર.જા.નં. નધણ સે ૨૬૦૭/છ/૩૩૬ /૯૪ તા. ૩૧ ૩ ૯૪ | શ્રી વડવાકાયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. | વડવાકાયા | નખત્રાણા | કચ્છ |
| ૮. | ક્ર.જા.નં.નધણ/ઉ. ૧૦૩૬/છ/૩૩૦ /૯૪ તા. ૩૧–૩–૯૪ | શ્રી સ્ટાર મજુર કામદાર સહકારી મંડળી લી. | ઢંઢી | ભુજ | કચ્છ |
| ૯. | ક્ર.જા.નં.નધણ/ઉ–૧૦૩૬૫/છ/૪૩૫/ ૧૮-૪-૯૪ | શ્રી અંજાર મુન્દ્રા તાલુકા જુથ અનુ. જાતિ આંતરદ્રેશીય મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. | ગાંધીધામ | અંજાર | કચ્છ. |
| | | | | પી. એન. દેશાઈ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ. | |
| ૧. | નં.નધણ/ખ ૩/મ/૨૭૪૨૯/૧૦૦૪ ૩૧-૩-૯૪ | શ્રી સાપર કન્યા સાગરખેડૂ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. | પોરબંદર | પોરબંદર | જુનાગઢ |
| ૨. | નં. નધણ/ખ૨/મ/૨૭૪૩૦/૩૩૦ તા. ૩૧-૩-૯૪ | શ્રી અભિમન્યુ મત્સ્યોદ્યોગ સેવા સહકારી મંડળી લી. | પોરબંદર | પોરબંદર | જુનાગઢ |
| ૩. | નધણ/ખ૨૩/મત્સ્યો/૨૭૪૨૮/૩૩૩ ૩૦-૩-૯૪ | ન્યુ પ્રગતિ મત્સ્યોદ્યોગ સેવા સહકારી મંડળી લી. | વેરાવળ | વેરાવળ | જુનાગઢ |
| ૪. | નં. નધણ/ખ૨ સેદુ /૨૭૪૩૨/૫૩૬/ તા. ૨૪-૪-૯૪ | શ્રી નેરાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. | નેરાણા | રાણાવાવ | જુનાગઢ |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ | | |
|---|---|---|---|---|---|
| ૫. | નં.નધણુ/ખ ૩/સા/૨૫૭૬ ૫૭૫/૯૪ તા. ૨૪-૪-૯૪ | શ્રી માંગરોળ તાલુકા બિનખેતરકારી પ્રાથમિક શિક્ષકોની ક્રેડિટ કો.ઓપ સોસાયટી લી | માંગરોળ | માંગરોળ | જુનાગઢ. |
| ૬. | નં. નધણુ/ખ૨/સેદુ ૨૭૪૧/૩૩૪. તા. ૮-૪-૯૪ | શ્રી લાખાપરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. | લાખાપરા | વેરાવળ | જુનાગઢ |
| ૭. | નધણુ/ખ૩/મા.૨૭૪૩૩ ૫૧૪ તા. ૩૦-૪-૯૪ | શ્રી આશા સતાર ખેડુત મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. | પોરબંદર | પોરબંદર | જુનાગઢ |
| ૮. | નં. નધણુ/ખ૨/મત્સ્યો/૨૭૪૩૪/ ૬૩૫/૩૦-૪-૯૪ | શ્રી કાર્યશીલ મત્સ્યોદ્યોગ સેવા સહકારી મંડળી લી. | વેરાવળ | વેરાવળ | જુનાગઢ |
| ૯. | નં.નધણુ/ખ ૩/સેદુ/૨૭૪૩૫/૬૧૬/ તા.૨૮-૪-૯૪ | શ્રી લુધીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | લુધીયા | વિસાવદર | જુનાગઢ. |
| ૧૦. | નધણુ/ખ૩/મત્સ્યો/૨૭૪૩૬/૬૧૮ તા. ૩૦-૪-૯૪ | શ્રી હિરામોતી મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. | વેરાવળ | વેરાવળ | જુનાગઢ |
| ૧૧. | ક્ર.નધણુ-ખ-૨/ગ્રમ/૩૭૪૫/૯૮૬૧ તા. ૨૮-૪-૯૪ | શ્રી સોમનાથ ગ્રાહક સહકારી ભંડાર લી. | કેશોદ | કેશોદ | જુનાગઢ |

પી. એમ. રાવલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨. | નં. ધ-૧૪૮૨૬/૯૪ તા. ૧૯-૩-૯૪ | શ્રી નિલકંઠ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી. લી. | માણાવદર | માણાવદર | જુનાગઢ |
| ૧૩. | ૧૨. નં. ધ ૧૪૮૨૭/ ૯૪ તા ૧૯-૩-૯૪ | શ્રી પરિકારી માછીમાર હાઉસીંગ સોસાયટી, લી ચોરવાડ બંદર | ચોરવાડ બંદર | માળીયા હાટીના | જુનાગઢ |

જે. એલ. ઠાકર
મદદનીશ રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, જુનાગઢ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | નંબર.ઉ-૧૦૬૨૦ તા.૨-૫-૯૪ | શ્રી આંત્રડા ચર્મ ઉ. સહકારી મંડળી લી. | આંત્રડા | શિહોર | ભાવનગર. |

(સહી) આવાચ્ય,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સ. મં. જિ. પં.
ભાવનગર.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ક્રમાંક/નધણુ/ઉ-૯૧૫૨/૩૫૯૪ ખ ૩/૬૮૨/તા. ૨૨ ૪ ૯૪ | શ્રી ભાવનગર મોટર સહકારી મંડળી, લી. | ભાવનગર | ભાવનગર | ભાવનગર |
| ૨. | ક્રમાંક-નધણુ- ૯૧-૨૩૨૫૫/૩૪૫૪ ખ-૩/૨૮૧/તા. ૨૧-૪-૯૪ | શ્રી આંકાષાંત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. | ભાવનગર | ભાવનગર | ભાવનગર |
| ૩. | ક્રમાંક/નધણુ/ધ-૧૩૨૬૦/૩૭૯૭/ ખ-૩/૩૧૪/તા. ૩૦-૪-૯૪ | શ્રી ધનકુબેર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી. લી. | ભાવનગર | ભાવનગર | ભાવનગર |
| ૪. | ક્રમાંક-નધણુ-સે-૬૯૭૮/૩૭૪૧/ ખ-૩/૩૦૭/તા. ૨૯-૪-૯૪ | શ્રી ભાવનગર શહેર કોલેજનાં કર્મચારીઓની ધીરાણ અને ગ્રાહક સરકારી મંડળી. લી. | ભાવનગર | ભાવનગર | ભાવનગર |
| ૫. | ક્રમાંક નધણુ-ઘ-૧૩૨૫૯/૩૮૯૧ ખ-૩/૩૧૨ તા. ૩૦-૪-૯૪ | શ્રી શેત્રુંજય ઘરબાંધનારી સહકારી મંડળી લી. | ભાવનગર | ભાવનગર | ભાવનગર |

કે. બી. ઉપાધ્યાય.
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ભાવનગર.

Printed at the Government Press Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

(Rjt.) I-6

INDEX

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV ] THURSDAY, 9th JUNE, 1994/JYAISTHA 19, 1916 [No. 23

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| | Pages |
|---|---|
| PART--I—Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneons Notification Appointments etc. .. .. | 249—264 |
| PART--I-A--Orders and Notificatios (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards. Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts. .. .. .. | Nil |
| PART--I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only .. | |
| Supplement .. .. .. | 238—241 |
| PART--II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. .. | 240—247 |
| PART--III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. — — | — |

# Government Notifications, Orders, Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

### Miscellaneous Notifications, Appointments etc.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિ-આંક૨૨ની કલમ-૩૩ની પેટા કલમ-૧ 'બી' અન્વયે જાહેરનામું

ક્રમાંકાએમએજી/શીવરાત્રી/મેળો/૯૪(૬).—ચાલુ માસે જુનાગઢ તાલુકાના ભવનાથ ગ્રામ પંચાયતમાં ભવનાથ મહાદેવના મંદિરના પ્રાંગણામાં 'મહાશીવરાત્રીનો' મેળો ભરાવાનો છે. તેમાં મોટી સંખ્યામાં યાત્રાળુઓની અવર-જવર થવાથી હોવાથી લોકોની સલામતી માટે ટ્રાફીકનું નિયમન કરવાનું ઈષ્ટ જણાતા હું, રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જુનાગઢ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ આંક-૨૨ની કલમ-૩૩ (૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ દરેક પ્રકારના વાહનોની અવર-જવર કરવા માટે નીચે દર્શાવ્યા. પ્રમાણેના રસ્તા એકમાર્ગીય (વનવે) રાખાવાનં ઠરાવું છું.

(૧) ગીરનાર દરવાજાથી ભવનાથ તળેટી તરફ જતો રસ્તો ગીરનાર દરવાજાથી તમામ વાહનોને પ્રવેશ માટે ખુલ્લો રહેશે. જયારે દામોદર કુંડથી રૂપાયતન નાકા તરફ જતો રસ્તો ડાબી બાજુના રસ્તા ઉપર દામોદર કુંડથી પ્રવેશી શકશે અને પાછા વળતા વાહનો માટે રૂપાયતનના નાકાથી સીધા આવતા મુખ્ય માર્ગ ખુલ્લો રહેશે. અને આ મુખ્ય માર્ગ ભવનાથ તળેટી તરફ જતા વાહનો માટે દામોદર કુંડથી બંધ રહેશે.

(૨) પાછા વળતા વાહનો એટલે કે જુનાગઢ શહેર તરફ આવતા વાહનો પૈકીના નાના વાહનો સ્મશાન પાસેથી ધારાગઢ દરવાજા તરફ જતો શાંતિમાર્ગ તરીકે ઓળખાતા રસ્તા ઉપરથી પસાર થઈ શકશે. અને ગીરનાર દરવાજા તરફ આ સ્મશાનથી જઈ શકશે નહીં. અને શાંતિમાર્ગ ઉપર ધારાગઢ દરવાજા તરફથી પ્રવેશ બંધ રહેશે.

આ જાહેરનામું તા. ૫-૩-૯૪ થી તા. ૧૨-૩-૯૪ સુધી (બંને દિવસો સહીત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ આંક-૨૨ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૭ માહે ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પણ અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ. ૧૭ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪.

———

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૪૩/૧ અન્વયે જાહેરનામું

જાહેરનામું

ક્રમાંક : એમએજી/શીવરાત્રી/મેળો/૯૪(૫)— જુનાગઢ શહેર પાસે આવેલ જુનાગઢ તાલુકાના ભવનાથ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ ભવનાથ મહાદેવના મંદિરના પ્રાંગણામાં મહાશીવરાત્રીના પર્વ સબબ દર વર્ષે મેળો પણ ભરાય છે. તે મુજબ ચાલુ વર્ષ પણ આ મેળો ભરવાનો હોવાથી મોટી સંખ્યામા યાત્રાળુઓની અવર-જવર રહે છે. તેથી આ સમય દરમ્યાન લોકોના જાહેર આરોગ્યને નુકશાન ન થાય તે અને ચેપીરોગોનો ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલાં લેવાનું ઈષ્ટ જણાતા હું રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જીલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ આંક-૨૨ની કલમ-૪૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું. તા. ૫-૩-૯૪થી તા. ૧૨-૩-૯૪ સુધી જુનાગઢ સુધરાઈ વિસ્તાર તેમજ તેની આજુ-બાજુના આઠ કીલોમીટરના વિસ્તારમાં ભવનાથ ગ્રામ પંચાયત સહીતના આઠ કીલોમીટરના વિસ્તારમાં તા. ૫-૩-૯૪ થી તા. ૧૨-૩-૯૪ સુધી પીવાના પાણી પરત્વે માણસોને પીવાના પાણીના ઉપયોગમાં ન આવે તેવા કૃત્યો કરવા નહીં. જાહેર આરોગ્ય નુકશાન થાય તેવી રીતે ખાદ્યપદાર્થો ખુલ્લા રાખી.વેચાણ કરવ , કરાવવું નહિ. જાહેરઆરોગ્ય ખાતાના કર્મચારીઓ તરફથી મળતી સુચના વિરૂધ્ધ ગંદકી કરવાની અગર તો ખાતાના કર્મચારીઓ તરફથી મળતી સુચના વિરૂધ્ધ ગંદકી કરવાની અગર તો રકતપીત જેવી ચેપીરોગવાળા શખ્સને દાખલ થવાને મનાઈ કરવામાં આવે છે.

ઉપરોકત બાબતે દેખરેખ રાખવામાં અને યોગ્ય પગલાં લેવા જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી જુનાગઢ, તથા તેઓશ્રીએ નિયુકત કરેલા કર્મચારીઓને અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ ૧૩૯માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૭ માહે ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪

———

INDEX

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-આંક૨૨ ની કલમ-૩૩ ની પેટા-કલમ-૧નું-યુ અન્વયે જાહેરનામું.

જાહેરનામું

નં. એમએજી/શીવરાત્રી/મેળો/૯૪(૩).-જુનાગઢ તાલુકાના ભવનાથ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ ભવનાથ મહાદેવના પ્રાંગણમાં ચાલુ વર્ષે મહાશીવરાત્રીનો મેળો ભરાવાનો છે. જેમાં બહારથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવવા સંભવ છે. જેથી જાહેર સલામતી ખાતર મેળાના આજુબાજુમાં જંગલ વિસ્તાર આવેલ હોય તે જંગલ વિસ્તારમાં પર્યાવરણ તથા લોકોની સલામતી માટે અગ્નિ સળગાવવાનું કે નિયમન કરવાનું ઈષ્ટ જણાતા હું, રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જુનાગઢ, મુંબઈ પોલીસ એકટ-૧૯૫૧ આંક-૨૨ ની કલમ-૩૩(૧)-યુ અન્વયે મેળો અધિકારની રૂઈએ નીચે મુજબ ઠરાવું છું.

(૧) ભવનાથ ગ્રામ પંચાયત હદ બહાર આવેલા જંગલ વિસ્તારમાં કોઈપણ ઘાસ અથવા લાકડા જેવી વસ્તુમાં દેવતા મુકવાની અથવા તે જંગલમાં ચૂણી કરવાની બાળવાની અથવા સળગેલ અગ્નિ નાંખવાની કે આતશબાજી સળગાવવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૫-૩-૯૪ થી અમલમાં આવશે અને ૧૨-૩-૯૪ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિ-૧૯૫૧ આંક ૨૨ ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૧૭ માહે ફેબ્રુઆરી-૧૯૯૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪.

---

## સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક ૨૨ ની કલમ ૩૩ (૧) (બી) અન્વયે જાહેરનામું

### જાહેરનામું

ક્રમાંક: એમએજી/શીવરાત્રી/મેળો/૯૪(૧),—જુનાગઢ તાલુકાનાં ભવનાથ ગ્રામ પંચાયત વિસ્તારમાં ભવનાથ મહાદેવનાં મંદિરનાં પ્રાંગણમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ શિવરાત્રીનો મેળો ભરાવાનો હોવાથી આ મેળામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવવા સંભવ હોવાથી ટ્રાફીક સારા પ્રમાણમાં રહેતો હોવાથી ટ્રાફીકનું નિયંત્રણ કરવાનું સાચવચેતીના પગલાં તરીકે અનિવાર્ય જણાતાં હું, રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જુનાગઢ મને મળેલ અધિકારની રૂઈએ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ આંક—૨૨ની કલમ—૩૩ની પેટા-કલમ ૧બી અન્વયે નીચે જણાવેલ વિગતેના રસ્તા તા. ૫-૩-૯૪થી તા. ૧૨-૩-૯૪ સુધી (બંને દિવસો સહીત) સદ્‌ તર બંધ કરવાનું ફરમાવું છું.

(૧) ઉંટગાડી, બળદગાડી, ઘોડાગાડી, સાયકલ, મોટર, સાયકલ મોપેડ, સ્કુટર, જેવા નાના વાહનો ગિરનાર દરવાજાથી ઉપર જવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૨) રૂપાયતન નાકાથી એટલે કે રૂપાયતનના બોર્ડ પાસે સીટી બસ સ્ટેન્ડથી ભવનાથ તરફ તમામ વાહનો કાર પાસ અને ફરજ ઉપરના પોલીસ વાહનો સિવાયના વાહનોની પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૩) ધારાગઢ દરવાજાથી આવતાં વાહનો જેવા કે મોટી બસ, પરેશ જોષીની વાડીમાં પાર્ક થશે. તે સિવાયના મોટર તથા વધારાના નાના વાહનો શ્રી વાઘેશ્વરીની સામે આવેલી ગાડીમાં પાર્ક થશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિ-નિયમ—૧૯૫૧ આંક—૨૨ની કલમ—૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે. આજ તા. ૧૭ માહે—ફેબ્રુઆરી-૧૯૯૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ માહે માર્ચ સને ૧૯૯૪.

---

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-આંક-૨૨માંની કલમ-૩૩ પેટા-કલમ ૧ (બી) અન્વયે જાહેરનામું

### જાહેરનામું

ક્રમાંક:એમએજી/શીવરાત્રી/મેળો/૯૪(૨).—ચાલુ સાલે જુનાગઢ તાલુકાના ભવનાથ ગ્રામ પંચાયતમાં ભવનાથ મહાદેવનાં મંદિરનાં પ્રાંગણમાં 'શીવરાત્રીનો મેળો' ભરાવાનો છે. તેમાં ભવનાથના મેળા તરફ જવાના રસ્તે તથા ગીરનાર પર્વત પર મોટી સંખ્યામાં યાત્રાળુ-ઓની અવર-જવર થવાની હોવાથી લોકોની સલામતી માટે લોકોના અવરજવરનું નિયમન કરવાનું ઈષ્ટ જણાતા હું, રાજેન્દ્ર બી. દવે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ રસ્તાઓ પર લોકોની અવરજવર કરવા માટે નીચે દર્શાવ્યા પ્રમાણેના રસ્તા એકમાર્ગીય (વનવે) રાખવાનું ઠરાવું છું.

INDEX

| ક્રમ | જાહેરનામા અમલની તારીખ તથા સમયગાળો બન્ને દિવસો સહીત. | રસ્તાની વિગત. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| (૧) | તા. ૫-૩-૯૪ થી ૧૨-૩-૯૪ સુધી સવારના ૭-૦૦ થી સાંજના ૧૭-૦૦ સુધી. | મહાશીવરાત્રી મેળા દરમ્યાન યાત્રાળુઓ ગીરનાર ઉપર અંબાજીના મંદિર સુધી જવા મુખ્ય સીડી ઉપરથી જશે અને મુખ્ય સીડી ઉપરથી ગીરનાર તળેટી નીચે ઉતરવા માટે બંધ રહેશે. |
| (૨) | —સદર— | પાછા વળતર ગૌમુખીની જગ્યાની બાજુમાંથી નીચે ઉતરની સીડી જે ભરત વન શેસવનના રસ્તેથી નીચે ઉતરાય છે. યાત્રાળુઓને તે ઉતરવા માટે ખુલ્લો રહેશે. પરંતુ ગીરનાર તળેટીથી ચઢવા માટે બંધ રહેશે. |
| (૩) | તા. ૫-૩-૯૪ થી રાત્રે ૨૦--૦૦ કલાકથી તારીખ ૧૨-૩-૯૪ થી સવારના ૧૦--૦૦ વાગ્યા સુધી. | મહાશીવરાત્રીના મેળા વખતે આવનાર યાત્રાળુઓ વડલી ચોક સુધી આવ્યા પછી વડલી ચોકથી ડાબી બાજુ ભવનાથ મંદિરથી મંગલનાથ બાપુની જગ્યા તરફ જઈ શકશે અને સામેથી આવી શકશે નહિ. |
| (૪) | તા. ૫-૩-૯૪ રાત્રીના ૨૦-૦૦ કલાકથી તા. ૧૨-૩-૯૪ સવારના ૧૦-૦૦ સુધી. | ગીરનાર તળેટીથી પાછા વળતા અને ભવનાથ મંદિરથી મંગલનાથ બાપુની જગ્યા તરફ આવતાં યાત્રાળુઓ સીધા રસ્તા તરફ. ડાબી બાજુને રસ્તે વડલી ચોક આવી શકશે. અને મંગલનાથ બાપુની જગ્યાથી સીધા ભવનાથ મંદિર તરફ જઈ શકશે નહિ. |

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિ-૧૯૫૧ આંક-૨૨ ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ આજરોજ તા. ૧૭ ફેબ્રુઆરી-૧૯૯૪ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ મહે ફેબ્રુઆરી સને ૧૯૯૪.

રાજેન્દ્ર બી. દવે,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) તળેનું જાહેરનામું**

કમાંક નં. ડીએમ/ડીસીઓચ/૪૯૪/૯૪-- જીલ્લામાં પ્રર્વતમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં. તેની તકેદારી માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયારબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી, જામનગરે ભલામણ સાથે દરખાસ્ત કરેલ છે.

જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાય છે તેથી હું, એન. જે. દેસાઈ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ જામનગર--મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૯/૨/૯૪ના ૦૦-૦૦ કલાકથી તા. ૨૩-૨-૯૪ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) કોઈએ,

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થ લઈ જવા નહીં.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાનાં યંત્રો સાથે લઈ જવા નહીં.

(૪) મનુષ્ય અથવા શબો અથવા આકૃત્તિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહીં.

(૬) જેનાથી સુરૂચીનો અને શાંતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં.

પરિશિષ્ટ

"જામનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર."

નીચની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર સરકારી અધિકારીઓ કે કર્મચારી કે હોમ-ગાર્ડઝ ગ્રામરક્ષકદળના સભ્યો કે જેમને ઉપરોકત વસ્તુઓ ફરજ નિમિતે રાખવાની આવશ્યકતા હોઈ તેને.

(૨) પોલીસ ઈન્સપેકટરથી ઉતરતા દરજજાના ન હોય તેવા પોલીસ અધિકારીઓને.

(૩) જેમને શારીરીક અશકિતને કારણે લાકડી રાખવાની પરવાનગી આપેલ હોઈ તેને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી આપતા શખ્સને.

(૬) યજ્ઞોપવિત આપાનું હોય તેવા બળવાઓને દંડ રાખેલ હોઈ તેને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

આ જાહેરનામાના કોઈપણ ખંડના ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧(૧) મુજબ દંડની પણ સજા થશે.

INDEX

આ જાહેરનામાની પ્રસિધ્ધિ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીને તેમજ સ્થાનીક વર્તમાન-પત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૮માહે ફેબ્રુઆરી, સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવું.

એન. જે. દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર.

---

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ના મુંબઈના આંક—૨૨માંની કલમ--૩૭ ની પેટા કલમ—૩ હેઠળ હુકમ.

જાહેરનામું

નં.એમ એ જી /સી/૨૬૨/(૨)/૯૪.—હાલમાં ભારતીય કિસાન સંઘ તરફથી વીજદરમાં ખાતરકુડ, ઓઈલના ભાવ વધારાના બાબતે આંદોલનો તથા દેખાવો યોજવાનું ચાલુ છે અને આ આંદોલન-કારો સામે ઘણા ગુન્હાઓ દાખલ કરવામાં આવેલા છે હજુ આ આંદોલનનો અંત આવેલ નથી. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરમાં રાખીને સુલેહશાંતિ જળવાય અને કોઈપણ જાતનો અનિચ્છનિય બનાવ બને નહીં તે હેતુ માટે પોલીસ અધિ. શ્રી જુનાગઢ જીલ્લા પોલીસ વિસ્તારમાં વ્યકિતઓની કોઈ-પણ મંડળીને સરઘસની મનાઈ તા. ૨૦--૧--૯૪ થી તા. ૨--૨--૯૪ સુધી કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ હેઠળ સને—૧૯૫૧ નાં મુંબઈના આંક--૨૨ માંની કલમ -૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ, હું, રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જુનાગઢ, આથી જીલ્લા પોલીસ અધિકારીશ્રી જુનાગઢ કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં તા. ૨૦-૧-૯૪ થી તા. ૨--૨--૯૪ સુધી બંન્ને દિવસો સહિત સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈપણ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવા ગૃહરક્ષક દળની મંડળીને
(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
(૩) કોઈ લગ્નના વરઘોડાને,
(૪) જીલ્લા પોલીસ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી લઈને.

નાં. એમએજી/સી-૧૭૫/૯૪.—**આચાર્યશ્રી** એસ.આર.પી. તાલીમ કેન્દ્ર ચોકીનાં પત્ર **ક્રમાંક જાવક નંબર** ૧૦૭/ફાયરીંગ/૧ તા.૧૬-૫-૯૪થી હાલ તા. કેન્દ્ર તાલીમ લઈ રહેલ તાલીમાર્થીઓનું ૩૦૩ રાયફલનું ફાયરીંગ દોલતપરા બટ ઉપર તા. ૧૮-૫-૯૪ થી તારીખ ૨૨-૫-૯૪ સુધી લેવાનું નક્કી થતાં અહીંને જણાવેલ છે.

સબબ, ઉપરોકત ફાયરીંગ દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર જવર ભયજનક જણાતાં હું આર.એમ. છાંયા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,જુનાગઢ જીલ્લો, જુનાગઢ સને ૧૯૫૧ના મંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ ના કલમ-૩૩/૧/બી/ હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૧૮-૫-૯૪ થી તા. ૨૨-૫-૯૪ સુધી સવારના ૬-૩૦ થી ૧૬-૩૦ વાગ્યા સુધી દોલતપરા બટ તાલુકા જુનાગઢનાં ફાયરીંગ બટના વિસ્તારમાં પૂર્વભાગે-૧ ફલાંગ, પશ્ચીમ ભાગે-૧ ફલાંગ તથા ઉપર ભાગે-૩ ફલાંગ તથા દક્ષીણ ભાગે-૧ ફલાંગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડના ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૭ માહે મે '૯૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જુનાગઢ, ૧૭ માહે મે સને ૧૯૯૪

---

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪(૧) અન્વયે જાહેરનામું

જાહેરનામું

નાં.એમ.એજી/સી/૧૮૫/૯૪.—આગામી તા. ૨૨-૫-૯૪ના રોજ મુસલમાન ભાઈઓનો પવિત્ર તહેવાર "બકરી ઈદ" આવે છે. તેથી સદરહુ તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જળવા



INDEX

માટે અને સુલેહશાંતી જાળવવા સારૂ તાત્કાલીક પગલાં લેવાનું ઈષ્ટ જણાતા તા. ૨૧-૫-૯૪ થી તા. ૨૩-૫-૯૪ સુધી બન્ને દિવસો સહીત ૩ દિવસ પુરતે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ સને ૧૯૭૪ ના અધિનિયમ-નંબર ૨ ની કલમ-૧૪૪(૧) હેઠળ કોઈપણ ઢોર, પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું ઈષ્ટ જણાય છે.

આથી, ઉપર દર્શાવેલ દિવસોમાં કોઈપણ કતલખાનાની બહાર જાહેર જગ્યાની સ્થળે, ગાય, આંબલા, બળદ, પાડા, ભેંસ વાછરડી, અને વાછરડાની કતલને કારણે તેમજ કોઈ શેરી કે સ્થળે દેખાઈ તે રીતે અન્ય કોઈપણ પશુની કતલને કારણે જાહેર સુલેહ-શાંતિનો ભંગ થવાનો સંભવ છે. અને ફોજદારી કાર્યરીતી અધિ-નિયમ-૧૯૭૩ સને ૧૯૭૪ ના અધિનિયમ-નં. ૨ ની કલમ-૧૪૪(૧) હેઠળ પગલાં લેવા માટેનું પુરતું કારણ છે. અને તે તાત્કાલીક અટકાવવું ઈચ્છનીય છે.

તેથી હું આર. એમ. છાયા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લા, જુનાગઢ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ સને ૧૯૭૪ ની અધિ. નં. ૨ ની કલમ-૧૪૪(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે જુનાગઢ જીલ્લા પોલીસ જીલ્લા તથા પોરબંદર પોલીસ જીલ્લાના તમામ તાલુકાના શહેરો કે ગ્રામ્યો તથા ગામડાઓના વિસ્તારમાં કોઈપણ વ્યકિતને તા. ૨૧-૫-૯૪ થી તા. ૨૩-૫-૯૪ સુધી (બન્નં દિવસો સહીત) કતલખાનની બહારના કોઈ જાહેર કે ખાનગી સ્થળે ગાય, આંબલા, પાડા, ભેંસ, વાછરડા, વાછરડીની કતલ કરવી નહિ. અથવા જાહેર સ્થળોએ દેખાઈ તે રીતે પશુની કતલ કરવી નહિ.

આ જાહેરનામાના ભંગ કરનાર ઈ.પી. કો. ક. ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૭-૫-૯૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

---

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિક-આંક-૨૨ની કલમ-૩૩(૧)એમ હેઠળ જાહેરનામું.

નં.એમએજી/સી/૨૩૪૨/૯૪.—વહીવટદારશ્રી નગરપાલિકા, બગસરા ના તા. ૧૩-૪-૯૪નાં પત્ર નં. બીઓનપી/૫/પુ/વશી/૮૨૬/૯૪થી અત્રેને જણાવેલ છે કે ચાલુ સાલે મુઝીયાસર જળસિચન યોજનાના જળાશયમાં પાણીનો જથ્થો ખુબજ ઓછા પ્રમાણમાં હોય આ પાણીનો જથ્થો બગસરા શહેરના નાગરીકોને પીવાના હેતુ માટે અનામત રાખવાનો હોય તેમજ આજુબાજુના લોકો આ પાણીની ચોરી તેમજ બિનપરવાનગીએ વાવેતર વિગેરે પ્રવૃત્તિ ન કરે, તે માટે આ જીલ્લાના વિસાવદર તાલુકામાં આવતાં તળીયાટાના વિસ્તારને પ્રતિબંધીત વિસ્તાર તરીકે જાહેર કરવા જણાવેલ છે. હાલની પરિ-સ્થિતિને અનુલક્ષીને મુઝીયાસર જળસિચન યોજનાના ડેમના તળાવ-તળીયાને પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવા અત્રે જણાવેલ છે. આ ડેમનો હાલનો ઉપલબ્ધ જથ્થો પીવાના હેતુ માટે અનામત રાખવા માટે ડેમમાં હાલ જે પાણીનો જથ્થો ઉપલબ્ધ છે તે જથ્થામાંથી અસામાજીક અને માથાભારે તત્વો પ્રવેશ કરી ડેમના વિસ્તારમાંથી કુદીયા કરી એન્જીન પંપ મૂકી ડેમમાંથી કે ડેમના સરકારી કુવામાંથી સીધી કે આડકતરી રીતે પાણીની ચોરી ન કરે, કરાવે તે હેતુથી મુઝીયાસર ડેમનો વિસ્તાર પ્રતિબંધી (પ્રોહીબીટેડ) વિસ્તાર જાહેર કરવા અત્રેને" જણાવેલ છે.

સબબ ઉપરોકત મુઝીયાસર ડેમ માંથી અન્ય કોઈ હેતુ માટે અન-અધિકૃત રીતે પાણી ચોરી થવા ન પામે તે માટે તેમજ ડેમમાંથી અન-અધિકૃત રીતે પાણી ન ખેંચવા માટે ઉપરોકત વિસ્તારમાં લોકો તથા અન્ય કોઈપણ વ્યકિતને ડેમના આ પુબાજુના વિસ્તારમાં દાખલ ન થવા હું આર.એમ. છાયા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ સને ૧૯૫૧ના મુબઈ પોલીસ અધિ-આંક-૨૨ની કેકલમ-૩૩(૧) એમ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉપરોકત વિસ્તારમાં કોઈપણ વ્યકિતને તેમજ વાહનોને એન્જીન પંપ મૂકી ડેમમાંથી કે ડેમના સરકારી કુવામાંથી સીધી કે આડકતરી રીતે પાણીની ચોરી ન કરે, કરાવે તે હેતુથી મુઝીયાસર ડેમનો વિસ્તાર પ્રતિબંધીત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

આ જાહેરનામાનો કોઈપણ ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિ-૧૯૫૧ની કલમ-૧૩માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૭-૫-૯૪ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ. આ જાહેરનામું તા. ૩૧-૭-૯૪ સુધી અમલમાં રહેશે.

જુનાગઢ, ૧૭ માહે મે સને ૧૯૯૪

આર. એમ. છાંયા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો, જુનાગઢ.

---

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૮૫(૧)મુજબજાહેરનામું

નં./એડી.એમવશી/૧૯૧૧/૪૫ ૮૪.—આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે પોલિસ ઈન્સ્પેકટર શ્રી એ તથા સી. ડીવીઝન ભાવનગર તરફથી નીચે જણાવેલ દાગાલ બીનવારસી તરીકે મળી આવતાં મુદામાલ બિનવારસી હોવા થી સને ૧૯૫૧નાં મંબઈ પોલિસ એકટની કલમ ૮૩(૨) અન્વયે નિકાલ કરવા આ કચેરીને લખવામાં આવેલ છે. જેથી સદરહુ એકટની કલમ ૮૫(૧) અન્વયે જાહેર કર-વામાં આવે છે કે નીચ મુજબ મુદ્દા ઉપરિકતનોની જે કાંઇ શખ્સ માલિક હોવાનો દાવો ધરાવતાં હોય તેમને આ જાહેરનામાની તારીખ છમાસની અંદર પુરાવા સહિત આ કચેરીએ રૂબરૂ હાજર થવું. સદરહુ મુદત દરમ્યાન જો કોઈપણ માલિક હાજર થશે નહિ તો સદરહુ અધિનિયમ કલમ ૮૭ અન્વયે મુદામાલનો નિકાલ કરવામાં આવશે તેની નોંધ લેશો.

| અનં. | મુદામાલની વિગત | કિંમત |
|---|---|---|
| | | રૂા. |
| ૧ | એક લેડીઝ સાયકલ જેનો ફ્રેમ નં ૦૯૯૦ ફીલીપ્સ કું. | ૧૫૦- |
| ૨ | જેન્ટસ એટલસ કું. સાયકલ જેનો ફ્રેમ નંબર વાંચી શકાય તેમ નથી લીલા અંગે રંગેલી છે. | ૧૫૦- |
| ૩ | જેન્ટસ સાયકલ જેનો ફ્રેમ નંબર ૯ એમ. એમ. ૧૩૭૫ કાળા રંગની ગ કરેલી હેન્ડલ પર નામ મનજી મોહન કાબડ પાણી ણા લખેલ છે. | ૨૦૦/- |
| ૪ | એક લેડીઝ સાયકલ ૨૨"ની ઈઝની કાળા રંગની જેનો ફ્રેમ નંબર ૧૦૪૧ ૭૮૪૪ છે. | ૧૫૦/- |
| ૫ | એક હીરો સાયકલ કાળા રંગની ૨૪ ની સાઈઝની જેનો ફ્રેમ નંબર ૬૯ ૫૭૨૧ છે | ૨૦૦/- |
| ૬ | સાયકલ એક લેડીઝ ૨૦"ની સાઈઝની મરુન કલરની જેનાં ફ્રેમ નં. એફ.આઈ એમ. ૫૦૦૩૦ છે. | ૨૦૦/- |

INDEX

ઉપર મુજબ કાનૂ ૧ થી ૫ સુધીનો મુદામાલ 'સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ છે અને અનુ. નં. ૬ નો મુદામાલ 'એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ છે. આ મુદામાલ જેઠ શકાય તે રીતે જે તે પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ છે. તો સર્વે લોકોને જાણ કરવામાં આવે છે.

ભાવનગર, ૩૧ માહે મે સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
સીટી મામલતદાર, ભાવનગર.

---

જાહેરનામું

બિન-વારસી કેસ નં. ૧/૯૨ તથા ૨/૯૨

શ્રી પોલીસ ઈન્સ્પેકટર તરફથી તેમના જાવક નંબર ૧૪૩૭૯/૯૧ તા. ૩૦--૧૨--૯૧, થી નીચે જણાવેલ બિનવારસી મિલકત બોમ્બે પોલીસ એકટની કલમ-૮૨ ક્રિ.પ્રો.કો.કો.ક.--૫૨ હેઠળ અહીંની સત્તાની રૂએ નિકાલ થવા રજુ કરવામાં આવેલ છે. આ કાયદા અન્વયે આ અંગેની વિધિની સત્તાઓ શ્રી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ સુરેન્દ્રનગરનાં પરિપત્ર નં. એજા.એ.જી.-૬૬, તા. ૩૦--૧૦--૬૬ અન્વયે અમોને સત્તા મળેલ છે.

સબબ આથી જાહેરાત કરવામાં આવે છે કે નીચે જણાવેલ મિલકત અંગે જે કોઈ ઈસમ પોતાનો હકક-હિત ધરાવતાં હોય તેમણે આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી છ માસની અંદર પોતાનો હકક-હિત અંગે આધાર-પુરાવા અને ખાત્રી સાથે રજુઆત કરવી.

સદરહું મુદત દરમ્યાન કાંઈ ઈસમ તરફથી હકીકત અંગે ઉપર મુજબ રજુઆત નહીં થાય તો સદરહું મિલકત બોમ્બે પોલીસ એકટની કલમ-૮૬ હેઠળ મહાલ ગણી જાહેર હરાજી કરી કલમ--૮૬ ૮૭ની જોગવાઈ હેઠળ ઉ જ સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે

મિલકતનું વર્ણન

(૧) લુનાં સુપર મોટર સાયકલ જે વાદળી કલરનું છે. જેનો નં. જી.બી.ઓ.-૪૮૧૯ છે. ચેસીસ નં. ૧૨૦૧૦૬૭૪ છે. જુના જેવી કાળા કલરની સીટ છે. કિંમત રૂ. ૪૦૦૦--૦૦

બી. વી. કે. નં. ૨/૯૨

(૨) એટલાસ કાં.ની કાળા કલરની સાયકલ ૨૨"ની સાઈઝ જેનો ફ્રેમ નંબર--બી.ટી.-૧૫૯૨૭૨ છે.
૧ (એક) કિંમત રૂ. ૪૦૦--૦૦

(સહી) અવાચ્ય,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
વઢવાણ તાલુકા.

વઢવાણ, તા. ૧૬-૧૧-૯૩/૨૦-૫-૯૪.

---

જાહેરનામું

નં. વહટ-બીનવારસી--૪૪૫/૯૪.- આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ સબ-ઈન્સ્પેકટર-શ્રી બજાણાએ તેમના તા. ૧૯/૪/૯૪ના પત્રથી નીચે જણાવેલા મુદામાલ આવેલ હોવાથી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ એકટની કલમ-૮૨ અન્વયે નિકાલ થવા માટે આ કોર્ટમાં મોકલવામાં આવેલ છે. જેથી સદરહું એકટની કલમ ૮૧(૧) અન્વયે જરૂર ફરમાવવામાં આવે છે કે નીચે જણાવેલ મુદામાલ તે જે કોઈ તેનો માલીક હોવાનો દાવો ધરાવતો હોય તેણે આ જાહેરનામાની તારીખથી ત્રણ માસની અંદર તે મુદામાલ પોતાની માલીકીનો છે તેવા તમામ આધાર પુરાવા સાથે આ કોર્ટમાં અમારા રૂબરૂ હાજર થવુ સદરહું મુદતમાં જો કોઈ માલીક થશે નહીં તો સદરહું મુદામાલની જાહેર લીલામથી હરરાજી કરી તેની જે કિંમત ઉપજે તે સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે જેની નોંધ લેવી.

મુદામાલનું વર્ણન

| મુદામાલની વિગત | જણસની સંખ્યા | કિંમત |
|---|---|---|
| ૧. રાજદુત મોટર સાયકલ નંબર વગરનું. | ૧ | ૭૦૦૦/- |

પાટડી ૨૮/૩૦ માહે મે સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
પાટડી.

---

જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ દ્વારા

વંચણે લીધાં :

(૧) સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનું તા. ૩--૩-૧૯૯૧નું જાહેરનામું.

(૨) શ્રી કમિશનર સાહેબ ,કુટિર અને ગ્રામોદ્યોગ, ગ.રા. ગાંધીનગરનો તા. ૧૬-૧-૯૧નો પત્ર ક્રમાંક: સહક/ચ/૩૨૭૩/૯૩.

(૩) સબ-ઓડીટરશ્રી, સ.મં. (ઉ.) સુરેન્દ્રનગરનો તા. ૧૧-૧૦-૯૩નો આસ સહેવાલ.

(૪) અત્રેની કચેરીની તા. ૧૦-૧૧-૯૩ની કારણદર્શક નોટીસ ક્રમાંક: ફડચ/૭૯૩/૬૪૩/૯૩.

(૫) અત્રેની કચેરીનો તા. ૬-૪-૯૪નો વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

જા.નં. જીઉકે/સુરે/ફડચ/૩૧૨/૯૪.— હું, એમ. ડી. ચૌહાણ, મેનેજર (કે.વી.સી.આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉદ્યોગ) સુરેન્દ્રનગર મને પ્રાપ્ત અધિકારની રૂએ આથી ઉપરોકત સંદર્ભ-૫ -ની વિગતે કરાયેલ અત્રેની કચેરીનાં તા. ૬-૪-૯૪નાં આદેશથી શ્રી દિવ્ય જ્યોત વણકર સહકારી મંડળી લી., ઝેઝરા, તા.દશાડા, જી. સુરેન્દ્રનગરને આટોપી લેવા અંગે ગુજરાત સહકારી અધિનિયમની કલમ ૧૦૩(૧)(ક) મુજબ કે જે વચગાળાનો આદેશ કરેલ તે સંબંધમાં પ્રસ્તાવનામાં વિગતે કરેલ તમામ વિગતોને ધ્યાને લઈ સદર કરાયેલ હુકમને કાયમ કરવા સંબંધમાં સદર અધિનિયમની કલમ ૧૦૮(૩) અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અન્વયે શ્રી દિવ્ય જ્યોત વણકર સ.મં.લી. ઝેઝરા, તા. દશાડાને આટોપી લેવાના કરાયેલ તા. ૬-૪-૯૪નાં વચગાળાના આદેશને બહાલ રાખી સદર મંડળીને આટોપી લેવા અંગે આ અંતિમ આદેશ કરૂ છું. સદર અધિનિયમની કલમ ૧૦૮(૧) અનુસાર પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરેન્દ્રનગરની નિમણુંક ચાલુ રાખવાનો આથી આદેશ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨ માહે જુન, સને ૧૯૯૪.

એમ. ડી. ચૌહાણ,
મેનેજર (કે. વી. સીઆઈ) અને જિલ્લા
રજિસ્ટારશ્રી, સ.મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ
કેન્દ્ર સુરેન્દ્રનગર

---

INDEX

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંક: ધ-ખ-૧૪૮-ડીસીએ/૧૧૮૨/૭૪૨/પીએસ/૩, તા. ૨૧-૭-૮૨.

(૨) આ કચેરી તરફની બહાર પાડવામાં આવેલ જાહેરનામાં ક્રમાંક: સહક/મ/વશી/૫૬૫/થી ૫૬૯૯૪ તા. ૨૫/૪/૯૪

(૩) સહકારી અધિકારી (ફરચા-૧) લગત જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં. જુ.નગરના પત્ર નાં. ક્રમાંક:ચ ૧૧૯-૪૪૧૯/૧૯૯૪, તા. ૨૩-૫-૯૪.

આદેશ

નં.સહક /બ/વશી/૮૫૪થી૮૬૧/૯૪.—આથી હું, એમ.પી. રાઠોડ, મદદનીશ જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ (પંચાયત) સુરેન્દ્રનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ક્રમાંક:-૧૦) ૧૯૬૧ની કલમ ૯-ખ-ની જેગવાઈ મુજબ સદરહું કલમ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત શ્રી મુંજપર ગામની સેવા સહકારીમંડળી લી., મું.મુંજપર,તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગરને પુનઃજીવીત કરવાનો આદેશ કરૂં છું.

મંડળીની અગાઉની નોંધણીનો નંબર, તારીખ, ગામ તથા ચેટા નિયમો વિગેરે જેમના તેમ ચાલુ રહેશે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે મે સને ૧૯૯૪.

એમ. પી. રાઠોડ.
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ(પંચાયત),
સુરેન્દ્રનગર.

———

જીલ્લા રજીસ્ટ્રાર સહકારી, મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં સને-૧૯૬૧ના અધિનિયમની કલમ—૧૯ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનાં સને-૧૯૬૫ના કાનુન-૧૦ની જોગવાઈઓ.

(૩) ગુજરાત સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક: હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨ય/ગ, તા. ૨૨-૩-૮૪.

(૪) ફરચા અધિકારીશ્રી, ભાગ્યલક્ષ્મી મજુર સહકારી મંડળી લી. મુંજપુર, તથા સહકારી અધિકારી (ફરચો-૨) લગત આ કચેરીના પત્ર નાં. ફરચ/૪/૨/૧૨૭/૯૪, તા. ૨૪-૨-૯૪.

(૫) આ કચેરીની જાહેર સુચના ક્રમાંક: ફરચ/ખ-૪/છ/૧૮૦૨/ તા. ૩૦-૩-૯૪.

આદેશ

નં. ફરચ/ખ-૪/છ/૧૭૭/૯૪-૯૫,—આથી હું, પી. એમ. રાવલ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, સને- ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓનાં અધિનિયમથી મને મળેલ અધિકારની રૂએ શ્રી ભાગ્યલક્ષ્મી મજુર સહકારી મંડળી લી. મુંજપુર, તા. માંગરોળ, જી. જુનાગઢ, કે જે નોંધણી નંબર-૧૮૬૧ તા. ૬/૪/૮૩થી નોંધાયેલ છે. તેને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ—૧૮ તથા ગુજરાત સહકારી મંડળીઓનાં સને-૧૯૬૫ના કાનુન--૧૦ની જોગવાઈ મુજબ નીચેની શરતોને પુનઃજીવીત કરવાનો અંતીમ આદેશ કરૂં છું.

શરતો :

(૧) મંડળીના હિસાબો લખવા માટે તાલીમી મંત્રીની નિમણું ક કરવાની રહેશે. જેને હિસાબો નીયમીત લખવાના રહેશે.

(૨) કાયદા-કાનુન મુજબ અને ચેટા નિયમો પ્રમાણે મંડળીનો વહીવટ ચલાવવાનો રહેશે. તેમજ મજુર મંડળીએ લખવાના રહેતા તમામ રજીસ્ટરો, પત્રકો, લખવાના રહેશે.

(૩) દરેક સભ્યે રૂ. ૫૦/-થી ૧૦૦--એકત્ર કરી તેટલી રકમના શેર ખરીદવાનાં રહેશે.

(૪) ઓડીટ પેન્ડીંગ કરાવવા અને ઓડીટ નોંધની વાસ્તવીક, દુરસ્તી કરી ઓડીટ દુરસ્તી અહેવાલ સબમીટ કરે તે ઓડીટરશ્રીને મોકલી આપવાનો રહેશે.

(૫) આગામી ત્રણ વર્ષના સભાસદ સંખ્યા—શેર ભંડાળ તપાસી-મંડળીની આર્થીક સ્થીતી સુધ્ધર થાય તે રીતે આયોજન કરી કામગીરી કરવાની રહેશે. લાલની ખોટ-નિવારવાની રહેશે.

(૬) મંડળીની નવી ચૂંટાનારી વ્યવસ્થાતીએ સક્રીય રસ લઈ મંડળી તેના ઉદ્દેશો મુજબની કામગીરી કરે કામો મેળવે, સભ્ય સદોને રોજીરોટી મળી રહે. તે માટે સઘન પ્રયાસો કરતાના રહેશે. તેમજ મંડળીની આર્થીક સ્થિતી સંતોષકારક અને સુધ્ધર બને તે રીતે કાર્યક્રમ ગોઠવી કામગીરી કરવાની રહેશે.

(૭) મંડળીના તમામ સભાસદોને મંડળી ચલાવવામાં પુરતો રસ તેમજ ઉત્સાહ દાખવવાનો રહેશે.

જુનાગઢ, ૧૩ માહે મે સને ૧૯૯૪.

પી. એમ. રાવલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

———

વંચાણે લીધાં :—

(૧) નામદાર ગુજરાત સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં જાહેરનામાં ક્રમાંક-ધ્રખ/૨૪-૯૧/ડીડીસી-૧૧૮૮-૫૨૦૪-જે, તા. ૩૦-૩-૯૧.

(૨) આ કચેરીનાં ફરચામાં લઈ જવાનાં અંતીમ આદેશ નં. ફરચ--૨/૯૧૭, તા. ૧૮-૧૧-૯૯.

(૩) મંડળીનાં સભાસદોની તા. ૩-૬-૯૧ તથા તા. ૩-૧૦-૯૪નાં પત્રો દ્વારા મંડળીને પુનઃ જીવીત કરવાની રજુઆતો.

(૪) ફરચા અધિકારી તરફથી તેમના પત્ર નં. ફરચ/સખ-૩/૯૯/ સને ૯૪, તા. ૯-૫-૯૪થી મંડળીને પુનઃજીવીત કરવા અંગેની દરખાસ્ત.

(૫) સહકારી કાયદા ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ.

INDEX

હુકમ

ક્રમાંક—ફડચ-ધ-૨/૧૦૩૬ થી ૧૦૫૧/૯૪.—હું, પી. ડી. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ રાજકોટ, મને વંચાણે પારા ૧,ના જાહેરનામાથી મળેલ સત્તાઓ તથા વંચાણે પારા-૫ મુજબ સહકારી કાયદાની કલમ-૧૯ની જોગવાઈઓને આધીન શ્રી મોવિયા ગોપાલક વણાહત સહકારી મંડળી લી., મુ. મોવિયા તા. ગોંડલ જીલ્લા રાજકોટને પુનઃજીવીત કરવા આદેશ કરું છું.

રાજકોટ, ૧૮ માહે મે સને ૧૯૯૪.

———

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા નં. ૩૮-૨૮-૮૪-ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪.

(૨) ખેતીવાડી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નંબર / ધખ/૨૪/૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે, તા. ૩૦/૩/૯૧.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭-ક(૩) તથા ૧૦૮(૧)(૨)ની જોગવાઈઓ.

(૪) આ કચેરીના ક્રમાંક ફડચા/ધ-૨ ૭૯૭થી ૮૦૨ તા. ૧૭/૩૦-૩-૯૪ થી થયેલ વચગાળાનો ફડચાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક:ફડચ/ધ-૨-૧૦૧૨ થી ૧૦૬૪ સને ૯૪.—શ્રી રામ કો. ઓ. હાઉસીંગ સહકારી મંડળી લી., મેટોમારડ તાલુકો ધોરાજી જી રાજકોટ કે જેને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ સંસ્થા બંધ અને અસ્તિત્વ ધરાવતી હોય તેમજ સંસ્થા કાયદો કાનુન પેટા નિયમ મુજબ ચાલતી ન હોય વિગેરે કારણોસર ફડચામાં લઈ જવા માટે ઉકત વંચાણે-૪ વાળા આદેશથી ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ તે સામે કોઈ રજુઆત થયેલ નથી. જેથી તેને તેજ કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ આથી કાયમ કરવામાં આવે છે.

રાજકોટ, ૧૯ માહે મે સને ૧૯૯૪.

———

વંચાણે લીધાં :

(૧) નામ. ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક: ધખ/-૨૪-૯૧-ડીડીસી-૧૧૮૮-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧

(૨) આ કચેરીના ફડચામાં લઈ જવાનાં અંતિમ આદેશ નં. ફડચ/ધ-૨/૬૩૨ થી ૬૪૬, તા. ૧૬-૩-૯૪

(૩) મંડળીના સભાસદો દ્વારા મળેલ ખાસ સા.સભા તા. ૨૦-૩-૯૪ની ખાસ સામાન્ય સભા તથા તા. ૧૦-૨-૯૪ની રજુઆત.

(૪) ફડચા અધિકારી તરફથી તેમના ક્રાંક: ફડચ/સ. આ. ૧/૫૯/૯૪/ તા. ૩૦-૪-૯૪ રજુ થયેલ પુનઃજીવીતની દરખાસ્ત.

(૫) સહકારી કાયદા ૧૯૬૧ની કલમ—૧૯ની જોગવાઈઓ.

(Rjt.) I—5

હુકમ

ક્રમાંક: ફડચ/ધ-૨/૧૦૧૮ થી ૧૦૨૯/૯૪,—હું, પી. ડી. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ મને વંચાણે પારા-૧ ના જાહેરનામાંથી મળેલ સત્તાઓ તથા વંચાણે પારા-૫ મુજબ સહકારી કાયદાની કલમ—૧૯ની જોગવાઈઓને આધીન શ્રી કાજરડા સત્સંગ ઉદ્યોગ સહ. મંડળી લી. મું. કાજરડા, તા. માળીયા મીયાણા, જી. રાજકોટને પુનઃજીવીત કરવા આદેશ કરૂ છું.

રાજકોટ, ૧૨ માહે મે, સને ૧૯૯૪.

પી. ડી. રાવલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, રાજકોટ.

———

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનો સહકાર વિભાગનો તા. ૩૦-૩-૯૧વાળો ઠરાવ.
(૨) ઓડીટર, સ.મં., ભુજનો તા. ૫-૩-૯૩નો ખાસ અહેવાલ.
(૩) મંડળી ઉપર અને મંડળીના વ્યવસ્થાપક કમીટીના સભ્યો ઉપર પાઠવવામાં આવેલ નોટીસની કચેરીની તા. ૧૧-૪-૯૪ની નોટીસ.
(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ—૮૧ અન્વયેની જોગવાઈ.

હુકમ

ક્રમાંક: સ્વન/૦૧/ત/૨૫૦/૯૪, આથી, હું ડો. બી. રોન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ મને મળેલા અધિકારની રૂએ શ્રી માધાપર ગ્રાહક સહકારી મંડળી લી. મુ. માધાપર, તા. ભુજ-કચ્છની વ્યવસ્થાપક કમીટીને વિખેરી નાખી ઉકત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ—૮૧ હેઠળ વહીવટમાં લઈ જઈ સદર મંડળીના વહીવટદાર તરીકે શ્રી આ કચેરીના સહકારી અધિકારી, ગ્રેડ ૧, શ્રી જે.આર. પટેલની બે વર્ષ માટે નિમણુંક કરવા માટે આથી આદેશ કરૂ છું.

ઉકત નિયુકત વહીવટદાર તેમની નિયુકતીના સમય દરમ્યાન તેમની પ્રાપ્ત કાયદેસરની તમામ સત્તાઓ ભોગવી શકશે. તથા મંડળીના પડતર પ્રશ્નોનો ના નિયમસર નિરાકરણ માટેની કાર્યવાહી પણ કરવાની રહેશે. તથા મંડળી કાર્યરત કરી થાય તે માટે સભ્યોને મંડળીના વહીવટમાં રસ લેતા કરી મંડળી નો વહીવટ સભ્યો ફરી સંભાળે તે માટે પણ આવશ્યક પ્રયાસો કરવાના રહેશે તથા થયેલ પ્રગતિની જાણ દર માસે આ કચેરીને કરવાની રહેશે.

વહીવટદારને ચુકવવાના મહેનતાણા બારામાં હવે પછી અલગ હુકમો કરવાના રહેશે.

ભુજ—કચ્છ, ૧૬ માહે મે, સને ૧૯૯૪.

———

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના હુકમ નાં. ધ.-ખ-૨૪-૯૧-ડીડીસી-૧૧૮૮/જે, તા. ૩૦/૩/૯૧
(૨) આ કચેરીના હુકમ ક્રમાંક: ફડચ/૧૫૫/ઝ/૩૨, તા. ૨૦-૧-૯૪વાળો વચગાળાનો હુકમ.
(૩) આ કચેરીની તા. ૧૬-૪-૯૪વાળી નોંધ.

અંતીમ આદેશ

ક્રમાંક: ફડચ/૧૫૫/ઝ/૧૯૩/૯૪, આથી, હું, ડી. બી. રોન., યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-મને સહકારી

INDEX

કાયદા અન્વયે રહેતા અધિકારની રૂએ શ્રી અરૂણોદય કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. ધાંધીયા, તા. ખંભાળિયા, કાયદાની કલમ ૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવા અંતિમ આદેશ કરૂ છું.

ભુજ-કચ્છ, ૧૯ માહે મે સને ૧૯૯૪.

બી. એન. યાજ્ઞીક,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભુજ.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: ધ/૨૮૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ—૭૪(ધ)ની જોગવાઈઓ.

આદેશ

ક્રમાંક:જીહટ/ગ-૨/૨૯૩-૩૦૭/૯૪,—હું, એ.એલ. કોરવાડીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, મને મળેલ સત્તાની રૂએ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ—૭૪(ધ)(૧) અન્વયે શ્રી આદર્શ કાલાવાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. કાલાવાડ, તા. કાલાવાડ, જીલ્લો જામનગરને નવી વ્યવસ્થાપક કમિટિની ચુંટણી ન થાય ત્યાંસુધી આથી કસ્ટોડીયન ઠેઠળ મુકું છું. અને કસ્ટોડીયન તરીકે શ્રી જામનગર જીલ્લા સહકારી બેન્ક લી.ની કાલાવડ શાખાના બ્રાન્ચ મેનેજરની નિમણુંક કરું છું.

કસ્ટોડીયનની નિમણુંકના આ હુકમ સામે આક્ષેપગ્રસ્ત વ્યવસ્થાપક કમીટીના સભ્યોશ્રીઓને જો કોઈ વાંધો હોય, તો તારીખ ૧૩-૬-૯૪ સુધીમાં નીચે સહી કરનાર અધિકારીને લેખીતમાં અગર રૂબરૂ ઉપસ્થિતિ થઈને રજુઆત કરવાની આથી તક આપવામાં આવે છે.

કસ્ટોડીયનએ સત્વરે સંસ્થાની વ્યવસ્થાપક કમીટીની ચુંટણી કરવા સબંધની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

જામનગર, ૨૫/૨૭ માહે મે સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: હ—૨૮-૮૪-ડીડીસી-૧૧૮૨- તા. ૨૨-૩-૮૪.

(૨) કો ઓડીટર (૨) સહકારી મંડળીઓ, જામનગરના તારીખ: ૧-૭-૯૩ થી ૩૦/૬/૯૨ સુધીની ઓડીટ નોંધ.

(૩) આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક: ફડચ/ક—૩/૩૭૪૯/-૫૨ તા. ૨૨-૧૧-૯૩.

(૪) શ્રી દલીત સીમેન્ટ પાઈપ મજુર બાંધકામ સહકારી મંડળી લી. મું. ધુડશીયા, તાલુકો: જામનગરના તા. ૮-૩-૯૪ તથા ૨૫-૩-૯૪ના પત્રો.

અંતિમ આદેશ

જા.નં. ફડચ/ક—૩/૧૫૦૫—૧૩—હું, ઓ. એલ. કોરવાડીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને ૧૯૬૧ની કલમ—૧૦૭ની પેટા કલમ—૧/ક /ક્રમ ૨૪/ તથા પેટા કલમ—૩ અન્વયે શ્રી દલિત સીમેન્ટ પાઈપ મંજુર બાંધકામ સહકારી મંડળી લી. મું. ધુડશીયા, તાલુકો: જામનગર જીલ્લો:જામનગરને ફડચામાં લઈ જવાનો વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છું.

સદરહું અધિનિયમની કલમ—૧૦૮(૧) અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચ—૧) કચેરી:જામનગરની નિમણુંક કરવામાં આવે છે. મંડળીની ફડચની કાર્યવાહી ફડચા અધિકારીએ સહકાર કાયદા મુજબ નિયત સમય મર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પુરી કરવાની રહેશે.

જામનગર, ૨૦ માહે મે સને ૧૯૯૪.

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: હ-૨૮૮૪/ડીડીસી/૧૧૮૨-૭૪૨૫/ગ તા. ૨૨-૩-૮૪

(૨) સંસ્થાની વ્યવસ્થાપક કમિટિ સભ્યશ્રીઓના તા. ૧૩/૫/૯૪ના પત્ર.

(૩) આર.જે. જાડેજા મંત્રીશ્રીના તા. ૨૩/૫/૯૪નો પત્ર.

(૪) જનરલ મેનેજર જામનગર ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્ક લી. જામનગરનો તા. ૨૪-૧-૯૪નો પત્ર નં. એલ.એ. એલ./૩૬/૧૧૨

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ—૮૧ અન્વયેની જોગવાઈઓ.

આદેશ

જા. નં. સ્વવ્ય/ગ-૨/૨૮૮-૯૨/૯૪,—હું, એ.એલ. કોરવાડીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ—૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી વિભાગીય સેવા સહકારી મંડળી લી. મુ. મકાજી મેઘપર તાલુકો: કાલાવડ (શીતલા,) જીલ્લો: જામનગરની વ્યવસ્થાપક કમીટીના તમામ સભ્યોને દૂર (બરતરફ) કરીને તેમની જગ્યાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ—૧૯૬૧ની કલમ—૮૧ અન્વયે વહીવટદારની નિમણુંક કરવા તેમજ વહીવટદાર તરીકે બેંકની વડી કચેરીના આસી,ઈન્સપેક્ટર (સ્પેશ્યલ) સેલ જામનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓપરેટીવ બેંક જામનગરની નિમણુંક કરવાનો આથી આદેશ કરૂ છું.

વહીવટદારની નિમણુંક ચાર્જ સંભાળ્યાની તારીખથી એક વર્ષ માટે કરવામાં આવે છે.

વહીવટદારએ સંસ્થાનો તમામ ચાર્જ ફર્નીચર—માલ મિલ્કત નિધિ વિગેરે તાત્કાલીક સંભાળી લઈ ચાર્જ લીસ્ટની એક નકલ સાથે આ કચેરીને જાણ કરવાની રહેશે.

વહીવટદારએ સંસ્થાનો વહીવટ કાયદા-કાનુન અને સંસ્થાના પેટા—કાયદા અનુસાર તથા અત્રેની કચેરીના માર્ગદર્શન અને સૂચના મુજબ ચલાવવાનો રહેશે.

INDEX

વડોવટકર ને પેઢે કરે આગેવાન દર માસે આ કચેરીને મોકલવાનો રહેશે.

જામનગર, ૨૪ માહે ઓગ. ૧૯૯૪.

એ. એન. કેરવાલીયા,
જીલ્લા રજીસ્ટ્રાર સ.મં.
જામનગર.

---

નંબરો લીધાં :

(૧) અત્રેની કચેરીની અંતિમ આદેશ ક્ર., ઈ.ક-૨૭ થી ૩૩ તા. ૧૨-૧--૯૪.

(૨) ફડચા અધિકારીના પત્રક ફડચ-૧૨૦, તા. ૧૨-૫-૯૪.

ક્ર. કુ.ઉ.ક.૨૩૮.—શ્રી [illegible]ા વણકર સ.મં.લી. મુ.. ત્રાકુડા, તા. ગોંડલ, જી. રાજકોટની [illegible] ક્ર.૬૭૬૦, તા. ૧૩-૧૨-૮૮થી કરવામાં આવેલ મંડળી અંગે આ કચેરીની ઉકત ક્ર.૧થી ફડચામાં જતા અને ફડચા કામગીરી પૂર્ણ થતી સદરહું મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦-૧ની મુજબ આથી રદ કરવામાં આવે છે.

રાજકોટ, ૭ માહે જુન સને ૧૯૯૪.

---

નંબરો લીધાં :

(૧) ગુજરાત સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્ર. ડીડીસી/૧૧૮૨--૭૪૨૫ તા. ૨૨-૩--૮૪.

(૨) આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્ર.૭/ક/૧૨૦ થી ૧૨૬ તારીખ: ૧૬-૪-૯૪.

અંતિમ આદેશ

જા.નં. જીઉકે/રાજ/ફુઉ/ક/૨૪૪/૯૪.– શ્રી અરડોઈ વણકર સહકારી મંડળી લી. અરડોઈ, તા. કોટડા સાંગાણી, જી. રાજકોટને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭--૩ મુજબ આંક--૨માં જણાવેલ તા. ૧૬-૪-૯૪ના ફડચાના વચગાળાના આદેશ બહાલી આપતો આ આખરી હુકમ કરવામાં આવે છે.

ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચાની નિમણુંક ને પણ આથી બહાલ રાખવામાં આવે છે.

ફડચા અધિકારીએ ફડચાની કામગીરી નિયત સમયમાં પુર્ણ કરી નિયમાનુસાર કાર્યવાહી કરવી.

રાજકોટ, ૭ માહે જુન સને ૧૯૯૪.

એન. જી. વાઘેલા,
મેનેજર (ખાદી) જિલ્લા રજિસ્ટાર સહકારી
મંડળીઓ અને જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,રાજકોટ

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT
COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT
FROM THE DATE OF PUBLICATION ACCOMPANIED
BY THE WRAPPER.

INDEX

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV I THURSDAY, 14th JULY, 1994/ASHADHA 23, 1916 [No. 28

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

# PART-I

| | Pages |
|---|---|
| PART-I—Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneons Notification Appointments etc. .. . | 326—345 |
| PART-I-A—Orders and Notificatios (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards. Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts .. .. .. | Nil |
| PART-I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only -- | |
| Supplement -- -- -- | 283—295 |
| PART-II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. -- | 286—299 |
| PART-III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. -- -- | — |

# Government Notifications, Orders, Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

### Miscellaneous Notifications, Appointments etc.

સીવીલ જજ (જુનિયર ડીવીઝન) અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટક્લાસ દ્વારા

કચેરી આદેશ

નં. ૯૮૨ સને ૧૯૯૪

દિવાની પ્રક્રિયા સંહિતા, ૧૯૦૮ અને દિવાની પુસ્તિકા ૧૯૬૦ના પુસ્તક ૧ ના ૨૮ પ્રકરણ ૨૮ના ફકરા ૫૩૮-૫૩૯ના સંદર્ભ તથા ફોજદારી પુસ્તિકા ૧૯૭૩ના પ્રકરણ ૩જાના ફકરા ૪૯(૨) અન્વયે આપવામાં આવેલ સત્તાની રૂએ હું, જે. કે. ઘોરિયા સીવીલ જજ (જુનીયર ડીવીઝન) અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટક્લાસ રાપર-કચ્છ ક્લાર્ક ઓફ ધી કોર્ટ અને નાઝીર શ્રી વી. આર. પટેલ ને નીચેની ફરજો બજાવવા અધિકાર આપું છું.

'અ'

(૧) દાવા અરજીઓ સ્વીકારવા આ.૪.નિય. ૧

(૨) દાવા અરજીઓ નોંધવા આ. ૪. નિ. ૨

(૩) પ્રતિવાદીઓ તથા શાહેદોના સમન્સ પર સહી કરવા આ. ૫. નિ. ૧. (૩)(૧૦)

(૪) સમન્સ બજાવવા આ.૫. નિ. ૯

(૫) સમન્સ બજાવવા મોકલાવાના વિનંતી પત્રો પર સહી કરવા આ. ૫. નિ. ૩૦

(૬) રજુ થયેલા કાગળોના ખરાપણા અંગેની ખાત્રી કરવા અને અગાઉ દસ્તાવેજોની ઓળખ માટે તેમની ઉપર ઓળખની નિશાની કરવા. આ. ૭. નિ. ૧૭

(૭) દરખાસ્ત અરજીઓ સ્વીકારવા આ. ૨૧. નિ. ૧૦

(૮) દરખાસ્ત બજવણી આદેશો પર સહી કરવા આ.૨૧. નિ. ૨૪.

(૯) લીલામની હરરાજી કરવા આ. ૨૧. નિ. ૬૫.

(૧૦) શાહેદોને સમન્સ થવા માટેની અરજીઓ સ્વીકારવા આ. ૨૬. નિ. ૧

(૧૧) નીચેના કાગળો પર ખરાપણાની ખાત્રી કરી સહી કરવા.

(૧) દાવા અરજી સાથે રજુ કરેલા આધારોની ટીપ.

(૨) દાવા અરજીની નકલો.

(૩) સંક્ષિપ્ત પત્રકો આ. ૭. નિ. ૯

(૧૨) તરજુમા પર ખરાપણાના દાખલા આપવા.

(૧૩) કોર્ટમાં રજુ થતા કાગળો પર રજુ તારીખ-સહી કરવા.

(૧૪) કોર્ટના શીલ હવાલામાં રાખી શીલ કરવા.

(૧૫) રજીસ્ટરો પ્રોસીડીંગ્સ, બુકસ તથા બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની નોટીસો પર સહી કરવા.

(૧૬) તમામ અરજીઓ અને તેના સાથે રજુ થતા કાગળો સ્વીકારવા અને નોંધવા તેમજ પાછા આપવા બાબત યોગ્ય લાગે તો હુકમ માટે જજશ્રી રૂબરૂ રજુ કરવા.

(૧૭) દાવા જવાબો સ્વીકારવા આ. ૮. નિ. ૧

(૧૮) સામાન્ય રીતે મુજબ જે પ્રથમ દર્શને મંજુર કરવા જેવી હોય અને ઈંગ્ય સમયમાં રજુ કરવામાં આવી હોય તેવી તમામ સામાન્ય ધોરણ મુજબની અરજીઓ સ્વીકારવી અને તેનો નિકાલ કરવો જેમ કે પ્રતિવાદી પરનો સમન્સ બજવાને કારણે મુદત મેળવાની અરજી અથવા બજવણી દાખલ કરવા બાબત ગુજરનાર પ્રતિવાદીના કાયદેસરના પ્રતિનિધિ પર બજવણી થવા અરજી, સગીર પ્રતિવાદીના નિમાયેલ વાલી પરની નોટીસની બજવણી થવા તથા બન્ને પક્ષની સંમતિથી પતાવટ અરજી સ્વીકારવા.

(૧૯) જજશ્રીની ગેરહાજરીમાં બોર્ડ ઉપર કામ મુલતવી રાખવા. સાક્ષીઓને તારીખ આપવા ઠરાવવું અને સી. પી.ઓ. ૨૭. નિ. ૧૮ અન્વયે શાહેદ તથા આ. ૨૧ નિ. ૩૮ મુજબ કેદ પકડાયેલ દેણદારોના જામીન લેવા.

'બ'

(૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની અન્વયે આ કોર્ટે કાઢેલા સમન્સ પર સહી કરવી.

(૨) આ કોર્ટમાં કોઈપણ વ્યકિતએ ભરેલ દંડ કે વળતરની રકમ પહોંચ પર સહી કરવી.

'ક'

વળી તે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૭૬ની વ્યાખ્યાને મર્યાદિત રહીને બધા દિવાની અને ફોજદારી દફતરમાંથી નકલો પ્રમાણિત કરવા અને આપવા અધિકૃત છે.

'ડ'

ક્લાર્ક ઓફ ધી કોર્ટની કામગીરીમાં શ્રી એમ. બી. સોલંકી જુ. ક્લાર્કને નકલો અને તરજુમાઓ પ્રમાણિત કરવા સી. ઓ. સી. તથા અને ઉપરોકત અધિકારી અને ફરજો બજાવવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૩ જુન સને ૧૯૯૪થી અમલમાં આવે છે અને અગાઉના આને લગતા તમામ હુકમો રદ થાય છે.

જયંત કે. ઘોરિયા
સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુ. મેજીસ્ટ્રેટ,
ફર્સ્ટ કલાસ, રાપર-કચ્છ.

---

INDEX

કંપકટર દ્વારા

વંચાણે લીધા :

(૧) ધી લાઇટ ડીઝલ ઓઈલ (ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈઝીસ) ઓર્ડર ૧૯૭૩.
(૨) આ કચેરીના છેવટના હુકમ નં. એડીએમ-કુડતેલ નં. -ભાવ-૯૩૨/૯૪, તા. ૮/૩/૯૪.
(૩) ભાવનગર જીલ્લા પેટ્રોલીયમ પ્રોડકટર્સ ડિલર્સ એસોશીએશનની તા. ૨૭/૧૦/૯૩ તથા તા. ૨૭/૧/૯૪ની અરજીઓથી થયેલ રજુઆત.

હુકમ

નં. એ.ડી.એમ-કુડતેલ/ભાવ/૧૭૩૭/૯૪.- આ કચેરીના ઉપરોકત વંચાણે-૨ માં દર્શાવેલા હુકમથી કુડતેલ (લાઈટ ડીઝલ ઓઈલ)ના ગુરૂતમ ટોચના જથ્થાબંધ તેમજ છુટક વેચાણભાવો અનુકમે કોયલી અને કંડલા ડેપો માટેના પરિશિષ્ટ-'અ' તથા 'બ મુજબના નકકી કરવામાં આવેલા છે. જે ભાવો હાલ આ જિલ્લામા અમલમાં છે.

પ્રસ્તુત બાબતે ભાવનગર જિલ્લા પેટ્રોલીયમ પ્રોડકટર્સ ડિલર્સ એસોસીએશન ભાવનગરે ઉપરોકત વંચાણે લીધેલ સંદર્ભ (૩)માં દર્શાવાયેલ અરજીઓથી હાઈસ્પીડ ડિઝલ, ટાયર ટેન્કર ચેસીસ ડ્રાફટ કમીશન વિગેરેમાં થયેલા ભાવ વધારાને કારણે પરીવહન દરમાં વધારો થયેલ હોઈ હાલના પ્રતિ કિલોલીટર કિલોમીટરના રૂા. ૦-૪૫ પૈસાનો પરીવહન દર વધારીને રૂા. ૦-૫૫ પૈસા કરી આપવા રજુઆત કરવામાં આવેલ છે. ઓઈલ કંપનીઓ દ્વારા કેરોસીનની "ડિલીવર્ડ સપ્લાય" યોજના અંતર્ગત પરીવહન દર એક કિ.લી. કી.મી.ના રૂા. ૦-૫૨ પૈસા નકકી કરેલ તે તથા એસોસીએશનની રજુઆત પરત્વે સર્વગ્રાહી અને કાળજીપુર્વકની વિચારણા કરતા કુડતેલ (લાઈટડીઝલ) ઓઈલના પરીવહન માટે રાઉન્ડટ્રીપના રૂા. ૦-૫૨ પૈસા મંજુર કરવા ઉચિત જણાતા હોઈ તે મંજુર કરવામાં છે જે લક્ષમાં લઈ ભાવનગર જીલ્લાને મળતા અને જુદા જુદા ડેપો ઉપરથી લાવવામાં આવતા કુડતેલના ગુરૂતમ ટોચના જથ્થાબંધ તેમજ છુટક વેચાણ ભાવો બાંધવાના થાય છે.

ઉપરોકત સમગ્ર હકીકતે આથી ધી લાઇટ ડીઝલ ઓઈલ ફીકશેશન ઓફ સીલીંગ પ્રાઈસીસ ઓર્ડર ૧૯૭૩ની કલમ-૨-બી-૧-થી મળેલ અધિકારની રૂઈએ ભાવનગર જીલ્લાને મળતા કોયલી અને કંડલા ડેપો ઉપરથી રસ્તા માર્ગે લાવવામાં આવતા કુડતેલ (લાઇટ ડીઝલ)ના ઓઈલ ના ગુરૂતમ ટોચના જથ્થાબંધ તેમજ છુટક વેચાણ ભાવો સ્થાનિક જકાત સિવાયના આ સાથેના પરિશિષ્ટ-'અ' મુજબ નકકી કરવામાં આવે છે. આ કુડતેલ (લાઈટ ડીઝલ ઓઈલ)ના જથ્થાબંધ તેમજ છુટક વેચાણના ભાવો કે જે આ હુકમથી મુકરર કરવામાં આવેલા છે. તેથી વધુ ભાવે વેચાણ કરનાર કોઈપણ એજન્ટ જથ્થાબંધ કે છુટક વિક્રેતા સામે ધી લાઇટ ડીઝલ ઓઈલ (ફીકશેશન ઓફ સીલીંગ) પ્રાઈઝીસ ઓર્ડર ૧૯૭૩ની કલમ ૩ તથા ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ ૧૯૮૧ની કલમ-૨૨ નો ભંગ ગણીને કાયદેસરના પગલા લેવામાં આવશે. આ ભાવો રસ્તા માર્ગે લાવવામાં આવતા લાઇટ ડીઝલ ઓઈલ (કુડતેલ) ના મુકરર કરાયેલ છે. જે તે ડેપો ઉપરથી મેળવવામાં આવેલ કુડતેલનું વેચાણ કરવાના પ્રસંગે સંબંધીત ડેપોની વિગત અન્ય વિગતો સાથે વેચાણ બીલમાં જે તે વિક્રેતાએ અચુક દર્શાવવાની રહેશે.

આ હુકમથી નિયત કરવામાં આવેલ ભાવો ઉપરાંત સ્થાનિક જકાત તથા પ્રસંગે ઉમેરી એક લીટરની કિંમત દીઠ પાંચ પૈસાના નજીકના ગુણાંકમાં રાઉન્ડીંગ અપ કરીને છુટક વેચાણ કરી શકાશે.

આ ભાવોનો અમલ તા. ૨૧-૪-૯૪ થી કરવાનો રહેશે.

કોયલી તથા કંડલાડેપો ઉપરથી રસ્તામાર્ગે લાવવામાં આવતા કુડતેલ (લાઈટ ડીઝલ ઓઈલ) ના જથ્થાબંધ તેમજ છુટક લીટરદીઠના ૨૧-૪-૯૪ થી અમલમાં આવતા જકાત વગરના ભાવો.

| આ. નં. | તાલુકાનું નામ | કોયલી ડેપો ૧ કી.લી.ના ભાવ રૂા. ૬૨૨૬-૨૩પૈ. | | કંડલા ડેપો ૧ કી.લી.નો ભાવ રૂા. ૬૨૬૫-૩૯પૈ. | |
|---|---|---|---|---|---|
| | | છૂટક જથ્થાબંધ વિક્રેતાએ વેપારીને વેચાણ કરવાનો ૨૦૦ લીટરનો ભાવ (જકાત વિના) રૂા. પૈ. | વાપરનાર વર્ગને વેચાણ કરવાનો એક લીટરનો છુટક ભાવ (જકાત વિના) રૂા. પૈ. | જથ્થાબંધ વિક્રેતાએ છુટક વેપારીને વેચાણ કરવાનો ૨૦૦ લીટરનો ભાવ (જકાત વિના) રૂા. પૈ. | વાપરનાર વર્ગને વેચાણ કરવાનો એક લીટરનો છુટક ભાવ (જકાત વિના) રૂા. પૈ. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ભાવનગર શહેર | ૧૪૦૮--૬૫ | ૭--૧૦ | ૧૪૩૫--૮૨ | ૭--૨૬ |
| ૨. | ભાવનગર તાલુકો | ૧૪૦૮ -૬૫ | ૭ ૧૦ | ૧૪૩૫--૮૨ | ૭--૨૩ |
| ૩. | ઉમરાળા તાલુકો | ૧૪૦૪--૩૮ | ૭--૦૮ | ૧૪૩૧--૧૪ | ૭--૨૧ |
| ૪. | વલ્લભીપુર તાલુકો | ૧૪૦૦--૩૫ | ૭--૦૬ | ૧૪૨૮--૭૫ | ૭--૨૦ |
| ૫. | ગઢડા ,, | ૧૪૦૬--૪૬ | ૭--૦૯ | ૧૪૨૫--૪૨ | ૭--૧૮ |
| ૬. | ઢસાગામ | ૧૪૧૨--૦૮ | ૭--૧૨ | ૧૪૨૩--૪૫ | ૭--૧૭ |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૭. | બોટાદ તાલુકો | ૧૪૦૦--૭૪ | ૭--૦૬ | ૧૪૨૭--૦૯ | ૭--૧૯ |
| ૮. | શિહોર ,, | ૧૪૦૫--૩૨ | ૭--૦૮ | ૧૪૩૧--૧૪ | ૭--૨૧ |
| ૯. | ગારીયાધાર ,, | ૧૪૧૬--૩૪ | ૭--૧૪ | ૧૪૨૭--૪૦ | ૭--૧૯ |
| ૧૦. | પાલીતાણા ,, | ૧૪૧૧--૬૬ | ૭--૧૧ | ૧૪૩૪--૪૭ | ૭--૨૩ |
| ૧૧. | મહુવા તાલુકો | ૧૪૨૮--૭૨ | ૭--૨૦ | ૧૪૪૦--૮૨ | ૭--૨૬ |
| ૧૨. | ત્તાવરકુંડલા ,, | ૧૪૨૪--૬૭ | ૭--૧૮ | ૧૪૩૦--૧૦ | ૭--૨૧ |
| ૧૩. | તળાજા ,, | ૧૪૧૯--૬૭ | ૭--૧૫ | ૧૪૪૧--૦૨ | ૭--૨૬ |
| ૧૪. | ઘોઘા તાલુકો | ૧૪૧૨--૪૯ | ૭--૧૨ | ૧૪૩૭--૮૦ | ૭--૨૪ |

ભાવનગર, ૨૧ માહે એપ્રીલ ૧૯૯૪.

અનિલ મુકીમ,
કલેક્ટર,
ભાવનગર જીલ્લો,
ભાવનગર.

---

## કલેકટર અને ડેપ્યુટી કસ્ટોડીયન દ્વારા જાહેર સુચના પત્ર

પ્રતિ,

શ્રી મેઘણ અભરામ ઓસમાણ
તથા તેમના વકીના કાયદેસરના વારસો,
મુ. દ્વારકા તલપદ, તાલુકો ઓખા મંડળ.

ક્રમાંક-ઈવીપી કેસ નં. ૪૯૯ એવી આધારભુત હકીકત જામનગર જિલ્લા કલેકટર અને ડેપ્યુટી કલેકટર કસ્ટોડીયન જામનગર પાસે આવેલી છે. કે તમો નીચેના કારણસર એડમીનીસ્ટ્રેશન ઓફ ઈ. પ્રો. એકટ ૧૯૫૦ ની કલમ-૨-ડી (૧)(૨) પ્રમાણે હિજરતી છો. અને તમોને રૂબરૂ સાંભળવાની જરૂર છે.

આથી તમોને સદરહુ એકટ પ્રમાણે હિજરતી ગણી તમારી નીચે જણાવેલ વર્ણનવાળી મિલ્કત હિજરતી મિલ્કત તરીકે જાહેર કરવા હુકમ કેમ ન કરવો. તે બદલ તમારે જે કાંઈ કહેવાનું હોય, અગર જે કાંઈ પુરતો પુરાવો તેના આધારમાં રજૂ કરવાનો હોય તે અત્રેની રૂબરૂનાં જામનગર જીલ્લા કલેકટર અને ડેપ્યુટી કસ્ટોડીયન કચેરી, જામનગર. મુકામેતારીખ ૬/૬/૧૯૯૪ ના ના રોજ ૧૨-૦૦ કલાકે રજૂ કરવો.

કારણો : તમો તા. ૧-૩-૧૯૪૭ પછી હિન્દુસ્તાન છોડી પાકીસ્તાન ચાલ્યા ગયા છો અને હાલ પણ પાકીસ્તાનમાં વસવાટ કરો છે.

મિલ્કતનું વર્ણન :- ઓખામંડળ તાલુકાના દ્વારકા તલપદની ગામની ખેતી જમીનના ગોલેસુલી સ. નં. ૪૫૪ જમીન એકર ૮-૨૨ ગુંઠા આકારે રૂા. ૨-૮૭ વાળી જમીન કે જે શ્રી મુલજી ઘેલાના નામે હતી તે તમોને અવેજ ચુકવી વેચાણથી મેળવેલ તે જમીન.

આ સુચના પત્ર ઉપર વર્ણવેલી મિલ્કતમાં હિત ધરાવતા તમામ શખ્સોને પણ જાણ કરી ઉપર જણાવેલ તારીખે તથા સમયે સંપૂર્ણ આધારા પુરાવા સાથે હાજર રહેવા ખબર આપવામાં આવે છે.

જામનગર, ૧૯ માહે મે સન ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
કલેકટર અને ડપ્યેટી કસ્ટોડીયન
ઓફ ઈ. પ્રો. જામનગર.

---

## નાયબ વેચાણવેરા કમિશનર દ્વારા આદેશ

ક્રમાંક:નાકરા-વવટ-૧કસીફોર્મરદ-વ.-૯૩-૯૪-૯૫-જા.-૧૩૦/૩૨.— વેચાણવેરા કચેરી, ધટક-૧, રાજકોટના પત્રક ક્રમાંક-રાંક-૨-૫-ધ,૧ -રાજ-જા.૨૬૩૯૦ તા. ૧૦-૩-૯૪ના પત્ર અન્વયે અત્રે દરખાસ્ત કરેલ તદુઅનુસાર મે. ધી ગલ્ફ ડિઝીયો સેન્ટરની નં. ૬૬૧૮૩૬૧ ને આપવામાં આવેલ "સી" ફોર્મ પાના નં. ×૧૮૩૫૫૨૬થી × ૮૩૫૫૫૦ એમ પાના ૨૫ ગુમ થયેલ છે. રદ કરવા પાત્ર છે.

આથી હું આર. જે. પરમાર નાયબ વેચાણવેરા કમિશ્નરશ્રી રાજકોટ વિભાગ, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા વેરા (ગુજરાત) નિયમો ૧૯૭૦ના નિયમ-૪(એ) ના પેટા નિયમ-૭ તથા ૮(૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ઉકત પાના પાના ૧માં દર્શાવેલ "સી" ફોર્મ નંબર× ૨૮૩૫૫૨૬થી ૮૩૫૫૫૦ એમ કુલ પાના ૨૫ તારીખ ૧-૧૧-૯૨ની અસરથી રદ બાતલ ઠરાવું છું.

આદેશ

ક્રમાંક:નાકરા-વવટ-૧ક-સીફોર્મ રદ-વ.૮-૯૩-૯૪-૯૪-૯૫-જન. ૧૩૩/૩૫ વેચાણવેરા કચેરી, ભુજના પત્ર ક્રમાંક-નધણ-"સી" ફોર્મ રદ જા. ૨૩૪૮ તા. ૧૦-૫-૯૪ અન્વયે દરખાસ્ત કરેલ છે. તદુઅનુસાર વેપારી તરફથી "સી" ફોર્મ પાના નં. ×/૨૨ ૭૬૧૨૩૧, ૩૨, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૮, ૪૯ ૫૧, ૫૨, ૫૪, ૫૫ તથા ×/૨૨ ૭૬૧૨૫૬ એમ ફોર્મ નંગ ૧૫ જે રદ કરવા પાત્ર છે.

આથી હું આર. જે. પરમાર નાયબ વેચાણવેરા કમિશ્નરશ્રી, રાજકોટ, વિભાગ, રાજકોટ મને કેન્દ્રીવેચાણવેરા (ગુજરાત) નિયમો ૧૯૭૦નિયમ-૪ઓના પેટા નિયમો ૭ તથા ૮(અ) અન્વયે મળેલ સત્તાની રૂએ ઉકત પારા—૧ માં દર્શાવેલ "સી" ફોર્મ નંબર ×૭૬૧૨૩૧, ૩૨, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૮, ૪૯, ૫૧, ૫૨, ૫૪, ૫૧, તથા ×/૨૨ ૭૬૧૨૫૬ કુલ ફોર્મ નંગ. ૧૪ તારીખ ૯-૩-૯૭ની અસર થી રદ બાબતલ ઠરાવું છું.

આદેશ

ક્રમાંક:ના.ક.રા.-વવટ-૧ક-સીફોર્મ-રદ-વ-૯૪-૯૫-જા.-૧૩૬/૩૮ મે. જ્યેશ ઓઈલ મીલ, ગોંડલની તા. ૧૬-૫-૯૪ની રજૂઆત અન્વયે દરખાસ્ત કરેલ છે કે, વેચાણવેરા કચેરી, ગોંડલે ફાળવેલ સી ફોર્મ બુકનાં ×/૨૮ ૩૦૯૫૮૫થી ×/૨૮૩૦૯૫૮૭ તથા ×/૨૮ ૩૦૯૫૯૭ ×/૨૮ ૩૦૯૬૦૦ તથા ×/૨૮ ૩૧૦૯૫૨ થી ×/૨૮ ૩૧૦૯૬૬

INDEX

તથા X/૨૮૩૧૦૬-૬૯IX/૨૮ ૩૧૦૯૭૨ તથા X/૨૮ ૩૧૦૯૭૫ અને૧૦૧૪૫૫૭૬ તથા ૧૦૧૪૫૫૮૦ થી ૮૭ તથા ૧૦૧૪૫૫૮૯ થી૧૦૧૪૫૯૭ જે ઇરાદુ કર્યા તારીખથી રદ કરવા પાત્ર છે.

આથી હું આર. જે. પરમાર નાયબ વેચાણવેરા કમિશનરશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ ને કેન્દ્રીય વેચાણવેરા કાયદા (ગુજરાત) નિયમ-૧૯૭૦નિયમ-૪ હેઠળ મળેલ સત્તાની રૂએ ઉક્ત પારા-૧ માં દર્શાવેલ ડીલર ફર્મ જુદી જુદી તારીખથી નોંધવા કે, તા.૩૦-૪-૯૨, ૨૪-૬-૯૨ તથા ૧૪-૧૦-૯૨ અન્વયે રદ બાતલ કરવું છું.

રાજકોટ, ૬ માહે જુન સને ૧૯૯૪.

આ. જે. પરમાર,
નાયબ વેચાણવેરા કમિશનર,
રાજકોટ વિભાગ, રાજકોટ.

---

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા

વંચાણ : દફ્તરી હુકમ નં. સહ/નધણ/૧/૭૯૯/૮૦૩
તા. ૩૦-૪-૯૪.

સુધારો

નાં.સહ/નધણ/૧/વશી/૧૧૦૩/૭.-જસદણ તાલુકાની કોટ જસદણ માર્કેટીંગયાર્ડ કમીશન એજન્ટોની સરાફી સહકારી મંડળી લી., મું. જસદણ તા. જસદણની નોંધણી વંચાણ ૧માં દર્શાવેલ હુકમથી કરવામાં આવેલ છે. આ મંડળીની નોંધણી ના પ્રમાણપત્રમાં નોંધણી ક્રમાંક રે.-૨૬૫૫૭ આપવામાં આવેલ છે તેના બદલે રે. ૨૫૫૫૮ વાંચવા પુરતો આથી સુધારો કરવામાં આવે છે.

રાજકોટ, ૧૭ માહે મે સને ૧૯૯૪.

એ. એ. નાગોરી,
જિલ્લા વિકાસ અધિકારી, રાજકોટ.

---

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
ફોજદારી કાર્યરીતી અધિનિયમ—૧૯૭૩ની કલમ—૧૪૪ હેઠળ કાઢેલો હુકમ

હુકમ

નં.ડીએમ/૧/વર્ક ૧૮૯૯/૯૪.--ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના અલંગ ગામે શીપ બ્રેકીંગનો ધંધો મોટા પ્રમાણમાં શરુ છે. હાલ અલંગ મુકામે અંદાજે ૮૦ પ્લોટ ઉપર શીપ બ્રકીંગનું કામ થઈ રહેલ છે. શીપની અંદર ઓઈલ જથ્થો, ગ્રીસનો જથ્થો હોય છે. તેમજ અન્ય જવલનશીલ પદાર્થો હોય છે. શીપબ્રેકીંગ સમયે શીપમાંથી ઓઈલ ફ્યુલ વિગેરેનો જથ્થો કાઢી નાંખવામાં આવે છે. આમ છતાં તેમાં પુરતી કાળજી લેવામાં આવતી નથી. અને શીપબ્રેકીંગ સમયે ઓકસીજનના તેમજ એલ.પી.જી. ગેસના સીલીન્ડરથી ગેસ કટીંગ દ્વારા તોડવાની પ્રક્રિયા થાય છે. જેના કારણે આગ-અકસ્માતના બનાવો બનેલા છે. જેના કારણે લોકોના જાન, સ્વાસ્થ્ય અને સલામતીને મોટું જોખમ થયેલ છે.

તેથી હું એસ. બી. રાવલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો. ભાવનગર ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-(૧૯૭૪નો ૨જો) અધિનિયમની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ હું ફરમાવું છું કે ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના અલંગ ગામે આવેલ શીપ બ્રેકીંગ યાર્ડમાં શીપબ્રકીંગ વ્યવસાય માટે સંકળાયેલ વેપારી પેઢીઓને નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા હુકમ કરું છું.

(૧) બેગ ફાયરથી આગ કે ધડાકાઓ અટકાવવા ગેસ કટીંગ ટોર્ચમાં નોન-રીટર્ન વાલ્વ તેમજ ઓલ્પી.જી. સીલીન્ડર રેગ્યુલેટરમાં નોન-રીટર્ન વાલ્વનો ઉપયોગ કરવો.

(૨) ઓઈલ ટાંકી, ઓઈલ ટેન્કર, એન્જીન, રૂમ કે પાઈપ-લાઈન બીજીયાર ભાગનું ગેસકટીંગ કરતા આગાઉ તેમાં કોઇપણ પ્રકારનુ સળગી ઉઠે અથવા ધડાકો થાય તેવા પદાર્થો કે ગેસોને સંપૂર્ણરીતે દુર કરવુ અને એવા કોઈ સળગી ઉઠે અથવા ધડાકો થાય તેવા પદાર્થો નહીં હોવાનુ જવાદાર વ્યકિત પાસેથી ખાત્રી મેળવ્યા પછી કટીંગ કામગીરી શરુ કરવી તે માટે એકસપ્લોઝીવ મીટરનો ઉપયોગ આવશ્ય કરવો.

(૩) ગેસ પદાર્થોમાં **પ્રેશર** ના થાય તે માટે તેના ઉપર જરૂરી સીસ્ટમની જોગવાઈ કરવી.

(૪) શીપની ઊંચાઈ કટીંગ ચાલતુ હોય ત્યારે નીચે કોઈ કામદાર કે ગેસસીલીન્ડર પર કે રબ્બર પાઈપ પર ગરમ લોખંડના તણખા ન પડે તેની કાળજી રાખવી.

(૫) કટીંગ ટોર્ચની ફ્લેમ (જ્યોત) કોઈપણ સંજોગોમાં એલ. પી.જી. કે ઓકસીજન સીલીન્ડરના સંપર્કમાં ન આવે તે ખાસ જોવું.

(૬) ઓકસીજન ગેસ ઓઈલ ગ્રીસ સાથે સંપર્ક થવાથી ધડાકો થઈ સળગી શકે છે. જેથી ઓઈલ ગ્રીસ સંપર્ક ઓકસીજન વાળા સાધનો કે સીલીન્ડર સાથે સંપર્કમાં ન આવે તેની ખાસ કાળજી રાખવી.

(૭) દાઝેલા કામદારોને બચાવી લેવા કે આગના ઉદ્‌ગમ સ્થાનને દાબી દેવા નાકીદે ઉપયોગમાં લઈ શકાય તેવો વોટર જેલ બ્લેકેટનો સંગ્રહ રાખવો.

(૮) કટીંગ ટોર્ચ, રેગ્યુલેટર, રબ્બર હોઝ પાઈપ, નોન રીટર્ન વાલ્વ, બ્રેકેટ વિગેરેને દસ પંદર દિવસેનિયમોનુસાર ચકાસણી જાળવણી જાણકાર પાસે કરાવી તે અંગેની નોંધની લોગબુક નિભાવવી.

ઉપરોકત સુચનાઓનો ચુસ્ત અમલ કરવો અને કોઈપણ દ્વારા આ સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

હું આથી ફરમાવુ છું કે ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ નકલો ચોંટાડીને અને લાઉડ સ્પીકર વાહન દ્વારા અને સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તા. ૧૦ માહે જુન, સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડયો.

ભાવનગર, ૧૦ માહે જૂન સને ૧૯૯૪

એસ. બી. રાવલ.
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ.
ભાવનગર.

---

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ—૩૩ (૨ોસ) નીચે કાઢેલો હુકમ

જાહેરનામું

નં.ડીએમ/૧/વશી/૧૬૩૦/૯૪.--ભાવનગર જીલ્લાના શિહોર ગામની બાજુમાં શિહોર ટાણા રોડની સડકથી દક્ષિણ દિશામાં સર્વે નં.--૨૮૨ ની જમીન તે પોલીસ ખાતારને ફાયરીંગબટ


INDEX

માટે પસંદ કરેલી છે. તેનો ઉપયોગ તેમના સ્ટાફ માટે ફાયરીંગ પ્રેક્ટીસ માટે તા. ૨૦--૫--૯૪ થી તા. ૨૧--૬--૯૪ સુધી પસંદ કરેલ છે. જનતાની સલામતી ખાતર બોમ્બે પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ—૩૩(બી) નીચે મળેલ અધિકારની રૂઈએ હું, અનિલ મુકીમ, આઈ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર, આથી ફરમાવું છું કે, શિહોર ગામની સીમમાં સ.નં. ૨૮૨ શિહોર ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધો માઈલના વિસ્તારમાં તા. ૨૦--૫--૯૪ થી તા. ૨૧--૬--૯૪ દરમ્યાન કોઈપણ શખ્સે જવું નહીં. તેમજ કોઈપણ ઢોરોને ઉપરોકત વિસ્તારમાં ચરાવવા નહીં.

આજ તા. ૨૦--૫--૧૯૯૪ના રોજ મારી સહી તથા સીકકો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

ભાવનગર, ૨૦ મહે મે સને ૧૯૯૪.

અનિલ મુકીમ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર જીલ્લો,
ભાવનગર.

---

મુંબઈ પોલીસ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ની પેટા—કલમ-૧-બી-અનુયે

જાહેરનામું

નં. નાયિ/પલમ/૨/૬૯૯૯/૯૪-મુંબઈ-પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૧) સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ કાઢવા ધારેલ જાહેરનામાનો નીચેનો ખરડો તેનાથી અસર થવાનો સંભવ હોયને તમામ જાહેર જનતાની જાણ સારૂ સદરહુ કલમ-૩૩ની પેટા કલમ-૬ થી ફરમાવ્યા મુજબ પ્રસિધ્ધ કર્યો છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે, સદરહુ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી એક મહિનો પુરો થયા પછી જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી વિચારમાં લેશે.

૨. ઉપરોકત મુદત પુરી થયા પહેલા સદરહુ ખરડાના સંબંધમાં કોઈ વ્યકિત જાહેર જનતા તરફથી જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલીને જે કંઈ વાંધા અથવા સુચનો મળશે તેના ઉપર તેઓ વિચાર કરશે.

જાહેરનામાનો ખરડો

અમરેલી જીલ્લામાં આવેલ એસ.ટી. સ્ટેન્ડની આજુબાજુના પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણેના વિસ્તારોમાં વાહનોના નિયમન માટે મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ(૧) ની કલમ-થી થી મળેલ અધિકારની રૂઈએ હું, રાજ ગોપાલ, આઈ. એ. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી નીચે પ્રમાણે પ્રાથમિક ખરડો જાહેરજનતાની જાણ માટે પ્રસિધ્ધ કરૂ છું.;—

પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે એસ.ટી. સ્ટેન્ડ બસ સ્ટેશનની આજુબાજુના વિસ્તારોમાં ખાનગી બસો, જીપો, મેટાડોર, ખાનગી, ટેકસીઓ, ખાનગી વાહનો વિ. ઉભા રાખી શકશે નહિ. અને તે વિસ્તારોમાં પ્રતિબંધ "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવામાં આવે છે.

નીચે જણાવેલ વાહનોને "નો પાર્કીંગ ઝોન" પ્રતિબંધ લાગુ પડશે નહિ:—

૧. સરકારી વાહનો તેમજ જનતાની સુખાકારી માટે સરકારી એજન્સીઓ મારફત ચલાવવામાં આવતા વાહનો

૨. ઉપરોકત જણાવેલ એ.ટી. સ્ટેન્ડ (બસ સ્ટેન્ડ)ની આજુબાજુ જે ટેકસીઓ તથા રીક્ષા માટે કાયદેસર સ્ટેન્ડ મંજુર કરવામાં આવેલ હશે તેવા કાયદેસર સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી ટેકસી અને રીક્ષાઓને લાગુ પડશે નહી.

આજ તા. ૨૫ માહે જાન્યુ મારી સહી તથા કચેરીના સિકકો કરી આપ્યો.

રાજ ગોપાલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

---

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩-૭૪ના બીજાની ૧૪૪ હેઠળ

હુકમ

નં. નાયિ-પલમ-ઉ-પકમ-૧૭૮૩ થી ૧૮૪૨. તા. ૨૧-૪-૯૪-થી અમરેલી જીલ્લામાં અમરેલી બગસરા વડિયા તથા કોડીનાર મુકામે નીચે જણાવેલ કેન્દ્ર ઉપર એસ.વાય.બીએ. એસ.વાય.બી.કોમ સેમ. કોમ.પાર્ટ-૧/૨ તથા સેકન્ડ એલ.એલ. બી.ની પરીક્ષાઓ લેવાનાર છે.

(૧) અમરેલી કેન્દ્ર :

(૧) કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ, અમરેલી
(૨) મહિલા કોલેજ, અમરેલી.
(૩) કે.કે. પારેખ કોમર્સ કોલેજ, અમરેલી.
(૪) સિધ્ધાર્થ લૉ કોલેજ, અમરેલી.

બગસરા કેન્દ્ર :
(૧) જી.બી. ધાનક આર્ટસ/કોમર્સ કોલેજ, બગસરા

(૩) વડિયા કેન્દ્ર :
શ્રી આર.ડી. કેહોર આર્ટસ અને કોમર્સ કોલેજ, વડિયા.

(૪) કોડીનાર કેન્દ્ર :
(૧) જે. એસ. પરમાર કોલેજ, કોડીનાર.

ઉપરોકત પરીક્ષા મથક ઉપર પરીક્ષાર્થીઓ સિવાયનાં બહારનાં લોકોના મોટા ટોળા એકઠા થાય તો પરીક્ષાનાં સંચાલન કાર્યમાં ડખલગીરી ઉપરાંત પરીક્ષાર્થીઓને પણ લોકોનાં એકઠા થતાં ટોળા અને તેની અવરજવર અને ઘોંઘાટથી પરીક્ષાનાં શાંતીમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થવા પુરતો સંભવ હોવાનું મને જણાય છે અને તેમ થતુ અટકાવવાનું તાત્કાલીક ઈચ્છનીય પણ મને જણાય છે

જેથી, હું, એ.કે. અનસારી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ અને ૭૪માં બીજાનાં કલમ—૧૪૪ તળે મને મળેલી સત્તાની રૂઈએ આથી ફરમાવુ છું કે,

ઉકત દર્શાવેલ પરીક્ષાનાં સ્થળે મકાનની હદથી આજુબાજુનાં ૧૦૦ એકસો મીટરની હદની અંદર તા. ૨૨-૪-૯૪થી ૭-૫-૯૪ સુધી બન્ને દિવસો સહિત દરોજ સવારનાં ૧૦-૩૦ વાગ્યાથી સાંજના ૬-૩૦ વાગ્યા સુધી કોઈપણ લોકોએ જીલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલીની લેખીત પરવાનગી સિવાય અનઅધિકૃત વ્યકિતઓએ પ્રવેશ નહી કરવો.

INDEX

હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી :—
(૧) પરીક્ષા ખંડમાં આવનાર પરીક્ષાર્થીઓ
(૨) જાહેર રોડ પર પસાર થતાં વાહનોમાં બેઠેલા મુસાફરોને.
(૩) પરીક્ષા સંચાલકોને બંદોબસ્ત માટે ફરજ પર રોકાયેલા અધિકારીશ્રીઓ કર્મચારીઓને આ હુકમનું ઉલ્લંઘન કરનાર શખ્સને ભારતીય દંડ સંહીતાની કલમ—૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ કલમ હેઠળનો ગુન્હો કોગ્નીઝેબલ અને બીનજામીન-લાયકી ગુન્હો છે.

આજ તા. ૨૨ મી એપ્રિલ, ૧૯૯૪નાં રોજ મારી સહી તથા સિક્કો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડયો.

———

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ની પેટા-કલમ-૩ હેઠળનો

હુકમ

નં.-નાચિ-પલચ-૨-૨૨૮૦-થી ૨૨૯૫ બાબરા ગામમાં પાણીનો પુરવઠો ઘણા વર્ષોથી કરીયાણા ગામે આવેલ ગ્રામ પંચાયત હસ્તકની યોજનામાંથી પુરો પાડવામાં આવે છે. કરીયાણા ગામે આવેલ બાબરા ગ્રામ પંચાયત હસ્તકની પાણી પુરવઠા યોજનાને ગ્રામ જનોએ ઘણું નુકશાન કરેલ છે. નળને સીલ પણ તોડી નાંખેલ છે. આને હજુ પણ ઘણું નુકશાન કરે તેમ હોય અને પાણી પુરવઠા યોજના રીપેરીંગમાં પણ અડચણ ઉભી કરે તેમ હોય મુંબઈ પોલીસ એકટની કલમ ૩૩ની પેટા કલમ-૩ અન્વયે સભા-મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવા તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી બાબરાને દરખાસ્ત કરી છે.

આથી બાબરા ગ્રામ્ય વિસ્તાર તેમજ કરીયાણા ગામની પરિસ્થિતી તેમજ તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ બાબરાની દરખાસ્ત ધ્યાને લેતા બાબરા તેમજ તેની આજુબાજુનાં વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે માટે નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે. :—

જેથી હું, એ. કે. અન્સારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ બાબરા ગ્રામ્ય વિસ્તાર સીમ વિસ્તાર તેમજ કરીયાણા ગામ્ય અને સીમ વિસ્તાર માટે તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ બાબરાની મંજુરી સિવાય તા. ૨૭-૫-૯૪થી તા. ૧૦-૬-૯૪ સુધી બંને દિવસો સહીત સભા મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું :—

વધુમાં આદેશ કરું છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :—

(૧) ફરજ પરના કોઈ ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારીમાં હોય તે ફરજ પરના કર્મચારીઓને.

(૪) કોઈ સ્મશાન યાત્રાને.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ની જોગવાઈ મુજબ સજાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૭-૫-૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

———

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩-૭૪ના બીજાની કલમ-૧૪૪ હેઠળનો

હુકમ

નં. ન.ચિ.પલચ-૩-૧૬૫૧-૫૬૯૪/૯૪.—તારીખ ૬-૬-૧૯૯૪થી તા. ૭-૬-૯૪ ને. ૦૨ (બે) દિવસ ખેત ઉત્પાદન બજાર સમિતિ, અમરેલી (માર્કેટીંગ યાર્ડ,) ના હોદેદારોની ચુંટણીનું મતદાન તથા મતગણતરી માર્કેટીંગ યાર્ડમાં થનાર છે.

ઉપરોકત મતદાન મથકે મતદારો સિવાયના બહારના લોકોના ટોળા એકઠા થાય તો ચૂંટણી સંચાલનના કાર્યમાં ડખલ ઉપરાંત ટોળા અને તેની અવર-જવર અને ઘોંઘાટથી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થવા પામવા સંભવ હોવાનું મને જણાય છે. અને તેમ થતું અટકાવવાનું ઈચ્છનીય પણ મને જણાય છે.

જેથી હું, એ. કે. અન્સારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી મને મળેલ અધિકારની ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની ૧૪૪ બીજાની કલમ ૧૪૪ હેઠળ મળેલી સત્તાની રૂઈએ આથી ફરમાવું છું, કે—

ઉકત દર્શાવેલ મતદાન મથકોના વિસ્તારની હદથી આજુ-બાજુના ૧૦૦ (એકસો) મીટરની હદની અંદર તા. ૬-૬-૯૪થી તા. ૭-૬-૯૪ સુધી એમ બંને દિવસો સહીત સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી કોઈપણ લોકોને અમરેલી જિલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલીની લેખિત પરવાનગી સિવાય અનઅધિકૃત રીતે પ્રવેશ કરવો નહીં.

આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહીં. :—
(૧) મતદાન માટે આવતા મતદારોને.
(૨) જાહેર રોડ પર પસાર થતા વાહનોમાં બેઠેલા મુસાફરોને.
(૩) ચુંટણી ફરજ પર નિમાયેલ અધિકારીઓને અને કર્મચારી તેમજ બંદોબસ્ત માટે રોકાયેલ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓને.
(૪) ચુંટણીમાં ભાગ લઈ રહેલા ઉમેદવારોને.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહીતાની-કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.
આ કલમ હેઠળનો ગુન્હો કોગ્નીઝેબલ અને બીન જામીન લાયક ગુન્હો છે.

આજ તા. ૫-૬-૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડયો.

એ. કે. અન્સારી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

———

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૩) અન્વયે કઢેલો હુકમ

જાહેરનામું

નં.ડીઓ ૧/૧/વશી/૧૫૯૮/૯૪.—આગામી તા. ૨૨-૫-૯૪ના રોજ બકરી ઈદનો તહેવાર આવે છે. જેથી આ દિવસ દરમ્યાન કોઈપણ ઈસમ રસ્તામાં કે સાર્વજનીક જગ્યામાં અથવા તેની નજીક અથવા તે ઉપરથી પસાર થનાર લોકોને ચુગ ચડે તેવી રીતે પશુઓની કતલ કતલખાના બહાર કોઈપણ જાહેર અગર તો ખાનગી જગ્યાઓમાં શેરીઓમાં કે રસ્તા ઉપર કરે નહીં

INDEX

તેમજ કતલ કરેલ પશુઓના કોઈપણ ભાગ કે માંસના ટુકડાઓ જાહેરમાં ફેંકી શકાય કે તેવી કોઈપણ હેતુસર તેમ પ્રદર્શીત કરે નહીં. મરણ મરેલા ઢોરનું મડદું ખાણ ચામડું સાફ કરે નહીં તે માટે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ડી)મુજબ પગલા લેવા તે પુરતું કરણ છે. અને ઝડપી ઉપાય યોજવાનું ઈષ્ટ છે. તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું, બી. બી. દ્વિવેદી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લે ભાવનગર મુંબઈ, પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ડ) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે તા. ૨૨-૬-૯૪ થી તા. ૨૩-૭-૯૪ સુધી દિન-૨(બે) માટે ભાવનગર જીલ્લામાં કોઈપણ જાહેર કે ખાનગી જગ્યાએ પશુઓની કતલ ન કરવા તેમજ રસ્તાઓથી પસાર થતા લોકોને કંટાળો આવે તેમજ ઘૃણા, તિરસ્કાર ઉત્પન્ન થાય તેવી રીતે કોઈપણ જાનવરનું મડદું, ચામડું સાફ કરવું નહીં. તે માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આજરોજ તા. ૧૮-૭-૯૪ ના રોજ મારી સહી સીક્કા હેઠળ બહાર પાડયો.

બી. બી. દ્વિવેદી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર જીલ્લો,
ભાવનગર.

---

જાહેરનામું

ક્રમાંક-નજીસ-૩-વ-૪૨૬૮/૯૪.—આગામી તારીખ ૨૦-૨૧-૬-૯૪નાં રોજ મહોરમ તહેવાર તેમજ ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળની જુની માંગણીઓ સંદર્ભમાં ઘેરાવ, સુત્રોચ્ચાર, આંદોલન વિગેરે કાર્યક્રમો અને તેની અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારીરીતે જળવાઈ રહે તે હેતુસર સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તારીખ ૧૬-૬-૯૪ થી ૩૦-૬-૯૪ સુધી કોઈ પણ પાંચ કે તેથી વધુ માણસોએ એકઠા થવુ તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર જીલ્લો, મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના રમાંની કલમ-૩૩(૩) અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તારીખ ૧૬-૬-૯૪ થી તા. ૩૦-૬-૯૪ સુધીનાં સમય દરમિયાન સંબંધિત એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની આગાઉથી મંજુરી મેળવ્યા સિવાય ઉપરોકત કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમના ભંગ કરશે, કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી વાંચી શકાય તેવી જગ્યાઓ તેની નકલો ચોંટાડી અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છુ.

આજ રોજ તારીખ ૧૬ માહે જુન સને ૧૯૯૪ નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર,૧૬ માહે જુન સને ૧૯૯૪.

આર. કે. પરમાર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગરજીલ્લો.

---

નંબર મેજી.પોલ-જાહેરનામું-૩૭( )-૬-૯૪-તા.૯-૬-૯૪ થી રથયાત્રા તહેવારો શરૂ થતાં હોય જીલ્લા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે માટે સુલેહશાંતિ અને આવશ્યકતા પ્રવર્તાવવા ઈષ્ટ જણાય છે.

આથી હું, જે. જી. પંડયા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૮-૬-૯૪ થી તા. ૨૨-૬-૯૪ સુધી દિવસ-૧૫ની મુદત દરમ્યાન નીચેની અનુસુચિમાં જણાવેલ વિસ્તારમાં

(ક) શસ્ત્રો, દંડા તલવાર, ભાલા, ધોકા, છરો, બંદુક લાકડી લાકી લજામનો અસ્ત્રો, ત્રિશુલ અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ જ્વલનશીલ સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં.

(ગ) ઘર્ષણ કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકાઓ પ્લેકાર્ડ કટ્ટી અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહીં અગર રાખવાનું કરવાના ઈરાદાથી કોઈ જગ્યાએ ભેગી કરવી નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યકિતઓ જેટલે જે તે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારી કે જેની અશિકતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(ગ) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી કે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી કચ્છ ભુજ અથવા સબ-ડીવીઝનલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરે તેવી કોઈ વ્યકિતએ.

અનુસુચિ

સમગ્ર કચ્છ જીલ્લો.

આ જાહેરનામા કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪ (ચાર) માસની સજા થશે અને વધુમાં વધુ છ માસ સુધીની કેદની સજા થશે આ ઉપરાંત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આજરોજ તા. ૬ઠ્ઠી માહે જુન સને ૧૯૯૪માં મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૬ માહે જુન સને ૧૯૯૪.

જે. જી. પંડયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ કલમ-૩૩ નો પેટા કલમ—૧ના ખંડ બી મુજબ પ્રાથમિક જાહેરનામું

આખરી જાહેરનામું

નં. મેજી-જાહેરનામું-૧૯૯૪-કચ્છ જીલ્લાના અંજાર શહેરના નીચે જણાવેલ રસ્તાઓ પર ભારે વાહનોની અવર જવર

INDEX

પર પ્રતિબંધ મુકવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ શ્રી અંજાર તરફથી દરખાસ્ત થઈ આવેલ અને સદરહુ દરખાસ્ત ઈષ્ટ જણાતા નીચે જણાવેલ રસ્તાનો ભારે વાહનોના અવર જવર માટે પ્રતિબંધીત મુકવા અત્રેની પ્રાથમિક જાહેરનામું અત્રેના પત્રકમાંક નં. મેજી-જાહેરનામું-૧-૯૪ તા. ૪-૩-૯૪ થી બહાર પાડવામાં આવેલ અને તેની બહોળી પ્રસિધ્ધી વર્તમાનપત્રો વગેરે દ્વારા કરવામાં આવેલ અને આ પ્રાથમિક જાહેરનામા સામે કોઈ શખ્સોને વાંધો કે સુચન હોય તેઓના પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ ૩૦ (ત્રીસ) માં પોતાના વાંધા સુચનો મોકલી આપવા જણાવવામાં આવેલ

| રાજકોટ | ૭૨ પૈકી | ૨ | ૩૮૯--૪૫ |
| રાજકોટ | ,, | ૨૨ પૈકી | ૩૪૩--૩૫ |
| રાજકોટ | ,, | ૨૩ | ૪૭૬--૫૯ |
| રાજકોટ | ,, | ૧ | ૨૧૯--૧૭ |
| | | | ૧૪૨૮--૫૬ |

ઉપરોકત જમીન ગુજરાત સરકારશ્રી તરફથી ઉપરોકત કાયદા નીચે પ્રાપ્ત કરવાપાત્ર છે.

આ જમીનમાં કોઈનો હક્ક હિત હોય તો પોતે જાતે અગર પોતાના અધિકૃત પ્રતિનિધિ મારફત પોતાનો કઈ જાતની કેવી રીતે હક્ક હિત છે તેની રજૂઆત લેખિત જરૂરી આધારો સાથે સાથે આ જાહેરાતની તારીખથી દિવસ-૩૦માં કરવી.

રાજકોટ, ૧૭ માહે જુન સને ૧૯૯૪.

એ. સી. રાઠોડ,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા,
રાજકોટ.

---

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૮૫(૧) મુજબનું જાહેરનામું.

નાં. જામજોધપુર—બીનવારસુ-કેસ:-૧/૯૪—આથી સર્વે આમ-જનતાને જાણ કરવામાં આવે છે કે પોલીસ સબ ઈન્સપેકટરશ્રી જામજોધપુર તરફથી તેમનાં જા.નં. ૧૦૪૯૯૪/૯૪ તા. ૬/૬/૯૪ ના રીપોર્ટથી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૮૩(૨) અન્વયે નિકાલ થવા આ કચેરીએ મોકલવામાં આવેલ છે જેથી સદરહું એકટની કલમ ૮૫(૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે નીચે જણાવેલ મુદ્દામાલનો જે કોઈ શખ્સ માલિક હોવાનો દાવો ધરાવતો હોય તેણે આ જાહેરનામાની તારીખથી છ મ'સની અંદર પુરાવા સહિત અમારા રૂબરૂ અમારી કચેરીએ હાજર થવું સદરહું મુદત દરમ્યાનમાં કોઈપણ માલિક હાજર થશે નહીં તો સદરહુ ધારાની કલમ ૮૭ અન્વયે આ માલની માલિકી અંગે આધાર પુરાવા તપાસીને માલનો યોગ્ય નિકાલ કરી આપવામાં આવશે. જેની આથી નોંધ લેવી.

મુદ્દામાલની વિગત

| અનુક્રમ નંબર | મુદ્દામાલની વિગત | કિંમત |
|---|---|---|
| ૧ | એટલાસ કંપનીની કાળાકલરની સાયકલ નંગ-૧ ફ્રેમ ન. સીબીએફ ૩૩૩૯૬ | ૫૦૦/- |

જામજોધપુર, ૨૬ માહે જુન સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
મામલતદાર અને એકઝીકયુટીવ
મેજીસ્ટ્રેટ-જામજોધપુર.

---

તાલુકા એકઝીકયુટીવ દ્વારા

જાહેરનામું

નંબર મેજી.-મહોરમ-૯૪.—ચાલુ વર્ષ મહોરમનાં તહેવારો શાંતિથી પસાર થાય તે માટે મુંબઈ પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી.એ. મકવાણા, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ માંડવીએ માંડવી મધ્યે મહોરમનાં તહેવારો શાંતિથી પસાર થાય તે માટે નીચે મુજબનાં હુકમ કરૂ છું.

માંડવી શહેરમાં નીચે જણાવ્યા અનુસાર મહોરમની ઉજવણી કરવાની રહેશે. અને તાજીયા-નાં તાજીયા અને ઘોડાનાં રૂટ નીચે પ્રમાણે રહેશે.

(૧) ગઢરાઈ ઘોડો :

તા. ૧૪/૬/૯૪નાં રાત્રે ૨૩-૦૦ કલાકે શંભુભાઈ સુબોધભાઈ વાળી શેરી જુની પોસ્ટ ઓફીસ, છતનશાપીર, ધાવરાપીર, નવાપુરા શેરી, સલાટ ફળીયો, કાઠીચોક, મચ્છીચોક, સોનાવાળા નાકા અંદરથી માતમમાં પરત રાત્રે ૩--૦૦ વાગ્યે.

(૨) ગઢરાઈ ઘોડો :

તા. ૨૦/૬/૯૪ નાં રાત્રે ૨૩-૦૦ કલાકે માતમમાંથી ઉપડી સોના વાળા નાકામાંથી મચ્છીપીઠ, સલાટ ફળીયો, નવા પુરા, સ્કુલ, પાંચ મંદિર, સુબોધભાઈની શેરીથી માતમમાં અને ત્યાંથી પરત થઈ સુબોધભાઈની શેરી, જુની પોસ્ટ ઓફીસ અને નવા-પુરાથી ધાવરાપીર આઝાદ ચોકથી મ્યુનિસીપાલીટી નાં પાણીનાં ટાંકો, શાન્તીભાઈ લાકડાવાળા ઘર પાસેથી કે.ટી. શાહ, રોડ પર ત્યાંથી છાપરાવાળી શેરી, મઠીયાર ફળીયો, જળસિચન ઓફીસ, દહેરાસર ચોક, આપના બજાર કંસારા બજારથી ઘોબી માતમ હજામ શેરી મોના કૂવા, બંગડી બજાર, ભાનુમતિ વર્મા સ્ટ્રીટ, ખોજા ફળીયા, લાખા સર ચોક, ત્રિવેદી હોસ્પિટલ, ઘી વાળી શેરી, મચ્છીપીઠ સોનાવાલા નાકામાંથી માતમમાં પરત સવારે ૫--૦૦ વાગ્યે.

(૩) લશ્કરી ઘોડો :

તા. ૨૦/૬/૯૪—૨૧-૬-૯૪ નાં વહેલી સવારે ૧-૦૦ કલાકે માતમમાંથી ઉપડી રહીમાબીબી વાળી શેરી, મચ્છીપીઠ, લશ્કરી ચોક થી લુહાર ચકલા, ત્રિવેદી હોસ્પીટલ, લાખાસર ચોક, ખોજા, ફળિયો, બંગડી બજાર, મોનાકુવા, ચોક, કાજી વાળી મસ્જીદ, ઘોબીવાળી શેરી, આપના બજાર, માંડલીયા શેરી, સ્વામીનારાયણ મંદિર, લુહાર ચકલા, મચ્છીપીઠ થઈ પરત સવારે ૬-૦૦ કલાકે.

(૪) લશ્કરી તાબુત :

લશ્કરી ઘોડાની પાછળ લશ્કરી તાબુત ચાલશે. સમય, તારીખ ઉપર પ્રમાણે રહેશે.)

(૫) ગઢરાઈ ઘોડો અને તાજીયા :

તા. ૨૦-૬-૯૪—૨૧-૬-૯૪ નાં રાત્રે ૨૨-૦૦ કલાકે માતમમાંથી નીકળી સોનાવાળા નાકા મચ્છીપીઠ કોઠા ચોક, સલાટ ફળિયા, પાંચ મંદિર જુની પોસ્ટ ઓફીસ, સુબોધભાઈની શેરીથી, ગઢરાઈ માતમમાં આવશે. ત્યાંથી ગઢરાઈ ઘોડો સાથે જોડાશે.

સુબોધભાઈ શેરીથી પાંચ મંદિર સલાટ ફળીયો, કાઠી ચોક, મચ્છી પીઠ લશ્કરી ચોક, ઘી વાળી શેરી, લાખાસર ચોક પહોંચશે. ત્યાંથી લશ્કરી તાજીયા પાછળ જોડાશે, વોકળા સુધી પાછળ રહેશે. અને વોકળાથી સલાટ ફળીયો, દરબારી સ્કુલ, પાંચ મંદિર પાસેથી

INDEX

પોસ્ટ ઓફીસ થઈ માતમમાં પરત ગઢરાઈ ઘોડો દરબારી સ્કુલથી સલાટ ફળીયા, મચ્છીપીઠ, સોનાવાલા નાકામાંથી માતમમાં પરત વહેલી સવારે ૬--૦૦ કલાકે.

(૬) કમાગર ઘોડો :

તા. ૨૦-૬-૯૪/૨૧-૬-૯૪નાં વહેલી સવારે ૧-૦૦ વાગ્યે માતમમાંથી ઉપડશે. મચ્છીપીઠમાં આવશે. અને મચ્છીપીઠમાંથી સોનાવાલા નાકે પહોંચી ગઢરાઈ ઘોડા પાછળ જોડાશે. અને વ્હોરા ચકલા સુધી સાથે રહી પોતાનાં માતમમાં પરત વહેલી સવારે ૬--૦૦ કલાકે.

(૭) સરાણી તાબૂત :

કમાગરવાળો ઘોડો સોનાવાલા નાકે પહોંચશે. અને ત્યાંથી સરાણી તાબૂત કમાગર ઘોડા પાછળ જોડાશે એજ. સમય અને એજ તારીખે.

(૮) ચાકીવાળો ઘોડો:

તા. ૨૦-૬-૯૪ થી ૨૧-૬-૯૪ નાં ૨૩-૩૦ કલાકે ચાકીવાળા માંથી તૈયાર થઈ સોનાવાલા નાકામાંથી થઈ અન્જુમને ઈસ્લામ શાળાના સામેના માતમમાં આવશે. તા. ૨૧-૬-૯૪ નાં ૧૨-૪૫ સુધી રોકાઈ પરત માતમમાં જશે.

(૯) હજામવાળો ઘોડો:

હજામવાળો ઘોડો તા. ૨૦/૬/૯૪ થી ૨૧/૬/૯૪ના વહેલી સવારે ૪-૧૫ વાગ્યે કાજી મસ્જીદથી કંસારા બજાર, વાકળા, માંડલીયા શેરી ડોકટર સ્ટ્રીટ મોનાકુવા ચોક,. માતમમાં પરત (એજ તારીખે એજ સમયે.)

(૧૦) ધોબીવાળો ઘોડો અને તાબૂત :

તા. ૨૦/૬/૯૪ રાત્રે ૨૩-૦૦ કલાકે ડેલામાંથી લઈ માતમમાં લઈ જઈ ઘોડા અને તાબુત બનાવશે. અને તા. ૨૧/૬/૯૪ માતમમાંથી એજ સમયે આપના બજાર મોનાકુવા ચોક હજામ શેરી અને માતમમાં પરત ઘોડો અને તાબુત સરઘસમાં હજામવાળા ઘોડાની પાછળ જોડાશે.

(૧૧) સલાયા પંજા સરઘસ :

તા. ૨૦/૬/૯૪ ના પંજા સરઘસ સલાયાના ખારવા ફળીયા માંથી બુખારી મસ્જીદ પાસેથી મંગલેશ્વરી રોડ પરથી ધાસુરા ચોકમાં આવશે. ત્યાંથી ખારવાળા ભીટ રસ્તેથી પોતાના માતમમાંથી જશે. (સમય બપોરે ૧૧-૦૦ થી ૧૯-૦૦ કલાકે)

(૧૨) પેટા સરઘસ (સલાયા ઘોડો.) :

તા. ૨૦/૬/૯૪ અને ૨૧/૬/૯૪ ના રાત્રે ૨૧-૧૫ થી ૨૨-૧૫ પોતાના ચોકમાંથી નીકળી ધાસુરા ચોકમાં પોતાના માતમમાં પરત.

(૧૩) સલાયામાં તબેલામાં અને ભડાલા પુરના તાજીયા ઘોડા તથા ઝંડો :તા. ૨૦/૬/૯૪ ૨૧-૬-૯૪ નાં બપોરનાં ૧૪-૦૦ કલાકે નીકળી નદીમાં સાંજે ૧૮-૦૦ કલાકે ભેગા થઈ બસ સ્ટેશન રોડ, ભાંગેલા નાકા, કલ્યાણ ભુવન પાસે થઈ ત્યાંથી જુદા પડી મોટા સલાયાનાં તાબુત ઘોડો ઝંડો વિગેરેએ સલાયા જવું. નાના સલાયાનાં તાબુત ઘોડાએ પોતાનાં માતમમાં જવું. ભડાલા પાળનો તાજીયો ઘોડો કાંઠાવાળા નાકેથી પોતાનાં માતમમાં જવું. આ સરઘસ માટેનો સમય બપોરનાં ૧૪-૦૦ કલાકે શરૂ રાત્રીએ ૨૩-૦૦ વાગ્યા સુધી રહેશે.

(૧૪) તા. ૨૧-૬-૯૪નાં માંડવી શહેર મચ્છીપીઠ વિસ્તાર (ઠંડા થવાની રીત): રાત્રે ૨૩-૦૦ કલાકેથી તા. ૨૨-૬-૯૪ નાં પરોઢે ૪-૦૦ કલાકે દરેક તાજીયા ઘોડા લશ્કરી ચોક સુધીમાં રાખેતા મુજબ વાળા રૂટ પ્રમાણે રહેશે.

(૧૫) લશ્કરી ઘોડા અને તાજીયા : લશ્કરી ઘોડા અને તાજીયા લશ્કરી માતમમાંથી લુહાર ચકલા સ્વામી નારાયણ મંદિર, કોઠારી નારાયણ મંદિર, કોઠારી સ્ટ્રીટ, મોનાકુવા ચોક, હજામ શેરી અપના બજાર, ધાયરા પીર પાસે ઠંડા થશે.

(૧૬) ગઢરાઈ ઘોડા અને તાજીયા :

તા. ૨૦/૬/૯૪ વાળા રૂટ મુજબ આપના બજાર થઈ અને અને ત્યાંથી ધાવરાપીર થી આઝાદ ચોકમાં ઠંડા થશે. સમય રાત્રે ૨૩-૦૦ થી ૪-૦૦ નો રહેશે.

(૧૭) કમાગરનો ઘોડા :

તા. ૨૧-૬-૯૪ વાળા રૂટ મુજબ ગઢરાઈ ઘોડા તાબુત પાછળ ધાવરાપીર સુધી રહી આઝાદ ચોકમાં ઠંડા થશે.

(૧૮) શરાણી તાજીયો :

સરાણી તાજીયા કમાગર ઘોડા પાછળ રહેશે. રૂટ તા. ૨૧-૬-૯૪ મુજબ આપના બજાર આઝાદ ચોકમાં આવી ઠંડા પડશે.

(૧૯) હજામ વાળો ઘોડો :

તા. ૨૧-૬-૯૪ નાં રૂટ પ્રમાણે આપના બજાર સુધી અને આપના બજાર આઝાદ ચોક પહોંચી ઠંડા થશે. અને ધોબીનો ઘોડો અને તાબુત પાછળ રહેશે.

(૨૦) ધોબીવાળો ઘોડા—તાબૂત :

તા. ૨૧-૬-૯૪ નાં રૂટ પ્રમાણે ફરી આઝાદ ચોકમાં પહોંચી ઠંડા થશે.

(૨૧) પેટા સરઘસ :

ભડાલા પોળ વાળા ઘોડા તા. ૧૯/૬/૯૪ નાં રાત્રે ૨૩-૦૦ કલાકેથી તા. ૨૦/૬/૯૪ વહેલી સવારે ૨-૦૦ કલાકે ભડાલા પોળથી બાવાગોળથી દરગાહ અને ત્યાંથી પોસ્ટ ઓફીસ ભીડ નાકા બહાર અને એજ રૂટ માતમમાં પરત. સલાયા તાબુત ઘોડા ઝંડા ધાસુરા પીરનાં ચોકમાંથી બપોર ૨-૦૦ કલાકે નીકળી ગાવાખાના રસ્તેથી નદીમાં આવી તેજ ભડાલા પોળથી તાબુત ઘોડા સેજ વિગેરે મામલતદાર કચેરી સામે નાકા પાસે આવી નાના સલાયાનાં ઘોડા તાબુત સેજ, પોતાનાં માતમમાંથી નીકળી કલ્યાણ ભુવન, ભડાલા નાકા પાસેથી બસ સ્ટેશન મામલતદાર કચેરીનાં સામેનાં નાકા પાસેથી નદીમાં બધા ભેગા થઈ એજ નાકામાંથી ઉપડી બસ સ્ટેશન કલ્યાણ ભુવન પાસેથી કાંઠાવાળા નાકા પાસે આવી નાના સલાયાનાં તાબુત પોતાનાં માતમમાં જશે.

ભડાલાપીરનાં ઘોડા તાજીયા કાંઠાવાલા નાકાની અંદરથી ગઢરાંગ માંથી થઈ પોતાનાં માતમમાં જશે. સલાયા મોટામાં તાબૂત ઘોડા, ઝંડા, કલ્યાણભુવન ભાંગેલ નાકામાંથી પોતાનાં માતમમાં ઠંડા પડશે.

ઉપર જણાવ્યાં અનુસાર જે રસતા ઉપરથી તાબુત ઘોડા વિગેરે પસાર થાય છે. ત્યાં હમેશાં મુકરર કરેલ ધોરણ મુજબ અમલ કરવામાં ધારા ધોરણ મુજબ કોઈપણ પોલીસ અધિકારી કાયદેસર જે કાંઈ હુકમ કરશે તેનો અમલ કરવાનો રહેશે.


INDEX

ઉપરની તમામ શરતો પૈકી કોઈપણ શરતનો જે કોઈ શખ્સ ભંગ કરશે, કરાવશે, અથવા ગેરકાયદેસર વર્તન કરશે કે કરાવશે તે શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૭-૬-૯૪નાં રોજ મારી સહી અને કચેરીનો સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ડી. એ. મકવાણા,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
માંડવી-કચ્છ.

---

જાહેરનામું

નંબર : મેજી/મહોરમ/ભુજ/ગ્રામ્ય/૯૪.—ચાલુ વર્ષ મહોરમના તહેવારોના સંદર્ભમાં ધી મુંબઈ પોલીસ અધિનિયમ સને.-૧૯૫૧ની કલમ ૩૩(૧) અન્વયે શ્રી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, કચ્છ-ભુજના નં. મેજી/પોલ/સભામરઘચ્ચ]/એ.ઓ./૯૩, તા. ૨૪-૬-૯૩ના જાહેરનામાથી મને મળેલ અધિકારની રૂએ હું એન. જે. ખોજા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભુજ આથી ભુજ તાલુકાના આ સાથે જોડેલ અનુસૂચિમાં જણાવેલ ગ્રામ્ય વિસ્તારમાં અને તે અનુસૂચિની કોલમ-૩માં જણાવેલ આગેવાનની રાહબારી તળે કોલમ-૪માં જણાવેલ રૂટ મુજબ તા. ૨૦-૬-૯૪ના સમય કલાક ૧૪-૦૦ થી તા. ૨૧-૬-૯૪ ૨.૦૦ તથા તથા ૨૧-૬-૯૪ના કલાક ૧૬.૦૦ થી ૨૧.૦૦ સમય દરમ્યાન તાજીયા ફેરવવા અને ઠંડા કરવાનાં રહેશે.

ઉપકર જણાવ્યા મુજબ જે સ્થળ રસ્તા ઉપરથી તાજીયા-ઘોડા-સેજ પસાર થાય ત્યાં હમેશાં મુકરર કરેલ ધોરણ મુજબ વાંજીત્રો વગાડવાનું બંધ કરવું અને તે મુજબ અમલ કરવા માટે ધારા ધોરણ મુજબ કોઈ પણ પોલીસ અધિકારીશ્રી કાયદેસર જે હુકમ કરશે તેનો અમલ કરવાનો રહેશે.

ઉપરની તમામ શરતો પૈકી કોઈપણ શરતનો જે કોઈપણ શખ્સ ભંગ કરશે કે કરાવશે અથવા ગેરકાયદેસર વર્તન કરશે કે કરાવશે તેવી કોઈપણ વ્યકિત સને. ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના અધિનિયમ-૨૨માંની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૭-૬-૯૪ના રોજ મારી સહી કરી સીક્કા કરી આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યો.

ભુજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના નીચે લખ્યા ગામોએ તા. ૨૦-૬-૯૪ અને તા. ૨૧-૬-૯૪ ના રોજ મહોરમના તહેવારોના તાજીયા ઘોડા--સેજ ફેરવવા અંગે ઠંડા કરવાની—

અનુસુચિ.

| ક્રમ | ગામનું નામ | આગેવાનનું નામ | તાજીયા-ઘોડા--સેજ, ફરવવાનો રૂટ. |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧. | નાંગીયારી | શ્રી મહમદહુશેન ઈબ્રાહીમ | ગામમાં તથા ગામનો મુખ્ય ચોક. |
| ૨. | લોડાઈ | શ્રી કુંભાર હુશેન જાકબ | ગામમાં તથા ગામનું મુખ્ય ચોક. |
| ૩. | માનકુવા | શ્રી સમેજા ઉમરબુઢા | ગામમાં ઈમામ ચોકથી વથાણ ચોક રસ્તા પરથી બજાર રસ્તે પરત ઈમામ ચોક |
| ૪. | મોટા રેહા | શ્રી થેબા આમદ અબદુલ્લા | ગામના વથાણમાં તથા બજારમાં ફરી પરત ઈમામ ચોક. |
| ૫. | જાંબુડી--ચકાર | શ્રી મુતવલ્લી એસ.આઈ,બુઝર્ગ | માતમથી હરીજનવાસ થઈ બસ સ્ટેશન થઈ પરત માતમ. |
| ૬. | સુખપુર | શ્રી હાસમ મીઠું નોતીયાર | માતમથી વથાણ થઈને બજાર થઈને માતમ પરત. |
| ૭. | કેરા—૧ | શ્રી આમદ યુસુફ ખોજા | માતમથી બજાર થઈને માતમ પરત |
| ૮. | કેરા—૨ | શ્રી જુસબ હાજી અલી | મામદ નાના માતમથી જમીલશાપીર થઈને પરત માતમ. |
| ૯. | કેરા—૩ | શ્રી સીધીક જુસબ | જમીલશાપીરથી મેઈન બજાર થઈને પરત |
| ૧૦. | ભારાપર | શ્રી ઈબ્રાહીમ કાસમ | માતમથી મુંદરા રોડ થઈને પરત માતમ |
| ૧૧. | બપીયા | મેમણ ઈસમાઈલ જુમા | માતમથી બજાર ફરી પરત માતમ. |
| ૧૨. | વદી | સીધીક હાસમ જુણેજા | માતમથી એસ.ટી. સ્ટેન્ડ થઈ ને બેંક ઓફ ઈન્ડીયાવાળીઓ રોડ પરત માતમ. |
| ૧૩. | દહીંસર, નારાણપર | જત હુશેન મામદ | માતમથી નવી મસ્જીદ થઈને શહેનશાહ પીરની દરગાહ થઈ પરત માતમ. |
| ૧૪. | ગજોડ | સુમાર પીમમામદ આગરીયા | માતમથી મુખ્ય બજાર થઈને જૈન મંદિરનાં રસ્તે થઈ પરત મસ્જીદ અને માતમ. |
| ૧૫. | ચુબડક | સુલેમાન ઓસમાણ | માતમથી ગામના વથાણમાં પરત માતમ. |
| ૧૬. | ચુનડી | સમેજા આદપ કાદર | માતમથી ગામના વથાણ થઈને પરત માતમ. |
| ૧૭. | વડઝર | કુરેશી અદુલ તારમામદ | માતમથી લાધુભા સોયાના ઘર પાસેથી પચ્ચાર થઈ ચોકમાં આવીને પરત માત |
| ૧૮. | માધાપર | મુગલ હાસમ જુસબ | મસ્જીદથી માતમ જુનાવાસ પંચાયત ઘરથી ઠાકર ચોક મંદિર પાસેથી થઈને પરત મસ્જીદ. |
| ૧૯. | કુકમા | ઈબ્રાહીમ મીઠું સન્ના | મસ્જીદથી ગામના ચોકમાં ફરી પરત માતમ--મસ્જીદ. |
| ૨૦. | લાખોંદ | જત ડાડા રમજુ | મસ્જીદથી ગામના ચોકમાં પરત મસ્જીદ માતમ. |
| ૨૧. | કાળી તલવડી | સીધીક ગાભા વીરા | મસ્જીદથી ગામના ચોકમાં થઈને પરત મસ્જીદ. |
| ૨૨. | પધ્ધર | માંજોઠી ફકીરમામદ મુસા | માતમથી બજાર થઈ પરત માતમ. |
| ૨૩. | કનૈયાબે | શેખલતીફશા મામદશા | મસ્જીદથી ગામનો ચોક પરત મસ્જીદ માતમ. |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૪. | ધાણેટી | કુંભાર ઈસ્માઈલ ઈબ્રાહી.. | મસ્જીદથી હનુમાનજીના મંદિર પાસેથી થઈને ગામનો ચોક પરત મસ્જીદ. |
| ૨૫. | દેશલપર | નુરમામદ ગીઠું સમેજા | મસ્જીદથી ઈમામ ચોક થઈ બજારમાં ફરી પરત મસ્જીદ. |
| ૨૬. | સુમરાસર શેખવાલી | રજાક નામોરી | ખાત થી ગામનો ચોક પરત ખાતમ. |
| ૨૭. | મોટા બંદરા | સમા ઈબ્રાહીમ નુરમામદ | મસ્જીદથી ગામના ચોકમાં થઈ પરત ખાતમ. |

ભુજ, ૧૭ માહે જુન સને ૧૯૯૪.

એન. જે. એજી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ભુજ-કચ્છ.

---

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા.

વંચાણે લીધાં :

(૧) ખેતી, વન અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગરના હુકમ ક્રમાંક: જીએચકેએચ.-૧૭૨-૮૧-સીએસ-એ. ૪૯૭૮-૪૨૨૯—ડી. તા. ૩૧-૮-૮૧.

(૨) જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, રાજકોટના હુકમ ક્રમાંક: ફડચ-ધ.-૨-૧૦૧૮ થી ૧૦૨૯, તા. ૧૨-૫-૯૪.

(૩) વહીવટદારશ્રી જીલ્લા પંચાયતના આદેશ ક્રમાંક: સર/મકમ/૩/વશી/૨૫૨૩/૨૫૭૩/૯૩, તા. ૪-૧૨-૯૩.

(૪) સહકારી કાયદા ૧૯૬૧ની કલમ ૧૯ની જોગવાઇઓ.

હુકમ

ક્રમાંક: નધણ/સહ/વશી/૧/૧૨૮૯/૯૮.—હું, એ. એ. નાગોરી, આઈ.એ.એસ., જિલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પંચાયત, રાજકોટ, મને વંચાણ પારા—૧ તથા પારા ૩ ના જાહેરનામાથી મળેલ સત્તાઓ તથા વંચાણ પારા—૪ મુજબ સહકારી કાયદાની કલમ ૧૯ની જોગવાઈઓને આધીન શ્રી કાજરડા મત્સ્ય ઉદ્યોગ સહ. મંડળી લી. મુ. કાજરડા, તા. માળીયા, મી. જી. રાજકોટને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, રાજકોટના હુકમ ક્રમાંક: ફડચ-ધ-૨-૧૦૧૮ થી ૧૦૨૯, તા. ૧૨-૫-૯૪થી પુન:જીવીત કરવા આદેશ કરેલ. જે કાયદેસર રીતે અસ્તીત્વ ધરાવતો ન હોય જેનો અમલ નહીં કરવા આથી આદેશ કરૂં છું.

રાજકોટ, ૧૪ માહે જુન સને ૧૯૯૪.

એ. એ. નાગોરી,
જિલ્લા વિકાસ અધિકારી,
રાજકોટ.

---

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને-૧૯૬૧ની કલમ—૧૯ તથા નિયમ—૧૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં ખેતી, વન, સહકાર વિભાગ તા.રા. ગાંધીનગરના હુકમ નાં. જીએચકેએચ/૧૭૨-૮-સીએસએ-૪૯૭૮—૪૨૨૯-ડી, તા. ૩૧-૮-૮૧.

(૩) ફડચા અધિકારીશ્રી અને ખાસ અધિકારી (વહીવટ ફડચો) જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. વંથલી વિ.-૬ તરફથી રજુ થયેલ દરખાસ્ત.

(૪) જિલ્લા રજીસ્ટ્રારશ્રી સ.મં. જુનાગઢનાં પત્ર નાં. ફડચ-૫-૪-૬૬, તારીખ: ૨૧-૨-૯૪,

(૫) તા. ૨૧-૩-૯૪નાં રોજ મળેલ કારોબારી સમિતિનાં ઠરાવ નાં. ૪૩૬૧(૯૪).

(૬) આ કચેરીના પત્ર નાં. જીપં./સહ/પરત/સેવા મંડળ-૭૮૯/૮૦૩, તારીખ: ૧૩-૫-૯૩.

આદેશ

નાં. જીપં/સહ-પરત-સેવા મંડળી/૭૮૩/૯૦/૯૪.—માંગરોળ તાલુકાની શ્રીમતી સેવા સહકારી મંડળી લી. મીતી ગુજરાત સહકારી મંડળીઓને કાયદા સને-૧૯૬૧ની કલમ-૧૯ તથા નિયમ -૧૦ની જોગવાઈ અનુસાર નીચેની શરતોને આધીન રહીને પુર્નજીવીત કરવાનો આદેશ કરવામાં આવે છે.

શરતો :

(૧) મંડળીઓ નવા સભાસદો દાખલ કરી શેરભંડોળમાં વધારો કરવો તથા ધીરાણમાં વધારો કરવો.

(૨) મંડળીએ તાલીમ મંત્રી તથા સ્વનંત્ર માલીકનું મકાન રાખવાનું રહેશે.

(૩) મંડળીના સભાસદોએ મંડળી ચલાવવામાં પુરેપુરો રસ દાખવવાનો રહેશે.

(૪) સભાસદો પાસે બાકી રહેલ લ્હેણું વસૂલ કરવા કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે

(૫) મંડળીનો વહીવટ સરકારી કાયદા કાનૂન તથા પેટા-કાયદા અનુસાર કરવાનો રહેશે.

જુનાગઢ, ૨૮ માહે જુન, સને ૧૯૯૪.

બી. જી. સ્વેન
જિલ્લા વિકાસ અધિકારી,
જુનાગઢ.

---

INDEX

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્ય ના સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં સહકાર વિભાગનાં નોટીફીકેશન નં. હ-૨૮-૯-ડીડીસી-૧૧૮૨-૭૪૨૫-ગ, તા. ૨૨-૩-૮૪. વહીવટદારશ્રી ...રા.હા. બેન્ક લી. આંબા શાખાનો તા. ૧૬/૦૩/૯૪.

(૩) સબ રજીસ્ટ્રાર-કોડીટર ગ્રેડ-૧—૨ સહકારી મંડળીઓ અમરેલીનો તા. ૧૯૯૦નો અહેવાલ.

(૪) આ કચેરીનો વચગાળાનો ફડચાનો આદેશ નંબર ફડચ/ચ/૧૩૭૦ થી ૧૩૭૭, તા. ૧૧/૦૫/૯૪.

અંતીમ આદેશ

ક્રમાંક: ફડચ/ગ/૧૦૩૭/૧૯૯૪,.—આથી હું, એ. એસ. ખંધાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી અને મળેલ અધિકારની રૂએ શ્રી ચકકવા ગ્રુપ સેવા સહકારી લી. મુ. ચકકવા, તાલુકો: આંબા, જિલ્લો અમરેલી કે જેનાં નોંધણી નં. ૨૧૦૪૭ તા. ૧૯૫૫થી નોંધયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ ૧૦૭(૧) ગ-૨ અન્વયે તા. ૧૧/૫/૯૪થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાના અંતિમ આદેશ કરવામાં આવે છે આ આદેશથી ફડચા અધિકારી તરીકે શ્રી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. ની નિમણુંક કાયમ કરી ફડચાની કાર્યવાહી નિયત સમયમાં પૂર્ણ કરવા આદેશ કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીના તમામ પ્રકરણો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીનાં છેલ્લાં સરવૈયાની સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ ૧૧૪ અનુસાર કાર્યવાહી પુર્ણ કરવાની રહેશે. ૧૦૬(૧)ની તમામ કાર્યવાહી માસ ૧ માં પુર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૧૧ માહે જુન સને ૧૯૯૪.

એ. એસ. ખંધાર,
જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં.,
અમરેલી.

---

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: હ—૨૮-૮૪-ડી.ડી.સી.-૧૧૮૨-૭૪, ૨૫-ગ તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના તા. ૨૫/૧૦/૧૯૮૯ ના હુકમ નં. ફડચ/ખ-૪/૫૬૮/૧૯૮૯નો સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

(૩) આ કચેરીના તા. ૯/૧૨/૯૩ નાં પત્રાંક: ફડચ/૧૦૨૨/ખ-૪/૮૦૦/૧૯૯૩.

(૪) આ કચેરીના તા. ૧-૧૧-૯૩ના હુકમ નં. ફડચ/ખ-૪/૭૧૨/૧૯૯૩નો સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

(૫) આ કચેરીનાં તા. ૨૬/૧૨/૯૩નાં જા.નં. ફડચ/ખ-૪/૮૬૧/૧૯૯૩નો પત્ર.

આદેશ

ક્રમાંક: ફડચ/ઉખસ/૧૦૨૨/ફ-૯૫૬૭/ફ-૯૫૬૮/ ૧૪૯ / ૧૪૮/-૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭—૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે. બી. ઉપાધ્યાય, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મં. ભાવનગર સદરહું સંસ્થાનો તા. ૨૫/૧૦/૧૯૮૯ તથા તા. ૧—૧૧—૯૩ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ તેજ કાયદાની કલમ ૧૦૮—૧ અન્વયે સદરહુ સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ અને ૪ કચેરીમાં ભાવનગરની આથી નિમણુંક કરવામાં આવે છે.

ભાવનગર, ૯ માહે માર્ચ સને ૧૯૯૪.

---

વંચાણે લીધાં : (૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેર નામા ક્રમાંક: હ-૨૮-૮૪-ડી.ડી.સી.-૧૧૮૨-૭૪૨૫-ગ, તા. ૨૨-૩-૮૪

(૨) આ કચેરીના તા. ૩૧-૧-૯૪નાં આદેશ ક્રમાંક: ઉખસ/ફ.-૯૫૬૨/ખ-૪/૫૪/૯૪નાં ફડચાનો કાયમી આદેશ.

(૩) ફડચા અધીકારીશ્રી ઢસા પ્રા. ગ્રાહક સ. મં. (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૩ ભાવનગરના તા. ૧૬/૫/૯૪ નો અહેવાલ.

(૪) અત્રેની કચેરીનાં આદેશ ક્રમાંક: ફડચ/ખ-૪/૩૧૨/૯૪, તા. ૪-૬-૯૪નો ૧૧૪(૨)નો, આદેશ.

(૫) આ કચેરીના તા. ૨૧-૪-૯૪ના હુકમ નં. ફડચ/ખ-૪/૧૯૮/૧૯૯૪નો સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

(૬) આ કચેરીના તા. ૨૨-૪-૯૪ ના હુકમ નં. ફડચ/૧૪૯૪/ખ-૪/૨૭૭/૧૯૯૪નો સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

(૭) આ કચેરીના તા. ૨૧-૪-૯૪ ના હુકમ નં. ફડચ/ખ-૪/૧૯૯/૧૯૯૪ નો સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

(૮) આ કચેરીના તા. ૨૧-૪-૯૪ના હુકમ નં. ફડચ/ખ-૪/૨૭૧/૧૯૯૪નો સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

INDEX

આદેશ

નીચે જણાવેલ ભાવનગર જીલ્લાની સહકારી મંડળીઓ કે જેની નોંધણી નંબર તથા કોલમ નં. ૩માં દર્શાવેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક: સરખા તા. ૩૧-૧-૯૪થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તા. ૪/૬/૯૪ના સરખા ક્રમાંકનો આદેશથી પુર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ર.ો.ડીટ વગેરે થઈ જતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ—૨૦ અન્વયે હું, કે.બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર સદરહું મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફ્તર વિગેરે દિન—૧૫માં આ કચેરીની ફડચા શાખાને સોંપી દવું.

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૩-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે.બી. ઉપાધ્યાય, જીલ્લા રજીસ્ટ્રાર, સ.ા.ડ. ભાવનગર સદરહું સંસ્થાનો તા. ૨૧-૪-૯૪ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરું છું.

તેમજ આ જ કાયદાની કલમ ૧૦૮—૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪—કચેરીમાં ભાવનગરની આથી નિમણુક કરવામાં આવે છે.

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ, ગામ અને તાલુકો<br>૨ | નોંધણી નં. અને તારીખ<br>૩ |
|---|---|---|
| ક્રમાંક: ફડચ/ /ખ-૪/૩૪૫/૯૪,<br>તા. ૨૧/૨૨/૬-૯૪<br>ક્રમાંક: ફડચ/ઉખસ/ફ-૯૫૮૩ થી ૯૫૮૬/ખ--૪/૩૫૨શી૩૫૫/૯૪, તા. ૨૧/૨૨/૬/૯૪. | શ્રી ઠરા પ્રાથમિક ગ્રાહક સ.ભંડાર લિ.<br>મુ. ઠસા, તા. ગકરા. જી.ભાવનગર | નં. ૨૬૩૬, તા. ૧૫/૫/૮૯ |
| | શ્રી પાનવાડી સહકારી કર્મચારી પ્રાથમિક ગ્રાહક સહકારી ભંડાર, લિ.<br>જી. ભાવનગર. | નં.૧૧૯૬, તા. ૧૯/૧૦/૮૫ |
| | શ્રી વેલ્ફર્મ. ઈન્ડ. કર્મચારીની શરાફી સહકારી મંડળી<br>લી. મુ. તા. જી. ભાવનગર. | |
| | શ્રી સથરા ટોટાં ઉછેર સહકારી મંડળી લી.<br>મુ. સથરા, તા. મહુવા. | નં. ૧૮૭૮૯, તા. ૨૯/૭/૯૨ |
| | શ્રી રાજેશ્વ દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ.<br>મું. સા. કુંડલા, તા. સાવરકુંડલા. જી. ભાવનગર | નં. ૧૭૩૧, તા. ૭-૫-૮૦ |

---

વંચાણે લીધાં :

(૧) નામ. સરકારશ્રીનાં સહકાર વિભાગનાં ઠરાવ નં. હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૧/૭૪૨૫/ગ તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક: સવન/૦૧/ગ-૧/૬૫૨ થી ૬૭૦/૧૯૯૦ તારીખ : ૧૩-૬-૧૯૯૦.

(૩) શ્રી વ્યવસ્થાપક મંડળશ્રી ભંડારીયા ગોપાલક વસાહત સહ.મંડળી લી. ની તા. ૨૦-૧-૯૪ નાં રોજની તથા શ્રી પ્રમુખશ્રી ભંડારીયા ગોપાલક વસાહત સ.મં.લી. ની તા. ૨૪-૧-૯૪ નાં રોજની અરજીઓ.

આદેશ

ક્રમાંક: સવન/૦૧/ગ-૧/૧૩૨/૯૪— હું, કે. બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી ઈ.સ. ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ—૮૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ શ્રી ભંડારીયા ગોપાલક વસાહત સહકારી મંડળી લી., મું. ભંડારીયા, તા.જિ. ભાવનગરની આ કચેરીનાં વંચાણે લીધાં ક્રમાંક/૨ નો આદેશ ક્રમાંક: સવન/૦૧/ગ-૧/૬૫૨ થી ૬૭૦/૧૯૯૦ તા. ૧૩/૬/૧૯૯૦ આથી રદ કરું છું. અને સદરહું સંસ્થાની વહીવટ સંસ્થાની ખાસ સાધારણ સભા બોલાવી તેની નવી ચૂંટાયેલ કમિટિને પરત સોંપવા આથી આદેશ કરું છું.

ભાવનગર, ૨૪/૨૭ માહે જુન સને ૧૯૯૪.

કે. બી. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભાવનગર

---

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: ધહ/૨૮૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫-ગ, તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના તારીખ ૨૮-૪-૯૪ના પત્ર ક્રમાંક: સપવ-ગ-૨-૨૧૭/૨૨૩/૯૪ થી મંડળીની વ્યવસ્થાપક કમીટીના સભ્યોને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૩) મંડળીની વ્યવસ્થાપક કમીટીના સભ્યો તરફથી રજૂ થયેલ કારણદર્શક નોટીસનો જવાબ.



INDEX

(૪) જામનગર જીલ્લા સહકારી બેન્ક લી. જામનગરના તારીખ: ૧૦-૫-૯૪ના પત્રથી મંડળીને વહીવટદાર હેઠળ લઈ જવા આપેલ સંમતિ અંગેનો પત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૮૧ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. સંપત-ગ-૨-૪૧૩/૧૬-૯૪, -હું, એ. એલ. કોરવાડીયા જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી, મોરઝર સેવા સહકારી મંડળી લી. મુ. મોરઝર તાલુકો-ભાણવડ જીલ્લો: જામનગરની વ્યવસ્થાપક કમીટીને તેમના હોદ્દા ઉપરથી દૂર કરીને તેમની જગ્યાએ ગુજરાત સહકારી મંડળી-ઓના અધિનિયમ– ૧૯૬૧ની કલમ–૮૧ અન્વયે વહીવટદાર-ની નિમણુંક કરવાનો તેમજ વહીવટદાર તરીકે શ્રી જામનગર જીલ્લા સહકારી બેન્ક લી., જામનગરના આસિ.ઈન્સ્પેકટર સ્પેશ્યલ સેલ–૨ જામનગરની નિમણુંક કરવા હકમ કરૂં છું. વહીવટદારે સંસ્થાનો તમામ ચાર્જ દફતર માલ મિલકત– નિધિ વિગરે તાત્કા-લીક સંભાળી લઈ ચાર્જ લીસ્ટની એક નકલ સામે આ કચેરીને જાણ કરવાની રહેશે. વહીવટદારે મંડળીનો વહીવટ કાયદા-કાનૂન અને સંસ્થાના પેટા-નિયમોનુસાર ચલાવવાનો રહેશે.

વહીવટદારે દર માસે પોતે કરેલ કામગીરીનો અહેવાલ આ કચેરીને મોકલવાનો રહેશે.

જામનગર, ૨૨/૨૩ માહે, જુન, સને ૧૯૯૪.

એ. એલ. કોરવાડીયા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જામનગર.

———

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજયમાં સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ—૧૦૭, તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૩) ગુજરાત રાજયનાં સહકાર ખાતાના જાહેરનામા ક્રમાંક: હ/૨૮/૮૪/ડીડીઈ/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨/૩/૮૪.

(૩) કચેરીના શ્રી સહકારી અધિકારી (હાઉસીંગ)નો તા. ૧૨/૫/-૯૪નો ખાસ અહેવાલ.

વચગાળાનો આદેશ

ક્રમાંક: ઉખપ/ફડચ/ખ-૪/૨૧૬/સને-૯૪,—આથી હું, પી.એમ. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને સહકારી મંડળીઓના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી જય ગોપાલ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. જુનાગઢ, તા. જુનાગઢ,જીલ્લો: જુનાગઢ, કે જે નોંધણી નંબર-૧૦૫૮૯ તા. ૧૯/૧૦/૮૩ થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજયના સને-૧૯૬૧ નાં સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૧) (ગ) (૧) (૪) તથા તે જ કાયદાની કલમ—૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચે) નં. ૧ લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ:—આ આદેશ સામે મંડળીને વાંધો કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિન-૩૦ની અંદર આમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાનમાં કાંઈ રજુઆત થશે નહીં તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

જુનાગઢ, ૨૭ માહે જુન સને, ૧૯૯૪.

પી. એમ. રાવલ.
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

———

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના ગહકર વિભાગના ઠરાવ ક્રમાંક: ધ-ખ્ય.-૨૪/૯૧/સીડીસી/૧૧૮૮/જે, તારીખ: ૩૦-૩-૯૧.

(૨) આ કચેરીનો ક્રમાંક: ફડચ/વ.અ../૨૫૮/ઝ/૪૯૨/ તા. ૧૮-૮-૯૩ વાળો અંતિમ આદેશ.

(૩) અત્ર ઓડીટર સહકારી મંડળીઓ, ભુજ લગત જીલ્લા ખાસ અન્વેષક શ.મં. ભુજનું તા. ૩૦-૪-૯૪ વાળું અંતિમ ઓડીટનું પ્રમાણપત્ર.

(૪) આ કચેરીના સહકારી અધિકારી ફડચે.-૨ની તા. ૩૦-૪- ૯૪વાળી નોંધણી રદ ની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક: ફડચ/૨૫૮/ઝ/૨૩૫/૯૪,– આથી, હું, ડો. બી. એન. માંકિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ મને મળેલ અધિકારો અને સત્તાની રૂએ શ્રી ગુંદીયાળી સેવા સહકારી મંડળી લી. ગુંદીયાળી, તા. માંડવી, કચ્છ કે જે સને:૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી ક્રમાંક: ૨૩૪૬૭, તા. ૧૦-૧-૯૦થી નોંધાયેલ હતી. અને જેને તેજ કાયદાની કલમ ૧૦૭(૩) અન્વયે ઉપર ક્રમાંક: (૨)માં વંચાણે લીધેલ આદેશથી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. તેની ફડચાની કામ-ગીરી સમાપ્ત થયાનું જાહેર કરૂ છું. અને સદરહુ મંડળીની નોંધણી તેજ કાયદાની કલમ ૨૦(૧) અન્વયે આથી રદ કરૂં છું.

ભુજ-કચ્છ, ૨૮ માહે જુન સને ૧૯૯૪.

———

વંચાણે લીધાં :

(૧) સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: જી.એચ.કે.એચ. ૨૪-૯૧/ડી.ડી.જી.-૧૧૮૮/૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

(૨) સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક: ધખ/૭૪/૯૧/સધ./૧૦૯૧/ ૧૦૬૫-ગ- તા. ૨૦-૮-૯૧.

(૩) સહકારી મંડળીઓના કાયદાની ક.-૮૧ તથા ક.-૭૪ની જોગવાઇઓ.

(૪) વડી કચેરીનો તા. ૭-૧૨-૯૨નો પત્ર ધરમ/૦૧/છ/૨૦૯૦/

(૫) આ કચેરીનો હુકમ ક્રમાંક: સવન/૦૧/ચ-૧/૭૩૧ તા. ૩૦-૬-૯૭.

હુકમ :

ક્રમાંક: સવન ૦૧/ત/૨૮૪/૯૪.—આથી હું, બી.એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, મને મળેલા અધિકારની રૂએ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ–૮૧ની જોગવાઈ પ્રમાણે શ્રી સ્વામીનારાયણ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી, લી. માધાપર, તા. ભુજની વ્યવસ્થા-પક કમિટીને દુર કરી વહિવટદારની જે નિમણુંક કરવામાં આવેલ હતી તેની મુદ્દતવધી સમાપ્ત કરી તેને સ્થાને સદર મંડળીને કસ્ટોડીયન હેઠળ લઈ તેજ કાયદાની કલમ—૭૪-ઘ હેઠળ સદર મંડળીના કસ્ટોડીયન તરીકે બે વર્ષ માટે શ્રી કે. આર. અંતાણીની નિમણુંક કરવાનો આથી હુકમ કરૂ છું.

કસ્ટોડીયનશ્રી કસ્ટોડીયન તરીકે નિયમાનુસાર પ્રાપ્ત થતાં તમામ અધિકારો અને ફરજો બજાવવાના રહેશે. કસ્ટોડીયનશ્રીએ ઉપરોકત મંડળીમાં વ્યવસ્થાપક ભિમટીની સત્વરે નિયમાનુસાર રચના થાય અને પેટાનિયમ અનુસાર કામ કરતી થાય તેવા નક્કર પ્રયાસો કરવાના રહેશે. તેમજ તે દરમ્યા મંડળીના જે પ્રશ્નો નિરાકરણ માટે પડતર હોય તે અંગે ઝડપી કાર્યવાહી કરવાની

INDEX

રહેશે. આ મંડળીની જે કાગળીરી હોય તે પણ નિયમસર સંભાળ હાથ ધરાવવાની રહેશે અને તેનો અહેવાલ અત્રે પ્રતિમાસે કરવાનો રહેશે.

ભુજ-કચ્છ, ૨૯ મોહે જુન સને ૧૯૯૪.

બી. એન. યાજ્ઞિક,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,-ભુજ-કચ્છ.

---

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક હ-૨૮-૮૪-ડીડીસી-૧૧૮૨-૭૪૨૫-૭૪-ગ,તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક: જીઉકે/ભુજ/આસમ/ફડચ/ધ-૬-૪૫૨/૯૩-૧૭૬૦૭, તારીખ ૨૭-૮-૯૩.

(૩) સબ-ઓડીટર સહકારી મંડળીઓ, (ઉદ્યોગ) ભુજ હસ્તક જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભુજનું અંતિમ ઓડીટનું પ્રમાણપત્ર તા. ૨૮-૬-૯૪.

(૪) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચો) હસ્તક જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભુજના પત્રાંક ફડચ/૨૩/માંડવી મુદ્રણાલય ધ (૩) ૧૯૫, તારીખ: ૨૮/૦૬/૧૯૯૪ વાળી દરખાસ્ત.

હુકમ

ક્રમાંક: જીઉકે/ભુજ/આસમ/ફડચ/ધ-૩-૧૯૩/ધ-૬/૧૯૯૪.— આથી હું, આઈ.કે. ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (ઉદ્યોગ) અને મેનેજર (કે.વી.સી.આઈ.) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભુજ મને મળેલ સત્તા અને અધિકારોની રૂએ શ્રી માંડવી તાલુકા સહકારી મુદ્રણાલય લી. મુ. માંડવી, તા. માંડવી, જિલ્લો: કચ્છ, નોંધણી ક્રમાંક: ઉ-૫૦૨૭, તા. ૧૧-૫-૮૭ની ફડચા કામગીરી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ કલમ ૧૧૪(૧) હેઠળ પૂર્ણ થયેલ જાહેર કરૂ છું. અને સદર અધિનિયમની કલમ ૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

ભુજ(કચ્છ), ૩૦ મોહે, જુન સને ૧૯૯૪.

આઈ. કે. ત્રિવેદી,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ) અને
મેનેજર (કે.વી.ઈ.આઈ.) જિલ્લા ઉદ્યોગ
કેન્દ્ર, ભુજ(કચ્છ).

---

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સરકારશ્રીના સહકારી વિભાગના જાહેરનામા ક્રમાંક: જી. એન. એલ.કે. ૧૪૮/૮૨/ડીડીસી-૧૧૮૨--૭૪૨૫- તા. ૨૧-૭-૮૨.

(૨) યંત્રશાળા નિરીક્ષકના તા. ૨૪/૫/૯૪ના પત્ર નં. હશળ/ધ/૨૨૪/૯૪ અન્વયે

(૩) કારણદર્શક નોટીસ તા. ૧-૬-૯૪.

હુકમ

જા.નં.જીઉકે/રાજ/કુઉક/૩૭૩.- જયશ્રી લક્ષ્મીવિજય વણકર સ.મં. લી. મું., રાજકોટ, તા. રાજકોટ જી. રાજકોટ. નોંધણી ક.ઉ.-૪૫૭૨ તા. ૧૨-૧૨-૮૫થી નોંધાયેલ મંડળી છે. સદર મંડળીએ ગુજરાત સહકારી અધિનિયમની કલમ—૧૦૭/૧/ગ/-૪-ક-ઉ,૪ અને ૮૪નો ભંગ કરેલ હોવાથી આ મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૬(૨) મુજબ ફડચામાં લઈ જતો આ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

કલમ—૧૦૮ મુજબ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, રાજકોટની નિમણુંક કરવામાં આવે છે.

રાજકોટ, ૧ મોહે જુલાઈ સને ૧૯૯૪.

(સહી) અવ્યય
મેનેજર (ખાદી)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર રાજકોટ.

---

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગનું તારીખ: ૩૦/૩/૯૨નું જાહેરનામું.

(૨) શ્રી કમિશ્નર સાહેબ, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુ.રા. ગાંધીનગરનો પત્ર ક્રમાંક: સક્ક/ચ/૩૨૭૩/૯૧, તા. તા. ૧૬/૧૦/૯૧

(૩) સબ—ઓડીટર, સ.મં.(ઉદ્યોગ) સુરેન્દ્રનગરનો તા. ૧-૧૧-૯૩નો ખાસ અહેવાલ.

(૪) અત્રેની કચેરીનો તા. ૩-૫-૯૪નો વચગાળાનો આદેશ.

અંતીમ આદેશ.

ક્રમાંક: ફડચ/ગ-૩/૩૪૦/૯૪.— હું, એમ. ડી. ચૌહાણ, મેનેજર, (કે.વી.સી.આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉદ્યોગ) જીલ્લા કેન્દ્ર, સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ અને ઉપરોક્ત સંદર્ભ-૪માં નિર્દિષ્ટ કરાયેલ અત્રેની કચેરીના તા. ૩-૫-૯૪ના આદેશથી ચંદ્રવિલાસ હીરા ઉદ્યોગ સ.મં.લી. મું. લીંબડી, તા. લીંબડી, જી. સુરેન્દ્રનગરને આટોપી લેવા અંગે ગુજરાત સહકારી અધિનિયમની કલમ—૧૦૭(૧)(ક) મુજબ જે વચગાળાનો આદેશ તે સંદર્ભમાં પ્રસ્તાવનામાં નિર્દેશ કરેલ તમામ વિગતોને ધ્યાનમાં લઈ સદર કરાયેલ હુકમને કાયમ કરવા સબંધમાં સદર અધિનિયમની કલમ—૧૦૭(૩) અન્વયે મને પ્રાપ્ત થયેલ અધિકારો અન્વયે શ્રી ચંદ્રવિલાસ હીરા ઉદ્યોગ સ.મં.લી., લીંબડી, તા. લીંબડી, જી. સુરેન્દ્રનગરને આટોપી લેવાના કરાયેલ તા. ૩-૫-૯૪ ના વચગાળાના આદેશને બહાલ રાખી સદર મંડળીને આટોપી લેવા અંગે આ અંતિમ આદેશ કરૂં છું.

સદર અધિનિયમની કલમ—૧૦૮(૧) અનુસાર પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરેન્દ્રનગરની નિમણુંક ચાલુ રાખવાનો આથી આદેશ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૮ મોહે જુન સને ૧૯૯૪.

---

INDEX

વંચાણે લીધાં : (૧) સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનું તારીખ:૩૦-૩-૧૯૯૧નું જાહેરનામું.
(૨) કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : સક્ક/ચ/૩૨૦૩/૯૧, તા. ૧૬-૧૦-૯૧.
(૩) નાયબ-કોમીશ્નરશ્રી, સ.મં. (ઉદ્યોગ) સુરેન્દ્રનગરનો તા. ૨૧-૧-૯૪નો ખાસ અહેવાલ.
(૪) અત્રેની કચેરીની તા. ૬-૧-૯૪ની નોંધ ક્રમાંક: અધગ/૮૦/ગ-૭/૮
(૫) અત્રેની કચેરીની તા. ૩૦-૩-૯૪ની નોંધ ક્રમાંક: અધગ/૮૦/ગ-૭/૧૧૨
(૬) અત્રેની કચેરીની તા. ૧૯-૫-૯૪ની કચેરી નોંધ ક્રમાંક: અધગ/૦/ગ-૭/૧૭૫.
(૭) અત્રેની કચેરીની તા. ૬-૧-૯૪ની નોંધ ક્રમાંક: અધગ/૮૦/ગ-૭/૮

## વચગાળાનો આદેશ

હું, એમ.ડી. ચૌહાણ, મેનેજર (કે.વી.સી.આઈ) : અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં.(ઉદ્યોગ) સુરેન્દ્રનગર ગુજરાત સહકારી મંડળીઓ, કાયદાની કલમ—૧૦૩(૧)(ક) મુજબ મને મળેલ સત્તા અન્વયે નીચે જણાવેલ સુરેન્દ્રનગર જીલ્લાની સહકારી મંડળીઓ જેના નોંધણી નંબર તથા તારીખ કોલમ નં. ૩માં દર્શાવેલ છે. તેને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ કરું છું. તેમજ ગુજરાત સહકારી કાયદાની કલમ—૧૦૮(૧) મુજબ મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરેન્દ્રનગરની નિમણુંક કરું છું.

સદરહું મંડળીના કાર્યવાહકોએ આ આદેશની વિરૂધ્ધમાં કોઈપણ રજુઆત કરવાની થતી હોય તો અત્રેની કચેરીના હુકમની તારીખથી ૧૫ એકવીસ રજુઆત કરવી. જો સમય દરમ્યાન આ હુકમ સામે મૌખીક લેખીત રજુઆત કરવામાં આવશે નહીં તો મંડળીને આટોપી લેવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવશે. જરૂર રજુઆત તા. ૨૧-૭-૯૪ના રોજ નીચે સહી કરનારની જરૂર હાજર થઈને અત્રેની કચેરીએ કરવી.

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ, ગામ, અને તાલુકો<br>૨ | નોંધણી નંબર અને તારીખ<br>૩ |
|---|---|---|
| ક્રમાંક: ફડચ/ગ-૩/૩૪૫થી૩૪૯/૯૪, તા. ૨૩-૬-૯૪. | શ્રી કોહીનુર હીરા ઉદ્યોગ સહકારી મંડળી લી.<br>મુ. સુરેન્દ્રનગર.<br>શ્રી શિવશક્તિ મીઠા ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મું. કુંડા, તા. ધ્રાંગધ્રા.<br>શ્રી કંકાવટી મીઠા ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મું. કકાવટી, તા. ધ્રાંગધ્રા.<br>શ્રી ચામુંડા મીઠા ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મુ. નિમકનગર, તા. ધ્રાંગધ્રા.<br>શ્રી ધ્રાંગધ્રા વિ. મીઠા ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મુ. તા. ધ્રાંગધ્રા. | નં. ૪૧૬૪, તા. ૧૭-૧-૯૦<br>નં. ૭૭૪૦, તા. ૨૧-૧૧-૭૮<br>નં. ૭૨૫૦, તા. ૪-૧૧-૭૮<br>નં. ૩૮૧૮, તા. ૨૭-૯-૭૦<br>નં.૨૩૨૧ તા. ૨૭-૯-૫૬ |

સુરેન્દ્રનગર, ૨૩ મા‌ હે જુન સને ૧૯૯૪.

એમ. ડી. ચૌહાણ.
મેનેજર (કે.વી.સી.આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં.(ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
સુરેન્દ્રનગર.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

INDEX

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV ] THURSDAY, 29th SEPTEMBER, 1994/ASHAVINA 7, 1916 [No. 39

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

## PART-I


| | Pages |
|---|---|
| PART--I—Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneons Notification Appointments etc. | 459—480 |
| PART--I-A--Orders and Notificatios (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards. Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts .. .. .. | Nil |
| PART--I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only .. | |
| Supplement .. .. .. | 348—367 |
| PART--II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. | 404—422 |
| PART--III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. .. .. | — |




INDEX

# Government Notifications, Orders Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

**Miscellaneous Notifications Appointments etc.**

BY THE DISTRICT & SESSIONS JUDGE

Read.— High Court Letter No. G. 3167/63, dated 7-3-81.

Telephonic Message from Hon. High Court dated. 2-8-94.

### NOTIFICATION

No. UHC/B/8/15/94.— With profound sorrow, the District & Sessions Judge, Junagadh directs that the District & Sessions Court, Junagadh and all the Courts, Subordinate to it and their Offices, shall remain closed on to-day the 2nd August, 1994, TUESDAY, on account of the sad demise of HON'BLE Mr. JUSTICE YOGESHWER DAYAL SAHEB, SUPREME Court of India, New Delhi.

Junagadh, 2nd August, 1994.

B. K. BHATT,
District and Sessions Judge,
Junagadh.

---

BY THE DISTRICT JUDGE

### NOTIFICATION

No. B.U.H.C./10/7846/1994.—With profound sorrow, the undersigned declares that the District Court, Bhavnagar and all its subordinate Courts at Bhavnagar as well as at Taluka places of this District shall remain closed on 2nd August, 1994 on account of Sad Demise of Hon'be Mr. Justice Yogeshwar Dayal of Supreme Court of India.

Bhavnagar, 2nd August, 1994.

### NOTIFICATION

No. B. 5 (7)/7986/94.— Out of the Candidates who appeard in the Departmental Higher & Lower Standard Examination, held in the District Court, Bhavnagar on 4th day of July 1994, the filowing candidates appearing in the said Examination are declared successful as per their merit.

**HIGHER STANDARD EXAMINATION.**

(1) Shri S. P. Mehta.
(2) Smt. J. H. Mehta.
(3) Shri G. T. Bhatt,
(4) Shri T. A. Kazi.
(5) Shri K. G. Trivedi.
(6) Shri J. B. Solanki.
(7) Shri R. B. Kanada.
(8) Shri P. R. Chauhan.

**LOWER STANDARD EXAMINATION**

(1) Shri A. G. Menon.
(2) Shri P. R. Gohil
(3) Shri B. J. Chauhan.
(4) Miss Y. G. Thakor
(5) Shri C. N. Bardad.

Bhavnagar, 5th August, 1994.

V. C. VYAS,
District Judge,
Bhavnagar.

---

ડીસ્ટ્રીક્ટ જજ દ્વારા
જાહેરનામું

નં.બી--૫(૭)/૭૯૮૬/૯૪—

તારીખ ૪ અને ૫ માહે જુલાઇ સને ૧૯૯૪નાં રોજ લેવામાં આવેલ ઉચ્ચશ્રેણી અને નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષાઓમાં ઉપસ્થિત થયેલ ઉમેદવારોમાંથી નીચે જણાવેલ ઉમેદવારોને તે પરીક્ષામાં ઉતીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા

(૧) શ્રી એસ. પી. મહેતા.
(૨) શ્રીમતી જે. એચ. મહેતા.
(૩) શ્રી જી. ટી. ભટ્ટ.
(૪) શ્રી ટી. એ. કાઝી.
(૫) શ્રી કે. જી. ત્રિવેદી.
(૬) શ્રી જે. બી. સોલંકી.
(૭) શ્રી આર. બી. કનાડા.
(૮) શ્રી પી. આર. ચૌહાણ.

નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા

(૧) શ્રી એ. જી. મેનોન
(૨) શ્રી પી. આર. ગોહેલ.
(૩) શ્રી બી. જે. ચૌહાણ.
(૪) મીસ વાય. જી. ઠાકોર.
(૫) શ્રી સી. એન. બારડ.

ભાવનગર, પાંચમી ઓગષ્ટ સને ૧૯૯૪.

વી. સી. વ્યાસ,
ડીસ્ટ્રીક્ટ જજ,
ભાવનગર.

---

### OFFICE ORDER

**Read.**—(1) This office order No. B. 10 (1)/4762 /94, dt. 5—5—94.

INDEX

(2) This office order No. B. 10 (1)/6221/94, dt. 13—6—94.

(3) Letter No. B. 10 (1)/1471/94, dt. 5-7--94, of Mr. R. B. Chaudhari, 4th Jt. Civil Judge (S. D.) Bhavnagar.

OFFICE ORDER

No. B. 10 (1)/8234/94.—In partial Modification of this court office order No. B. 10 (1) 6221/94 dt. 13—6—94, So far it relate is Mr. R. B Chaudhari, the then 3rd Jt. Civil Judge (S. D.) Bhavnagar (at present 4th Jt Civil Judge (S. D.) Bhavnagar, is concerned were prevention from enjoying vacation shown in column No. 3 and he was allowed to enjoying vacation for the period shown in column No. 4 is modified as under :—

In column No. 3, 28—5—94 to 12—6—94, be read instead of 30—5—94 to 12—6—94, & Column No. 4 be read is 9—5—94 to 27—5—94 instead of 9—5—94 to 29—5—94.

Bhavnagar, 11th August 1994.

V. C. VYAS,
District Judge,
Bhavnagar.

---

**Read.**—(1) Hon. High Court letter No. C. 2107/63, dated 7—3—1981.

(2) Telephonic Message recevied by this office from the Hon. High Court on 2—8—1994.

NOTIFICATION

No. UH.C/21/B. 8 (2)/2156/of. 1994.—With profound sorrow the District and Sessions Judge Kachchh at Bhuj directs that the District Court Kachchh at Bhuj and all the Court Subordinate to it shall remain closed on 2-8-1994, on account of sad demise of Hon'ble Mr. Justice Yogeshwar Dayal, Supreme, Court of India at New Delhi.

Kachchh-Bhuj, 2nd August, 1994.

V. S. MOGHE,
District Judge, Kachchh at Bhuj.

---

NOTIFICATION

No. Adm./H. 6./2918/1994.—With profound sarrow, the undersigned notifies that the District Court, Surendranagar and all its Subordinate Courts in the District shall remain close on 2nd August--1994 (Tuesday), on account of the sad demise of Hon'ble Mr. Justice Yogeshwar Dayal Judge, Supreme Court of India.

Surendranagar, 2nd August, 1994.

C. K. BUCH,
District Judge.
Surendranagar

By the Assistant Judge

NOTIFICATION

Read :—(i) Telephonic message received on 2-8-1994 from the Hon'ble High Court of Gujarat, Ahmedabad.

No. B./UHC/4/1202/of 1994.—With profound sorrow, the Incharge District Judge, Amreli, direct that, District Court and all Courts Subordinate to it in the Judical District of Amreli will remain closed to-day i. e. Tuesday, August 2, 1994 on account of the sad demise of the Honourable Mr. Justice Yogeshwar Dayal, Judge Supreme Court.

Amreli, 2nd August, 1994.

D. C. MANKAD,
Assistant Judge,
Incharge Sadar Station, Amreli.

---

વંચાણ :—(૧) ગુજરાતની નામદાર વડી અદાલત અમદાવાદ તરફથી તા. ૨--૮--૯૪ ના રોજ આવેલ ટેલીફોન સંદેશો.

—: જાહેરનામું :—

નં./બી/યુએચ.સી/૪/૧૨૦૨/૧૯૯૪. અમરેલીનાં ઈન્ચાર્જ જીલ્લા ન્યાયાધીશ આથી સખેદ જાહેર કરે છે કે, અમરેલી જીલ્લા ન્યાયાલયમાં જીલ્લા અદાલત અને તેના તાબાની તમામ અદાલતો આજે સોમવાર, ઓગષ્ટ, ૨, ૧૯૯૪ના રોજ સર્વોચ્ચ અદાલતના માનનીય ન્યાયમૂર્તિ શ્રી યોગેશ્વર દયાલના દુઃખદ અવસાન નિમિત્તે બંધ રહેશે.

અમરેલી, ૨--૮--૯૪.

ડી. સી. માંકડ,
આસીસ્ટન્ટ જજ,
ઈન્ચાર્જ સદર સ્ટેશન.
અમરેલી.

---

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૩) હેઠળનું જાહેરનામું

ક્રમાંકઃડીએમ/ડીસીએચ/૨૯૧૭/૨૯૫૬/૯૪.—હાલમાં ચાલુ વિવિધ ખાતાના કર્મચારીઓની હડતાલના કારણે આદોલ ન થાય અને રેલીઓ યોજાય તેમજ તેના કારણે કોઇ અનિચ્છનીય બનાવ બને તેવી શકયતા હોય જામનગરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઇ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચારથી વધુ વ્યકિતઓ એકઠી થાય નહી તે માટે પ્રતિબંધ મુકવાનું જીલ્લા પોલીસ અધિકારશ્રીએ દરખાસ્ત કરેલ છે.

જામનગર શહેરમાં સુલેહ શાંતિ જળવાય રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત મને ધ્યાનમાં લેવામાં આવે છે અને તેથી હું, સંજય પ્રસાદ, આઈ. એ. એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમની કલમ કલમ ૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,, નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૮/૭/૯૪ ના ૦૦--૦૦ કલાકથી તા ૩૧/૭/૯૪ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત ) ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવું નહી અને એકઠા થવું નહી.

INDEX

—: પરિશિષ્ટ :—

જામનગર શહેરનો સમગ્ર વિસ્તાર

વધુમાં આદેશ કરું છું કે, આ જાહેરનામું નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા ગૃહ રક્ષકદળની વ્યકિતઓને.

(૩) લોમગાર્ડઝને.

(૪) લગ્ન વરઘોડાને.

(૫) સ્મશાન યાત્રાને.

(૬) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીઓએ પરવાનગી આપેલ હોય તે વ્યકિતઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ૧૩૫(૩)મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબસજા થશે.

વિશેષમાં ફરમાવું છું કે, ઉપર જણાવેલ વિસ્તારમાં આ જાહેરનામું સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને અને લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીને તેમજ સ્થાનીક વર્તમાન-પત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ કાર્યવાહી કરવી.

આજ તા. ૧૭મી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડયું .

---

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૩૩ (૧) (ખ) નું જાહેરનામું

ક્રમાંક : ટી.એમ/ડીસીએપ/૩૫૩૮/૭૩.—જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર. તા. ૮/૮/૯૪ થી શ્રાવણ માસ શરૂ થયેલ હોવાથી શ્રાવણ માસના દર સોમવાર તથા અન્ય તહેવાર દરમ્યાન જામનગર શહેરમાં તળાવની પાળે જાહેર મેળાનું આયોજન કરવામાં આવે છે. મેળામાં લોકોની ખુબ ભીડ થતી હોવાથી જાહેરમાં લોકોની સલામતી જાળવવાના હેતુ માટે મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ કલમ—૩૩ (૧)(ખ) હેઠળનું જાહેરનામું જાહેર પાડવા જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરે દરખાસ્ત કરેલ છે.

જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત તપાસતા તે દરખાસ્ત મને યોગ્ય અને ઉચિત જણાય છે. તેથી હું સંજય પ્રસાદ, આઈ.એ.એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર, મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ખ) ના મળેલ અધિકારોની રૂએ આથી ફરમાવું છું કે, નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં અને નિર્દિષ્ટ તારીખો અને સમયે દરેક પ્રકારના ભારે તથા હળવા વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પરિશિષ્ટ

| ક્રમ નં. | રસ્તાની વિગત | તારીખ | સમય |
|---|---|---|---|
| (૧) | લાલ બંગલા સર્કલથી ભીડભંજન મહાદેવ મંદિર પાસે થઈ ટાઉનહોલ તરફ જતો ટાઉનહોલ સુધીનો રસ્તો. | ૮/૮/૯૪ સોમવાર | કલાક ૧૬--૦૦ થી કલાક ૨૩--૦૦ સુધી |
| (૨) | તળાવની પાળ બાલ્કનીની બારીથી પાછલા તળાવના લાલ બંગલાના પાછળના દરવાજા સુધી. | ૧૫/૮/૯૪<br>૨૨/૮/૯૪<br>૫/૯/૯૪ | —સદર –<br>—સદર –<br>—સદર— |
| (૩) | પરિમલ ટ્રેડર્સ પેટ્રોલ પંપથી પાછળના તળાવના રસ્તા ઉપર ખડપીઠ જગ્યાસુધી. | —સદર— | —સદર— |
| (૪) | દિગ્વિજય પ્લોટ, શેરી નં. ૧૫ ડી.વાય.એસ.પી. સાહેબના બંગલા સુધીનો રસ્તો. | —સદર— | —સદર— |

આ જાહેરનામું મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ—૩૩ (૬) મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવાનું યોગ્ય અને વ્યાજબી જણાતું હોય, આ જાહેરનામાનો તાત્કાલીક અસરથી અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ ૧૩૧ અનુસાર તથા ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ—૧૮૮ અનુસાર શિક્ષા ને પાત્ર થશે.

આજ તા. ૮ ઓગષ્ટ, ૧૯૯૪ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડયું.

સંજય પ્રસાદ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

INDEX

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ મુંબઈ અધિનિયમ—૨૨ની કલમ—૩૭ ની પેટા કલમ—૧ નો હુકમ.

—જાહેરનામું—

નં. ના.ચિ-પલસ-વશી-૩૦૫૭ થી ૩૧૦૬--૯૪.-હાલમાં ગુજરાત રાજ્યના કર્મચારીઓની હડતાલ ચાલતી હોય તથા આગામી તહેવારોનાં અનુસંધાને જાહેર જનતાના હિતાર્થે અમરેલી જીલ્લામાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને પ્રજાના હિત જળવવાના હેતુથી અમરેલી શહેર, તાલુકા મથકો તેમજ ગ્રામ્ય વિસ્તારનાં તમામ સ્તરે કાયદો અને જાહેર વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ બરાબર જળવાઈ રહે તે માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલીના તા. ૧૬--૭--૯૪ ની દરખાસ્ત સાથે સંમત થઈને નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

હું, એ. કે. અનસારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ--૧૯૫૧ સને—૧૯૫૧ નો અધિનિયમ-૨૨ની કલમ—૩૭ ની પેટા કલમ—૧ થી મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૧--૭--૯૪ થી તા. ૪--૮--૯૪ સુધી બંને દિવસો સહીત અમરેલી જીલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તેમજ શહેર સુધરાઈ વિસ્તારની અંદર નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છુ.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, છરી છરા કે લાકડી કે કુંડલીવાળો લાકડી આવા શરીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈને નીકળવું કે જવું.

૨. કોઈપણ ક્ષારકારી સ્ફોટક પદાર્થો સાથે લઈ જવા કે લઈને નીકળવા આવવા,

૩. પથ્થર અથવા રોડા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા, તૈયાર કરવા, કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવા, એકઠા કરવા, તૈયાર કરવા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાની મુકિત અથવા તેના શબ્દ અથવા આકૃતિ અથવા પુતળા દહન દેખાડવાની.

૪. લોકોને ભુમો પાડવાની, ગવાની અથવા વાદ્યો વગાડવાની

૫. જે છટાદાર ભાષણ આપવાથી, ટોળા પાડવાની અથવા વાદ્યો વગાડવાની અથવા યંત્રોનાં નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાના અથવા તેનો કોઈ ફેલાવો કરવાની આવા અધિકારીના ધ્યાનમાં પ્રમાણે સુરૂચિ અથવા શિસ્તભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જે તે પરિણામે રાજ્ય ઉથલી પડવાની શંકા હોય, તેવા છટાદાર ભાષણ કરવાનો અને ટોળા પાડવાની કે કરવાની કે તેવા યંત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની અથવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકર તરીકે કામ કરતી કોઈ વ્યકિતને તેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય,

અથવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલી અથવા તેઓશ્રીએ અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતને.

૩ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અમરેલી અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલીએ આમ અધિકૃત કરેલ હોય તેવી બીજી કોઈ વ્યકિતઓને.

૪. માલધારીઓ માલઢોર ચારવા માટે અન્યને નુકશાન ન કરવા શુધ્ધબુધ્ધિથી માલઢોર પુરતી સારી લાકડી રાખે તેને.

આ જાહેરનામાનો અથવા તેનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૧૩૫ ની પેટા કલમ—૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૦મી જુલાઈ સને ૧૯૯૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

---

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૩૭ ની પેટા કલમ-૩ હેઠળનો હુકમ.

જાહેરનામું

નં. નાચિ--પલસ-વશી--૩૧૦૭ થી ૩૧૫૬--૯૪.--હાલમાં ગુજરાત રાજ્યના કર્મચારીઓની હડતાલ ચાલતી હોય તથા આગામી તહેવારોમાં કાયદો અને વ્યવસ્થાની જળવણી માટે અમરેલી શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ સભા, સરઘસ તેમજ રેલી ન કાઢે કે ભરે તે હેતુથી મુંબઈ પોલીસ એકટની કલમ—૩૭ ની પેટા કલમ—૩ અન્વયે સભા સરઘસબંધી ફરમાવવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલીએ દરખાસ્ત કરેલ છે.

આથી અમરેલી જિલ્લા અને શહેરની સંવેદનશીલ પરિસ્થિતિ તથા હાલના વાતાવરણને ધ્યાનમાં લેતા જિલ્લા પોલીસ અધિકારીશ્રીની ઉકત દરખાસ્ત જે ધ્યાને લેતા અમરેલી શહેર તથા જિલ્લામાં કોઈ ચોકકસ વિસ્તારમાં સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી, હું, એ. કે. અનસારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ—૩૭ ની પેટા કલમ—૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ યોગ્ય અધિકારીની એટલે કે અમરેલી શહેર સુધરાઈ વિસ્તાર માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલી તથા તાલુકાઓ માટે તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની મંજુરી સિવાય તા. ૨૧--૭--૯૪ થી તા. ૪--૮--૯૪ સને બે દિવસો સહીત અમરેલી જિલ્લા અને શહેરના વિસ્તારની હદની અંદર સભા મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂ દું કે આ હુકમ નિચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પરનાં કોઈ ગૃહરક્ષકદળની વ્યકિતઓને.
(૨) કોઈ લગ્નના વરઘોડાને
(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે ફરજ પરનાં કર્મચારીને.
(૪) કોઈ સ્મશાનયાત્રાને.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૧૩૫ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૦--૭--૯૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

એ. કે. અનસારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---



INDEX

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ--૩૭(૧) તળેનું જાહેરનામું

ક્રમાંક. ડીએમ-ડીસીએચ-૨૮૩૭/૨૯૧૬-૯૪.—જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઇ પોલીસ અધિ.--૧૯૫૧ ની કલમ ૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયાર બંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગર તરફથી અત્રેને દરખાસ્ત મળેલ છે. જીલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાયેલ છે.

તેથી હું, એ.ન.જે. દેસાઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૬-૭-૯૪ ના ૦૦--૦૦ કલાકથી તા. ૩૦-૭-૯૪ના ૨૪--૦૦ કલાક સુધી બંન્ને દિવસો સહિત કોઇએ,

— ———

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) તળેનું જાહેરનામું

ક્રમાંક : ડીએમ--ડીસીએચ--૩૩૯૧.—આગામી રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઇ પોલીસ અધિ. ૧૯૫૧ ની કલમ—૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયાર બંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી, જામનગર તરફથી અત્રેને દરખાસ્ત મળેલ છે. જીલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાયેલ છે.

તેથી હું, એન. જે. દેસાઇ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઇ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨--૮--૯૪નાં ૦૦--૦૦ કલાકથી તા. ૧૬--૮--૯૪ નાં ૨૪--૦૦ કલાક સુધી (બંને દિવસો સહીત) કોઇએ.

મુંબઈ પોલીસ અધિનિયમ--૧૯૫૧નીકલમ-૩૭(૧) તળેનુંજાહેરનામું

ક્રમાંક : ડીએમ--ડીસીએચ--૩૩૫૧/૯૦.—આગામી ધાર્મિક તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઇ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયાર બંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગર તરફથી અત્રે દરખાસ્ત મળેલ છે. જીલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાયેલ છે.

તેથી હું, એન. જે. દેસાઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઇ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ -૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૮--૮--૯૪ના ૦૦--૦૦ કલાકથી તા. ૧--૯--૯૪ના ૨૪--૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) કોઇએ,

— ——

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) તળેનું જાહેરનામું

ક્રમાંક :ડીએમ/ડીસીએચ--૨૫૯૯/૯૪.—જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઇ પોલીસ અધિ.-૧૯૫૧ ની કલમ—૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયારબંધી ફરમાવવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જામનગર તરફથી અત્રેને દરખાસ્ત મળેલ છે. જિલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાયેલ છે.

તેથી હું એન જે દેસાઇ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઇ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૮--૬--૯૪ ના ૦૦--૦૦ કલાકથી તારીખ ૧૨--૭--૯૪ ના ૨૪--૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) કોઇએ,

———

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ૩૭(૧) તળેનું જાહેરનામું

ક્રમાંક : ડી.એમ.--ડીસીએચ--૧૭૮૭--૧૮૨૬. જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઇ રહે અને કોઇ અનિચ્છનિય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઇ પોલીસ અધિ.--૧૯૫૧ની કલમ ૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયારબધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી, જામનગરે ભલામણ સાથે દરખાસ્ત કરેલ છે.

જીલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાય છે. તેથી હું, એન. જે. દેસાઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઇ પોલીસ અધિનિયમ-- ૧૯૫૧ની કલમ-૩૭ (૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૬--૫--૯૪ના ૦૦--૦૦ કલાકથી તારીખ ૨૦--૫--૯૪ ના ૨૪--૦૦- કલાક સુધી (બંને દિવસો સહિત) કોઇએ,

———

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ૩૭(૧) તળેનું જાહેરનામું

ક્રમાંક : ડી.એમ.ડી.સી.એચ--૨૦૨૧/૬૦. આગામી ધાર્મિક તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઇ પોલીસ અધિ.—૧૯૫૧ ની કલમ- ૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયારબંધી ફરમાવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગરે ભલામણ સાથે દરખાસ્ત કરેલ છે.

જીલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાય છે. તેથી હું, એન. જે. દેસાઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઇ પોલીસ અધિનિયમ—૧૯૫૧ નો કલમ-૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૨--૫--૯૪ના ૦૦--૦૦ કલાકથી તારીખ તા. ૫--૬--૯૪નાં ૨૪--૦૦કલાક સુધી (બંને દિવસો સહિત) કોઇએ,

———

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છુરી લાકડી કે લાઠી અથવા શારીરિક ઇજા, પહોંચાડી શકે તેવું કોઇપણ સાધન સાથે લઇ જવું નહીં.

(૨) કોઇપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થ સાથે લઇ જવા નહીં.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાથે લઇ જવા નહીં.

સદરહુ એકટની ૮૫ (૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ માલીક હોવાનો દાવો કરાવતો હોય તેણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું.

સદરહુ મુદત દરમ્યાનમાં કોઈપણ માલીક હાજર થશે નહિ તો સદરહુ અધિનિયમની કલમ-૮૩ અન્વયે નીચે જણાવેલ મુદ્દામાલની જાહેર હરરાજી કરી તેની જે કિંમત ઉપજે તે સરકારશ્રીમાં જમા કરવામાં આવશે જેની નોંધ લેવી.

| અનુ. | મુદ્દામાલની વિગત | કિંમત |
|---|---|---|
| ૧ | એક સફેદ ધાતુનો ચાંદીનો ગરબો ઢાંકણા સહીતનો વજન આશરે ૩૭૦ ગ્રામ | ૨,૦૦૦/- (બે હજાર) |

ઉના, ૨૩ માહે મે, સને ૧૯૯૪.

જી. એન. ભટ્ટ,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ઉના. જી. જુનાગઢ.

---

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા
મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૫(૧) મુજબનું

જાહેરનામું

બિનવારસ-કેસ નાં. ૧/૯૪.—આથી સર્વે આમજનતાને જાણ કરવામાં આવે છે કે, કેશોદ પોલીસ સ્ટેશનના તા. ૨૯-૬-૯૪ના જાવકથી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી મુજબ પોલીસ અધિનિયમની કલમ-૮૩-અ, ૮૩(૨) અન્વયે નિકાલ થવા આ કોર્ટને હવાલે કરેલ છે.

સદરહું કાયદાની કલમ-૮૫(૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલકતનો જે કોઈ શખ્સ માલિકી હક્ક ધરાવતો હોય, તેમણે આ જાહેરનામાની તારીખથી ૬(છ) માસની અંદર પુરાવા સહિત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું.

સદરહુ મુદત દરમ્યાન જો કોઈ માલીકી હકક હાજર થશે નહી તો સદરહું મુદ્દામાલ/મિલકત ઉપર તેનો હક્ક રહેશે નહીં અને સદરહુ કાયદાની કલમ-૮૩ અન્વયે નીચે જણાવેલ મુદ્દામાલની જાહેર હરરાજી કરી, તેની જે કિંમત ઉપજે તે સરકારશ્રીમાં જમા કરવામાં આવશે જેની નોંધ લેવી.

વસ્તુની વિગત

| આ.નાં. | વસ્તુની વિગત | અંદાજીત કિંમત |
|---|---|---|
| | | રૂા. પૈ. |
| ૧. | લાલ કલરની ટીવીએસ કંપનીની સુઝુકી મોટર સાયકલ એન્જીન નાં. ૪૭૦૯ ઓમ-૧૩૩૬૫૫ તથા ચેસીસ નાં. ૪૭૦૯-બીજા નંબર વાંચી શકાય તેમ નથી. પાર્સીંગ નંબર નથી. | ૭૦૦૦--૦૦ (રૂા. સાતહજાર) |

કેશોદ, ૧૮ માહે જુલાઈ સને ૧૯૯૪.

એમ. બી. ભટ્ટ,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
કેશોદ.

---

જાહેરનામું

નં. એ. ડી. એમ. બીનવારસી કેસ/૩/૯૪.

આથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે પાલીતાણા રૂરલ/ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી તરફથી તેમના જાવક નં. ૩૯૨૪/૯૨ તારીખ ૧૨-૧૦-૯૨થી બિનવારસી પાવતી નં ૨૫-૯૧ સને ૧૯૯૧ તારીખ ૯-૧૨-૯૧ની સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ બીનવારસી હોવાથી સને ૧૯૫૧ના બોમ્બે પોલીસ એકટની કલમ ૮૩(૨) અન્વયે નિકાલ માટે આ કચેરીને રજુ કરવામાં આવેલ છે.

INDEX

...રસુ ધારાની કલમ-૮૫(૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે શરતના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલનો કે કોઈ શખ્સ માલિક હોવાનો દાવો ધરાવતી હોય તો તેમણે આ જાહેરનામાની પ્રસિદ્ધિ થયાની તારીખથી છ માસની અંદર તે મુદ્દા માલ પોતાની માલીકીનો છે તે મતલબના તમામ આધાર પુરાવા સાથે આ કચેરીએ અમારી રૂબરૂ હાજર થઈ લેખીત અરજી રજુ કરવો.

ઉપરકત મુદત દરમ્યાન જો કોઈ શખ્સ તરફથી માલીકી હક હોવાનો દાવો રજુ થશે નહીં તો અથવા તેમ કરવામાં નિષ્ફળ જશે તો ઉપરકત ધારાની કલમ ૮ અન્વયે અમોને મળેલ અધિકાર ની રૂએ ઉપરકત મુદ્દામાલની જાહેર હરાજી કરી નિકાલ કરી તેની જે કાંઈ ઉપજ થશે તે સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે. જેની નોંધ લેવામાં આવે.

પરિશિષ્ટ

બિનવારસી કેસ રજી નં. ૭/૯૪

મુદ્દામાલની વિગત

| ક્રમ નં. | આઇટમ નંબર | મુદ્દામાલની વિગત | મુદ્દામાલની સંખ્યા | અંદાજી રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | ૧ | મરઘી મારવાની જાળ દરેકની કિંમત રૂા. ૨૫/- લેખે. | નંગ-૧૦ | ૨૫૦ |
| ૨. | ૨ | ૨૭બારની ટયુબ દરેકની કિંમત રૂા. ૧૦/- લેખે. | નંગ-૩ | ૩૦ |
| | | આંકે રૂપિયા બસો એંસી પુરા .. | | ૨૮૦/- |

પાલીતાણા, ૧૮ માહે જુલાઇ સને ૧૯૯૪.

(સતી) અવારય,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
પાલીતાણા.

---

## મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

**વંચાણે લીધા :—જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જુનાગઢના જાહેરનામા નંબર એમએજી-સી-૨૩૭/૯૪ તા. ૨૩-૭-૧૯૯૪.**

**નં. એમ.એ.જી. કોલેરા ૨૩/૭.**

**ઉપરોકત વંચાણે લીધેલ જાહેરનામાથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જુનાગઢ તરફથી સમગ્ર તાલાલા (ગીર) તાલુકાને કોલેરાગ્રસ્ત હોવા વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. અને અમોને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવેલ છે.**

**આથી હું વી. પી. ઝાલા, કોલેરા નિયંત્રણ અધિકારી અને મામલતદાર તાલાલા (ગીર) આથી ઈન્ડીયન એપેડેમીકસ ડીસીઝ ૧૮૯૭ના એકટ ૨ (બે)ના નિયમ-૩ અન્વયે તાલાલા ગીર તાલુકા ને કોલેરાગ્રસ્ત જાહેર કરું છું. અને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે, નીચેના હુકમનો અમલ તાલાલા તળપદ તથા તાલાલા તાલુકાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં કરવાનો રહેશે.**

**૧. જે કોઈ વ્યકિતને કોલેરા થાય તો નજીકની હોસ્પિટલમાં તથા અત્રેની કચેરીએ જાણ કરવી.**

**૨. કોલેરાના રોગના દર્દીના ઝાડા ઉલ્ટી જંતુનાશક દવા નાખી જમીનમાં ખાડા કરી દાટી દેવા, ખુલ્લામાં કયાંય નાખવા નહીં.**

**૩. પાણી ઉકાળીને પીવું તથા જાહેર પાણી પીવાના સ્થળે નહાવા ધોવાના સ્થળે કોલેરાના રોગના દર્દીના ખરાબ થયેલ કપડા કે અન્ય વાસણો ધોવા નહીં.**

**૪. સડેલા વધુ પાકી ગયેલા ફળફ્રુટાદી કે શાકભાજી વેચવા નહીં.**

**૫. ખાદ્ય પદાર્થને વેચનારે ખાદ્ય પદાર્થ ઢાંકીને રાખવા.**

**૬. શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના તમામ ખાણી-પીણીના સ્થળોએ સ્વચ્છતાના ધોરણે ફરજીયાત જાળવવાના રહેશે.**

**૭. ગુલ્ફી, બરફના ગોલા, ઠંડા પીણાના વહેચનારાએ ખુલ્લા બજારમાં વેચાતા બરફ કાળજી રાખવાની રહેશે.**

**૮. ઉકરડાઓનો ગામની બહાર નિકાલ કરવો. અને ચોવીસ કલાકમાં ગામમાંથી ઉપાડી લેવા નહીંતર ટેરા કરવામાં આવશે.**

**૯. ગંદા પાણીનો વ્યવસ્થિત નિકાલ કરવો. તેમજ જાહેર રસ્તા ઉપર ગંદવાડ કે ઓઠવાડ કરવો નહીં.**

**૧૦. પાણી ઉકાળીને પીવું અથવા બ્લીચીંગ પાવડર નાખીને પીવું.**

**૧૧. રેકડીઓમાં તથા દુકાનમાં વેચાતા ખુલ્લા આદ્યપદાર્થો ફરસાણ, મીઠાઈ, ભેળપુરી, કે અન્ય નાસ્તાની આઈટેમ ખાવી નહીં.**

**૧૨. અસ્વચ્છતા થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં કે કરાવવું નહીં.**

**૧૩. કોલેરા કોઈને લાગુ પડે કે તુરતજ સારવાર માટે નજીકના આરોગ્ય કેન્દ્રના ડોકટરનો સંપર્ક કરવો.**

**આ હુકમનો ભંગ કરનાર સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ માં કરેલ જોગવાઈ મુજબ ૬ (છ) માસની કેદ તથા રૂપિયા ૧૦૦૦ એક હજાર દંડ અથવા બંને સજાને પાત્ર થશે.**

**આ જાહેરનામું ઉપરમાં વંચાણે લેવાયેલ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલ મુદત સુધી અમલમાં રહેશે. યથા પ્રસંગે જાહેરનામાની મુદત વધારવામાં આવશે.**

**આજરોજ તા. ૨૩ માહે જુલાઈ સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિકકા સાથે જાહેર જનતાની જાણ માટે આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.**

**તાલાલા (ગીર), ૨૩ માહે જુલાઈ સને ૧૯૯૪.**

**વી. પી. ઝાલા,**
**મામલતદાર અને**
**કોલેરા નિયંત્રણ અધિકારી,**
**તાલાલા (ગીર).**

---

વંચાણે લીધા:—(૧) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ નાં જાહેરનામા નંબર--એમએજી--સી--૨૩૭/૯૪ તા. ૨૩-૭-૯૪

---

જાહેરનામું

નં. એસ્ટા--એમએજી--૩૧/૯૪. ઉપરોકત વંચાણે લીધેલ, જાહેરનામાથી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ તરફથી સમગ્ર ભેસાણ તાલુકાને કોલેરા રોગગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. અને અમોને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવેલ છે.

આથી હું જી. એ. મોદી, કોલેરા નિયંત્રણ અધિકારી અને મામલતદાર ભેસાણ આથી ઈન્ડીયન એપેડેમીક ડીસીઝ--૧૮૯૭ના અધિનિયમ--૭ ની કલમ--૨(બી) અન્વયે ભેસાણ તાલુકાને કલમ--૬ કોલેરા રોગગ્રસ્ત જાહેર કરું છું અને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, નીચેના હુકમનો અમલ ભેસાણ તળપદે ભેસાણ તાલુકાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં કરવાનો રહેશે.

(૧) જે કોઈ વ્યકિતને કોલેરા થાય તો નજીકની હોસ્પિટલમાં તથા અત્રેની કચેરીને જાણ કરવી.


INDEX

(૨) કોલેરાનાં રોગના દર્દીના ઝાડા, ઉલટી ને તુનાશક દવા નાંખી જમીનમાં ખાડા કરી દાટી દેવાં જુલ્લામાં ક્યાંય નાખવા નહી.

(૩) પાણી ઉકાળીને પીવું તથા જાહેર પાણી પીવાના સ્થળે નહાવા ધોવાના સ્થળે કોલેરાના રોગનાં દર્દીના ખરાબ થયેલાં કપડાં કે અન્ય વાસણો ધોવા નહીં.

(૪) સડેલા કે વાસી વધુ પાકી ગયેલા ફળફળાદી કે શાકભાજી વેચવા નહીં.

(૫) ખાદ્યપદાર્થ વેચનારે ખાદ્યપદાર્થ ઢાંકીને રાખવાં.

(૬) શહેરી તથા ગ્રામ્ય વિસ્તારનાં તમામ ખાણીપીણીનાં સ્થળો એ સ્વચ્છતાના ઉચ્ચધોરણો ફરજીયાત જાળવવાનાં રહેશે.

(૭) ગુલ્ફી બરફના ગોલા, ઠંડા પીણા વેચનારાઓએ ખુલ્લા બજારમાં વેચતાં સ્વચ્છતાની ખાસ કાળજી રાખવાની રહેશે.

(૮) ઉકરડાઓનો ગામની બહાર નિકાલ કરવો અને ૨૪(ચોવીસ) કલાકમાં ગામમાંથી ઉપાડી લેવા નહીંતર કેસ કરવામાં આવશે.

(૯) ગંદા પાણીનો વ્યવસ્થિત નિકાલ કરવો તેમજ જાહેર રસ્તા ઉપર ગંદવાડ કે ઓઠવાડ ફેંકવો નહીં.

(૧૦) પાણી ઉકાળીને પીવું અથવા બ્લીચીંગ પાવડર નાખીને પીવું.

(૧૧) રેકડીઓમાં તથા દુકાનમાં વેચાતાં ખુલ્લા ખાદ્યપદાર્થો ફરસાણ, મીઠાઈ ભેળપુરી કે અન્ય નાસ્તાની આઇટમ ખાવી નહીં.

(૧૨) અસ્વચ્છતા થાય એવું કોઈ કૃત્ય કરવું નહીં કે કરાવવું નહીં.

(૧૩) કોલેરા કોઇને લાગુ પડે કે તુરતજ સારવાર માટે નજીકનાં આરોગ્ય કેન્દ્રનાં ડોકટરનો સંપર્ક કરવાં જે તે ગામના તલાટી, સરપંચ રેફ્રેરશીથી અને નજીકના સરકારી દવાખાને ત્વરીત પહોંચતી કરવી.

આ હુકમનો ભંગ કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૮૮ માં કરેલ જોગવાઇ મુજબ ૬(છ) માસની કેદ તથા રૂપિયા ૧૦૦૦/- દંડ અથવા બન્ને સજાપાત્ર થશે.

આ જાહેરનામું બીજો હુકમ થતાં સુધીના સમય માટે અમલમાં રહેશે. જરૂર પડયે યથા પ્રસંગે જાહેરનામાની મુદત વધારવામાં આવશે.

આજરોજ તારીખ ૨૫ મારે જુલાઈ સને ૧૯૯૪ નાં રોજ મારી સહી તથા સિકકા સાથે જાહેર જનતાની જાણ માટે આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભેસાણ ૨૫ મારે જુલાઇ ૧૯ને ૧૯૯૪.

જી. એ. મોદી,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ,
અધિકારી, ભેસાણ.

---

ચીફ ઓફીસર અને કોલેરા રોગ નિયંત્રણ અધિકારી

જાહેરનામું

નં. મ્યુ. ક્રમાંક : ૮૭૧/૯૪-૯૫. –શ્રી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, જુનાગઢના જાહેરનામા નં.એમ.એજી.સી. ૨૩૭/૯૪ તા. ૨૮-૭-૯૪ના જાહેરનામાની સુચના મુજબ માંગરોળ તાલુકાને કોલેરા ગ્રસ્ત તરીકે જાહેર કરવામાં આવેલ છે.

જેમાં માંગરોળ શહેરી વિસ્તારમાં કોલેરા રોગ નિયંત્રણ અધિકારી તરીકે અમારી નિમણુંક કરેલ છે. જેથી હું, કે. એ. છાયા, ચીફ ઓફીસર અને કોલેરા રોગ નિયંત્રણ અધિકારી માંગરોળ નીચે મુજબ કોલેરા રોગ અટકાવવા નીચે મુજબ ફરમાવું છું.

ઉપરોકત જાહેરનામાની રૂએ માંગરોળ શહેરી વિસ્તારમાં આ રોગ ન ફેલાય તે માટે હાલ અટકાવવાનાં ચાપતાં પગલાં લેવાની જરૂરત જણાતાં એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ના ભાગ-૩ કલમ-૨ પેટા કલમ-૩ મુજબ મળેલ સત્તાની રૂએ માંગરોળ સમગ્ર શહેરી વિસ્તારને કોલેરાગ્રસ્ત તરીકે આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી માસ-૧ માટે કોલેરાગ્રસ્ત માંગરોળ શહેરને જાહેર કરવામાં આવે છે અને નીચે મુજબ ફરમાન કરું છું. :–

(૧) દરેક મેડીકલ પ્રેકટીશનર અથવા તેની જગ્યાએ કામ કરતાં કર્મચારીઓએ જે કોઈ વ્યકિતઓને ઝાડા ઉલ્ટી થયા હોય કે દવાખાનામાં દાખલ થયા હોય તેની જાણ માંગરોળ નગરપાલીકાને કરવી.

(૨) દરેક ફેકટરીના મેનેજર શૈક્ષણિક સંસ્થાના વડાઓએ પીવાનાં પાણીનાં સાધનો સ્વચ્છ રાખવા નિયમિત સફાઈ રાખવી.

(૩) દરેક મકાન માલીકે રસ્તાની આજુબાજુ ગંદકી થાય તેવું કોઈ કૃત્યુ કરવું નહિ.

(૪) શાકભાજી તથા અન્ય ફુટ વેચનાર તથા સંગ્રહ કરનાર અને તથા મીઠાઈ ફરસાણ વેચનાર તથા સોડા વોટર ઠંડા પીણા તથા માસ મટન મચ્છી અને બરફ ગોલા ગુલ્ફી વેચનારે હાનીકારક કોઈપણ વસ્તુ વેચવી નહિ અને ખુલ્લી રાખવી નહિ.

(૫) ઠંડા પાણી, પીણા બનાવનારા તથા વેચનારો ઉપર બીજો હુકમ થતાં સુધી વેચવા નહિ તેમજ દુકાનમાં રાખવા નહિ.

આ જાહેરનામું આજ તા. ૨૮-૭-૯૪ થી ૨૫-૮-૯૪ સુધી માસ-૧ માટે અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આજ તા. ૪-૮-૯૪નાં રોજ મારી સહી તથા કચેરીનો સીકકો કરીને જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

માંગરોળ ૪ મારે ઓગષ્ટ સને ૧૯૯૪

કે. એ. છાયા,
ચીફ ઓફીસર અને કોલેરા રોગ કન્ટ્રોલીંગ ઓફીસર,
માંગરોળ નગરપાલીકા-માંગરોળ.

---

જાહેરનામું

નં. મ્યુ. ક્રમાંક : ૮૪૫/૯૪--૯૫. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢનાં નં. એમ.એ. જી/(૨)૨૩૭/૯૪, તા. ૨૩--૭--૯૪ થી જીલ્લાનાં વેરાવળ તાલુકાને કોલેરાગ્રસ્ત અને જીલ્લાનાં ૧૪ તાલુકાને કોલેરા ભયગ્રસ્ત તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેમાં માંગરોળ નગરપાલિકા વિસ્તારનો પણ સમાવેશ થાય છે. અને ઉપરોકત જાહેરનામાથી અમારી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. જેથી હું, કે. એમ. કાલવાત, ઇન્ચાર્જ ચીફ ઓફિસર અને કોલેરા નિયંત્રણ અધિકારી, માંગરોળ નીચે મુજબ ફરમાવુ છું. :–

(૧) દરેક મેડિકલ પ્રેકટીશનર અથવા તેમની જગ્યા ઉપર કામ કરતાં કર્મચારીઓએ જે કોઇ ઈસમોને ઝાડા--ઉલ્ટી થયા હોય અથવા થવાની શકયતા હોય તેવા ઈસમોનાં કેઇસની જાણ હોય અથવા તે દવાખાનામાં, હોસ્પિટલમાં હોય તેની અત્રેને જાણ કરવી અને તેવા કેઇસો દાખલ થાય તેમને તપાસ માટે અધિકૃત લેબોરેટરીમાં મોકલી તેનો રીપોર્ટ આવ્યેથી અમોને જાણ કરવી.

(૨) દરેક ફેકટરીના મેનેજર, શૈક્ષણિક સંસ્થાઓનાં વડા, વિદ્યાર્થીઓ ખાદ્ય પદાર્થ વેચનારાઓએ ખાદ્ય પદાર્થ પીવાના પાણી વિગેરે સ્વચ્છ રાખે અને નિયમિત સફાઇ રાખે.

INDEX

(૩) દરેક મકાન માલીકે રસ્તાની આજુબાજુ ગંદકી થાય તેવું કોઈપણ કૃત્ય કરવું નહિ.

(૪) શાકભાજી તેમજ અન્ય ફ્રુટસ વેચનારા, સંગ્રહ કરનારા અને મીઠાઈ ફરસાણ, સોડાવોટર, ઠંડા પીણા તથા માસ--મટન મચ્છી, અને બરફ ગોલા, કુલ્ફી વહેચનારે હાનીકારક કોઈપણ વસ્તુ વહેચવી નહીં અને ખુલ્લી રાખવી નહિ.

(૫) દરેકે પાણી ઉકાળીને જ પીવું અને સ્વચ્છતા જળવાઇ રહે તે જોવાનું.

(૬) શકય હોય તો ત્વરીત સરકારી અગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કોલેરા વિરોધી રસી મુકાતી હોય ત્યાં જઇ રસી મુકાવવી.

(૭) દરેક જથ્થાબંધ વેપારી તેમજ વ્યકિતગત કિસ્સામાં અનાજ કઠોળ, તેમજ અન્ય આદ્ય ચીજ વસ્તું વેચનારાઓએ ચીજ વસ્તુ બગડી જવા સંભવ હોય, સડી જવા સંભવ હોય તેનો તુરત યોગ્ય જગ્યાએ નાશ કરવો જેથી રોગચાળો અટકાવી શકાય.

ઉપરની સુચનાઓનો દરેકે અવશ્ય અમલ કરવો.

સ્થળ: માંગરોળ.
તા. ૨૫--૭--૯૪.

કે. એમ. કાલવાત,
ઈન્ચાર્જ ચીફ ઓફિસર અને કોલેરા નિયંત્રણ અધિકારી,
માંગરોળ.

---

**જીલ્લા રજીસ્ટ્રાર, સરકારી મંડળીઓ દ્વારા વંચાણે લીધા :**

(૧) નામદાર સરકારશ્રીનાં સહકાર વિભાગનાં ઠરાવ ક્રમાંક: હ/૨૮/૮૪/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨/૩/૮૪.

(૨) આ કચેરીનાં ક્રમાંક: સવન/૦૧/ગ-૧/૩૪/ સને ૧૯૯૪, તા. ૩/૩/૧૯૯૪થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ—૮૧ અન્વયે મળેલ અધિકારો.

(૪) આ કચેરીની મંજૂર થયેલ તારીખ: ૧૯/૪/૯૪ની નોંધ.

(૫) શ્રી એમ.એન. ચગાચીયા, પ્રમાણીત ઓડીટરશ્રીનો તારીખ: ૫/૪/૯૩ તથા તારીખ: ૨૮/૧૨/૯૩નો અહેવાલ.

આદેશ

ક્રમાંક: સવન/૦૧/ગ-૧/૧૬૬/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ—૧૯૬૧ની કલમ—૮૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, કે.બી. ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર શ્રી ઢસા વિદ્યુતનગર ઘર બાંધકામ સહકારી મંડળી લી. મુ. ઢસા, તા: તાલુકો:ગઢડા(સ્વામીના) જિ. ભાવનગર-ની વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેમની જગ્યાએ તેજ કાયદાની કલમ ૮૧(૧)(બી) અન્વયે શ્રી સહકારી અધિકારી, ફડચા નં. ૩ ગુજરાત ઓત્રેની કચેરીમાં ભાવનગરની વહીવટદાર તરીકેની નિમણુંક કરૂ છું. અને વહીવટદાર શ્રી એ ચાર્જ સંભાળ્યાની તારીખથી એક વર્ષની મુદત માટે આથી નિમણુંક કરૂ છું.

વહીટદારશ્રીએ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ--૧૯૬૧ની કલમ-૮૧(૨) અન્વયે આ કચેરીનાં નિયંત્રણને આધિન રહીને મંડળીનાં વ્યવહારનાં નાણાંકીય લેવડ-દેવડની અવાર-નવાર જે સૂચનાઓ આપાય કે આપવામાં આવે તેને આધિન રહીને વહીવટ કરવાનો રહેશે. અને ઉપરોકત દર્શાવેલ કારણોની પૂર્તતા પ્રથમ હાથ ધરવાની રહેશે.

ભાવનગર, ૮/૯ મોહે ઓગષ્ટ સને ૧૯૯૪.

---

સને ૧૯૬૧ ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આનંદ નોંધવામાં આવી છે.

ક્ર. નધણ/સેઉ/૨૭૨૫૯/ખ-૩/૫૧૪/૯૪.—તા. ૧૯/૮/૯૪ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગર આથી જાહેર કરે છે કે મણાર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ: મણાર, તાલુકો: તળાજા, જીલ્લો: ભાવનગર,

કે. બી. ઉપાધ્યાય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સરકારી મંડળીઓ,
ભાવનગર.

---

જા.ન.-નધણ/ક-૩/૨૦૯૯/૯૪.—તા. ૧૧/૮/૯૪, શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર આથી જાહેર કરે છે કે શ્રી જામનગર જીલ્લા મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. સ્થળ: જામનગર, તાલુકો : જીલ્લો: જામનગર,

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જામનગર

---

નં. નધણ/ખ૩/૫/૨૭૪૫૩/૧૦૧૪/૯૪, આથી જાહેર કરે છે કે શ્રી ગેબનશા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ : જુનાગઢ, તાલુકો જીલ્લો જુનાગઢ.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

---

**વંચાણે લીધાં :**

**(૨) ગુજરાત રાજયના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ—૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.**

**(૨) ગુજરાત રાજયના સહકાર ખાતાના જાહેરનામા ક્રમાંક: હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪.**

**(૩) સબ, ઓડીટર સહકારી મંડળીઓ-ઉનાનો તા. ૩૧-૩-૯૪નો પત્ર નાં. આપણુ/ધ/૨૦/૯૪.**

**(૪) આ કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક: ફડચ/ખ-૪/છ/૧૦૮/૯૪-૯૫, તા. ૨૯/૪/૯૪.**

**વચગાળાનો આદેશ**

**નં. ઉખસ/ફડચ/ખ-૪/છ/૧૯/૫૧૮/૯૪-૯૫.—આથી હું, બી. એન. યાશીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ-જુનાગઢ મને સહકારી મંડળીઓના કાયદાથી મળેલ અધિકારની રૂએ**

INDEX

શ્રી મીલ્ટ્રી કો-ઓ.પ. હાઉસિંગ સોસાયટી લી. ઉના તા. ઉના. જીલ્લો જુનાગઢ. કે, જે નોંધણીનંબર—૧૧૩૦૬, તા. ૮-૭-૮૬ થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ—૧૦૭(૧) (સી (૧) અન્વયે ફડચામાં લઈ જવામાં આવે છે. અને તે જ કાયદાની કલમ—૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ:—આ આદેશ સામે મંડળીને વાંધા કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિવસ-૧૫, ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં કરવાની રહેશે. મુદત દરમ્યાનમાં કોઈ રજુઆત થશે નહીં તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધણ લેવી.

જુનાગઢ, ૨૯ માહે જુલાઈ, સને ૧૯૯૪.

———

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં સને-૧૯૬૧ની અધિનિયમ ૧૯૬ ની કલમ—૧૯,ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનાં સને-૧૯૬૫નાં કાનુન-૧૦ની જોગવાઈઓ.

(૩) ગુજરાત સરકારશ્રીનાં સહકાર વિભાગનાં જાહેરનામાં ક્રમાંક: હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૬૪૨૫/ગ, તા. ૨૨--૩--૯૪.

(૪) ફડચા અધિકારીશ્રી, સમેગા દુધ ઉત્પાદક સ.મં.લી. તા. માણાવદર, તથા સહકારી અધિકારી (ફડચો) નં. ૧, લગત કચેરીનાં તા. ૨૯-૬-૯૪ નાં પત્ર નંબર: ફડચ/જ-૨/૩૫૭/૯૪.

(૫) આ કચેરીનાં જાહેર વિજ્ઞપ્તી ક્રમાંક: ફડચ/ખ-૪/૨૨૭/૯૪, તા. ૨૭/૬/૯૪.

આદેશ

ક્રમાંક: ફડચ/ખ-૪/૯૪૫/૯૪.—આથી હું, ડૉ. બી.એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમથી મળેલ સત્તાની રૂએ શ્રી સમેગા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. સમેગા, તા. માણાવદર, કે જે રજી. નં. ૮૨૬૨, તા. ૧૫-૩-૮૨થી નોંધાયેલ છે. જેને સને—૧૯૬૧નાં સહકારી મંડળીઓના અધિનિયમ—૧૯, તથા ગુજરાત સહકારી મંડળીઓનાં-૧૯૬૫નાં, કાનુન--૧૦ની જોગવાઈ મુજબ નીચેની શરતોએ પુર્ન:જીવીત કરવાનો આદેશ કરૂં છું.

શરતો :-

(૧) મંડળીના તમામ સભાસદોએ મંડળી ચલાવવામાં પુરતો રસ દાખવવાનો રહેશે.

(૨) મંડળીનો વહીવટ કાયદા-કાનુન અને મંડળીના પેટા-નિયમને આધીન રહીને ચલાવવાનો રહેશે.

(૩) મંડળીની નવી ચુંટાનારી વ્ય.કમીટીએ સક્રીય રસ લઈ મંડળીની આર્થીક પરિસ્થિતિ સંતોષકારક અને સધ્ધર બને તે રીતે કાર્યક્રમ ગોઠવી કામગીરી કરવાની રહેશે.

જુનાગઢ, ૨૮ માહે જુલાઈ સને ૧૯૯૪.

———

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં સને-૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનાં સને-૧૯૬૫ની કાનુન-૧૦ની જોગવાઈઓ.

(૩) ગુજરાત સરકારશ્રીના સહકાર વિભાગનાં જાહેરનામાં ક્રમાંક: હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨/૩/૯૪.

(૪) ફડચા અધિકારીશ્રી નીલકંઠ ગ્રાહક સહકારી ભંડાર લી., જુનાગઢ તથા સહકારી અધિકારી (ફડચો) નં.-૧, લગત કચેરીનાં તા. ૨/૭/૯૪ ના પત્રક્રમાંક: ફડચ/જ-૧/૪૯૪/૯૪.

(૫) આ કચેરીના જાહેર વિજ્ઞાપ્તિ ક્રમાંક: ફડચ/ખ-૪/૯૩૯/૯૪, તા. ૨૧/૭/૯૪.

આદેશ

ક્રમાંક: ફડચ/ખ-૪/૯૫૭/૧૬૭૨૫/૯૪—આથી, હું, ડૉ. બી.-એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ મને મળેલ સને ૧૯૬૧ના ગુ.સ.મં. અધિનિયમથી મળેલ સત્તાની રૂએ શ્રી નીલકંઠ ગ્રાહક સહકારી ભંડાર લી. જુનાગઢ, તા.જી. જુનાગઢ કે જે નોંધણી નંબર: ૨૫૮૩ તા. ૧૩/૯/૮૯ થી નોંધાયેલ છે. તેને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯, તથા ગુ.સ.મં. અધિનિયમ—૧૯૬૫નાં નિયમ નં. ૧૦ન જોગવાઈ મુજબ નીચેની શરતોએ પુર્નજીવીત કરવાનો આદેશી-કરૂં છું.

શરતો :

(૧) ભંડારનાં તમામ સભાસદોએ ભંડાર ચલાવવામાં પુરતો રસ દાખવવાનો રહેશે.

(૨) ભંડારના વહીવટ સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમને આધીન રહીને ચલાવવાનો રહેશે.

(૩) ભંડારની નવી ચુંટાનાર વ્ય. કમીટીએ સક્રીય રસ લઈ ભંડારની આર્થીક સ્થિતી સંતોષકારક અને સધ્ધર બને તે રીતે કાર્યક્રમ ગોઠવી વ્યવસ્થિત કામગીરી કરવાની રહેશે.

જુનાગઢ, ૧૦માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

ડૉ. બી. એન. યાજ્ઞીક,
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ
જુનાગઢ.

———

જા.નં. નવાણ/ન-૨/૭૩૪/૯૪, રે.હુ. ૨૭૫૩૩ આથી તા. ૨૫/૮/૧૯૯૪, જાહેર કરે છે શ્રી નવા રાજવડલા દુધ ઉત્પા. સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ : નવારાજવડલા તા. વાંકાનેર જીલ્લો રાજકોટ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૫ માહે ઓગષ્ટ સને ૧૯૯૪

પી.ડી. રાવલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, રાજકોટ.

INDEX

કમાંક નધણુ-ખ-૧-સે-૭૯૦૮/૫૯૩/૯૪ આથી જાહેર કરે છે કે શ્રી સર્વોદય સહકારી મંડળી મર્યાદિત સ્થળ સુરેન્દ્રનગર તાલુકો વઢવાણ જીલ્લો સુરેન્દ્રનગર સને ૧૯૬૨ના (ગુજરાત કાયદો) ગુજરાત સહકારી મંડળીના કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરેન્દ્રનગર, ૨૯ માહે એપ્રિલ સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટાર,
--- સહકારી મંડળીઓ સુરેન્દ્રનગર.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરાનામા કમાંક : હ/૨૮/૯૪ ડીડીસી. ૧૧૮૨/૭૪૨૫/ગ. તા. ૨૨--૩--૯૪.

(૨) સરકારશ્રીના ખેતી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા કમાંક : જીએકે/ ૨૪/૯૧/ડીડીસી/ ૧૧૮૨/૫૨૦૪ જે તા ૩૦—૩—૯૧.

(૩) આ કચેરીના હુકમ કમાંક : ફડચ/ગ-૧/૯૫૧ તા. ૧૪-૫-૭૦.

(૪) ફડચા અધિકારીના પત્ર કમાંક : ફડચ/ગ-૩.

હુકમ

કમાંક : ફડચ/ગ--૩/૩૫૮/૯૪.—સુરેન્દ્રનગર જીલ્લાની નીચે જણાવેલ ફડચા મંડળીઓની સાત વર્ષની વૈધાનિક સમય મર્યાદા પૂર્ણ થયેલ છે અને સહકારી કાયદાની કલમ--૧૬૧ અન્વયે કલમ—૧૧૪/૧ ની જોગવાઈઓ લાગુ નહીં પાડવા અંગેની સરકારશ્રીની મંજુરી સંબંધિત ફડચા મંડળીઓના ફડચા અધિકારીઓ તરફથી આવેલ નથી જેથી નીચે દર્શાવેલ મંડળીઓની ફડચાનીતમામ કાર્યવાહીઓ પૂર્ણ થયાની કલમ--૧૧૪/૧ અન્વયે આદેશ આથી કરવામાં આવે છે.

| ક્રમ | મંડળીનું નામ | નોંધણી નંબર અને તારીખ | ફડચામાં લઈ ગયાનો નંબર અને તારીખ | ફડચા અધિકારીનો હોદ્દો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૧) | સર્વોદય મીઠા ઉત્પાદક સહકારી મંડળી લી. ધ્રાંગધ્રા તા. ધ્રાંગધ્રા. | ૩૪૮૦ તા. ૧૪-૫-૭૦ | ફડચ/ગ-૧/ ૫૯૧ | ફડચા અધિકારી સર્વોદય મીઠા ઉત્પાદક સહકારી મંડળી લી. ધ્રાંગધ્રા અને એડી. આસી ઈન્સ્પેકટર, સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ કો.ઓપ બેન્ક લી. ધ્રાંગધ્રા શાખા. |
| (૧) | ભૂતેશ્વર મીઠા ઉ. સ. મં. લી. જેસડા તા. ધ્રાંગધ્રા | ૧૦૭૩ તા. ૧૮-૧-૬૪ | ફડચ/ગ-૨/ ૫૩૦ ૧૨-૯-૭૩ | ફડચા અધિકારી ભૂતેશ્વર મીઠા ઉત્પાદક સહકારી મંડળી લી. અને એડી. આસી. ઈન્સ્પેકટર સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ કો. ઓપ. બેન્ક લી. ધ્રાંગધ્રા શાખા. |

આ મંડળીઓની જે તે ફડચા અધિકારીશ્રીઓ મંડળીના તારીખ ૩૦—૬--૯૩ના સરવૈયામાં દર્શાવેલ દેવા અને પૂંજી અનુસારના તમામ એન્ટ્રીઓનો નિકાલ કરી કોઈપણ સરપ્લસ રકમ હોય તો તે અત્રેના પી.એલ.ઓ. ખાતામાં જમા કરાવી અને છેલ્લી સાધારણ સભા ભરીને અંતિમ ઓડિટ કરાવીને મંડળીની નોંધણી રદની દરખાસ્ત એક માસમાં રજૂ કરવી.

આ મંડળીની નોંધણી રદની દરખાસ્ત મોકલતા પહેલાં સરકારનું લેણું પ્રથમ ભરપાઈ કરવું અને જો તે ભરપાઈ થઈ શકે તેમ ન હોય તો માંડવાળ કરવાની નિયત નમુનામાં દરખાસ્ત રજૂ કરવી તેમજ નોંધણી રદ અંગેની દરખાસ્ત તા. ૩૧--૭--૯૪ પહેલાં આ કચેરીને અચૂક રજૂ કરવાની રહે.

સુરેન્દ્રનગર ૨ માહે જુલાઇ સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય
જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
સુરેન્દ્રનગર.

---

મદદનીશ જીલ્લા રજીસ્ટાર દ્વારા

યાદી

કમાંક : સહ—૧-નધણુ-૧૩૪૨ થી ૧૩૪૮/૯૪.—મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિ.લ્લા પંચાયત, અમરેલી આથી જાહેર કરે છે, કે, શ્રી સદગુણા મહિલા ઔદ્યોગિક સેવા સહકારી મંડળી લી., ચલાલા, તાલુકો ધારી, જિ.લ્લો: અમરેલીને સને—૧૯૬૧ નાં ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ—૯(૧) ૪ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

અમરેલી, ૨૮મી માહે જુલાઈ સને ૧૯૯૪.

ડી. કે. પંડયા,
મદદનીશ જિલ્લા રજીસ્ટાર,
સહકારી મંડળીઓ, પંચાયત,
અમરેલી.

---

નં. ઉ/૧૦૯૧૧ ધી જિલ્લા પંચાયત ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી સથરાજુથ વણકર ઉ. સહકારી મંડળી લિ. સ્થળ (સથરા તાલુકો . તળાજા. જિલ્લો, ભાવનગર

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારીમંડળીઓનો કાયદો-૧૯૬૧| ની કલમ ૯ અન્વય આજરોજ નોંધવામાં આવી છે.

ભાવનગર, ૪ માહે જુલાઇ સને ૧૯૯૪.

એસ.બી. ત્રિવેદી,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, ભાવનગર.

---

ક. ઉ. ૧૦૭૪૦/ તા. ૫/૮/૯૧૯૯૪, જિલ્લા પંચાયત જામનગર આથી જાહેર કરે છે કે. શ્રી લાલપરડા હાથ- વણાટ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ લાલપરડા, તાલુકો: ખંભાલીયા જિલ્લો જામનગર

ક. ઉ ૧૧૦૧, તા. ૫/૮/૧૯૯૪, આ ી જાહેર કરે છે કે શ્રી રાવલ મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ રાવલ, તાલુકો: કલ્યાણપુર જિલ્લો જામનગર

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯(૧) (૪) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા નિબંધક,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, જામનગર.

---

Printed at the Government Press Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV THURSDAY, 13th OCTOBER, 1994/ASHVINA 21, 1916 [No. 41

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| | Pages |
|---|---|
| PART-I—Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneons Notification Appointments etc. | 490—508 |
| PART-I-A—Orders and Notificatios (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards. Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts. .. .. .. | Nil |
| PART-I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only .. | |
| Supplement .. | 375—389 |
| PART-II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Birth and Deaths, etc. | 434—453 |
| PART-III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. — — — | |




INDEX

# Government Notifications Orders Appointments etc

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

### Miscellaneous Notifications, Appointments etc.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો હુકમ.

નં.ડીએમ/૧/વર્કે/૨૭૬૫/૯૪.–ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના અલંગ ગામે શીપ બ્રેકીંગનો ધંધો મોટા પ્રમાણમાં શરૂ છે. હાલ અલંગ મુકામે અંદાજે ૮૦ પ્લોટ ઉપર શીપ બ્રેકીંગનું કામ થઈ રહેલ છે. શીપની અંદર ઓઈલ જથ્થો, ગ્રસીનો જથ્થો હોય છે. તેમજ અન્ય જવલનશીલ પદાર્થો હોય છે. શીપબ્રેકીંગ સમયે શીપમાંથી ઓઈલ ફયુલ વિગેરેનો જથ્થો કાઢી નાંખવામાંઆવે છે. આમ છતાં તેમાં ખુરતી કાળજી લેવામાં આવતી નથી. અને શીપબ્રેકીંગ સમયે ઓકસીજનના તેમજ એલ. પી. જી. ગેસના સીલીન્ડરોથી ગેસ કર્ટીંગ દ્વારા તોડવાની પ્રક્રિયા થાય છે. જેના કારણે આગ-અકસ્માતના બનાવો બનેલા છે. જેના કારણે લોકોના જાન, સ્વાસ્થય અને સલામતીને મોટું જોખમ થયેલ છે.

તેથી હું,એસ.બી. રાવલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨જો) અધિનિયમની કલમ-૧૪૪ મુજબ મને મલ્યલ સત્તાની રૂઈએ હું ફરમાવું છું કે ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના અલંગગામે આવેલ શીપબ્રેકીંગ યાર્ડમાં શીપબ્રેકીંગ વ્યવસાય માટે સંકળાયેલ વેપારી પેઢીઓને નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા હુકમ કરું છું

(૧) બેગ ફાયરથી આગકેધડાકાઓ અટકાવવા ગેસકર્ટીંગ ટોર્ચમાં નોન-રીટર્ન વાલ્વ તેમજ એલ. પી. જી. સીલીન્ડરના રેગ્યુલેટરમાં નોન-રીટર્ન વાલ્વનો ઉપયોગ કરવો.

(૨) ઓઈલ ટાંકી, ઓઈલ ટેન્કર, એન્જીન રૂમ કે પાઈપલાઈન બંધીયાર ભાગનું ગેસકર્ટીંગ કરતા અગાઉ તેમાં કોઈપણ પ્રકારનું સળગી ઉઠે અથવા ધડાકો થાય તેવા પદાર્થો કે ગેસોને સંપૂર્ણરીતે દૂર કરવું અને એવા કોઈ સળગી ઉઠે અથવા ધડાકો થાય તેવા પદાર્થો નહીં હોવાનું જવાબદાર વ્યકિત પાસેથી ખાત્રી મેળવ્યા પછી કર્ટીંગ કામગીરી શરૂ કરવી તે માટે એકસપ્લોઝીવ મીટરનો ઉપયોગ અવશ્ય કરવો.

(૩) ગેસ પદાર્થોમાં પંચર ના થાય તે માટે તેના ઉપર જરૂરી કવરીંગ સીસ્ટમની જોગવાઈ કરવી.

(૪) શીપની ઉંચાઈ પર કર્ટીંગ ચાલતું હોય ત્યારે નીચે કોઈ કામદાર કે ગેસ સીલીન્ડર પર કે રબ્બર પાઈપ પર ગરમ લોખંડના તણખા ન પડે તેની કાળજી રાખવી.

(૫) કર્ટીંગ ટોર્ચની ફલેમ(જયોત) કોઈપણ સંજોગોમાં ઓલ. પી. જી. કે ઓકસીજન સીલીન્ડરના સંપર્કમાં ન આવે તે ખાસ જોવું.

(૬) ઓકસીજન, ગેસ, ઓઈલ, ગ્રીસ સાથે સંપર્ક થવાથી ધડાકો થઈ સળગી શકે છે. તેથી ઓઈલ, ગ્રીસ સંપર્ક ઓકસીજન-વાળા સાધને કે સીલીન્ડર સાથે સંપર્કમાં ન આવે તેની ખાસ કાળજી રાખવી.

(૭) દાઝેલા કામદારોને બચાવી લેવા કે આગના ઉદ્‌ગમસ્થાનને દાબી દેવા તાકીદે ઉપયોગમાં લઈ શકાય તેવો વોટર જેલ બ્લેકેટનો સંગ્રહ રાખવો.

(૮) કટીંગ ટોર્ચ, રેગ્યુલેટર, રબ્બર હોઝ પાઈપ, નોન રીટર્ન વાલ્વ, બ્રેકેટ વિગેરેને દસ દિવસે નિયમોનુસાર ચકાસણી જાળવણી જાણકાર પાસે કરાવી તે અંગેની નોંધની લોગબુક નિભાવવી.

ઉપરોકત સુચનાઓ ચુસ્ત અમલ કરવો અને કોઈપણ દ્વારા આ સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮મુજબ સજાને પાત્ર થશે.

હુ આથી ફરમાવું છું કે ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહે લાઈથી દેખી શકાય તેવી જગ્યાએ નકલો ચોટાડીને અને લાઉડ સ્પીકર વાહન દ્વારા અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તા. ૧૨-૮-૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડયો.

એસ. બી. રાવલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

———

**જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (એસ) નીચે કાઢેલો હુકમ.

જાહેરનામું

નં. ડીએમ/૧/વશી/૨૭૩૫/૯૪.-ભાવનગર જીલ્લામાં શિહોર ગામની બાજુમાં શિહોર ટાણા રોડની સડકથી દક્ષિણ દિશામા સર્વે નં. ૨૮૨ ની જમીન તે પોલીસખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ કરેલી છે. તેનો ઉપયોગ તેમના સ્ટાફ માટે ફાયરીંગ પ્રેકટીસ માટે તા. ૧૭-૯-૯૪ થી તા. ૧૭-૯-૯૪ સુધી પસંદ કરેલ છે. જાનમાલની સલામતી ખાતર બોમ્બે પોલીસ એકટ ૧૯૫૧ની કલમ-૩૩ (એસ) નીચે મળેલ અધિકારની રૂઈએ હું, અનિલ મુકીમ, આઈ.એ.એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામની સીમમાં સ.નં. ૨૮૨ શિહોર ટાણા રોડની દક્ષિણ દિશાએ આડો માઈલના વિસ્તારામા તા. ૧૭-૮-૯૪ થી તા. ૧૭-૯-૯૪ દરમ્યાન કોઈપણ શખ્સે જવું નહીં. તેમજ કોઈપણ ઢોરને ઉપરોકત વિસ્તારામાં ચરાવવા નહીં.

આજ તા. ૧૭-૮-૯૪ના રોજ મારી સહી તથા સિકકો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

અનિલ મુકીમ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર જીલ્લો,
ભાવનગર.

INDEX

કલેકટર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧નાં સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧ (સી) અન્વયે જાહેરનામું

આખરી જાહેરનામું

નં.નાયિ/પલસ/૨/૩૮૧૪ થી ૩૮૮૫. –મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (સી) મુજબ અત્રેનાં .જાહેરનામા ક્રમાંક : નાયિ/પલસ/૨/૬૯૯/૯૪ તા. ૨૫-૧-૯૪થી પ્રાથમીક જાહેરનામાનો ખરડો ઉકત કલમ—૩૩ની પેટા-કલમ-૬ મુજબ તેનાંથી અસર પહોંચાડવાનો સંભવ હોય તે માટે તમામ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થવાની તારીખથી આજ સુધીમાં ઉકત પ્રાથમીક જાહેરનામાનાં ખરડા સબંધમાં કોઈપણ વ્યકિતનો વાંધા કે સૂચનો અત્રે મળેલ નથી. ઉકત જાહેરનામાનો ખરડો આખરી બહાર પાડવાનું મને ઈસ્ટ જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિમની કલમ-૩૩ની પેટા કલમ-(૧) ની કલમ-સી થી મને મળેલ અધિકારની રૂઈએ હું રાજ ગોપાલ. આઇ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, અમરેલી જિલ્લામાં આવેલા એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુમાં .(પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણેનાં) વિસ્તારોમાં વાહનોનાં નિયમન માટે નીચે પ્રમાણે હુકમ કરું છું.

પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે એસ. ટી. સ્ટેન્ડ (બસ સ્ટેન્ડ) ની આજુબાજુનાં વિસ્તારોમાં ખાનગી બસો, જીપ, મેટાડોર, ખાનગી ટેકસીઓ. ખાનગી વાહનો વિ. ઉભા રાખી શકશે નહીં. અને તે વિસ્તારને પ્રતિબંધ 'નોપાર્કીંગ ઝોન' જાહેર કરવામાં આવે છે.

નીચે જણાવેલ વાહનોને "નો પાર્કીંગઝોન" પ્રતિબંધ લાગુ પડશે નહીં.

૧. સરકારી વાહનો તેમજ જનતાનાં સુબાકારી અને સુવિધા માટે સરકારી એજન્સીઓ મારફત ચલાવવામાં આવતાં વાહનો.

૨. ઉપરોકત જણાવેલ એસ. ટી. (બસ સ્ટેન્ડ) ની આજુબાજુ જે ટેકસીઓ તથા રીક્ષા માટે કાયદેસર સ્ટેન્ડ મંજુર કરવામાં આવેલ હશે તેવા કાયદેસર સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી ટેક્ષી અને રીક્ષાઓને લાગુ પડશે નહીં.

આજ તા. ૮ મી ઓગસ્ટ ૧૯૯૪નાં રોજ મારી સહી તથા કચેરીનાં સિકકો કરી આપ્યો.

---

## પરિશીષ્ટ

| ક્રમ | ડેપો | નો પાર્કીંગ માટેનું સ્થળ | બસસ્ટેન્ડથી અંદાજીત અંતર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | બગસરા | (૧) બસ સ્ટેન્ડથી ઉતરે આવેલું રોડ કે જે સ્ટેશન તરફ જાય છે તે રોડ ઉપર પરમાર ગેસ ગોડાઉન સુધી. | ૧ ફર્લાંગ |
| | | (૨) બસ સ્ટેન્ડની ઉતરે આવેલ રોડ કે જે ઉલ્હાસભાઈ કર્લાકનાં મકાન પાસે થઈને રામવિજય ચોક સુધી. | ૧-૧/૨ ફર્લાંગ |
| | | (૩) બસસ્ટેન્ડથી દક્ષિણે આવેલ રોડ કે જે જુના બસસ્ટેન્ડથી બે ભાગમાં વહે ચાઈ પશ્ચિમે બંને જાનકી આશ્રમ સુધીનો ભાગ તેમજ પૂર્વ તાલુકા શાળા થઈ ઉલ્હાસભાઈ કલાર્કનાં મકાન સુધીનાં વિસ્તાર. | ૧-૧/૨ ફર્લાંગ |
| | | (૪) ઉપરોકત વિસ્તાર સિવાય બસસ્ટેન્ડ હદની ફરતે ૧૦૦ મીટરનો વિસ્તાર. | ૧-૧/૨ ફર્લાંગ |
| (૨) | બાબરા | (૧) બસસ્ટેન્ડથી દક્ષિણે આવેલ સ્ટેટહાઈવે કે જે આટકોટ તરફ જાય છે તે રોડ ઉપર સરકારી આરામગૃહ સુધીનોવિસ્તાર | ૧ ફર્લાંગ |
| | | (૨) બસસ્ટેન્ડથી દક્ષીણે આવેલ સ્ટેટ હાઈવે રોડ કે જે ભાવનગર તરફ જાય છે તે રોડ ઉપર ખંભાળારોડનાંફટાણાસુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૩) ઉપરોકત વિસ્તાર સિવાય બસ સ્ટેશન હદથી ફરતે ૧૦૦ મીટરનાં વિસ્તાર સુધી. | ૧૦૦મીટર |
| (૩) | લાઠી | (૧) બસ સ્ટેશનની ઉતરે આવેલ રોડકે જે ચાર રસ્તે થઇ હસા તરફ જાય છે તે રોડ ઉપરથી ક્રીકલાપી વિનય મંદિરની હદ પુરી થાય ત્યાં સુધી નો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૨) બસ સ્ટેશનથી ઉતરે આવેલ રોડ કે જે ચાર રસ્તે થઈ દામનગર તરફ જાય છે તે રોડ ઉપર સૌરાષ્ટ્રમીલ સુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૩) બસસ્ટેન્ડથી ઉતરે આવેલ રોડ કે જે ચાર રસ્તે થઈ પછી બસસ્ટેન્ડથી પૂર્વે લાઠીગામ જાય છે. તે રોડ ઉતર શ્રીમતિ નર્મદા હરિલાલ સંઘવી કન્યા વિદ્યાલય સુધીનો વિસ્તાર. | ૧-૧/૨ ફર્લાંગ |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| (૩) | લાઠી (ચાલુ) | (૪) બસ સ્ટેન્ડથી ઉતરે આવેલ રોડને જે અમરેલી તરફ જાય છે તે રોડ ઉપર શેખપીપરીયા રોડનાં ફટાણા સુધીનો વિસ્તાર. | ૧/૧-૨ ફર્લાંગ. |
| | | (૫) ઉપરોકત વિસ્તાર સિવાય બસ સ્ટેન્ડ હદથી ફરતે ૧૦૦ મીટરનો વિસ્તાર. | ૧૦૦ મીટર |
| (૪) | ધારી નવું બસસ્ટેન્ડ | (૧) નવા બસસ્ટેન્ડથી દક્ષિણે આવેલ રોડ કે જે અમરેલી તરફ જાય છે તે રોડ ઉપર મણીભાઈ વાણીયાનાં કાંકરીનાં ભઠીયા સુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૨) નવા બસસ્ટેન્ડથી દક્ષીણે આવેલ રોડ કે જુના બસસ્ટેન્ડ તરફ જાય છે તે રોડ ઉપર જુના બસ સ્ટેન્ડ સુધીનો વિસ્તાર. | ૧.કી.મી. |
| | | (૩) ઉપરોકત વિસ્તાર સિવાય બસસ્ટેન્ડ હદથી ફરતે ૧૦૦ ૧૦૦ મીટરનો વિસ્તાર. | ૧૦૦મીટર |
| (૫) | ધારી જુનું બસસ્ટેન્ડ | (૧) ધારી જુના બસસ્ટેન્ડથી લાયબ્રેરી સ્ટોપ સુધીનો વિસ્તાર. | ૧ કીમી. |
| (૬) | કોડીનાર બસસ્ટેન્ડ (હાલનું) | (૧) બસસ્ટેન્ડથી પશ્ચીમે આવેલ જામવાળા રાડ પર કોડીનાર બાયપાસ ચાર રસ્તા સુધીનો વિસ્તાર. | ૧ફર્લાંગ |
| | | (૨) બસસ્ટેન્ડથી પશ્ચિમેઆવેલ આવેલ વેરાવળ રોડ ઉપર જગલેશ્વરમહાદેવમંદિરસુધીનો વિસ્તાર. | ૧-૧/૨ ફર્લાંગ |
| | | (૩) બસસ્ટેન્ડથી પશ્ચીમે આ આવેલ ઉના ઝાંપે રોડે થઈ ઉના રોડ ઉપર નવોદય વિદ્યાલય સુધીનો વિસ્તાર. | ૧-૧/૨ ફર્લાંગ |
| | | (૪) ઉપરોકત વિસ્તાર સિવાય બસસ્ટેન્ડ સુધી ફરતે ૧૦૦ મીટરનો વિસ્તાર. | ૧૦૦ મીટર |
| (૭) | કોડીનાર નવું બસ સ્ટેન્ડ | (૧) બસસ્ટેન્ડથી પશ્ચિમે આવેલ વેરાવળ રોડ ઉપર ગેબનશાપીરની દરગાહ સુધીનો વિસ્તાર. | ૨ ફર્લાંગ |
| | | (૨) બસસ્ટેન્ડથી પશ્ચિમે આવેલ દેવળી રોડ ઉપર સ્વામી વિવેકાનંદ પાર્ક સુધીનો વિસ્તાર. | ૨ ફર્લાંગ |
| | | (૩) બસસ્ટેન્ડથી પશ્ચિમે આવેલ ઉના જતાં રોડ ઉપર ઉના ઝાંપા સુધીનો વિસ્તાર. | ૧ કી.મી. |
| | | (૪) ઉપરોકત વિસ્તાર સિવાય બસ સ્ટેન્ડ હદથી ફરતે ૧૦૦ મીટરનો વિસ્તાર. | ૧૦૦મીટર |
| (૮) | રાજુલા | (૧) બસસ્ટેન્ડથી ઉતરે આવેલ રોડ કે જે ડુંગર-મહુવા તરફ | ૧-૧/૨ ફર્લાંગ |
| (૮) | રાજુલા (ચાલુ) | જાય છે તે રોડ ઉપર રેલ્વે સ્ટેશનની નજીકનાં નુતનીબાગ વિસ્તાર અને ત્યાંથી કે.બી. મિસ્તીનાં પેટ્રોલપંપ સુધીનો વિસ્તાર. | ૧/૧-૨ ફર્લાંગ |
| | | (૨) બસસ્ટેન્ડથી ઉતરે આવેલ રોડ કે જે જાફરાબાદ તરફ જાય છે તે રોડ ઉપર જીઈબી ઓફીસ સુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૩) બસસ્ટેન્ડથી પૂર્વ આવેલ રોડ કે જે માર્કેટીંગયાર્ડ રોડ છે તે રોડ ઉપર માર્કેટીંગ યાર્ડની આજુબાજુનો વિસ્તાર તેમજ આ રોડ ડુંગર રોડને મળે છે ત્યાં સુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૪) ઉપરોકત વિસ્તાર સિવાય બસસ્ટેન્ડ હદથી ફરતે ૧૦૦ મીટરનો વિસ્તાર. | ૧૦૦ મીટર |
| (૯) | ચલાલા નવું બસ સ્ટેન્ડ | (૧) બસ સ્ટેન્ડથી પશ્ચિમે આવેલ રોડ કે જે અમરેલી તરફ જાય છે. તે રોડ ઉપર કુંભારવાડા સુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૨) બસસ્ટેન્ડથી પશ્ચીમે આવેલ રોડ કે જે અમરેલી તરફ જાય છે તે રોડ ઉપર ભીમનાથ મહાદેવ સુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૩) બસસ્ટેન્ડથી ઉતરે આવેલ રોડ જે કુંડલા તરફ જાય છે તે રોડ ઉપર નગરપાલીકા જકાતનાકા સુધીનો વિસ્તાર. | ૨ ફર્લાંગ |
| | | (૪) જુના બસસ્ટેન્ડથી ઉતરે આવેલ રોડ કે જે મીઠાપુર તરફ જાય છે તે રોડ ઉપર રેલ્વે ફાટક સુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૫) ઉપરોકત વિસ્તાર સિવાય બસસ્ટેન્ડ હદથી ફરતે ૧૦૦ મીટરનો વિસ્તાર. | ૧૦૦મીટર |
| (૧૦) | દામનગર | (૧) બસસ્ટેન્ડથી દક્ષિણે આવેલ ગારીયાધાર રોડ ઉપર અજમેરા પ્રાથમીક કન્યા શાળા સુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૨) બસસ્ટેન્ડથી પૂર્વે ઢસા રોડનું અને ધામેલ રોડનું ફટાણુ થાય છે ત્યાં સુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૩) બસ સ્ટેન્ડથી ઉતરે આવેલ રોડ કે જે ગામમાં જાય છે તે રોડ ઉપર જૈન મહાજનવાડી સુધીનો વિસ્તાર. | ૧ ફર્લાંગ |
| | | (૪) ઉપરોકત વિસ્તાર સિવાય બસ સ્ટેન્ડ હદથી ફરતે ૧૦૦મીટરનો વિસ્તાર. | ૧૦૦મીટર |

INDEX

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ની પેટાકલમ-૧(સી) અન્વયે જાહેરનામું

જાહેરનામું

નં.નાયિ-પલસ-૨-૩૮૫થી ૩૯૧૦.—મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧(૧) સને-૧૯૫૧ના મુંબઇના ૨૨ની કલમ-૩૩ની કલમ-૧(સી) હેઠળ કાઠવા ધારેલ જાહેરનામાનો નીચેનો ખરડો તેમાંથી અસર થવાનો સંભવ હોય તે માટે જાહેરજનતાની જાણ માટે સદરહુ કલમ-૩૩ની પેટા કલમ-૬થી ફરમાવ્યા મુજબ નીચેનો ખરડો પ્રસિધ્ધ કરવાની મને જરૂર જણાય છે.

સબબ,મુંબઇપોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)ની કલમ-(સી) થી મને મળેલ અધિકારની રૂઇએ હું રાજ ગોપાલ આઇ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી અમરેલી શહેરમાં આવેલા એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુના પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણેના વિસ્તારોના વાહનોના નિયમન માટે નીચે પ્રમાણે હુકમ કરું છું.

પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે એસ. ટી સ્ટેન્ડ (બસ સ્ટેન્ડ)ની આજુબાજુના વિસ્તારોમાં ખાનગી બસો, જીપ, મેટાડોર, ખાનગી ટેક્ષીઓ, ખાનગી વાહનો વિ. ઉભા રાખી શકાશે નહિ અને તે વિસ્તારને પ્રતિબંધ "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવામાં આવે છે.

નીચે જણાવેલ વાહનોને "નો પાર્કીંગ ઝોન" પ્રતિબંધ લાગુ પડશે નહિ,

(૧) સરકારી વાહનો તેમજ જનતાના સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સીઓ મારફત ચલાવવામાં આવતા વાહનો

(૨) ઉપરોકત જણાવેલ એસ. ટી. સ્ટેન્ડ (બસ સ્ટેન્ડ) ની આજુબાજુ જે ટેક્ષીઓ તથા રીક્ષા માટે કાયદેસર સ્ટેન્ડ મંજુર કરવામાં આવેલ હોય તેવા કાયદેસર સ્ટેન્ડ ઉપર ઉભી રહેલી ટેક્ષી અને રીક્ષાઓને લાગુ પડશે નહિ.

આજ તા. ૮ માહે ઓગષ્ટ-૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કર્યો.

પરિશિષ્ટ

| ક્રમ | ડેપો | નોપાર્કીંગ માટેનું સ્થળ | બસ સ્ટેન્ડથી અંદાજીત અંતર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | અમરેલી એસ. ટી. | (૧) એસ.ટી. સ્ટેન્ડથી ગોપી સિનેમા સુધી | ૧૦૦ મીટર |
| | | (૨) એસ. ટી. સ્ટેન્ડથી કૃષ્ણા પેટ્રોલપંપ | ૧૦૦ મીટર |
| | | (૩) એસ. ટી. સ્ટેન્ડથી જીલ્લા પંચાયત સુધીના રોડ ઉપર | ૧૦૦ મીટર |
| | | (૪) એસ. ટી. સ્ટેન્ડથી ચારે તરફના કમ્પાઉન્ડ સુધી | ૧૦૦ મીટર |
| ૨. | અમરેલી નાનું બસસ્ટેન્ડ, રાજકમલ ચોક | (૧) રાજકમલ ચોકથી ટાવર | ૧૦૦ મીટર |
| | | (૨) રાજકમલ ચોકથી જ્યુબીલી ધર્મશાળા સુધી | ૧૦૦ મીટર |
| | | (૩) રાજકમલ ચોકથી મ્યુ. ગર્લ્સ હાઇસ્કુલ સુધી | ૧૦૦ મીટર |
| | | (૪) રાજકમલ ચોકથી સવજી પરા ત્રણબત્તીની દેરી સુધી | ૧૦૦ મીટર |

અમરેલી, ૮ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

રાજ ગોપાલ,
જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી.

અધિક જીલ્લા મે જીસ્ટ્રેટ દ્વારા

**મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૩ હેઠળ નો હુકમ.**

જાહેરનામું

નં.નાયિ/પલસ/વશી/૩૨૪૧ થી ૩૨૯૧/૯૪.—હાલમાં ઈદે-મિલાદ તથા સાતમ આઠમ, જાગરણ તેમજ અન્ય તહેવારો આવતાં હોઈ, જેનાં અનુસંધાને અમરેલી શહેર તથા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ સભા, સરઘસ, તેમજ રેલી ન કાઢે કે ભરે તે હેતુથી મુંબઈ પોલીસ એકટની કલમ-૩૩ની પેટા કલમ-૩ અન્વયે સભા સરઘસબંધી ફરમાવવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલીએ દરખાસ્ત કરેલ છે.

આથી અમરેલી જિલ્લા અને શહેરની સંવેદશીલ પરિસ્થિતિ તથા હાલ નાં વાતાવરણને ધ્યાનમાં લેતાં જિલ્લા પોલીસ અધિકારીશ્રીની ઉકત દરખાસ્ત જે ધ્યાને લેતાં અમરેલી શહેર તથા જિલ્લામાં કોઈ ચોક્કસ વિસ્તારમાં સુલેહશાંતિ નો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ જળવાય રહે તે માટે નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું એ. કે. અનસારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ યોગ્ય અધિકારીની એટલે કે, અમરેલી શહેર સુધરાઈ વિસ્તાર માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલી તથા તાલુકાઓ માટે તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની મંજુરી સિવાય તા. ૫-૮-૯૪ થી તા. ૧૯-૮-૯૪ બંન્ને દિવસો સહીત અમરેલી જિલ્લા અને શહેરનાં વિસ્તારની હદ ની અંદર સભા મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વધુમાં આદેશ કરુ છુ, કે આ હુકમ નીચેનાંઓને લાગુ પડશે નહીં.

૧. ફરજ પરનાં કોઈ ગૃહ રક્ષક દળનાં વ્યકિતઓને

૨. કોઈ લગ્નનાં વરઘોડાને

૩. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે ફરજ પરનાં કર્મચારીને

૪. કોઈ સ્મશાનયાત્રાને.

આ જાહેરનામું ઉલ્લંઘન કરનાર અથવા મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૩-૮-૯૪નાં રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.


INDEX

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ મુંબઈ અધિનિયમ-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૧નો હુકમ.

જાહેરનામું

નં.નાચિ/પલસ/વશી/૩૨૯૨/૩૩૪૧/૯૪—હાલમાં ઈદે-મિલાદ તથા સાતમ આઠમ, જાગરણ તેમજ અન્ય તહેવારો આવતાં હોઈ, જેનાં અનુસંધાને જાહેર જનતાનાં હિતાર્થે અમરેલી જિલ્લામાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને પ્રજાના હિત જાળવવાનાં હેતુથી અમરેલી શહેર, તાલુકા મથકો તેમજ ગ્રામ્ય વિસ્તારનાં તમામ સ્તરે કાયદો અને જાહેર વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ બરાબર જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલીના તા. ૧-૮-૯૪ની દરખાસ્ત સાથે સંમત થઈને નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

હું, એ. કે. અનસારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ અને ૧૯૫૧નો અધિનિયમ-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૧ થી મને મળેલ સત્તાની રૂઈએ તા. ૫-૮-૯૪ થી તા. ૪-૯-૯૪ સુધી બંને દિવસો સહીત અમરેલી જિલ્લાનાં સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તેમજ શહેરી સુધરાઈ વિસ્તારની અંદર નીચેનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડ, તલવાર, ધોકા, ચપ્પુ, છરી-છરા કે લાકડી કે કુંડલીવાળી લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ સાધન સાથે લઈને નીકળવું કે જવું.

૨. કોઈપણ ક્ષયકારી સ્ફોટક પદાર્થો સાથે લઈ જવા કે લઈને નીકળવા અથવા

૩. પથ્થર અથવા રોડા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની ફેંકી શકવાની યંત્રો અથવા સાધનો લઈ જવા,એકઠા કરવા, તૈયાર કરવા કોઈ સરઘસમાં જલતી અથવા પેટા-વેણી મશાલો લઈ જવાની યુક્તિ અથવા તેનાં શબ અથવા આકૃતિ અથવા પુતળા દહન દેખાડવાની.

૪. લોકોને ભુંડા પાડવાની, ગાવાની અથવા વાદ્યો વગાડવાની

૫. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાની અથવા વાદ્યો વગાડવાની અથવા યંત્રોની નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનાં, દેખાડવાનાં, અથવા તેઓ કોઈ ફેલાવો કરવાથી આવા અધિકારી નાં અભિપ્રાય પ્રમાણે સુવ્યવસ્થા અથવા શિરતભંગ થતો હોય અથવા જેનાંથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જે તે પરિણામે રાજ્ય ઉથલી પડવાની શંકા હોય તેવા છટાદાર ભાષણ આપવાની અને ચાળા પાડવાની કે કરવાની કે તેવા યંત્રો, નિશાનીઓ, વિગેરે તૈયાર કરવાની અથવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ(૨) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકર તરીકે કામ કરતી કોઈ વ્યકિતને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાની તેમની ફરજ હોય

૨. જિલ્લાના પોલીસ અધિકારીશ્રી. અમરેલી અથવા તેઓશ્રીએ અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારિરીક અશકિતનાં કારણે લાકડી ૨ાથવા લાકી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતને.

૩. જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલીએ ખાસ અધિકૃત કરેલ હોય તેવી બીજી કોઈપણ વ્યકિતઓને.

૪. માલધારીઓ માલઢોર ચારવા માટે અન્યને નુકશાન ન કરવા શુધ્ધબુધ્ધિથી માલઢોર પુરતી સારી લાકડી રાખે તેને.

આ જાહેરનામાનો અથવા તેનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા કલમ-૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩ માહે ઓગષ્ટ સને-૧૯૯૪નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એ. કે. અનસારી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની મુંબઈના આંક-૨૨ માંની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ હુકમ.

જાહેરનામું

નાં. એમએજી—૩૫૩૨-૯૪.—

હાલમાં પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં ચાલુ માસ દરમ્યાન ધાર્મિક તહેવારો તેમજ સરકારી કર્મચારીઓ તેઓની માંગણીના અનુસંધાને હાલ હડતાલ ઉપર થયેલ હોય, તેમજ મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ તેઓની માંગણીના અનુસંધાને આંદોલન શરૂ કરવાના હોય તેમજ બીન રાજકીય પક્ષોની પ્રવૃત્તિ ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સભા-સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટે કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે હેતુ માટે પોરબંદર પોલીસ અધિ. શ્રી પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં વ્યકિતઓની કોઈપણ મંડળીને સરઘસની મનાઈ તા. ૧૫-૭-૯૪ થી ૨૮-૭-૯૪ સુધી કરવાનું મને ઈષ્ટ જણાયું છે.

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળ અને ૧૯૫૧ના મુંબઈના આંક-૨૨માંની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ આથી પોરબંદર જીલ્લા પોલીસ અધિ-પોલીસ અધિકારીના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં તા. ૧૫-૭-૯૪ થી ૨૮-૭-૯૪ સુધી બન્ને દિવસો સહીત સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈપણ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની મંડળીને
૨. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને
૩. કોઈ લગ્નના વરઘોડાને
૪. સક્ષમ અધિકારીની કાયદેસરની પરવાનગી લઈને.

હું એવો આદેશ કરૂ છું કે આ હુકમ સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તે રીતે સ્થળોએ તેની નકલો ચોંટાડીને અને સદરહુ વિસ્તાર ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરીને અથવા સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેરખબર આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ની પેટા કલમ-૩ અને ભારતીય અધિ. નિયમ-૧૮૬૦ આંક-૧૪૫ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

INDEX

આજરોજ તા. ૧૪-૭-૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જનતાનાં જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૪ માહે જુલાઈ સને ૧૯૯૪.

---

મુંબઈ પોલીસ અધિનિયમ :—૧૯૫૧ની કલમ ૩૭-૧ અન્વયે

જાહેરનામું

નં.એપએજ/સી/૩૫૩૩/૯૪.—હાલમાં પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં ચાલુ માસ દરમ્યાન ધાર્મીક તહેવારો તેમજ સરકારી કર્મચારીઓની માંગણીના અનુસંધાને હાલ હડતાલ ઉપર અનુસંધાને આંદોલન કરવાના હોય તેનાં કારણોના પ્રસંગોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭(૧) અન્વયે સમગ્ર પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરી જરૂરી જણાય છે.

સમગ્ર, પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણો-સર જાહેર સુલેહશાંતીની જાળવણી સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈપણ જાતનો આનિ-ચ્છનીય બનાવ બને નહી તે માટે હુ જે. બી. વોરા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ પોલીસ અધિનિયમ-૧૯૫૧ માં આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મળેલી સત્તાની રૂએ પોરબંદર પોલિસ જીલ્લાનાં વિસ્તારોના તા. ૧૫-૭-૯૪ થી તા. ૨૨-૮-૯૪ સુધી બન્ને દિવસો સહીત નીચે પ્રમાણે ફરમાવું છું કે કોઈપણ વ્યકિતએ

૧. શસ્ત્રો, દંડા, તલવાર, બંદુક, લાકડી કે લાઠી, ધોકા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજા કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

૨. પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજ વસ્તુઓ અથવા તે વસ્તુ ફેંકવાનાં કે ધકેલવાના યંત્રો તથા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહીં. તથા તૈયાર રાખવા નહી.

૩. કોઈપણ ક્ષયકારી પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહીં.

૪ મનુષ્યો અથવા સપ્રશો જેવી આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં. અપમાન કરવાનાં અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહીં.

આ હુકમનો નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેને તે વખતની અધિકારીશ્રીઓએ ફરમાવ્યું હોય અથવા આપ્યું. કોઈ હથીયાર લઈ જવાનું જેની ફરજ હોઈ

૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી પોરબંદર જેને શારીરિક અશિકતને કારણે લાકડી/અથવા લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિય ૧૯૫૧નો કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૪ માહે જુલાઈ સને ૧૯૯૪ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૪ માહે જુલાઈ સને ૧૯૯૪.

જે. બી. વોરા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

---

સક્ષમ અધિકારી અને અધિક કલેકટર શહેરી જમીન ટોચ મર્યાદા દ્વારા

નં.યુએલસી/૬(૧)૩૩૦/૭૬ ક.૧૦(૩) શાખા-૧(૧) શહેરી જમીન (ટોચ મર્યાદાઅને નિયમન) અધિનિયમ-૧૯૭૬ની કલમ ૧૦(૩) અન્વયે જાહેર જાહેર કરુ છુ કે,

ગુજરાત રાજયના ગેઝેટ-૧ તા. ૩૧ માહે ડીસેમ્બર સને ૧૯૮૭ પાના નં. ૨૫૦૮ ઉપર પ્રસિધ્ધ કરેલ આ કચેરીનાં જાહેરનામાં ક્રમાંક યુએલસી/૬(૧) ૩૩૦/૭૬ કલમ-૧૦(૧) તા. ૯ માહે ડીસેમ્બર સને ૧૯૮૭માં નીચે દર્શાવેલ વધુ આવી જમીન તા. ૩૧ માહે જુલાઈ સને ૧૯૯૪ થી રાજય સરકારશ્રીમાં કોઈપણ જાતના બોજ સિવાઈ સંપાદન થયાનું ગણવાનું છે.
વધારાની આવી જમીન ધારણ કરનાર.

નામ :—સવજંદ હરજીવનભાઈ પારેખ
સરનામું : "શ્રીજી સદન" પંચનાથ પ્લોટ મેઈન રોડ, રાજકોટ.

| ગામ | સરવે નંબર | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો. મી. |
|---|---|---|---|
| કોઠારીયા | ૧૭૪/૨<br>૧૭૫/૨<br>૨૫૩ પૈકી | ૬૭ પૈકી | ૪૯૧—૩૨ |

રાજકોટ, ૨૦ માહે જુલાઈ સને ૧૯૯૪.

---

નં.યુએલસી/૬(૧)૨૪૮૫ ક.૧૦(૧) શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૦-(૧) અન્વયે રાજકોટ ગામન રહીશ શ્રી હિમતલાલ અમૃતલાલ પુજારા નીચે પ્રમાણે શહેરી જમીન ટોચ મર્યાદા કરતાં વધારે જમીન ધારણ કરતાં હોવાનું જાહેર કરવામાં આવે છે.

| ગામ | સર્વે નંબર | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો. મી. |
|---|---|---|---|
| રાજકોટ | ૧૨૭ તથા<br>૧૨૮ પૈકી | | ૫૭૦—૨૯<br>બન્ને પક્ષે રસ્તો<br>મળે તે રીતે |

ઉપરોકત જમીન ગુજરાત સરકારશ્રી તરફથી ઉપરોકત કાયદા નીચે પ્રાપ્ત કરવા પાત્ર છે.

આ જમીનમાં કોઈનો હક્ક, હિત હોય તો પોતે જાતે અગર પોતાના અધિકૃત પ્રતિનિધિ મારફત પોતાનો કઈ જાતનો, કેવી રીતે હક્ક, હિત છે તેની રજૂઆત લેખિત જરૂરી આધારો સાથે આ જાહેરાતની તારીખથી દિવસ-૩૦માં કરવી.

રાજકોટ, ૧૯ માહે જુલાઈ સને ૧૯૯૪.

આર. બી. દવે,
સક્ષમ અધિકારી અને અધિક કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા,

INDEX

**સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા**

નં. યુએલસી/૬(૧) ૩૦૫૬ ક. ૧૦(૩).—શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ—૧૯૭૬ની કલમ—૧૮(૩) અન્વયે જાહેર કરૂ છું કે,

ગુજરાત રાજ્યના ગેઝેટ ભાગ—૧, તા. ૨૩ માહે જુન સને ૧૯૯૪ પાના નં. ૨૮૨ ઉપર પ્રસિધ્ધ કરેલ આ કચેરીના જાહેરનામાં ક્રમાંક: યુએલસી/૬(૧) ૩૦૫૬ કલમ—૧૦(૧) તા. ૨૯ માહે જુન સને ૧૯૯૪ માં નીચે દર્શાવેલ વધુ ખાલી જમીન તા. ૩૦ માહે જુન સને ૧૯૯૪થી રાજ્ય સરકારશ્રીમાં કોઈપણ જાતના બોજા સિવાય સંપાદન થયાનું ગણવાનું છે.

વધારાની ખાલી જમીન ધારણ કરનારનું નામ :—રમેશચંદ્ર મફતલાલ શાહ,
સરનામું: -સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા પાછળ, જ્યુબેલી બાગ, પુનિત કુંજ રાજકોટ.

| ગામ | સરવે નંબર | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | |
|---|---|---|---|---|
| રાજકોટ | ૪૮૮ | ૮૫ | ૬૭૭--૦૦ | પાછળની સાઈડ તથા જમીનધારક બંન્નેને |
| | ૪૮૮ | ૮૬ પૈકી | ૧૩૭--૦૦ | રસ્તો મળી રહે તે રીતે. |

રાજકોટ, ૩૦ માહે જુન સને ૧૯૯૪.

નં. યુ.એલ.સી./૬(૧) ૩૨૫૭/ક.૧૦(૩) શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ- ૧૯૭૬ની કલમ--૧૮(૩) અન્વયે જાહેર કરૂ છું કે,

ગુજરાત રાજ્યના ગેઝેટ—ભાગ--૧, તા. ૨૩ માહે જુન સને ૧૯૯૪ પાના નં. ૨૮૩ ઉપર પ્રસિધ્ધ કરેલ આ કચેરીના જાહેરનામાં ક્રમાંક:યુએલસી/૬(૧) ૩૨૫૭ કલમ—૧૦(૧) તા. ૧૧ માહે એપ્રીલ સને ૧૯૯૪માં નીચે દર્શાવેલ વધુ ખાલી જમીન તારીખ ૩૦ માહે જુન સને ૧૯૯૪થી રાજ્ય સરકારશ્રીમાં કોઈપણ જાતના બોજા સિવાય સંપાદન થયાનું ગણવાનું છે.

વધારાની ખાલી જમીન ધારણ કરનારનું નામ:—વાઘજી જેરામ હરસે રવજી વાઘજીભાઈ.
સરનામું:— સંત કબીર રોડ, ચંપકનગર સોસાયટી,—૧ મુરલીધર ખમણ હાઉસ સામે, રાજકોટ.

| ગામ | સરવે નંબર | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|
| રાજકોટ | ૫૭૯ | — | ૧૮૮૪૦--૦૦ |

રાજકોટ, ૩૦ માહે જુન સને ૧૯૯૪.

જાહેરાત

નં. યુએલસી/૬(૧)/૨૨૨૮-ક. ૧૦(૧).—શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ—૧૯૭૬ની કલમ—૧૮(૧) અન્વયે મુંબઈ ગામના રહીશ શ્રી જવાહરલાલ પ્રભાશંકર દફતરી નીચે પ્રમાણે શહેરી જમીન ટોચ મર્યાદા કરતાં વધારે જમીન ધારણ કરતાં હોવાનું જાહેર કરવામાં આવે છે.

| ગામ | સરવે નંબર | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|
| (૧) | બોરીવલી વલનાઈ ૨૬ હિસ્સા નં.૧ | — | ૪૭૪૦--૪૧ |
| (૨) | ,, ૪૬ ,, નં. ૫ | — | ૪૫૬૫--૮૮ |
| (૩) | રાજકોટ ૪૯૯ પૈકી | — | ૩૦૩૭--૫૦ |
| | | કુલ .. | ૧૨૩૪૩--૭૯ |

ઉપરોકત જમીન ગુજરાત સરકારશ્રી તરફથી ઉપરોકત કાયદા નીચે પ્રાપ્ત કરવાપાત્ર છે.

આ જમીનમાં કોઈનો હક્ક હિત હોય તો પોતે જાતે અગર પોતાના અધિકૃત પ્રતિનિધિ મારફત પોતાનો કઈ જાતનોકેવી રીતે હક્ક-હિત છે તેની રજૂઆત લેખિત જરૂરી આધારો સાથે આ જાહેરાતની તારીખથી દિવસ-૩૦માં કરવી.

રાજકોટ, ૨૫ માહે જુલાઈ સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા,
રાજકોટ.

INDEX

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા
મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૮૫-૧ મુજબ
જાહેરનામું

નં. મેજી-બીનવારસી-કેસ-નં.૨-૯૪-વથી-૧૪૯૧-૩ .–આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી માળીયા મીયાણા ના જા. નં. ૧૯૮૮-૯૪તા. ૩૦-૭-૯૪ થી નીચે જણાવેલ મુદામાલ બીનવારસી હોય અને ૧૯૫૧ના મુંબઈ પોલીસ એકટની કલમ-૮૩-૨ અન્વયે નિકાલ થવા આ કચેરીએ મોકલવામાં આવેલ છે જેથી સદરહુ એકટની કલમ-૮૫-૧ અન્વયે જાહેર કરવામાં આવે છે કે નીચે લખ્યા મુદામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ તેનો માલીક હોવાનો દાવો ધરાવતા હોય તેમણે આ જાહેરનામાની તારીખથી છ માસની અંદર તે મુદામાલ પોતાની માલીકીનો છે તેવા તમામ આધારો પુરાવા સહિત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું સદરહુ મુદત દરમ્યાન જો કોઈ પણ માલીક હાજર થશે નહિ તો સદરહુ ધારાની કલમ-૮૭ મુજબ મુદામાલ જાહેર લીલામથી હરરાજી કરી તેની જે કિંમત ઉપજશે તે સરકારશ્રીમા જમા કરાવવામાં આવશે જેની નોંધ લેવી.

મુદામાલની વિગત

| મુદામાલ | અંદાજીત કિંમત |
|---|---|
| ૧. લાકડાની કાળા કલરની ખુરશી (આરામ ખુરશી) નંગ-૧(એક) | રૂા. ૫૦--૦૦ |
| ૨. લાકડાની આરામ ખુરશી પીળા કલરની નંગ-૧(એક) | રૂા. ૫૦--૦૦ |
| ૩. લોખંડની જુના જેવો ખુરશી નંગ-૧ (એક) | રૂા. ૨૫--૦૦ |
| કુલ રૂા. | ૧૨૫--૦૦ |

અંકે રૂપિયા એકસો પચ્ચીસ પુરા

માળીયા મીયાણા, ૧૧ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
માળીયા (મીયાણા).

---

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

વાંચાણ —: મે. શ્રી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ-ભુજના અધિસૂચના નં. એમએજી/ઈપીડી/૭/૯૪ તા. ૨૧-૭-૯૪.

જાહેરનામું

નં. વહટ/કોલેરા/જાહેરનામું/૭/૯૪.—ઉપરોકત વાંચાણ વાળી અધિસૂચનાથી મે. શ્રીકલેકટરસાહેબ કચ્છ-ભુજ તરફથી અંજાર તાલુકા ના તમામ ગામોને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે. અને અમોને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવેલ છે.

આથી હું, આર. એમ. ધાંછા, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, અંજાર આથી એપેડીમિક ડીસીજ એકટનાં ૩ સને ૧૯૮૭ કલમ-૨ તથા ૨(બી)અનુસાર અંજાર તાલુકાને કોલેરા ગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરું છું. અને મને મળેલ સત્તાથી ફરમાવું છું કે નીચેના હુકમોને અમલ કરવાનો છે. આ હુકમની તારી ખથી અંજાર તાલુકાના ગામોમા નીચે મુજબ રોગથી બચવા અમલ કરવાનો છે.

(૧) જો કોઈ વ્યકિતને કોલેરા થાય તો તુરતજ નજીકની હોસ્પિટલ કે દવાખાનાને જાણ કરવી.

(૨) કોલેરાના દર્દીના ઝાડા-ઉલ્ટી જંતુનાશક દવા નાખીને જમીનમાં દાટી દેવા.

(૩) જાહેર પાણી પીવાના સ્થળે અને નાહવા ધોવાના સ્થળે કોલેરાના દર્દીના કપડા ધોવા નહીં.

(૪) કોલેરાના દર્દીના કપડા ગરમ પાણીમાં ઉકાળીને ધોવા.

(૫) સડેલા વધુ પાકી ગયલા ફળફળાદિ કેલીલોતરી વહેચવા નહીં.

(૬) ખાદ્ય પદાર્થ વેચનારે ખાદ્ય પદાર્થ ઢાંકીને રાખવા અને તંદુરસ્તીને હાનીકારક પદાર્થ વહેંચાણમાં મૂકવા નહીં તેનો નાશ કરવો.

(૭) પાણી ઉકાળીને પીવું.

(૮) ઉકરડાઓનો ગામની બહાર નિકાલ કરવો અને ચોવીસ કલાકમાં ગામમાંથી ગંદકીનો કચરો ઉપડાવી લેવો નહિતર કાયદેસર કેસ કરવામાં આવશે.

(૯) ગંદા પાણીનો વ્યવસ્થિત નિકાલ કરવો. અને મચ્છર, માખી વિગેરે જીવજંતુઓનો ઉપદ્રવ ન થાય તે જોવા કાળજી રાખવી.

(૧૦) જાહેર રસ્તા ઉપર ગંદવાર કે એઠવાળ ફેંકવા નિયત કરેલ જગ્યાએ નિકાલ કરવો.

(૧૧) અસ્વચ્છતા થાય તેવું કોઇ કૃત્ય કરવું નહી કે કરાવવું નહીં.

(૧૨) દવાનો છંટકાવ કરવો ફરજિયાત છે.

(૧૩) આઈસ ક્રીમ દુધની બનાવટો, માવાની બનાવટો વગેરે આરોગ્યને હાનિકર્તા નું વિતરણ કરવામાં ન આવે તેમજ જુનો સંગ્રહેલ જથ્થો, પતરાના ટીનમાં કાટ લાગી ગયેલ હોય તો તેનો નાશ કરવો.

આ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ છ માસની સજા અથવા રૂા. એકસો અથવા બને સજાને પાત્ર થશે.

આ જાહેરનામું તા. ૨૯-૭-૯૪ થી અમમાં આવશે.

આજરોજ તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૪નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જનતાની જાણ ખાતર અમલ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

આર. એમ. ધાંછા,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી,
અંજાર-કચ્છ.

---

જાહેરનામું

ક્રમાંક : વહવ/૨૨/૯૪,—જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરના જાહેરનામાનાં ડીએમ/ડીસીએચ/૩૬૬૧/૩૭૫૦/૯૪, તા. ૧૮-૮-૯૪ થી સમગ્ર લાલપુર તાલુકાને "કોલેરા ભયગ્રસ્ત" વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. અને અમોને કોલેરા કન્ટ્રોલીંગ અધિકારી તરીકે નિમવામાં આવેલ છે.

જેથી હું, જે. જી. સીમેજીયા, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી આથી ઇપીડેમીક નિયંત્રણ ધારા ૧૮૯૭ નીચે કોલેરા નિયંત્રણ કલમ—૩ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે :—

આ હુકમ થયા તારીખથી દિવસ--૧૫ (પંદર) ની અંદર ઉપરોકત વિસ્તારમાં રહેતા તમામ વતનીઓએ કોલેરા પ્રતિબંધ રસી (કોલેરાની ઈન્જેકશન) મુકાવી લેવી. અગર આ હુકમ થયાની તારીખથી છ અઠવાડીયાની અંદર પોતે આવી રસી મુકાવી છે તેવું રજીસ્ટર્ડ પ્રેકટીશનરનું પ્રમાણપત્ર રજુ કરવું.



INDEX

ઉપરોકત વિસ્તારનાં દરેક મકાન માલિકે દરેક કારખાનાના મેનેજર દરેક શાખાના વ્યવસ્થાપકોએ દરેક દુકાનદારો વગેરે કોઈ વ્યકિતને કોલેરા થયો છે તેવું જણાય અગર તો થયો હોવાનું માનવામાં આવે છે તુરત જ ચોવીસ કલાકની અંદર આમોને જાણકરવી. અને આરોગ્ય અધિકારીશ્રી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લાલપુરને કોલેરા પ્રતિબંધ રસી મુકાવવા જાણ કરવી.

ઉપરોકત વિસ્તારમાં આવેલ દરેક ગામોનાં સરપંચશ્રીઓએ તથા તલાટી કમ મંત્રીશ્રીઓએ ખાસ કાળજી રાખવી કે ગામનાં પીવાના પાણીના જળાશયોમાં ગંદકી ન થાય અને આરોગ્યની સુચના પ્રમાણે વખતો વખત જંતુનાશક દવાના ઉપયોગથી પાણી શુધ્ધ રાખવું.

આ જાહેરનામાનો જે કોઈ શખ્સ ઈરાદા પૂર્વક ભંગ કરશે તો ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ પ્રમાણે ગુનેગાર સાબીત થયે છ માસની સજા અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા દંડ અથવા બન્ને સજાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૨ માહે ઓગષ્ટ સને ૧૯૯૪નાં રોજ અમારી સહી કરી તથા સિકકો લગાડી સહી કરી બહાર પાડવામાં આવ્યું.

લાલપુર, ૨૨ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

જે. જી. સીમેજીયા,
મામલતદાર અને
કોલેરા નિયંત્રણ અધિકારી,
લાલપુર.

---

જીલ્લા વિકાસ અધિકારી દ્વારા

સને ૧૯૬૨નો ગજરાતના કાયદા–૧૦ (ગુજરાત સહકારી મંડળીનો કાયદો સને ૧૯૬૧)ની કલમ ૯(૧)(અ) અન્વયે નોંધણી.

| ક્રમ નં. | મંડળીની નોંધણી નંબર અને તારીખ | મંડળીનું નામ | મર્યાદિત સ્થળ/ | તાલુકો અને | જીલ્લો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | નં.-સહ. નધણ-૧-વથી—૧૪૪૮-ગો.-૨૫૫૬૨/તા. ૧૧/૭/૯૪ | શ્રી પાટીદડ ગોપાલક માલધારી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. | પાટીદડ | ગોંડલ | રાજકોટ |
| ૨. | નં.સહ-નધણ-૧-વથી—૧૬૨૮-ઉ-૫૪૯૩/તા. ૫/૮/૯૪ | શ્રી ડૉ. બાબાસાહેબ વણકર સ.મં.લી. | લક્ષ્મીનગર | મોરબી | રાજકોટ |
| ૩. | નં.-સહ-નધણ-૧-વથી—૧૬૪૪-ખે-૨૮૬૦/તા. ૫/૮/૯૪ | શ્રી ખરેડા જળસિચન સહકારી મં.લી. | ખરેડા | મોરબી | રાજકોટ |
| ૪. | નં.સહ-નધણ-૧.વથી-૧૬૪૬-સે.-૨૫૫૬૩/તા.૮/૮/૯૪ | શ્રી કોઠી સેવા સહકારી મં.લી. | કોઠી | જસદણ | રાજકોટ |
| ૫. | નં.-સહ-નધણ-૧-વથી—૧૭૩૫-૭૯ ઉ.-૫૪૯૪/તા.૨૪/૮/૯૪ | શ્રી સિધ્ધાર્થ વણકર સ.મં.લી. | ખાટલી | જામકંડોરણા | રાજકોટ |

એ. એ. નાગોરી,
જીલ્લા વિકાસ અધિકારી,
રાજકોટ.

---

જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી ઓ.ટ્રારા

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ-૧ સ. મ., કોડીનારનો તા. ૩–૭–૯૩નો અહેવાલ.

(૨) કોડીનાર તાલુકા બેન્કીંગ યુનિયન લી., કોડીનાર તા. ૭–૨–૯૪ની બોર્ડ ઓફ ડીરેકટરની ઠરાવ નં. ૧૩ ને અનુસંધાને બેન્કની રજુઆત.

(૩) અત્રેની કચેરીના વચગાળાના આદેશકમાંક : ફડચ/ચ/૦૩૫/૧૪૪ થી ૧૫૩/૯૪ તા. ૧૮-૧-૯૪નો હુકમ

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૮૧ તથા કલમ-૧૦૩ અને કલમ-૧૦૮ની જોગવાઈ.

(૫) શ્રી નગડલા સેવા સ.મ.લી., નગડલા, તા. કોડીનારની તા. ૯-૨-૯૪ તથા તા. ૨૧-૩-૯૪ની રજુઆત

(૬) કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક/જીએલ.કેએમ/૨૪/૯૨/ડી.સી./૧૧૮૮/૫૦૦૪/જે. તા. ૩૦–૩–૯૧.

હુકમ

**ક્રમાંક : સકક/ગ-૩/૧૦૨૨થી૧૦૩૦.—સને ૧૯૯૪ શ્રી એ. સ. ખંધાર જિલ્લા રજીસ્ટ્રાર સ. મ. અમરેલી મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓ અધિ. ૧૯૬૧ની કલમ-૮૧ (૧) સત્તાની રુએ શ્રી નગડલા સેવા સ. મ. લી. નગડલા તા. કોડીનારની વ્યવસ્થાપક કમીટીને પોતાના કમીટી સભ્યના હોદા પરથી દૂર કરું છું. અને આજ કામદાની કલમ-૮૧ (૧) (ખ) (૨) ની જોગવાઈ મુજબ વહીવટદાર તરીકે શ્રી કોડીનાર તાલુકા કો. ઓપરેટીવ બેન્કીંગ યુનિયન લી. કોડીનારનાં નિમણુંક, નીચેની શરતોને આધીન હુકમની તારીખથી છ માસ માટે કરું છું**

**(૧) બેન્કે રૂા. ૧.૨૦ લાખની વસુલાત છ માસમાં કરવાની અત્રે બાંહેધરી આપેલ તે મુજબ ફ્રામગીરી પૂર્ણ કરી અત્રે રીપોર્ટ કરવાનો રહેશે.**

**(૨) તમામ મુદત વીત બાકીદારો પર ૧૦૬ (૧)ના કાગળો ઉપરોકત સમયમાં જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરીને રજુ કરવાના રહેશે.**

**(૩) બેન્કે તા. ૧-૨-૯૫ના રોજ ઉકત બાબતમાં નિર્ધારિત થરતો મુજબ પરીણામ લાવી ન શકે તો આ વહીવટદારનો હુકમ ફડચા લેઠળ આપોઆપ ગણી અત્રેથી અંતિમ આદેશ કરવામાં આવશે.**

**અમરેલી, ૨ માહે જુલાઈ/ઓગષ્ટ સને ૧૯૯૪.**

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના ફડચાના અંતીત હુકમ નંબર ફડચે/ચ/૩૫/૧૨૯૮ થી ૧૩૦૬/૯૩ તા. ૧૫-૧-૯૩.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) ની જોગવાઈ.

INDEX

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન નંબર એચ.કે.એમ/૨૪/ડીસી/૨૧૮૮/૫૨૦૪, તા. ૩૦-૩-૯૪.

(૪) મદદનીશ સહકારી અધિકારી (ફરચા) ના પત્ર ક્રમાંક થી રદ કરવાનો અહેવાલ.

હુકમ

ક્રમાંક/ફરચ/ચ/૨૦૭૨/૯૪.—શ્રી દેવળી જુથ સંયુકત ખેતી સહકારી મંડળી લી. મુ. દેવળી, તા. કોડીનાર જિલ્લો અમરેલીનો વંચાણે લીધેલ ક્રમ નં. ૧ના હુકમથી ફરચામાં લઈ જવામાં આવેલ છે.

સદરહુ મંડળીના નોંધણી નંબર ૯૬૯, તા. ૪-૯-૮૪થી નોંધાયેલ છે.

૩. આ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૧૪ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી દેવળી જુથ સંયુકત ખેતી સહકારી મંડળીલી. મુ. દેવળી, તા. કોડીનાર, જિ. અમરેલીના ફરચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરું છું તેમજ આજ કાયદાની કલમ-૨૦ (૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરું છું.

અમરેલી, ૨ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

———

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના ફરચાના અંતીમ હુકમ નંબર ફરચ/ચ/૧૦૮૧/૮૯, તા. ૩૧-૭-૮૯.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ ની કલમ-૧૧૪ (૧) ની જોગવાઈ.

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન નંબર,એચ.કે.એમ./૨૪/ડીસી/૨૧૮૮/૫૨૦૪, તા. ૩૦-૩-૯૪.

(૪) સહકારી અધિકારી (ફરચા) ના પત્ર ક્રમાંક ૪૬૫/૮૪ થી રદ કરવાનો અહેવાલ.

હુકમ

ક્રમાંક/ફરચ/ચ/૨૦૮૦/૯૪.—શ્રી દામનગર ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. દામનગર, તા. લાઠી જિલ્લો અમરેલીનો વંચાણે લીધેલ ક્રમ નં. ૧ ના હુકમથી ફરચામાં લઈ જવામાં આવેલ છે.

૨. સદરહુ મંડળીના નોંધણી નંબર ૧૧૦૪, તા. ૧૬-૧૧-૬૨ થી નોંધાયેલ છે.

૩. આ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી દામનગર ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. દામનગર તા. લાઠી, જિ. અમરેલીના ફરચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરું છું તેમજ આજ કાયદાની કલમ-૨૦ (૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરું છું.

એ. એસ. ખાંભાર.
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

———

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્ય સ.મં.ઓ. ના ૧૯૬૧ના કાયદાની કલમ ૨૦/૧૧૪ અને ૧૬૧ની જોગવાઈ.

(૨) નિયામકશ્રી કુટિર અને ઔદ્યોગિક સહકાર, ગુજરાત રાજ્ય, અમદાવાદના અ.સ. પત્ર ક્રમાંક: વહીવટ/૪૫૭૮, તા. ૨૨-૮-૭૮.

(૩) આ કચેરીના ફરચામાં લઈ જવાના કાયમી હુકમ નં. ફરચ/ધ/૧૩૪/૮૦/તા. ૨૩-૫-૮૦.

(૪) સહકારી અધિકારી (ફરચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમરેલીના પત્ર ક્રમાંક: ફરચ/ચ/ સને ૯૪, તા. ૧-૮-૯૪ની મંડળીની નોંધણીની રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક: ફરચ/ચ-૪/૬૫૫/૯૪/૯૨૧૩.—આથી હું જે. એસ. દોશી, મેનેજર (કે.વી.સી.આઈ.) અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં.(ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમરેલી મને ગુજરાત રાજ્ય સહકાર મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪(૨) અન્વયે મળેલ અધિકારની રૂઈએ શ્રી અમરેલી ગ્રામ તેલ ઉદ્યોગ સહકારી મંડળી લી. મુ. અમરેલી, તાલુકો: અમરેલી, જીલ્લો: અમરેલી, કે જે નોંધણી નં. ઉ. ૩૩૨૦, તા. ૧૬-૨-૭૩થી નોંધાયેલ છે તેની ફરચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરૂ છું. તેમજ સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદરહુ મંડળીની નોંધણી રદ કરવાનો આ હુકમ કરૂ છું.

અમરેલ ૩૦ માહે ઓગષ્ટ, સને ૧૯૯૪.

જે. એસ. દોશી,
મેનેજર (કે.વી.સી.આઈ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમરેલી.

———

ક્રમાંક: નધણુ/ઉ-૯૧૫૩/ખ-૩/૫૧૨/૯૪.—જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી ભાલ ક્ષેત્રીય ઘાસ ઉત્પન્ન કરનાર તથા પ્રક્રિયા કરનાર સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ: ભાવનગર, તાલુકો- અને જીલ્લો: ભાવનગર

સને ૧૯૬૧ ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ક્રમાંક : નધણુ/ઉ-૯૧૫૪/ખ-૩/૫૧૦/૯૪.—જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી બોટાદ તાલુકા વાહન વ્યવહાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ બોટાદ તાલુકો: બોટાદ, જીલ્લો ભાવનગર

**સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.**

———

INDEX

વંચાણે લીધાં :

(૧) નામદાર સરકારશ્રીના સહકાર વિભાગનાં ઠરાવ ક્રમાંક: ઇ/૨૮/૮૪/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪

(૨) આ કચેરીના ક્રમાંક: સવન/૦૧/ગ-૧/૧૦૩૨/૧૯૯૩, તા. ૨૮-૧૨-૧૯૯૩થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.

૩. પ્રમુખશ્રી, સાવરકુંડલા ગોપાલક વસાહત સહકારી મંડળી લી. મુ. સાવરકુંડલાનો તા. ૧૨-૧-૯૪નો પત્ર.

૪. અત્રેના પત્ર ક્રમાંક: સવન /૦૧/ગ-૧/૨૬/૧૯૯૪, તા. ૧૭-૨-૧૯૯૪.

૫. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ—૮૧ અન્વયે મળેલ અધિકારો.

૬. આ કચેરીની તા. ૩--૫--૯૪ની મંજૂર થયેલ નોંધ.

૭. શ્રી સબ. ઓડીટર, સ.મં. સાવરકુંડલાના ક્રમાંક: અધણ/૧૩૧/૧૯૯૨, તા. ૩-૫-૧૯૯૨થી રજુ થયેલ અહેવાલ.

આદેશ

જા.નં. સવન/૦૧/ગ-૧/૧૮૩/૧૯૯૪.—ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ—૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઇએ હું, કે.બી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ-ભાવનગર, શ્રી સાવરકુંડલા ગોપાલક વસાહત ખેતી સહકારી મંડળી લી. મું. સાવરકુંડલ, તાલુકો સાવરકુંડલા જિ. ભાવનગરની વ્યવસ્થાપક સમિતિને દુર કરી તેમની જગ્યાએ તેજ કાયદાની કલમ- ૮૧(૧) (બી) અન્વયે શ્રી સહકારી અધિકારી ફરચા—૪ લગત કચેરીમાં ભાવનગરની વહીવટદાર તરીકે નમણુંક કરૂ છું. અને વહીવટદારશ્રીની ચાર્જ સંભાળ્યાની તારીખથી એક વર્ષની મુદત માટે આથી નિમણુંક કરૂ છું.

વહીવટદારશ્રીએ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ—૮૧(૨) અન્વયે આ કચેરીના નિયંત્રણને આધીન રહીને મંડળીનાં વ્યવહારમાં નાણાંકીય લેવાદ-દેવડની અવાર- નવાર જ સુચનાઓ અપાય કે આપવામાં આવે તેને આધિન રહીને વહીવટ કરવાનો રહેશે અને ઉપરોકત દર્શાવેલ કારણોની પુર્તતા પ્રથમ હાથ ધરવાની રહેશે.

ભાવનગર, ૨૨/૨૪ ગાહે ઓગષ્ટ સને ૧૯૯૪.

---

વંચાણે લીધા : (૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાસેરનામા ક્રમાંક હ—૨૮—૮૪—ડી. ડી.સી. —૧૧૮૨—૭૪૨૫ ગ. તા. ૨૨—૩—૮૪

(૨) આ કચેરીનો તા. ૨—૬—૯૪નો ૧૧૪(૨) ના આદેશ ક્રમાંક/ફડચા/ખ—૪/૩૦૨/૧૯૯૪.

(૩) ફડચા અધિકારીશ્રી સચ્ચિદાનંદ દુધ (ફડચામાં) અને શ્રી સહકારી અધિકારી ફડચા ભાવનગરના તા. ૬—૬—૯૪નો અહેવાલ.

આદેશ

નીચે જણાવેલ સહકારી મંડળીઓ જે સહકારી કાયદા અન્વયે નોંધાયેલ છે જેની નોંધણી નંબર તથા તારીખ નીચે જણાવેલ છે જેને આ કચેરીના ક્રમાંક સરખા નીચે જણાવેલ તારીખથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તા. ૬-૬-૯૪ તથા તા. ૧૫-૬-૯૪ તથા તા. ૨૭-૬-૯૪ સરખા ક્રમાંકના આદેશથી પુર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ—૨૦ અન્વય હું, કે. બી ઉપાધ્યાય, જિલ્લા રજીસ્ટાર, સહકારી મંડળીઓ, ભાવનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરૂ છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન—૧૫માં આ કચેરીની ફડચા શાખાને સોંપી દેવું.

| ક્રમાંક અને ફડચામાં લઈ જવાની તારીખ | ભાવનગર જીલ્લાની સહકારી મંડળીનું નામ અને ગામ, તાલુકો | આદેશની તારીખ | નોંધણી નં. અને તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ક્રમાંક : ફડચ/૧૦૮૭/ખ-૪/૪૨૫/૯૪, તા. ૯/૯/૯૧ | શ્રી સચ્ચિદાનંદ દૂધ ઉત્પાદક સ.મં. મું. લોયંગા, તા. મહુવા | ૬/૬/૯૪ | નં. ૧૪૯૦૪ તા. ૧૧-૧-૭૮ |
| ક્રમાંક:ફડચ/૭૫૫૧/ખ-૪/૪૨૭/૯૪તા.-૨૯/૪/૯૨ | શ્રી નાગલપુર દૂધ ઉત્પાદક સ.મં.લિ. મુ. નાગલપુર, તા. બોટાદ | ૪/૭/૯૪ | નં. ૨૦૩૮૦ તા. ૨૭-૯-૮૫ |
| ક્રમાંક:ફડચ/૭૫૫૨/૯૧૦/ખ-૪/૪૨૮/૯૪/ તા.૧૨-૫-૯૯ | શ્રી બોડકી દૂધ ઉત્પાદક સ. મં. લિ. મુ. બોડકી, તા. ગઢડા. | ૪/૬/૯૪ | નં. ૧૭૧૯૫ તા. ૨૦-૯-૮૦ |
| ક્રમાંક:ફડચ/૭૫૫૦/ખ-૪/૪૨૬/૯૪ તા. ૨૩--૧૧--૯૩ | શ્રી ભવાની દૂધ ઉત્પાદક સ.મં.લિ. મુ. વાધનગર, તા. મહુવા | ૧૦/૭/૯૪ | નં. ૭-૩૨૩૧ તા. ૧૪-૪-૭૫ |
| ક્રમાંક:ફડચ/૭૫૫૩/ખ-૪/૪૨૯/૯૪/તા.૩/૮/૯૧ | શ્રી ભૂતિયા દૂધ ઉત્પાદક સ.મં.લિ. મુ. ભૂતિયા, તા. શિહોર. | ૧૨--૫-૯૪ | નં. ૨૦૩૭૫ તા. ૫-૯-૮૫ |

---

INDEX

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: હ-૨૮-૮૪-ડી.ડી.સી.-૧૧૮૨-૭૪૨૫-ગ, તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના તા. ૧૧/૭/૯૪ના હુકમ નં. ફડચ/ખ-૪/૩૯૧/૧૯૯૪નો સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૯૫૮૭/ખ-૪/૪૩૦-૯૪.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ—૧૯૬૧ની કલમ ૧૦૩-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, કે.બી. ઉપાધ્યાય, જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં.ઉ. ભાવનગર સદરહું સંસ્થાનો તા. ૧૧-૭-૯૪ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂ છું.

તેમજ આ જ કાયદાની કલમ—૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.—૪ કચેરીમાં ભાવનગરની આથી નિમણુંક કરવામાં આવે છે.

ભાવનગર, ૧૯/૨૨ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

કે. બી. ઉપાધ્યાય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનાં સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક હ-૨૮-૮૪-ડીડીસી-૧૧૮૨-૭૪૨૫, તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીનાં ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ક-૩/૭૩૩-૪૨, તા. ૧૭-૩-૯૩

(૩) આ કચેરીનાં ફડચાની કામગીરી સમાપ્તિનાં હુકમ નાં ફડચ/ક-૩/૨૦૪૩/૯૪, તા. ૩૧-૭-૯૪.

(૪) ફડચા અધિકારી—વલ્લભ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગરનાં પત્ર નં. ફડચ/૧/૩૨૭/સને-૯૪, તા. ૩૦-૭-૯૪

હુકમ

જા.નાં. ફડચ/ક-૩/૨૦૪૮-૫૫/સને-૯૪.—આથી, હું, એ.એલ. કોરવાડીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી સિમેન્ટ એમ્પલોઈઝ ક્રેડીટ કો-ઓપ રૂરલ સોસાયટી લી. દ્વારકા, મુ. દ્વારકા, તાલુકો : ઓખામંડળ જીલ્લો : જામનગરને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ નોંધણી નંબર ૨૦૪૧, તા. ૧૧-૧-૭૨થી નોંધાયેલ છે તેને તેજ કાયદાની કલમ—૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ અને તેની નોંધણી તેજ કાયદાનો કલમ ૨૮/૧૦ અન્વયે આથી રદ કરૂં છું.

જામનગર, ૩૧ માહે જુલાઈ સને ૧૯૯૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક હ-૨૮-૮૪-ડીડીસી-૧૧૮૨-૭૪૨૫, તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ધ-૨/૮૪૦૪૬, તા. ૨૧/૫/૮૭

(૩) આ કચેરીના ફડચાની કાર્યવાહી સમાપ્તિના હુકમ ક્રમાંક ફડચ/ક-૩/૨૦૪૪-૪૫/૪૬/૯૪, તા. ૩૧-૭-૯૪.

હુકમ/આદેશ

ક્રમાંક : જા. નાં ફડચ-ક-૩ ૨૦૫૬ થી ૬૪/૯૪ અને ફડચ/ક-૩/૨૦૬૫-૭૧ સને ૧૯૯૪.

આથી હું, એલ. એલ. કોરવાડીયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ (૧) શ્રી સીંગચ જુથ સેવા સહકારી મંડળી લી., મું. સીંગચ, તાલુકો: લાલપુર, જીલ્લો: જામનગર જેની નોંધણી નંબર ૧૧૦૬૭ તા. ૨૦/૬/૬૪થી તથા (૨) શ્રી જાંબુડા સેવા સહકારી મંડળી લી., મું. જાંબુડા, તા જામનગર, જેની નોંધણી નંબર ૮૧૪ તા. ૧૧-૩-૫૪થી કરવામાં આવેલ છે. તેની ફડચાની કાર્યવાહી આંક—૩ ના હુકમથી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ છે. તેથી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦(૧) અન્વયે સદરહું મંડળીની નોંધણી રદ કરવા આથી હુકમ કરૂં છું.

સદરહું મંડળીના તા. ૩૦-૭-૯૪ના સરવૈયા મુજબ જે કાંઈ કામગીરી કરવાની બાકી રહે છે, તે તથા અન્ય કોઈ કામગીરી બાકી હોય તો, તે પણ "એક્સઓફીસીઓ" તરીકે શ્રી આસી. ઓફીસર, જામનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી. જામનગરે કરવાની રહેશે.

જામનગર, ૩૦ માહે જુલાઈ સને ૧૯૯૪

એ. એલ. કોરવાડીયા,
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
જામનગર.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યનાં સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭, તથા ૧૦૮, ની જોગવાઈ.

(૨) ગુજરાત રાજ્યનાં સહકાર ખાતાના જાહેરનામા ક્રમાંક હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪.

(૩) સબ, ઓડીટર સહારી મંડળીઓ-વિસાવદરનો તા. ૪-૪-૯૪ નો અહેવાલ-નાંઅષણ/૬૧/૯૪.

(૪) આ કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ/ખ-૪/છ/૩૫૬/૯૪/૯૫, તા. ૨-૬-૯૪.

આદેશ

ક્રમાંક/ઉખસ/ફડચ/ખ-૪/છ/૫૬૦/સને ૯૪-૯૫.—આથી હું બી. એન. યાજ્ઞીક, જીલ્લારજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જુનાગઢ મને સહકારીમંડળીઓના કાયદાથીમળેલ અધિકારીનીરૂએકરી ખીજડીયાં



INDEX

તેલશ્રીયા ઉત્પાદક સહકારી મંડળી લી. ધી ડીશ, તા. વિસાવદર, જી. જુનાગઢ કે જે નોંધણી નંબર-૧૨૩૨૬, તા. ૧૬-૧૦-૮૨ થી નોંધાયેલછે.તેને ગુજરાત રાજ્યના સને-૧૯૬૧નાસહકારી મંડળી-ઓના કાયદાની કલમ-૧૦૩(૧)(-ી)(૧) અન્વયે ફડચામાં લઈ જવામાં આવે છે. તથા તે જ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારીતરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુક કરવામાં આવે છે."

નોંધ:—

આ આદેશ સામે મંડળીને વાંધો કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિન-૩૦,ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દર-મ્યાનમાં કાંઈ રજુઆત થશે નહીં. તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

જુનાગઢ, ૧૧ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.,

ડો. બી. એન. યાજ્ઞીક,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ-
જુનાગઢ.

---

**વંચાણે લીધા :**

**(૧) ફડચા અધિકારીશ્રી રાજકોટ સોનાચાંદી ઉદ્યોગ સ. મં.લી. રાજકોટનાં પત્રનં.--ફડચ--૧૩૧--તા. ૩૦--૬--૯૪.**

**(૨) રાજકોટ સોનાચાંદી ઉદ્યોગ સ.મં.લી. રાજકોટનાં :સભાસદોની મંડળી પુન:જીવીત કરવા અંગેની દરખાસ્ત તા. ૭--૬--૯૪.**

**હુ ક મ**

**કુ.ઉ.કુ.૪૨૩થી૪૨૭-ગુજરાત સહકારી અધિનિયમની કલમ-૧૯ મુજબ રાજકોટ સોનાચાંદી ઉદ્યોગ સ.મં.લી. મુ. રાજકોટને નીચેની શરતોએ પુન:જીવીત કરવા આથી હુકમ કરવામાં આવે છે.**
**શરતો :**

**૧ મંડળીએ પેટા નિયમના ઉદેશો મુજબ કામગીરી શરૂ કરીને સભાસદોના વિકાસ માટે કાર્યવંત થવાનું રહેશે.**

**૨ બાકી સરકારી લેણાઓ સત્વરે ભરી આપવાના રહે છે.**

**૩ મંડળીએ સહકારી અધિનિયમ મુજબ તથા પેટા નિયમ મુજબ નો વહીવટ કરવાનો રહેશે. બાકી લેણાઓ સત્વરે વસુલ કરી લેવાના રહેશે.**

**૪ નિયમ મુજબ નિયમિત સભાઓ ભરી કાર્યવાહીની નકલો અત્રે મોકલી આપવી.**

**૫ મંડળીના વહીવટ માટે જરૂરી તમામ દફ્તર સાહીત્ય વસાવી લેવું.**

**૬ મંડળીએ પુન:જીવીતની દરખાસ્ત સાથે રજુ કરેલ ખાસ સાધારણ સભાસદોના ઠરાવ નં. ૪ મુજબ સ્વીકારેલ જવાબાદારી અદા કરવાની રહેશે.**

**રાજકોટ તા. ૧૧ માહે જુલાઈ સને ૧૯૯૪.**

**(સહી) અવાચ્ય,**
**મેનેજર (ખાદી) અને જીલ્લા રજીસ્ટ્રાર,**
**સહકારી મંડળી (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,**
**રાજકોટ.**

---

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના સહકાર વિભાગનાં ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : ઘપ/૧૪૮/૮૨/ડીડીસી/૧૧૮૨/૭૪૨/પીએસ તા. ૨૧--૭--૧૯૮૨.

(૨) શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર. સં.(પંચાયત)સુરેન્દ્રનગરનો તા. ૩--૨--૯૪ નો પત્ર નં. સહક/બ/વશી/૧૪૫/૯૪.

(૩) શ્રી ફડચા અધિકારી ધી સુભાષમીઠા ઉ.સ.મં.લી. અને આસી, ઈન્સ્પેકટર, સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી. ધ્રાંગધ્રાનો તા. ૨૨--૭--૯૩ નો પત્ર.

(૪) આ કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ તા. ૨૩--૬--૯૪નાં જાહેરનામા ક્રમાંક : ફડચ/ગ--૩/૩૫૨/.

**: કાર્યાલય આદેશ :**

**નં, ફડચ—ગ—૩—૫૯૪—૯૪—**

(૧) શ્રી સુભાષ મીઠા ઉત્પાદન સહકારી મંડળીલી. ધ્રાંગધ્રા તા. ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગરની નોંધણી નં. ઉ/૧૯૬૦ તા. ૨૦--૭--૬૩ થી સહકારી કાયદા અન્વયે કરવામાં આવેલ અને સદરહુ મંડ-ળીને હુકમ નં. ફડચ/૩૭/ગ--૨ તા ૧૩--૯--૭૪ થી ફડચામાં લઈ જવામાં આવેલ.

(૨) ઉપરોકત મંડળીની તા. ૩૦--૬--૯૩ નાં રોજ મળેલ ખાસ સાધારણ સભામાં નકકી થયા મુજબ સને. ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના નંબર-૧૦ સને ૧૯૬૨ની કલમ-૧૯ હેઠળ સદરહું મંડળીને પુન:જીવીત કરવા માટે ફડચા અધિકારીશ્રીએ તેમના પત્ર ક્રમાંક તા. ૨૭--૭--૯૩ થી પુન:જીવીત કરવા અંગેની દરખાસ્ત ફડચા અધિકારીશ્રી સુભાષ મીઠા ઉત્પાદન સ મં. લી. ધ્રાંગધ્રા, અને આસી. ઈન્સપેકટર સુરેન્દ્રનગર ડી.કો.બેંક લી. ધ્રાંગધ્રાએ ભલામણ કરી મોકલેલ છે.

(૩) આ કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરાત ક્રમાંક : ફડચ/ગ--૩/૩૫૧/૯૪ તા. ૨૩--૬--૯૪ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જાહેરનામામાં મંડળીને પુન:જીવીત કરવા સામે મંડળીના સભ્યને અથવા લેણદારોને કાંઈ વાંધો હોય તો તે લેખિતમાં આ જાહેરનામાની તારીખથી એક માસમાં આ કચેરીને રજુ કરવા વિનંતી કરાયેલ છે. તેમ છતાં આ બાબતે તે જણાવેલ સમય મર્યાદામાં આ કચેરી સમક્ષ કોઈપણ જાતનાં વાંધાઓ કોઈનાં તરફથી આવેલ નથી. જેથી આ અંગે કોઈને વાંધો નથી એમ માનવાને કારણ છે.

(૪) જેથી હું એમ. ડી. ચૌહાણ, મેનેજર (કે. વી. સી. આઈ) અને જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરેન્દ્રનગર સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીનાં અધિનિયમ ક્રમાંક --૧૦ --૧૯૬૨ની કલમ—૧૯ ની જોગવાઈ મુજબ સદરહું કલમ હેઠળ મળેલ અધિકારની રૂએ ઉપરોકત શ્રી સુભાષ મીઠા ઉત્પાદન સહકારી મંડળી લી. ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગરને પુન: જીવીત કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

(૫) મંડળીના અગાઉનાં નોંધણી નંબર તારીખ નામ પેટા-નિયમ વિગેરે તેમનાં તેમ ચાલુ રહેશે.

સુરેન્દ્રનગર, ૨૯ માહે ઓગસ્ટ સને ૧૯૯૪.

એમ. ડી. ચૌહાણ,
મેનેજર (કે. વી. સી. આઈ. )અને,
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મં. (ઉદ્યોગ)
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
સુરેન્દ્રનગર.,

---

INDEX

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

યાદી :—

ક્રમાંક સહ ૧/નંધણ ૧૮૩૫/૯૪.—મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, અમરેલી આથી જાહેર કરે છે કે, શ્રી મધુવન કો. ઓ. હા. સોસાયટી લી. સહકારી મંડળી લી કોડીનાર. તાલુકો કોડીનાર જિલ્લો અમરેલીને સને ૧૯૬૧નાં ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ ૯ (૧) ૪ અન્વયે આજરોજ નોંધવામાં આવે છ

અમરેલી. ૨૦ માહે મે સને ૧૯૯૪.

યાદી :— —— ——

ક્રમાંક:સહ ૧ નંધણ ૧૦૪૧/૯૪.—મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, અમરેલી આથી જાહેર કરે છે કે, શ્રી ધનલક્ષ્મી ઈંટ ઉત્પાદક સહકારી મંડળી લી. કાગદડી તાલુકો ધારી. જિલ્લો અમરેલીને સને ૧૯૬૧નાં ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ ૯(૧) ૪ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

અમરેલી, ૨૦ માહે મે સને ૧૯૯૪

———

યાદી :

ક્રમાંક : સહ-૧- નંધણ-૧૧૬૨/૯૪.— મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, અમરેલી આથી જાહેર કરે છે કે, શ્રી સર્વોદય વણકર સહકારી મંડળી લી. નવા વાવણીયા. તાલુકો : કુંકાવાવ, જિલ્લો અમરેલીને સને ૧૯૬૧નાં ગુજરાત રાજ્યના સહારી મંડળીઓના અધિનિયમની કલમ : ૯ (૧) ૪ અન્વયે આજરોજ નોંધવામાં આવે છ.

અમરેલી, ૬ માહે જુલાઈ સને ૧૯૯૪.

———

યાદી :

ક્રમાંક : સહ-૧-નંધણ-૧૨૮૪/૯૪.— મદદનીશ જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, અમરેલી, આથી જાહેર કરે છે કે, શ્રી ઉની ગાલીચા અને વણાટ ઉત્પાદક સહકારી મંડળી લી. જામનગર, તાલુકો લાઠી, જિલ્લો અમરેલીને સને ૧૯૬૧નાં ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓના અધિનિયમની કલમ : ૯ (૧) ૪ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

અમરેલી, ૧૬ માહે જુલાઈ સને ૧૯૯૪.

ડી. કે. પંડ્યા,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પંચાયત,
અમરેલી.

———

કલેકટર દ્વારા

હુકમ

નં. જા નં ટેક-૨—જમીન સુધારણા—૧૧૩૯

નીચે જણાવેલ યોજના ૪/૨૬ મુજબ બતાવી જમીન સુધારણા યોજના કાયદા (સુધારેલ) ૧૯૪૨ મુજબ કઈપણ વાંધા વિના મંજૂર થયેલ છે.

દરેક ગામની સામે જણાવેલ ખેતીવાડી નિરીક્ષક જમીન સંરક્ષણની સુધારણા યોજના કાયદા ૧૯૪૨ કલમ-૫/૧ મુજબ તપાસણી અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવે છે.

| અનુ. નં. | ગામનું નામ અને બ્લોક નં. | તાલુકો | ક્ષેત્રફળ (હેક્ટર) | તપાસણી અધિકારી |
|---|---|---|---|---|
| ૧ | ગોટાણા ડી-૩, ઓ. ૨ આર | (કલ્યાણપુર) | ૩૯--૪૫ | ખેતી નિરીક્ષક (જ.સ.) પોરબંદર |
| ૨ | ગોટાણા ડી-૩, ઓ. ૨ આર. | (કલ્યાણપુર) કુલ | ૬--૭૨ ૪૫--૧૭ | —,, — |

યોજના ગુજરાત સરકારના રાજયપત્રમાં અને ગામના તાલુકા અને જીલ્લા મથકે જમીન સુધારણા કાયદા ૧૯૪૨ કલમ ૫/૨ મુજબ પ્રસિધ્ધ થશે.

આગળ કાર્યવાહી જમીન સુધારણા યોજના કાયદા ૧૯૪૨ની કલમ-૫/૨ મુજબ લેવામાં આવશે.

(સહી) આચાર્ય,
કલેકટર,
જામનગર ડીસ્ટ્રીકટ,
જામનગર.

INDEX

વંચાણે: (૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેસન ઓફ સીલીંગ પ્રાઈસ) ઓર્ડર—૧૯૯૩.

(૨) આ કચેરીનાં હુકમ ક્રમાંક: પરવ-કસન-ઘર વપરાશ ભાવ.-વ-૧૬૯૧ થી ૧૭૫૧/૯૩, તા. ૭--૪--૯૩.

(૩) આ કચેરીનાં હુકમનં. પરવ-કસન-એજન્ટ-ટ્રા.દર.-વ-૧૦૪૦- થી ૧૦૯૦/૯૩ તા.૧૧-૩-૯૩

(૪) આ કચેરીનાં હુકમ નં. પરવ-કસન-છુટક વિકેતા ટ્રા. ચા.ર્જવ- ૧૧૪૬ થી ૧૨૨૬/૯૩, તા. ૧૧-૩-૯૩.

(૫) અન્ન અને નાગરિક પુરવઠા કચેરી ગાંધીનગરનાં ટેલેક્ષ સંદેશા ક્રમાંક: કસન-૧૦૯૧-૧૩૯૮-બ, તા. ૧૭-૩-૯૪.

(૬) નિયામકશ્રી, નાગરિક પુરવઠા કચેરી ગાંધીનગરનાં પત્ર ક્રમાંક: કસન-ભાવ-૧૯૨-૭૭ તા. ૧૨-૯-૭૭.

(૭) અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક: મસઅ.-૨૬૭૬/જીઓઆઈ/૧૮૩/બ. તા. ૨૬-૬-૮૧.

(૮) અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, ગાંધીનગરનાં પત્રક્રમાંક: કસન/૧૦૮૨/૬૦૩૬/બ. તા. ૧૫-૩-૮૩.

## હુકમ

ક્રમાંક: પરવ-કસન-ઘરવપરાશ-ભાવ -૩૯૧૪ થી ૩૯૬૮/૯૪—વંચાણ ૧ વાળા ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સીલીંગ પ્રાઈસ) ઓર્ડર-૧૯૯૩ અન્વયે અત્રેને મળેલ સત્તાની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાનાં જુદાં જુદાં કેન્ટ્રો માટે ઓઈલ કંપનીનાં કોયલી, કંડલા અને સાબરમતી ડેપો ઉપરથી આવતાં ઘર વપરાશનાં કેરોસીનનાં જથ્થાબંધ તથા છુટક ભાવો નક્કિ કરવાના થાય છે.

વંચાણ—૨ વાળા હુકમથી ઘર વપરાશ માટેનાં કેરોસીનનાં ભાવો નક્કિ કરવામાં આવેલાં છે. વંચાણ—૩ વાળા અત્રેનાં હુકમથી કેરોસીનનાં એજન્ટોને વાહતુક દર તથા વંચાણ—૪ વાળા હુકમથી કેરોસીનનાં છુટક વિકેતાઓને વાહતુક ખર્ચ આપવામાં આવેલ છે.

વંણાણ—૫ વાળા સરકારશ્રીનાં ટેલેક્ષ સંદેશાથી નક્કિ કરેલા છે તે પ્રમાણે એજન્ટને કમીશન રૂા. ૭૩--૦૦ પૈસા દર કી.લી. દર કી.મી. એ મજરે આપવામાં આવેલ છે. તેમજ વંચાણ—૩ વાળા હુકમથી ટ્રાન્સપોર્ટ ભાડ દર કિલોમીટરે, દર કિલોલીટરે રૂા. ૦.૪૭ પૈસા પ્રમાણે રાઉન્ડટ્રીપમાં મજરે આપવામાં આવેલ છે. તેમજ જકાત, બેરલ ઘસારો, લીકેજ હેન્ડલીંગ અને અન્ય ખર્ચનો સમાવેશ થાય છે.

વંચાણ—૫ વાળા સરકારશ્રીનાં ટેલેક્ષ સંદેશા થી નક્કિ કરેલ છુટક વિકેતાને કમીશન રૂા. ૮૮.૦૦ પૈસા મજરે આપવામાં આવેલ છે. વંચાણ—૬ તથા તથા ૭ વાળા પત્રોથી અંતરનાં તબક્કાવાર ભાવ બાંધી આપવાની સૂચનાં થયેલી છે. જે અન્વયે વંચાણ—૪વાળા હુકમથી કેરોસીનનાં છુટક વકેતા ને તબક્કાવાર હેરાફેરી અર્થ શુન્યથી ૧૦ કી.મી. સુધીનાં અંતર માટે રૂા. ૭૧ તથા ૧૦ કી.મી.થી ઉપર પરંતુ ૨૫ કી.મી. સુધીનાં અંતર માટે રૂા. ૮૦/- અને ૨૫ કી.મી. ઉપરનાં અંતર માટે રૂા. ૮૫/- (એક કીલોલીટરે) મજરે આપવામાં આવેલ છે.

વંચાણ—૮ વાળા સરકારશ્રીનાં ઠરાવથી કેરોસીનનાં છુટક વેચાણભાવ નક્કિ કરતી વખતે એક લીટરે રૂા. ૦.૦૫ (પાંચ પૈસા)નાં ગુણાંકમાં નક્કિ કરવાની સૂચનાં થયેલી છે. અને તે રીતે છુટક ભાવો નજીકનાં પાંચ પૈસાનાં ગુણાંકમાં નક્કિ કરવામાં આવેલ છે.

આ હુકમ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેસન ઓફ સેલીંગ પ્રાઈસ) ઓર્ડર-૧૯૯૩ ની કલમ—૨ (ડી)(૧)થી મળેલ અધિકારની રૂએ બહાર પાડવામાં આવે છે.

(૧) સદરહુ હુકમ તા. ૧૭-૩-૯૪ની અસરથી અમલમાં આવશે.

(૨) સદરહુ ભાવો કંડલા, કોયલી તથા સાબરમતી ડેપો ઉપરથી ખરીદવામાં આવેલ અને રસ્તા માર્ગે વહન કરેલ કેરોસીનનાં જથ્થાને લાગુ પડે છે.

(૩) સદરહુ ભાવમાં સેલ્સટેક્ષ, સરચાર્જ જકાત, ટ્રાન્સપોર્ટ ચાર્જ મજરે આપવામાં આવેલ છે.

(૪) નવા ભાવો જાહેર થતાં અગાઉનાં કંડલા, કોયલી અને સાબરમતી ડેપોનાં ઘર વપરાશ કેરોસીનનાં ભાવનાં તમામ હુકમો અમલમાં રહેશે નહીં.

(૫) સદરહુ હુકમથી નક્કિ કરેલ ભાવ કરતાં વધારે ભાવ લઈ વેચાણ કરી શકાશે નહીં.

(૬) કેરોસીનનું વેચાણ કરતાં વેપારીઓએ દુકાનમાં પ્રવેશ દ્વારની આગળ ભાવ અને જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે રાખવાનું રહેશે .

(૭) આ ભાવો જાહેર થયા પછી નવા ભાવો જાહેર ન થાય ત્યાં સુધી આ હુકમો અમલમાં રહેશે.

(૮) સદરહુ હુકમ સાથે સામેલ રાખેલ પત્રકોમાં જણાવ્યાં પ્રમાણેનાં ભાવથી વધુ ભાવ લેના૨ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ—૧૯૫૫ હેઠળ કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

## પત્રક

ઓઈલ કંપનીનાં કોયલી કેન્દ્રનાં કેરોસીનનાં જથ્થાબંધ તેમજ છૂટક વેચાણનાં ભાવો મુકરર કરવામાં આવ્યાં તેનું પત્રક.
આ કચેરીનાં હુકમ નં. પરવ-કસન-ઘર વપરાશ-ભાવ-વ-૩૯૧૪ થી ૩૯૬૮—૯૪ તા. ૨૩-૫-૯૪ નુ સાંધણ (ઘર વપરાશ માટે)

| આ.નં. | વિગત | વડવાણ | સુ. નગર | લીંબડી. | સાયલા | ચોટીલા | થાનગઢ | મૂળી | ધ્રાંગધ્રા | હળવદ | પાટડી | લખતર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલર સિવાયનાં રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ. ૧ કિ.લી.નાં.(માલ બારોબાર જાય તેનાં(જકાત સિવાયનાં) | ૨૫૯૩-૬૬ | ૨૫૯૯-૩૦ | ૨૫૭૫-૮૦ | ૨૬૦૬-૮૨ | ૨૬૩૭-૮૪ | ૨૬૫૨-૮૮ | ૨૬૧૯-૦૪ | ૨૬૨૯-૮૫ | ૨૬૬૦-૪૦ | ૨૫૭૭-૬૮ | ૨૬૧૨-૪૬ |
| (૨) | એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ. ૧ કિ.લી.નાં (જકાત સાથે) | ૨૬૪૫-૫૩ | ૨૬૨૫-૨૯ | ૨૬૨૭-૩૨ | ૨૬૧૬-૮૨ | ૨૬૬૬-૮૬ | ૨૬૬૦-૩૮ | ૨૬૨૯-૦૪ | ૨૬૮૨-૪૫ | ૨૬૬૯-૦૫ | ૨૫૮૭-૬૮ | ૨૬૨૨-૪૬ |
| (૩) | તાલુકા હેડકવાર્ટર વિસ્તારમાં છૂટક વેચાણ ભાવ. (એક લીટરનાં) | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ |
| (૪) | એજન્ટ/ડીલર પાસેથી આઈટમ-૧માં(૧) ૦થી ૧૦ કિ.મી. સુધીનાં. | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૭૫ | ૨-૮૦ |
| | માં બતાવેલ જકાત સિવાયનાં જથ્થાબંધ ભાવે ખરીદેલ તાલુકા (૨)૧૦થી ઉપર૨૫ કિ.મી. સુધીનાં | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૫ | ૨ ૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૭૫ | ૨-૮૦ |
| | હેડકવાર્ટરનાં એજન્ટ/ડીલરનાં ડેપોથી (એક લી.નાં છૂટક વેચાણ (૩) ૨૫કી.મી.થી થી ઉપરનાં | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ |
| | ભાવ (જકાત સિવાયનાં) | | | | | | | | | | | |
| (૫) | એજન્ટ/ડીલર પાસેથી આઈટમ-૨માં બતાવેલ જકાત સાથેનાં જથ્થાબંધ (૧) ૦થી૧૦ કિ.મી. સુધીનાં | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ |
| | ભાવે ખરીદેલ તાલુકા હેડકવાર્ટરનાં એજન્ટ/ડીલરનાં ડેપોથી (એક લી. (૨) ૧૦થી ઉપર ૨૫કી.મી. સુધીના | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૯૦ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ |
| | નાં છૂટક વેચાણ ભાવ (જકાત સાથે) (૩) ૨૫કી.મી.થીઉપરનાં | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૯૦ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ |

INDEX

પત્રક

ઓઈલ કંપનીનાં કંડલા કેન્દ્રનાં કેરોસીનનાં જથ્થાબંધ તેમજ છૂટક વેચાણનાં ભાવો મુકરર કરવામાં આવ્યાં તેનું પત્રક.

આ કચેરીનાં હુકમ નાં. પરવ-ક્સન-ઘરવપરાશ-ભાવ-વ-૩૯૧૪- થી ૩૯૬૮/૯૪ તા.૨૩-૫-૯૪નું સાંધણ (ઘર વપરાશ માટે)

| આ.નું. | વિગત | વઢવાણ | સુ.નગર | લીંબડી | સાયલા | ચોટીલા | થાનગઢ | મૂળી | ધ્રાંગધ્રા | હળવદ | પાટડી | લખતર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલર સિવાયનાં રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ-૧ કિ.લી.નાં(માલ બાંધેબાજ જાય તેનાં) જકાત સાથેનાં | ૨૬૭૯-૧૦ | ૨૬૭૩-૪૬ | ૨૬૮૦-૯૮ | ૨૬૪૯-૯૬ | ૨૬૧૭-૦૬ | ૨૬૨૦-૮૨ | ૨૬૫૩-૨૫ | ૨૬૩૪-૪૫ | ૨૬૦૩-૪૩ | ૨૬૮૮-૫૦ | ૨૬૮૬-૦૨ |
| (૨) | એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ-૧ કિ.લી.નાં (જકાત સાથેનાં) | ૨૭૩૨-૬૮ | ૨૭૦૦-૧૯ | ૨૭૩૪-૬૦ | ૨૬૫૯-૯૬ | ૨૬૪૫-૮૪ | ૨૬૨૮-૩૨ | ૨૬૬૩-૨૫ | ૨૬૮૭-૧૪ | ૨૬૧૨-૦૮ | ૨૬૯૮-૫૦ | ૨૭૦૬-૦૨ |
| (૩) | તાલુકા હેડકવાર્ટર્જ વિસ્તારમાં છૂટક વેચાણનો ભાવ (એક લીટરનાં) | ૨-૯૦ | ૨-૯૦ | ૨-૯૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૯૦ | ૨ ૮૦ | ૨-૯૦ | ૨-૯૦ |
| (૪) | એજન્ટ/ડીલર પાસેથી આઈટમ-૧માં બતાવેલ જકાત સિવાયનાં જથ્થાબંધ ભાવે ખરીદેલ તાલુકા હેડકવાર્ટરનાં એજન્ટ/ડીલરનાં ડેપોથી એક લી.નાં છૂટક વેચાણભાવ (જકાત સિવાયનાં) | (૧) ૦થી ૧૦કી.મી. સુધીનાં | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૯૦ | ૨-૯૦ |
| | | (૨) ૧૦થી ઉપજ પરનુ ૨૫કી.મી. સુધીનાં | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૯૦ | ૨-૯૦ |
| | | (૩) ૨૫ કિ.મી.થી ઉપરનાં | ૨-૯૦ | ૨-૮૫ | ૨-૯૦ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૮૫ | ૨ ૮૫ | ૨-૮૦ | ૨-૯૦ | ૨-૯૦ |
| (૫) | એજન્ટ/ડીલર પાસેથી આઈટમ-૨માં બતાવેલ જકાત સાથેનાં જથ્થાબંધ ભાવે ખરીદેલ તાલુકા હેડકવાર્ટરનાં એજન્ટ/ડીલરનાં ડેપોથી એક લી.નાં છુટક વેચાણભાવ (જકાત સાથે) | (૧) ૦થી ૧૦કી.મી. સુધીનાં | ૨-૯૦ | ૨-૯૦ | ૨-૯૦ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૯૦ | ૨-૮૦ | ૨-૯૦ | ૨-૯૦ |
| | | (૨) ૧૦થી ઉપર ૨૫ કી.મી. સુધીનાં | ૨-૯૫ | ૨-૯૦ | ૨-૯૫ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૦ | ૨-૮૫ | ૨-૯૦ | ૨-૮૦ | ૨-૯૦ | ૨-૯૦ |
| | | (૩) ૨૫ કી.મી. થી ઉપરના | ૨-૯૫ | ૨-૯૮ | ૨-૯૫ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૮૫ | ૨-૯૦ | ૨-૮૦ | ૨-૯૦ | ૨-૯૦ |

INDEX

## પત્રક

ઓઈલ કપનીનાં સાબરમતી કેન્દ્રનાં કેરોસીનનાં જથ્થાબંધ તેમજ છૂટક વેચાણનાં ભાવો મુકરર કરવામાં આવ્યાં તેનું પત્રક
આ કચેરીનાં હુકમનં. પરચ-કસન-ઘર વપરાશ-ભાવ-વ-૩૯૧૪ થી ૩૯૬૮—૯૪ તા. ૨૩-૫-૯૪ નું સાંધણ (ઘર વપરાશ માટે)

| અ .નં. | વિગત | | વઢવાણ | સુ. નગર | લીંબડી. | સાયલા | ચોટીલા | થાનગઢ | મૂળી | ધ્રાંગધ્રા | હળવદ | પાટડી | લખ્તર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલર સિવાયનાં રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ. ૧ કિ.લી.નાં.(માલ બારોબાર જાય તેનાં જકાત સિવાયનાં | | ૨૫૩૬-૧૯ | ૨૫૪૨-૭૭ | ૨૫૨૨-૦૯ | ૨૫૫૩-૧૧ | ૨૫૮૫-૦૭ | ૨૬૦૧-૦૫ | ૨૫૬૫-૩૩ | ૨૫૭૬-૬૧ | ૨૬૦૨-૯૩ | ૨૫૦૭-૯૯ | ૨૫૧૯-૨૭ |
| (૨) | એજન્ટ/ડીલરે સ્થાનિક રીટેઈલરને વેચવાનો જથ્થાબંધ ભાવ. ૧ કિ.લી.નાં (જકાત સાથે) | | ૨૫૮૬-૯૧ | ૨૫૬૮-૨૦ | ૨૫૭૨-૫૩ | ૨૫૬૩-૧૧ | ૨૬૧૩-૫૧ | ૨૬૦૮-૫૫ | ૨૫૭૫-૩૩ | ૨૬૨૮-૧૪ | ૨૬૧૧-૫૮ | ૨૫૧૭-૯૯ | ૨૫૨૯-૨૭ |
| (૩) | તાલુકા હેડકવાર્ટર વિસ્તારમાં છૂટક વેચાણ ભાવ. (એક લીટરનાં) | | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૦ | ૨-૭૦ |
| (૪) | એજન્ટ/ડીલર પાસેથી આઈટમ-૧ માં બતાવેલ જકાત સિવાયનાં | (૧) ૦થી ૧૦ કિ.મી. સુધીનાં. | ૨-૭૦ | ૨-૭૫ | ૨-૭૦ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૭૦ | ૨-૭૦ |
| | [illegible] | (૨) ૧૦થી ઉપર૨૫ કિ.મી. સુધીનાં | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૭૦ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૦ | ૨-૭૦ |
| | હેડકવાર્ટરનાં એજન્ટ/ડીલરનાં ડેપોથી (એક લી.નાં છૂટક વેચાણ ભાવ (જકાત સિવાયનાં) | (૩) ૨૫કી.મી.થી થી ઉપરનાં | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૭૦ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૭૦ | ૨-૭૦ |
| (૫) | એજન્ટ/ડીલર પાસેથી આઈટમ-૨માં બતાવેલ જકાત સાથેનાં જથ્થાબંધ ભાવે ખરીદેલ તાલુકા હેડકવાર્ટરનાં | (૧) ૦થી૧૦ કિ.મી. સુધીનાં | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૦ | ૨-૭૦ |
| | | ૧૦ થી ઉપર ૨૫ કી. મી. સુધીના | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૮૪ | ૨-૮૦ | ૨-૭૦ | ૨-૭૫ |
| | એજન્ટ/ડીલરનાં ડેપોથી એક લી. છૂટક વેચાણ ભાવ.(જકાત સાથે) | (૩) ૨૫ કી.મી.થીઉપરનાં | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૭૫ | ૨-૮૦ | ૨-૮૦ | ૨-૭૫ | ૨-૮૪ | ૨-૮૦ | ૨-૭૦ | ૨-૭૫ |

વિપુલ મિત્રા,
કલેકટર,
સુ.નગર જીલ્લો.

સુરેન્દ્રનગર ૨૩ માહે મે સને ૧૯૯૪.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV ] THURSDAY, 20th OCTOBER, 1994/ASHVINA 28, 1916 [No. 42

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

# PART-I


| | Pages |
|---|---|
| PART--I—Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneons Notification Appointments etc. .. .. | 509—527 |
| PART--I-A--Orders and Notificatios (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards. Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts .. .. .. | Nil |
| PART-I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only .. | |
| Supplement .. .. .. | 390—417 |
| PART--II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. .. | 454—465 |
| PART--III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. — — | — |




INDEX

# Government Notifications, Orders, Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

### Miscellaneous Notifications, Appointments etc.

કલેકટર દ્વારા

વંચાણે લીધા. - ગા.ચી.વસ્તુ વેપારી નિયમન આદેશ-૧૯૭૭

હુકમ

નં. કુડ /એડીએમ/૬/૯૪.—આ જીલ્લામાં અથવા "સમાંતર એલપીજી ગેસ વિતરણ" વ્યવસ્થા હેઠળ એલપીજી ગેસનું વિતરણ સંગ્રહ વિ. કરતા વેપારીઓ તરફથી તેમની રીતે નોંધણી કરી ગેસ કનેકશન આપવાના વચન આપી ગ્રાહકો પાસેથી "એડવાન્સ રકમ" વામાં આવતી હોય તો તે ગેરકાયદેસર છે તેથી ઉપરોકત વિગતે વેપાર કરતા વેપારીઓને ઉપરમાં વંચાણે લીધેલ આદેશની કલમ-૧૦ હેઠળ મને મળેલા અધિકારથી હું, ગુરૂપ્રસાદ મહાપાત્ર આઈએએસ, કલેકટર જુનાગઢ આથી ફરમાવું છું કે 'સમાંતર એલપીજી ગેસ વિતરણ' વ્યવસ્થા હેઠળ ઉત્પાદન કરતા વેપારીઓને આદેશ આપવામાં આવે છે કે ગેસ કનેકશનની ડીલીવરી આપતા પહેલા નોંધણી વખતે 'એડવાન્સ રકમ' ગ્રાહક પાસેથી વસુલ કરવી નહીં આ આદેશનો ભંગ કરનાર સામે આવ. સીજવરતુ ધારા, ૧૯૫૫ની કલમ-૩ના ભંગ બદલ પગલા લેવામાં આવશે.

ગુરૂપ્રસાદ મહાપાત્ર,
કલેકટર,
જુનાગઢ જીલ્લો,
જુનાગઢ

---

વંચાણે : (૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ) ઓર્ડર-૧૯૯૩.
(૨) આ કચેરીનાં હુકમ ક્રમાંક:પરવ.કસન ઘર વપરાશ. ભાવ વ.૧૬૯૧ થી ૧૭૫૧/૯૩, તા. ૭-૪-૯૩.
(૩) આ કચેરીનાં હુકમ ક્રમાંક :પરવ.કસન.એજન્ટ.ટ્રા. દર. લ. ૧૦૪૦ થી ૧૦૬૦ તા. ૧૧-૩-૯૩.
(૪) આ કચેરીનાં હુકમ નં.પરવ.કસન.છૂટક વિક્રેતા ટ્રા. ચાર્જ. વ. ૧૧૪૬ થી ૧૨૨૬/૯૩, તા. ૧૧-૩-૯૩.
(૫) અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરનાં ટેલેક્ષ સંદેશા ક્રમાંક :કસન.૧૦૬૧.૧૩૬૮.બ, તા. ૧૭-૩-૯૪.
(૬) નિયામકશ્રી, નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:કરાન.ભાવ-૧૬૨.૭૭, તા. ૧૨-૯-૭૭.
(૭) અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:મસઅ/૨૬૭૬/જીઓ-આઈ/૧૮૩/બ,તા.૨૬-૬-૮૧
(૮) અન્ન અને નાગરિક પુરવઠા, વિભાગ ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:કસન-૧૦૮૨-૬૦૩૬-બ, તા. ૧૫-૩-૮૩.
(૯) અન્ન અને ના.પુ.વિ., ગાંધીનગરનાં તા.૨૪-૬-૯૪નાં ટેલેક્ષ સંદેશા ક્રમાંક:કસન.૧૧૯૪/૧૯૮૦-બ.

હુકમ

ક્રમાંક:પરવ.કસન ઘરવપરાશ. ભાવ વ. ૪૭૧૮થી ૪૭૭૨/૯૪.— ઉપરોકતા વંચાણ ક્રમાંક:૯ વાળા ટેલેક્ષ સંદેશા મુજબ જાહેર વિતરણ પધ્ધતિથી વેચાતા ઘરવપરાશનાં કેરોસીન ઉપર લેવા તમામ પ્રકારનો વેચાણવેરો સરકારશ્રીએ નાબુદ કરેલ છે. જેથી વંચાણ-૧ વાળા ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસીસ) ઓર્ડર-૧૯૯૩ અન્વયે અત્રેને મળેલ સત્તાની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાનાં જુદાં જુદાં કેન્દ્રો માટે ઓઈલ કંપનીનાં કોયલી, કંડલા અને સાબરમતિ ડેપો ઉપરનાથી આવતાં ઘરવપરાશનાં કેરોસીનના જથ્થાબંધ તથા છૂટક ભાવો નક્કિ કરવાનાં થાય છે.

વંચાણ-૨ વાળા હુકમથી ઘરવપરાશ માટેના કેરોસીનનાં ભાવો નક્કી કરવામાં આવેલાં છે. વંચાણ-૩વાળા પત્રનાં હુકમથી કેરોસીનનાં એજન્ટોને વાહતુક દર તથા વંચાણ-૪ વાળા હુકમ થી કેરોસીનનાં છૂટક વિક્રેતાઓને વાહતુક ખર્ચ આપવામાં આવેલ છે.

વંચાણ-૫ વાળા સરકારશ્રીનાં ટેલેક્ષ સંદેશાથી નક્કી થયા મુજબ એજન્ટને કમીશન રૂા. ૭૩-૦૦ પૈ. દર કી.લી. દર કી. મી. એ મજરે આપવામાં આવેલ છે. તેમજ વંચાણ-૩ વાળા હુકમ થી ટ્રાન્સપોર્ટ ભાડુ દર કિલોલીટરે દર કિલોમીટરે રૂા. ૦૦-૪૭ પૈસા પ્રમાણે રાઉન્ડટ્રીપમાં મજરે આપવામાં આવેલ છે. તેમજ જકાત બેરલ ઘસારો, લીકેજ હેન્ડલીંગ અન્ય ખર્ચનો સમાવેશ થાય છે.

વંચાણ-૫ વાળા સરકારશ્રીનાં ટેલેક્ષ સંદેશાથી નક્કિ કરેલ છૂટક વિક્રેતાને કમીશન રૂા. ૮૮-૦૦ પૈસા મજરે આપવામાં આવેલ છે. વંચાણ-૬ તથા ૭ વાળા પત્રોથી અંતરનાં તબક્કાવાર ભાવ બાંધી આપવાની સૂચનાં થયેલી છે. જે અન્વયે વંચાણ-૪ વાળા હુકમથ કેરોસીનનાં છૂટક વિક્રેતાને તબક્કાવાર હેરાફેરી ખર્ચ શૂન્ય થી ૧૦ કી.મી. સુધીનાં અંતર માટે રૂા. ૭૫-- તથા ૧૦ કી. મી. થી ઉપર પરંતુ ૨૫ કી. મી. સુધીનાં અંતર માટે રૂા. ૮૦/- અને ૨૫ કી. મી. ઉપરનાં અંતર માટે રૂા.૮૫/- એક કીલોલીટરે મજરૂ આપવામાં આવેલ છે.

વંચાણ-૮ વાળા સરકારશ્રીનાં ઠરાવથી કેરોસીનનાં છૂટક વેચાણભાવ નક્કી કરતી વખતે એક લીટરે રૂા. ૦૦-૦૫ (પાંચ પૈસા) અને પાંચ પૈસાના ગુણાંકમાં નક્કી કરવાની સૂચના થયેલી છે અને તે રીતે છૂટક ભાવો નજીકનાં પાંચ પૈસાનાં ગુણાંકમાં નક્કી કરવામાં આવેલ છે.

વંચાણ-૯થી ગૃહવપરાશનાં કેરોસીનનાં ભાવો પરથી સેલ્સટેક્ષ નાબુદ કરાયાની જાણ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કરાયેલ છે અને તેથી વાદળી રંગનાં કેરોસીનનાં જથ્થાબંધ-છૂટક ભાવો નક્કી કરવાનાં થાય છે.

આ હુકમ ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓન એન્ડ યુઝ ફીકસેસન ઓફ(સીલીંગ પ્રાઈસ) /ઓર્ડર-૧૯૯૩ની કલમ-૨ (ડી)(૧)થી મળેલ અધિકારની રૂએ બહાર પાડવામાં આવે છે.

INDEX

(૧) સદરહું હુકમ તારીખ ૨૪-૬-૯૪ની અસરથી અમલમાં આવશે.
(૨) સદરહું ભાવો કંડલા, કોયલી તથા સાબરમતિ ડેપો ઉપરથી ખરીદવામાં આવેલ અને રસ્તા માર્ગે વહન કરેલ વાદળી રંગનાં કેરોસીનનાં જથ્થાને લાગુ પડે છે.
(૩) સદરહું ભાવમાં જકાત, ટ્રાન્સપોર્ટ ચાર્જ મુજબ આપવામાં આવેલ છે.
(૪) નવા ભાવો જાહેર થતાં અગાઉનાં કંડલા, કોયલી તથા સાબરમતિ ડેપોનાં ગૃહવપરાશ કેરોસીનનાં ભાવનાં તમામ હુકમો આમલમાં રહેશે નહીં.
(૫) સદરહું હુકમથી નક્કી કરેલ ભાવ વધારે ભાવ લઈ વેચાણ કરી શકાશે નહીં.
(૬) કેરોસીનનું વેચાણ કરતાં વેપારીઓએ દુકાનનાં પ્રવેશદ્વારની આગળ ભાવ અને જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે રાખવાનું રહેશે.
(૭) નવા ભાવો જાહેર થયા પછી નવા ભાવો જાહેર ન થાય ત્યા સુધી આ હુકમો અમલમાં રહેશે.
(૮) સદરહું હુકમ સાથે સામેલ રાખેલ પત્રકોમાં જણાવ્યા પ્રમાણેનાં ભાવથી વધુ ભાવ લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ હેઠળ કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

સુરેન્દ્રનગર, ૨૪ મોહે જુન સને ૧૯૯૪.

વિપુલ મિત્રા,
કલેકટર,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

સક્ષમ અધિકારી અને અધિક કલેકટર દ્વારા

સુધારા હુકમ કલમ ૧૦ (૧)

નં. યુએલસી-શાખા-૧(૧)—૬-૧-૧૦(૧)-૧૮--૭૬.—શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમન અધિનિયમ -૧૯૭૬ની કલમ -૧૦ (૧) અન્વયે ની નોટીસ રાજકોટ ગામના રહીશ સ્વ. કંચનબેન હિમતલાલ વોરાના કુ. મુ. કરી પ્રવિણભાઈ દિનશરાય દોશીની સરકાર પ્રાપ્ત કરવા પાત્ર જમીન અંગે ઉકત કાયદાની કલમ-૧૦ (૧) ની નોટીસ ગુજરાત સરકારના રાજયપત્રમાં ભાગ-૧ અંક-૨૬ પાના નં. ૧૧૩૬ ઉપર તારીખ ૩૦-૬-૮૮ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેમાં કોઠારીયા ના સરવે નંબર ૨૩૨/૨૩૪ના પ્લોટ નંબર ૧૬ જમીન ચો. મી. ૯૫૧--૫૯ છપાયેલ છે. જેના બદલે કોઠારીયા ના સરવે નંબર ૨૩૩/૨૩૪ના પ્લોટ નંબર ૧૬ જમીન ચો. મી .-૯૫૧—૫૯ સુધારીને વાંચવું.

રાજકોટ, ૩૦ મોહે ઓગષ્ટ સને ૧૯૯૪.

---

સુધારા હુકમ કલમ ૧૦ (૩)

નં. યુએલસી—શાખા-૧—(૧)—૬-૧--૧૦ (૩)-૧૮.--૭૬. શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમન અધિનિયમ ૧૯૭૬ની કલમ- ૧૦- (૩) અન્વયેની સુધારા નોટીસ.

સ્વ. કંચનબેન હિમતલાલ વોરાના વારસના કુ. મૂ. ડો. પી. ડી. દોશી સરનામું-મોર્ડન કલીનીક સર લાખાજીરાજ રોડ, રાજકોટની ખાલી જમીન કોઠારીયાના સરવે નંબર ૨૩૨/૨૩૪ના પ્લોટ નંબર ૧૬ ચોરસ મીટર ૯૫૧-૫૯ સરકાર સંપાદન થઈ છે. તે અંગે કલમ—૧૦(૩)ની નોટીસ ગુજરાત સરકારના રાજયપત્ર પાર્ટ-૧ અંક-૭ પા.ના નંબર ૮૬ ઉપર તા. ૧૫-૨-૯૦ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જે નોટીસમાં કોઠારીયાના સરવે નંબર ૨૩૨ /૨૩૪ના પ્લોટ નંબર—૧૬ છપાયેલ છે. જેના બદલે કોઠારીયા સરવે નંબર ૨૩૩/૨૩૪ પ્લોટ નંબર-૧૬, જમીન ચો.મી. ૯૫૧-૫૯ સુધારીને વાંચવું.

રાજકોટ, ૩૦ મોહે ઓગષ્ટ સને ૧૯૯૪.

આર. બી. દવે,
સક્ષમ અધિકારી અને
અધિક કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા,
રાજકોટ.

---

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

વંચાણ : (૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સરખા તારીખ ૨૨-૧૦-૮૪ તથા ૨૧-૧૧-૮૪નું કલમ-૯ તળેનું આખરી પત્રક
(૨) સ્વ. માવજી હીરાનાં વારસ જમનાબેન માવજીની તા. ૯-૬-૯૪ની અરજી.

આંશત: સુધારા હુકમ

નં.યુએલસી/૬(૧)૭૮૬.—સ્વ. માવજી હીરાનાં કલમ-૬ (૧) હેઠળનાં કેસ નં. ૭૮૬/૭૬ માં વંચાણ-૧માં દર્શાવેલ કલમ-૮ (૪)નાં હુકમ તેમજ કલમ-૯ તળેનાં આખરી પત્રકથી મવડીનાં સ. નં. ૮૧ પૈકીના પ્લોટ નં. ૫-૬ તથા ૭ પૈકીની જમીન ચો.મી. ૧૧૯૯-૮૨ રાખવા દેવામાં આવેલ. જે પૈકી પ્લોટ નં. ૭ પૈકીની જમીન ચો.મી. ૨૭૧-૪૩ રાખવાપાત્ર તથા બાકીની જમીન ચો.મી. ૭૬-૦૩ ફાજલ જાહેર કરવામાં આવેલ .અને ત્યારબાદ પ્રસ્તૃત કેસમાં તબકકાવાર આગળની કાર્યવાહી કરી તા. ૨-૧૧-૯૩નાં ફાજલ જમીનનો કબજો પણ સંભાળી લેવામાં આવેલ.

જમીન ધારકનાં વારસ જયાબેન માવજી તરફથી ઉપરોકત વંચાણ-૨ની અરજીથી પ્લોટ નં. ૭ની જમીન રાખવાપાત્ર અંગે એવી રજુઆત થયેલ છે કે, સદરહુ સર્વે નંબરનાં તા. ૩-૧૧-૮૦ થી રીવાઈઝડ થયેલ પ્લાન મુજબ પ્લોટ નં. ૭ ના જમીન ચો.મી. ૨૪૮-૭૮ રાખવા દેવી, અને જના પ્લાનનાં પ્લોટ નં. ૭ તથા રીવાઈઝડ પ્લાનના પ્લોટ નં. ૧૪ની જમીન સરકારે સંભાળી લેવી. આ રીતે જમીન ધારકને કુલ રાખવાપાત્ર જમીન ચો.મી. ૧૧૯૨-૮૨ ને બદલે જમીન ચો.મી. ૧૧૭૭-૦૪ રાખવાપાત્ર થાય છે. અને જમીન ચો.મી. ૨૨-૭૮ રાખવાપાત્રમાં ઘટ આવે છે તે જમીન ધારકનાં વારસને કબુલ મંજુર છે.

સબબ મવડીના સ. નં. ૮૧નાં તા. ૩-૧૧-૮૦નાં રીવાઈઝડ પ્લાન મુજબનાં પ્લોટ નં. ૭ની જમીન, જમીન ધારકને રાખવાપાત્ર ઠરાવવામાં આવે છે. તેમજ સદરહુ રીવાઈઝડ પ્લાનના પ્લોટ નં. ૧૪ની જમીન સરકારપક્ષે ફાજલ જમીન તરંકે સંભાળવાની રહે છે. આ રીતે કબજો સંભાળવાની અને જમીન ધારકને કબજો સોંપવાની થતી જમીનનો કબજો સોંપી આપવાની કાર્યવાહી કબજા યુનીટ ને કરવા આ સુધારા હુકમની એક નકલ કબજા યુનિટને આપવી.

INDEX

તા. ૨૨ ૧૦ ૮૪નાં કલમ ૮ (૪)નાં હુકમ તથા ત્યારબાદની કલમ ૧૦ (૧), ૧૦ (૩), તથા ૧૦ (૫) ની કાર્યવાહીમાં ઉપરની વિગતે સુધારીને વાંચવું

આજ તા. ૧૯ માહે ઓગષ્ટ ૧૯૯૪નાં રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આ સુધારા હુકમ બહાર પાડવામાં આવ્યો.

(સહી) અવાચય,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા,
રાજકોટ.

---

## જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### જાહેરનામું

નં. ી.એમ/૧/વશી/૧૮૦૩/૯૪ —ભાવનગર શહેર જુની બાંધણીનું શહેર છે. જેમાં રસ્તાઓ ખુબ જ સાંકડા છે. તેમજ નાના-મોટા ઉદ્યોગો તથા વસ્તી વધારાના કારણે ટ્રાફીકમાં પણ દિન-પ્રતિદિન વધારો થતો જાય છે. અન્ય જીલ્લાના વાહનો પણ માલની અવર જવર ભાવનગર શહેરમાં કરે છે. જેથી ટ્રાફીક ખુબ જ વધી ગયેલ છે. ભાવનગર શહેરમાં વોરીંગઘાટથી શેલારશા ચોક ઉપર ઘણાં મોટા પ્રમાણમાં વાહન વ્યવહાર રહે છે. આજુબાજુ ગીચ વસ્તીવાળા વિસ્તારો છે. જેના કારણે અવાર નવાર આ રોડ ઉપર ટ્રાફીક જામ થઈ જાય છે. જેથી અકસ્માત થવાનો સતત ભય રહે છે. તેવી હકીકત જીલ્લા પોલીસ અધિકારીશ્રી ભાવનગર તરફથી જાહેર થતાં ટ્રાફીકના ધસારાને પહોંચી વળવા તથા જાહેર જનતાની સલામતી માટે તેમજ નાના મોટા થતા અકસ્માતો નિવારવા હું, અનિલ મુકીમ, આઈ. એ. એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગર જીલ્લા ભાવનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ બી થી મને મળેલ અધિકારની રૂઈએ નીચેની વિગતે રસ્તાઓ એકમાર્ગીય કરવાનું ફરમાવું છું.

(૧) વોરીંગઘાટથી શેલારશાશોક સ્ટેશન રોડ વિસ્તારને ભારે વાહન માટે એકમાર્ગીય જાહેર કરવાનું ફરમાવું છું.

(૨) જ્યારે ભાવનગર શહેરમાં આવતા વાહનો વોરીંગઘાટ થઈને શેલારચોક સ્ટેશન રોડ તરફથી આવી શકશે.

(૩) ભાવનગર શહેરથી બહાર જવા માટે દાણાપીઠ આંબાચોક રેલ્વે સ્ટેશન તથા લાતી બજારના વિસ્તાર તરફથી આવતા ભારે વાહનો રેલ્વે સ્ટેશનના રોડ ઉપરથી અલકા સિનેમા થઈને શહેર બહાર જઈ શકશે.

આ જાહેરનામા અંગે કોઈપણ વ્યકિતને વાંધો હોય તો જાહેરનામું બહાર પડયાની તારીખથી દિવસ-૩૦ (ત્રીસ) માં લેખીત વાંધાઓ રજુ કરશે તો તેના ઉપર વિચારણા કરવામાં આવશે. મુદત દરમ્યાન વાંધાઓ રજુ નહીં થાય તો કોઈપણ વ્યકિતને જાહેરનામા સામે વાંધો નથી. તેમ જાણી આ જાહેરનામાને છેવટના જાહેરનામા તરીકે બહાર પાડવામાં આવશે.

આ જાહેરનામાની અમલવારી સવારના ૮-૦૦ કલાકથી ૧૩-૦૦ કલાક સુધી અને સાંજના ૧૬-૦૦ કલાકથી ૨૧-૦૦ કલાક સુધી લાગુ પાડવામાં આવે છે.

આજરોજ તા. ૪ જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

### જાહેરનામું

નં. ડીએમ/૧/વક્ર/૩૮૪૩/૯૪.— ભાવનગર જીલ્લાના ભાવનગર શહેરમાં અત્રેની કચેરીના જાહેરનામા નં. ડીએમ/વક્ર/૩૭૯૨/ ૮૨ થી જાહેર જનતાની સલામતી માટે તેમજ નાના મોટા થતાં અકસ્માતો નિવારવા ભાવનગર શહેરમાં પાર્કીંગ વ્યવસ્થા અને રીક્ષા સ્ટેન્ડો નકકી કરવા પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલ જેના અનુસંધાને વાંધાઓ રજુ નહી થતાં છેવટનું જાહેરનામું બહાર પડાયેલ. ઉકત જાહેરનામામાં મુદ્દા નં. ૪(૭) માં જણાવ્યા અનુસાર લેવમોર ચોકમાં ૧૨ રીક્ષા માટેનું સ્ટેન્ડ જાહેર કરવામાં આવેલ. સદરહું બાબતે જીલ્લા પોલીસ અધિક્ષાશ્રી, ભાવનગરના તા. ૧૯-૮-૯૪ના પત્ર નં. ૧૪૦- સીબી-૫/૧૦૪૯/૧૯૯૪થી અત્રે જણાવ્યા અનુસાર ભાવનગર શહેરની વસ્તી અને વાહનોમાં ખુબજ વધારો થવાથી લેવમોર ચોકમાં અવારનવાર ટ્રાફીક જામ થવાના બનાવો બને છે. એટલે સતત એક ટ્રાફીક કોન્સ્ટેબલ લેવમોર ચોકમાં ટ્રાફીક કલીયર કરવા માટે રાખવો પડે છે. જેથી આ ચોકમાં આવેલ રીક્ષા સ્ટેન્ડ રદ કરવા વિનંતી કરવામાં આવેલ હોય, મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ ૩૩(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ હું, અનિલ મુકીમ, આઈ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ઉકત જાહેર નામામાં દર્શાવેલ લેવમોર ચોકનું ૧૨ રીક્ષાઓનું સ્ટેન્ડ રદ કરવા ફરમાવું છું.

આજરોજ તારીખ ૫ સપ્ટેમ્બર સને ૧૯૯૪ ના રોજ મારી સહી તથા સીક્કા નીચે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

---

### જાહેરનામું

નં ડીએમ/૧/વશી/૨૬૫૪/૯૪.—આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે, મુંબઈ પોલીસ અધિનિયમ—સને—૧૯૫૧ ની કલમ—૩૩(૧)બી. થી મને મળેલ અધિકારની રૂઈએ ભાવનગર શહેરના વોરીંગઘાટથી શેલારશા ચોક, સ્ટેશનરોડ, વિસ્તારને એકમાર્ગીય કરવા અંગેનું જાહેરનામું અત્રેની કચેરીના તા. ૪-૭-૯૪ ના પત્ર નં ડીએમ/૧/વશી/૧૮૦૩/૯૪ થી પ્રાથમિક જાહેરનામું બહાર પાડી લોકોનાં વાંધાઓ દિવસ—૩૦ માં મંગાવવામાં આવેલ નિયત સમયમર્યાદા પુરી થતાં કોઈપણ વ્યકિત તરફથી કોઈપણ વાંધાઓ કે સુચનો આવેલ નથી.

સબબ હું અનિલ મુકીમ, આઈ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૩૩(૧) બી. થી મને મળેલ અધિકારની રૂઈએ નીચેની વિગતે રસ્તાઓ એકમાર્ગીય કરવાનું આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

(૧) વોરીંગઘાટથી શેલારશા ચોક, સ્ટેશનરોડ, વિસ્તારને ભારે વાહન માટે એકમાર્ગીય જાહેર કરવાનું ફરમાવું છું.

(૨) જયારે ભાવનગર શહેરમાં આવતાં વાહનો વોરીંગઘાટ થઈને શેલારશાચોક, સ્ટેશનરોડ, તરફથી આવી શકશે.

(૩) ભાવનગર શહેરથી બહાર જવા માટે દાણાપીઠ આંબાચોક, રેલ્વે સ્ટેશન તથા લાતીબજારના વિસ્તાર તરફથી આવતા ભારે વાહનો રેલ્વે સ્ટેશન રોડ ઉપરથી અલકા સિનેમા થઈને શહેર બહાર જઈ શકશે.

INDEX

આ જાહેરનામાનો અમલ સવારના ૮—૦૦ કલાકથી ૧૩—૦૦ કલાક સુધી અને સાંજના ૧૬—૦૦ કલાકથી ૨૧—૦૦ કલાક સુધી લાગુ પાડવામાં આવે છે.

આજ તા. ૨૬ ૮—૧૯૯૪ ના રોજ મારી સહી તથ સીકકા નીચે જાહેરજનતાની જાણ માટે બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૨૬ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

અનિલ મુકીમ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર જીલ્લા,
ભાવનગર.

---

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ની પેટા કલમ-૧ હેઠળનો હુકમ.

જાહેરનામું

નં. ના.ચિ.પલસ-વશી-૩૭૩૦થી ૩૭૮૯/૯૪.—આગામી દિવસોમાં "ગણેશ ચતુર્થી"નો તહેવાર આવતો હોય જેના અનુસંધાને અમરેલી શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ સભા, સરઘસ, તેમજ રેલી ન કાઢે કે ભરે તે હેતુથી મુંબઈ પોલીસ એકટની કલમ ૩૩ની પેટા કલમ-૩ અન્વયે સભા સરઘસબંધ ફરમાવવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલીએ દરખાસ્ત કરેલ છે.

આથી, અમરેલી જિલ્લા અને શહેરની સંવેદનશીલ પરિસ્થિતિ તથા હાલના વાતાવરણને ધ્યાનમાં લેતા જીલ્લા પોલીસ અધિકારીશ્રીની ઉકત દરખાસ્ત જે ધ્યાને લેતા અમરેલી શહેર તથા જિલ્લામાં કોઈ ચોકકસ વિસ્તારમાં સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે માટે નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, એ.કે. અનસારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ—૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ યોગ્ય અધિકારીની એટલે કે, અમરેલી શહેર સુધરાય વિસ્તાર માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલી તથા તાલુકાઓ માટે તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની મંજુરી સિવાય તા. ૫/૯/૯૪ થી ૧૮/૯/૯૪ બન્ને દિવસો સહિત અમરેલી જિલ્લા અને શહેરના વિસ્તારની હદની અંદર સભા મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વધુમાં આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના કોઈ ગૃહ રક્ષક દળના વ્યકિતઓને.
(૨) કોઈ લગ્નના વરઘોડાને.
(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે ફરજ પરના કર્મચારીને.
(૪) કોઈ સ્મશાન યાત્રાને.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫મી જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૯/૯/૯૪ના રોજ મારી સહી તથા સિકકે આ હુકમ બહાર પાડયો.

એ. કે. અનસારી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ ૩૩(૧) અન્વયે કાઢેલો હુકમ.

જાહેરનામું

નં. ડીએમ/૧/૧૨૯૩/૯૪.—આગામી માહે મે માસ દરમ્યાન આવતા તા. ૧૩/૫/૯૪ના રોજ અખાત્રીજ, તા. ૨૨/૫/૯૪ના રોજ બકરી ઈદનો તહેવાર અને ભાવનગર શહેરમાં અને જિલ્લામાં પાણીની તંગી પ્રવર્તી રહેલ છે. જેના લીધે અવારનવાર આંદોલન થાય છે. જેથી આ તહેવારો દરમ્યાન તેમજ ઉપરોકત પરિસ્થિતીને અનુલક્ષીને ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને આને અનુલક્ષીને સામાજીક કે કોમવાદી માનસ ધરાવતા તત્વો ગેરલાભ ન ઉઠાવે અને શાંતી ન જોખમાય તે માટે સાવચેતીના પગલાં લેવાં અનિવાર્ય જણાય છે. તેમજ જિલ્લા પોલીસ વડાશ્રીના અહેવાલ પરથી આને સમર્થન મળેલ છે અને સામાન્ય જનજીવન રોકટોક, ભય કે ત્રાસ વગર ચાલે કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતિપુર્વક જળવાઈ રહે તે માટે આગમચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તીક્ષ્ણ હથિયારો જેવા કે છરી, ધારીયા, કુહાડી, પાઈપ, ભાલા, કુંડલીવાળી લાકડીઓ, તલવાર, વગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી છે.

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના મુંબઈના ૨૨માં ની કલમ-૩૩ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. બી. દ્વિવેદી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી જાહેરશાંતિ અને સલામતી જાળવવા સારૂ ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧-૫-૯૪થી તા. ૩૧-૫-૯૪ સુધી (બન્ને દિવસો સુધ્ધાં).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, ભાલા, બંદુક, લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ, સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) મનુષ્યની અથવા શબોની આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

(જ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં, બતાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(ખ) ભાવનગર જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શરિરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.



INDEX

(૭) હાલના મેજીસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગરે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૮) કાયદેસરના હથીયારના પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસૂચિ

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ માંની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

મે આજ તા. ૨૬-૪-૯૪ના રોજ મારી સહી તથા સિકકો માર્યો.

બી. બી. દ્વિવેદી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ—૩૭ (૧) અન્વયે કાઢેલો હુકમ :

જાહેરનામું

નં.ડી.એમ/૧/૨૮૧૫/૯૪.– આગામી માહે સપ્ટેમ્બર માસ દરમ્યાન આવતા તા. ૫—૯—૯૪ ના રોજ ભાદરવી અમાસનો મેળો, તા. ૯—૯—૯૪ ના સંવત્સરી અને ગણેશચતુર્થીનો તહેવાર આવે છે. તેમજ જન્માષ્ટમીણી અગીયારસનો મેળો ગઢડા ખાતે ઉજવાય છે. તેમ હાલમાં ભાવનગર જીલ્લા માં મેડીકલ કોલેજ પ્રશ્ને જીલ્લાના જુદા જુદા રાજકીયપક્ષો તેમજ વિદ્યાર્થી સંગઠનો તરફથી આંદોલન શરૂ કરેલ છે. તેમાં ધરણા રેલી તેમજ બંધ જેવા કાર્યકમો આપવામાં આવે તેવી શકયતા છે. જેથી તહેવારો દરમ્યાન ભાવનગર જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને આને અનુલક્ષીને સામાજીક કે કોમવાદી સાનસ ધરાવતા તત્વો ગેરલાભ ન ઉઠાવે અને શાંતી ન જોખમાય તે માટે સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાય છે. તેમજ જીલ્લા પોલીસ વડાશ્રીના અહેવાલ પરથી આને સમર્થન મળેલ છે. અને સામાન્ય જનજીવન રોકટોક, ભય કે ત્રાસ વગર ચાલે કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતીપૂર્વક જળવાઈ રહે તે માટે અગમચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જીલ્લામાં લોકો જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, ધારીયા, કુહાડી, પાઈપ, ભાલા, કંડચીવાળી લાકડીઓ, તલવાર વગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને લેરફેરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેરશાંતી અને સલામતી જાળવવા બહાર પાડવું જરૂરી છે.

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ–૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું એસ. બી. રાવલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર આથી જાહેર શાંતી અને સલામતી જળવવા સારૂ ફરમાવું છું, કે, કોઈએ નીચેની અનુસુચીમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧ ૯-૯૪ થી તા. ૩૮—૯—૯૪ સુધી (બન્ને દિવસો સુધ્ધા)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, ધોકા,. બંદુક, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે જઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) મનુષ્યની અથવા શબોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(છ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

(જ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો પત્રિકાઓ, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ-નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જે ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(ખ) ભાવનગર જીલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલા પોલીસ અધિકારી કે જેને શારીરીક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને

(ગ) જીલ્લા મેજીસ્ટ્રેટ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગરે આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને

(ઘ) કાયરેસરનાં હથીયારના પરવાના ધરાવનાર વ્યકિતને

અનુસૂચિ :

ભાવનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ. એક વર્ષ સુધીની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ માંની કલમ ૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓને તેની નકલ ચોંટાડી અને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

મે આજ તા. ૩૦-૮-૧૯૯૪ના રોજ મારી સહી કરી સિકકો માર્યો.

એસ. બી. રાવલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ મુંબઈ અધિનિયમ—૨૨ ની કલમ—૩૭ ની પેટા કલમ ૧ નો હુકમ.

જાહેરનામું

નં. નાયિ-પલસ વશી -૨૮૫૮ થી ૨૯૦૭–૯૪.- આગામી તા. ૧૦–૯–૯૪ ના રોજ અષાઢી બીજનો તહેવાર આવતો હોય તથા ભાજપના કાર્યકમો ઉજવનાર હોય જેના અનુસંધાને જાહે

INDEX

જનતાના હિતાર્થે અમરેલી જીલ્લામાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને પ્રજાના હીત જળવવાના હેતુથી અમરેલી શહેર, તાલુકા મથકો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને જાહેર વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ બરાબર જળવાઇ રહે તે માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલીના તા. ૪-૭-૯૪ની દરખાસ્ત સાથે સંમત થઇને નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

હું એ. કે. અનસારી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧નો અધિનિયમ ૨૨ની કલમ ૩૭ ની પેટા કલમ—૧થી મને મળેલ સત્તાની રૂઇએ તા. ૬--૭--૯૪ થી તારીખ ૨૦--૭--૯૪ સુધી બંને દિવસો સહીત અમરેલી જીલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તેમજ શહેર સુધરાઇ વિસ્તારની અંદર નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું

(૧) શસ્ત્રો, દંડ, તલવાર, ભોકા, ચપ્પુ, છરા, છરી, કે લાકડી કે કુંડલી વાળી લાકડી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય શકાય તેવું બીજું કોઇ સાધન સાથે લઈને નીકળવું કે નહી. mતું

(૨) કોઈ પણ ક્ષયકારી સ્ફોટક પદાર્થો સાથે લઈ જવા કે લઈને નીકળવા અથવા

(૩) પથ્થર અથવા સોડા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તૈયાર કરવા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાની યુકિત અથવા તેના શબ્દ અથવા આકૃતિ અથવા ખુતળા દહન દેખાડવાની.

(૪) લોકોને બુમો પાડવાની ગાવાની અથવા વાદ્યો વગાડવાની

(૫) જે છટાદારાભાષણ આપવાની ચાળા પાડવાથી અથવા વાદ્યો વગાડવાની અથવા યંત્રો નીશાનીઓ જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાના દેખાડવાના અથવા તેનો કોઈ ફેલ વો કરવાથી અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવાશિસ્ત ભંગ થતો હોઈ અથવા જેના થી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને તે પરિણામે રાજ્ય ઉથલી પડવાની શંકા હોય તેવા છટાદાર ભાષણ આપવાની અને ચાળા પાડવાની કે કરવાની કે તેવા ચિત્રો નિશાનીઓ વિ. તૈયાર કરવાની અથવા તેનો ફેલ વો કરવાની.

આ હુકમના ખંડ (૪) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકર તરીકે કામ કરતાં કોઈ વ્યકિતને તેના ઉપરી અધિકારીએ એવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાની તેમની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી અગરેલી અથવા તેઓશ્રીએ અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ જેની શારિરીક અશકિતઓના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, અમરેલીએ ખાસ અધિકૃત કરેલ હોય તેવી બીજી કોઈ વ્યકિતઓને.

(૪) ખાલવારીઓ માલઢોર ચારવા માટે અન્યને નુકશાન ન કરવા શુધ્ધ બુધ્ધિથી માલઢોર પુરતી સારી લાકડી રાખે તેને.

આ જાહેરનામાનો અથવા તેના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૫ માહે જુલાઇ સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એ. કે. અનસારી;
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

જાહેરનામું

નંબર : મેજી--પોલ--જાહેરનામું--૩૭(૧)--૨--૯૪,—ભારતીય કિસાન સંઘ તરફથી નાકર આંદોલન ચાલુ હોઈ, ભા.ક.સ. દ્વારા ભાવ વધારા વિરોધમાં આંદોલન શરૂ કરેલ હોઇ અને સદરહું આંદોલન દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાય તેવી સંભાવના છે તેમજ વિદ્યાર્થીઓને અનામત નિતિ વિરૂધ્ધમાં આંદોલનને ટેકો આપેલ હોઈ,. કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને કોઈ જાતના અા નઈચ્છનીય બનાવ બનવા ન પામે તે માટે સુલેહ શાંતિ અને સાવચેતીનાં પગલાં લેવાનું ઇષ્ટ જણાય છે.

આથી હું, જે. જી. ગંડયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ—૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૨-૨-૯૪થી તા. ૧૩--૩--૧૯૯૪ સુધી દિવસ ૩૦ ની મુદત દરમ્યાન નીચેની અનુસુચિમાં જણાવેલ વિસ્તારમાં.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરો, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી સ્ફોટક પદાર્થ લઈ જવો નહી.

(ગ) અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા ચિત્રો પ્લેકાર્ડો પત્રિકાઓ અથવા બીજા કોઈ પદાર્થ વસ્તુ તૈયાર કરવી નહીં અગર અપમાન કરવાના ઈરાદાથી કોઈ નનામી બાળવી નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યકિતઓ એટલે કે જે તે તેના ઉપરી અધિકારીઓ ફરમાવ્યું હોય અથવા કોઇ હથીયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી. જિલ્લા પોલીસ અધિકારીશ્રી એ અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ ભુજ અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યકિતને.

અનુસૂચિ :—

સમગ્ર કચ્છ જિલ્લો.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪ (ચાર) માસની સજા થશે. અને વધુમાં વધુ ૧(એક) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫-(૧) મુજબ દંડની સજા થશે.

INDEX

આજ રોજ તારીખ ૧ માહે ફેબ્રુઆરી સન ૧૯૯૪ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

ભુજ-કચ્છ, ૧૧ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૪.

જે જી પંડયા
અધિક જીલ્લા મેજીસ્ટેટ,
કચ્છ-ભુજ

---

**સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિ આંક-૨૨માંની કલમ ૩૭(૧) (બી) હેઠળ જાહેરનામું.**

**જાહેરનામું**

**ક્રમાંક : એમએજીસી-૩૪૩૪/૯૪.—આચાર્યશ્રી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર નં. સીબી ૭૬૭૬, તા. ૨૪/૮/૯૪ અન્વયે જુનાગઢ પોલીસ તાલીમ મહાવિદ્યાલયમાં તાલીમ લઈ રહેલ રીક્રૂટ. પોલીસ સબ. ઈન્સપેકટરશ્રીઓ કેડેટ પોલીસ સબા ઈન્સપેકટરશ્રીઓનું ફાયરીંગ બટ તા. ૧-૯-૯૪થી તા. ૧૫-૯-૯૪ સુધી લેવાનું નકકી થતાં અહીંને જણાવેલ છે.**

**ઉપરોકત ફાયરીંગ દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં લોકો તથા વાહનોની અવરજવર ભયજનક જણાતાં હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જિલ્લો, જુનાગઢ :સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક ૨૨માંની કલમ ૩૩(૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૧/૯/૯૪થી તા. ૧૫-૯-૯૪ સુધી સવારના ૬-૦૦થી ૧૮-૩૦ વાગ્યા સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના ફાયરીંગ બટ વિસ્તારમાં પુર્વ ભાગે ૧ ફર્લાંગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.**

**આ જાહેરનામાનો કોઈપણ ધારાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરે છે.**

**આ જાહેરનામું આજરોજ તા. ૧-૯-૯૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે :જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.**

**જે. બી. વોરા,**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,**
**જુનાગઢ જિલ્લો, જુનાગઢ.**

---

મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ ના ૨૨માંની કલમ ૩૭ ની પેટા કલમ (૩) હેઠળનું જાહેરનામું

સુધારેલ જાહેરનામું

આત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : મેજી--પોલ--જાહેરનામું--૩૭(૩)-૯૪, તા. ૧--૩--૯૪ વાળા મુજબ ન્યુ. એસ. એસ. સી. પરીક્ષાના અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રનો ૧૦૦ ચો.મી. વિસ્તારને પ્રતિબંધીત જાહેર કરવામાં આવેલ છે. પરંતુ અનુસુચિમાં દર્શાવેલ સી. નં. --૭ ગાંધીધામ કેન્દ્રના પરીક્ષા સ્થળ નં.--૨ માં એમ. પી. પટેલ કન્યા વિદ્યાલય ગાંધીધામને બદલે ડી. સી. જી. હાઈસ્કૂલ ગાંધીધામ વાંચવું.

ભુજ(કચ્છ), ૧૯ માહે માર્ચ સને ૧૯૯૪.

જે. જી. પંડયા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભુજ--કચ્છ.

જાહેરનામુ

નં. એમએજી-સી-૧૨૮-૯૪. —મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જુનાગઢના તા. ૧૨-૮-૯૪ના પત્રથી દરખાસ્ત થઈ આવેલ છે કે, જીલ્લાના જુનાગઢ તાલુકાના બલીયાવડ ગામમાં અને વંથલી તાલુકાના લુશાળા ગામમાં ઝાડા ઉલટીના કેસો થતાં તે દર્દીના ઝાડા ઉલટીના નમુના લેવા તે કેઇસોના નમુના વડોદરા પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં તપાસ માટે મોકલવા તા. ૧૧-૮-૯૪ના રોજ પોઝીટીવ કેઇસોની જાણ થતાં જુનાગઢ તાલુકાના બલીયાવડ ગામને કોલેરા ગ્રસ્ત અને વંથલી તાલુકાના લુશાળા ગામને કોલેરાગ્રસ્ત અને બંને ગામોની આજુબાજુના આઠ કીલોમીટરની ત્રીજયામાં આવેલા ગામોને કોલેરા ભયગ્રસ્ત તરીકે જાહેર કરવા માટે અત્રે દરખાસ્ત થઈ આવેલ છે. જેથી જુનાગઢ તાલુકાનો બલીયાવડ ગામ અને વંથલી તાલુકાના લુશાળા ગામને 'કોલેરા ગ્રસ્ત' તરીકે અને બંને ગામોની આજુબાજુના આઠ કીલોમીટરની ત્રિજયામાં આવેલા ગામોને 'કોલેરા ભય ગ્રસ્ત' તરીકે જાહેર કરવાનું મને ઈષ્ટ જણાય છે.

સબબ, હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ, જીલ્લો જુનાગઢ એપડેમીક ડીસીઝ એકટ ૧૯૮૭ ભાગ-૩ ની કલમ ૨ (બી) મુજબ મળેલ સત્તાની રૂએ તા. ૧૨-૮-૯૪ થી તા. ૧૧-૯-૯૪ સુધી જુનાગઢ તાલુકાના બલીયાવડ અને વંથલી તાલુકાના લુશાળા ગામને કોલેરાગ્રસ્ત અને બંને ગામોની આજુબાજુના આઠ કીલોમીટરની ત્રિજયામાં આવેલા ગામોને 'કોલેરા ભય ગ્રસ્ત' તરીકે જાહેર કરૂ છું.

આ જાહેરનામાથી ઉપરોકત કોલેરાગ્રસ્તથી કોલેરા નિયંત્રણ તરીકે મામલતદારશ્રી, જુનાગઢને મામલતદારશ્રી, વંથલીને સને કંટ્રોલીંગ ઓફીસર તરીકે નિયુકતી આપવાનું પણ ઠરાવવામાં આવે છે. લોકોને તેમની કે તેમણે અધિકૃત કરેલાની કાયદેસરની સુચનાઓ માનવા જણાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઇ.પ્સ ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૨-૮-૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો કરીને જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની મુંબઈના આંક-૨૨માંની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ હુકમ**

**જાહેરનામું**

**નાં.એમએજી-૩--૪૦૪૭/૯૪.-હાલમાં પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં ચાલુ માસ દરમ્યાન ધાર્મિક તહેવારો તેમજ ખાનગી ટ્રાવેલ્સ બસ ડ્રાયવર, કંડકટર હડતાલ ઉપર ગયેલ હોય, તેમજ એસ. ટી. કર્મચારીઓનાં આવેદનપત્રો તેમજ અન્ય ધાર્મિક સંસ્થાઓ તેમજ રાજકીય અર્ધરાજકીય સંસ્થાઓની પ્રવૃત્તિ તેમજ વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે માટે સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં તે માટે કોઈપણ જાતના અનિચ્છનીય બનાવ બને નહીં તે હેતુ માટે પોરબંદર પોલીસ અધિ.કી, પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં વ્યકિતઓની કોઈપણ મંડળીને સરઘસની મનાઈ તા. ૧૨-૮-૯૪ થી ૩૧-૮-૯૪ સુધી બન્ને દિવસો સહિત ફરવાનું તે ઇષ્ટ જણાયું છે.**

**તેથી મુંબઈ પોલીસ અધિ.૧૯૫૧ હેઠળ સને ૧૯૫૧ના મુંબઈના આંક-૨૨માંની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાઢ આથી પોરબંદર જીલ્લા પોલીસ અધિકારીના કાર્યક્ષેત્ર**

INDEX

હેઠળના વિસ્તારમાં તા. ૧૨-૮-૯૪ થી ૩૧-૮-૯૪ સુધી બન્ને દિવસો સહિત સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈપણ મંડળીકે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.,:—

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષકદળની મંડળીઓને.
૨. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
૩. કોઈ લગ્નના વરઘોડાને
૪. સક્ષમ અધિકારીની કાયદેસરની પરવાનગી લઈને.

હું એવો આદેશ કરૂં છું કે આ હુકમ સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તે રીતે સ્થળોએ તેની નકલો ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરીને અથવા સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેર ખબર આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૩૧ની પેટા કલમ-૩ અને ભારતીય ફોજદારી અધિ-૧૯૬૦ના આંક-૧૪૫ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૧૨-૮-૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

———

મુંબઈ પોલીસ અધિ-૧૯૫૧ મુંબઈના આંક-૨૨ માંની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ હુકમ.

જાહેરનામું

નાં.એમએજી-સી-૪૦૧૦/૯૪.-હાલમાં શ્રાવણ માસ દરમ્યાન જુનાગઢ જીલ્લા પોલીસ વિસ્તારમાં જન્માષ્ટમી રથયાત્રા, ભાદરવી અમાસાનો મેળો, તથા જાગરણના તહેવારો તેમજ દાતારના ઉર્ષનો કાર્યક્રમ હોય તેમજ ભારતીય જનતાપક્ષ તરફથી આગામી દિવસોમાં રસ્તા રોકો આંદોલન, સભા-સરઘસનો કાર્યક્રમ યોજાતા હોય જેથી હાલના સંજોગોમાં પોલીસમેનને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં ખલેલ પડવા સંભવ હોય તેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી નજરમાં રાખીને સુલેહશાંતી જળવાઈ અને કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે હેતુ માટે પોલીસ અધિનિયમથી જુનાગઢ જીલ્લા પોલીસ વિસ્તારમાં વ્યકિતઓની કોઈપણ મંડળીને સરઘસની મનાઈ તા. ૧૯-૮-૧૯૯૪ થી તા. ૧-૯-૯૪ સુધી કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળ સને ૧૯૫૧ના મુંબઈના આંક-૨૨ માંની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જુનાગઢ આસી જીલ્લા પોલીસ અધિકારીશ્રી, જુનાગઢ કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં તા. ૧૯-૮-૯૪ થી તા. ૧-૯-૯૪ સુધી બન્ને દિવસો સહિત સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈપણ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.—

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીને.
૨. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતને
૩. કોઈ લગ્નના વરઘોડાને.
૪. જીલ્લા પોલીસ અધિકારીશ્રીની કાયદેસરની. પરવાનગી લઈને.

હું એવો આદેશ કરૂં છું કે, આ જાહેરનામું સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત કરીને અથવા સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેર ખબર આપીને અથવા રેડીયો ઉપરનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમ ની કલમ-૧૩૧ ની પેટા કલમ-૩ અને ભારતીય ફોજદારી અધિ. ૧૮૬૦નાં-૪૫ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૧-૮-૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

———

પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નાં.એમએજી-સી-૪૦૧૧/૯૪.– હાલમાં જીલ્લામાં શ્રાવણ માસ દરમ્યાન બૈરાઓના જાગરણના તહેવાર તથા ભારદવી અમાસનો જન્માષ્ઠમીનો તહેવાર આવતો હોય તહેવારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી તેમજ જાહેર સલેહશાંતિ જાળવવા સારુ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે સમગ્ર જુનાગઢ જીલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવા જરૂરી જરૂરી જણાય છે.

સબબ જુનાગઢ જીલ્લાના પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણોસર જાહેર સુલેહશાંતિની જાળવણી સારુ અને કાયદો વ્યવસ્થાની સ્થિતી યથાવત જળવાય રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લા જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની આંક ૨૨ની કલમ-૩૭(૧) હેઠળ જુનાગઢ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની આંક ૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાનો રૂએ જુનાગઢ પોલીસ જીલ્લાના વિસ્તારોમાં તારીખ ૧૮-૮-૯૪ થી તા. ૧૫-૯-૯૪ સુધી બન્ને દિવસો સહીત નીચે પ્રમાણે ફરમાવું છું કે કોઈપણ વ્યકિતએ.—

(૧) શસ્ત્રો દંડા, તલવાર, બંદુક, લાકડી, કે લાઠી, ધોકા અથવાં શારીરીક ઈજા પહોંચાડી શકય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવું બીજા કોઈપણ સાધન સાથે લઈ જવું. નહીં યંત્રોઅથવા સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા કરવા નહીં. તથા તૈયાર કરવા નહીં.

(૩) કોઈપણ ક્ષયકારી પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહીં.

(૪) મનુષ્યો અથવા શખ્સો જેવી જ આકૃતીઓ અથવા પુતળા દેખાડવા નહીં. અપમાન કરવાનાં અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં. અશ્લીલ ગીતો ગાવા નહીં.

આ હુકમનો નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકરશ્રીના નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપર અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રી, જુનાગઢ કોઈ શખ્સને શારિરીક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની અથવા શુભ-હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.



INDEX

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિ. ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૧-૮-૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જે. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો,
જુનાગઢ.

---

મુંબઈ પોલીસ અધિ-૧૯૫૧ની મુંબઈના આંક ૨૨માંની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ હુકમ

જાહેરનામું

નં.એમએજી/સી/૨૧/૯૪/(૨). –હાલમાં આગામી તા. ૨૬-૩-૯૪ તથા તા. ૨૭-૩-૯૪ના રોજ હોળી ધુળેટીનો તહેવાર હોય તેમજ તા. ૨૧-૩-૯૪ના રોજથી નવી એસ. એસ. સી. તથા એચ.એસ. સી. પરીક્ષાઓ શરૂ થતી હોય જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી તેમજ હાલમાં ભા.જ.પ. તથા વિદ્યાર્થીઓ તરફથી તેમજ કિશાનસંઘ તરફથી અલગ-અલગ કાર્યક્રમો યોજાવાના હોય જેથી સુલેહશાંતિનો ભંગ થવા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં ખલેલ પડવા સંભવ હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરમાં રાખીને સુલેહ-શાંતિ જળવાય અને કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે હેતુ માટે પોલીસ અધિકારીશ્રી, જુનાગઢ જીલ્લા પોલીસ વિસ્તાર માં વ્યકિતઓની કોઈપણ મંડળીને સરઘસની મનાઈ તા. ૨૧-૩-૯૪થી તા. ૩-૪-૯૪ સુધી બન્ને દિવસો સહીત સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈપણ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) જીલ્લા પોલીસ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી લઈને.

હું એવો આદેશ કરું છું કે આ હુકમ સદરહું વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફત તેની જાહેરાત કરીને અથવા સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેર ખબર આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહું અધિ નિયમની કલમ-૧૩૧ની પેટા કલમ-૩ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૯૦નાં આંક-૪૫ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

**આજ રોજ તા. ૨૧-૩-૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.**

---

મુંબઇ પોલીસ અધિ.-૧૯૫૧ની મુંબઈનો આંક-૨૨માંની કલમ-૩૭ની પેટા-કલમ-૩ હેઠળ હુકમ

જાહેરનામું

નં.એમએજી/સી/૨૪/૯૪.—હાલમાં પરક્ષાઓ ચાલુ હોય અને રાજયમાં ભા. જ. પ. તેમજ બીજા સરકારી કર્મચારીઓ તેઓની જુદી જુદી માંગણીઓ અંગે અવાર-નવાર કાર્યક્રમો યોજતા હોય જેથી, હાલના સંજોગોમાં સુલેહશાંતિ ભંગ થવા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિમાં ખલેલ પડવા સંભવ હોય જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરમાં રાખીને સુલેહશાંતિ જળવાયરહ્યા કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે હેતુ માટે જીલ્લા પોલીસ અધિ.શ્રી જુનાગઢ, પોરબંદર વિસ્તારમાં વ્યકિતઓનો કોઈપણ મંડળીને સરઘસની મનાઇ તા. ૫-૪-૯૪થી તા. ૧૯-૪-૯૪ સુધી બંન્ને દિવસો સહીત સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોણપ કોઈપણ મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. વધુમાં હું આદેશ કરું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીને.
૨. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
૩. કોઇ લગ્નના વરઘોડાને.
૪. જીલ્લા પોલીસ અધિારીશ્રીની કાયદેસરની પરવાનગી લઇને.

હું એવો આદેશ કરું છું કે આ હુકમ સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફત તેની જાહેરાત અથા સ્થાનીક વર્તમાનપત્રોમાં તેની જાહેર ખબર આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ હુકમોનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિ-નિયમની કલમ-૧૩૧ની પેટા કલમ-૩ અને ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૯૦નાં આંક-૪૫ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૫-૪-૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૫ માહે એપ્રિલ, સને ૧૯૯૪.

---

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે જાહેરનામું

નં. એમએ/સીજી/૩૧૬/૯૪.—હાલમાં રાજકીય બીન રાજકીય પક્ષો તથા સંસ્થા તેમજ ધાર્મિક તહેવારો વિગેરે. આવતા હોય તેના કારણોના પ્રસંગોને અનુક્ષીને કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ મુંબઇ પોલીસ અધિનિયમ ૩૭(૧) અન્વયે, સમગ્ર પોરબંદર વિસ્તાર જીલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવા જરૂરી જણાય છે

સબબ, પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણોસર જાહેર સુલેહ શાંતિની જાળવણી સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતી યથવત જળવાઇ રહે તેમજ કોઇપણ પ્રકારની જાતનો અનિચ્છનીય બાનવ બનવા ન પામે તે માટે હું, રાજેન્દ્ર બી. દવે,

INDEX

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાં આંક-૨૨માંની કલમ ૩૭(૧) અન્વયે મળેલી સત્તાની રૂએ પોરબંદર પોલીસ જિલ્લાના વિસ્તારોમાં તા. ૨૭-૧-૯૪થી ૨૪-૨-૯૪સુધી બંને દિવસો સહીત નીચે પ્રમાણે ફરમાવું છુ કે કોઈપણ વ્યકિતઓ—

જુનાગઢ, ૨૭ માહે જન્યુઆરી સને ૧૯૯૪.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે જાહેરનામું.

જાહેરનામું

નં. એમએજી/સી/૨૧/૯૪.(૧)—હાલમાં આગામી તા. ૨૬-૩-૯૪ તથા તા. ૨૭-૩-૯૪ ના રોજ હોળી ધુળેટીના તહેવાર હોય તેમજ તા. ૨૧-૩-૯૪ના રોજથી નવી એસ. એસ. સી. તથા એચ. એસ. સી. પરીક્ષાઓ શરૂ થતી હોય તેમજ તા. ૧૨-૪-૯૪ ના રોજ ચેટી ચાંદનો તહેવાર આવતા હોય તેમજ હાલમાં ભા. જ. પ. તથા વિદ્યાર્થીઓ તરફથી તેમજ કિશાન સંઘ તરફથી અલગ અલગ કાર્યક્રમો યોજાવાના હોય જેથી કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી તેમજ જાહેર સુલેહશાંતી જાળવવા સારૂ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ—૩૭/૧/ અન્વયે સમગ્ર જુનાગઢ જીલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવા જરૂરી જણાય છે.

સબબ, જુનાગઢ જિલ્લાના પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણોસર જાહેર સુલેહશાંતિની જાળવણી સારૂ અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતી યથાવત જળવાઈ રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને પામે તે માટે હું, રાજેન્દ્ર બી. દવે, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાં આંક-૨૨ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ જુનાગઢ પોલીસ જિલ્લામાં વિસ્તારોમાં તા. ૨૧-૩-૯૪થી તા. ૧૮-૪-૯૪ સુધી બંને દિવસો સહીત નીચે પ્રમાણે ફરમાવું છું. કોઈપણ વ્યકિતએ,

---

મુંબઈ પોલીસ અધિ.૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે જાહેરનામું.

જાહેરનામું

નં. એમ.એ જી./સી/પ૬૧૩(૧)/૯૩.—હાલમાં ભારતીય કિશાન સંઘ તરફથી વિજળીના ભાવ વધારાના વિરોધમાં દેખાવો, રેલીઓ, અને બંધ જેવા કાર્યક્રમો અવાર-નવાર રાખવામાં આવતા હોય અને ભારતીય જનતાપક્ષના નેતાઓની ધરપકડના વિરોધમાં જલદ કાર્યક્રમો ભા. જ. પ. તરફથી થવાના હોય જેથી કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી તેમજ જાહેર સુલેહશાંતિ જાળવા સારૂ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ—૩૭-(૧) અન્વયે સમગ્ર જુનાગઢ જિલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવા જરૂરી જણાય છે.

સબબ, જુનાગઢ જીલ્લાના પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણોસર જાહેર સુલેહશાંતિની જાળવણી સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતી યથાવત જળવાઈ રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, રાજેન્દ્ર બી. દવે, જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રૂએ જુનાગઢ પોલીસ જિલ્લાનાં વિસ્તારોમાં તા. ૧૮-૧૨-૯૩થી ૧૫-૧-૯૪ સુધી બંને દિવસો સહીત નીચે પ્રમાણે ફરમાવુ છું. કે કોઈપણ વ્યકિતઓ, ——

મુંબઈ પોલીસ અધિ. ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વય જાહેરનામું

જાહેરનામું

નં.એમએજી/૧/સી/૨૬/૧/૯૪.—હાલમાં ભારતીય કિશાન સંઘ તરફથી વિજળીના ખાતર, કુડ, ઓઈલના ભાવ વધારા બાબતે આંદોલનો તથા દેખાવો યોજવાનું ચાલુ છે અને આ આંદોલનકારો સામે ઘણા ગુન્હાઓ દાખલ કરવામાં આવેલા છે હજુ આ આંદોલનનો અંત આવેલ નથી. જેથી કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭/૧ અન્વયે સમગ્ર જુનાગઢ જીલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવાં જરૂરી જણાય છે.

સબબ, જુનાગઢ જીલ્લાના પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણોસર જાહેર સુલેહશાંતિની જાળવણી સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું, રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં આંક-૨૨ ની કલમ-૩૭/૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ, જુનાગઢ પોલીસ જીલ્લાનાં વિસ્તારોમાં તા. ૨૦-૧-૯૪થી ૧૭-૨-૯૪ સુધી બંન્ને દિવસો સહિત નીચે પ્રમાણે ફરમાવું છું. કે કોઈપણ વ્યકિતએ,—

**૧. શસ્ત્રો, દંડા, તલવાર, બંદુક, લાકડી કે લાઠી ધોકા અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં**

**૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુ ફેંકવાના કે ધકેલવાના યંત્રો, અથવા સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા કરવા નહીં. તથા તૈયાર કરવા નહીં.**

**૩. કોઈપણ ક્ષયકારી પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહીં**

**૪. મનુષ્યો અથવા શખ્સો જેવી જ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં. અશ્લીલ ગીતો ગાવા નહીં.**

**આ હુકમનો નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—**

**૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.**

**૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી જુનાગઢ જે કોઈ શખ્સને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.**

**આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.**

**આ જાહેરનામું આજરોજ તા. ૨૦-૧-૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.**

રાજેન્દ્ર બી. દવે,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો, જુનાગઢ.

INDEX

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમ. એ.જી.સી./૨૧૧૯/૯૪.—હાલમાં રાજકીય બીન રાજકીય પક્ષો તથા ધાર્મીક તહેવાર જેવા કે બકરી ઈદ વિગેરે આવતા હોય તેનાં કારણોના પ્રસંગોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭(૧) અન્વયે સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરી જરૂરી જણાય છે.

સબબ, પોરબંદર વિસ્તાર જીલ્લા પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણોસર જાહેર સુલેહશાંતિ ની જાળવણી સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતી યથાવત જળવાય રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, આર. એમ. છાયા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧માં આંક-૨૨માંની કલમ ૩૭(૧) અન્વયે મળેલી સત્તાની રૂઈએ પોરબંદર પોલીસ જિલ્લાના વિસ્તારોના તા. ૪-૫-૯૪થી તા. ૧-૬-૯૪ સુધી બંને દિવસો સહીત નીચે પ્રમાણે ફરમાવું છું કે કોઈપણ વ્યકિતએ,

૧. શસ્ત્રો, દંડા, તલવાર, બંદુક, લાકડી, કે લાઠી, ધોકા, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજા કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી ચીજ વસ્તુઓ અથવા તે વસ્તુ ફેંકવાના કે ધકેલવાના યંત્રો તથા સાધનો સાથે લઈ જવા નહિ એકઠા કરવા નહીં તથા તૈયાર રાખવા નહીં.

૩. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા નહીં.

૪. મનુષ્યો અથવા શબ્સો જેવી જ આકૃત્તિઓ અથવા પુતળા દેખાડવા નહીં, અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહિ. અશ્લીલ ગીતો ગાવા નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિતઓ કે જે તેના ઉપરી અધિકારીશ્રીઓએ ફરમાવ્યું હોઈ અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોઇ,

૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી, પોરબંદર, જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને,

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ—૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૯-૪-૯૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

આર. એમ. છાયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ

જાહેરનામું

**ક્રમાંક : મજસ--૩--૧--૫૫૦૫ થી ૫૫--૯૪.—આગામી તા. ૧૫મી ઓગષ્ટ વિગેરે આવતાં હોય તેને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી સારી રીતે જળવાઈ રહે તે હેતુસર સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તારીખ ૧-૮-૯૪ થી તા. ૧૫-૮-૯૪ સુધી કોઈપણ પાંચ કે તેથી વધુ માણસો એકઠા થવું તથા સભા--સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.**

**વાસ્તે, હું આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્ર-નગર, સુરેન્દ્રનગર જીલ્લો, મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માંની કલમ—૩૭ (૩) અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં થા. ૧--૮--૯૪ થી તા. ૧૫--૮--૯૪ સુધીનાં સમય દરમ્યાન સંબંધિત એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની પરવાનગી અગાઉથી મેળવ્યા સિવાય ઉપરોકત કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છુ.**

**જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે, કરવામાં મદદ-ગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્ર-નગર જીલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને સદરહુ વિસ્તારમાં ધ્વની વર્ધક યંત્રો ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફર-માવું છુ.**

**આજરોજ તારીખ ૨૯ માહે જુલાઈ સને ૧૯૯૪ નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.**

---

જાહેરનામું

ક્રમાંક-એમ.એ.જી.૩-વશી-૩૧૨૨થી ૭૧/૯૪.—ચાલુમાસમાં કોલેજ પરીક્ષા જુદા જુદા રાજકીય પક્ષો તેમજ સંગઠનો તરફથી વિવિધ કાર્યક્રમો યોજાય છે. જેથી તેને અનુલક્ષીને જિલ્લામાં કાયદો વ્યવસ્થા ની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી હથીયાર બંધી ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું આર.કે.પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં ૨૨માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૨-૫-૯૪ થી તા. ૩૧-૫-૯૪સુધીના સમય દરમ્યાન જીલ્લા પોલીસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગરની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતે કૃત્યો કરવાનું આથી મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા. બંદુક, લાકડી અને લાઠી, કુહાડીવાળી. લાકડી તથા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો. સાથે લઈ જવા નહીં.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી ફેંકવાનાં કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહીં.

૩. વ્યકિતઓ અથવા તેમનાં શબ અથવા આકૃતિઓ, અથવા પુતળા દેખાડવા નહીં તથા તૈયાર કરવા નહીં.

૪. કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક. પદાર્થ સાથે લઈ જવા નહીં.

૫. જેનાથી સુરૂચીનો ભંગ થાય અથવા તો નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો પત્રીકા. પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ વસ્તુઓ તૈયાર કરવી નહીં. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

INDEX

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈ[illegible]થી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહી અશ્લિલ ગીતો [illegible]વા નહીં અથવા ટોળામાં ફરકવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. —

(૧) સરકારી નોકર કે કામ કરવી વ્યકિત [illegible]ને તેમનાં ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથી[illegible] લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ [illegible]ની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા [illegible]એ કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ [illegible]ની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમોનો ભંગ કરશે [illegible]માં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની [illegible]મ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર [illegible]જ્લામા તમામ વિ[illegible]માં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય [illegible]તી જગ્યાએ તેની [illegible]લો ચોંટાડી અને સદરહુ વિસ્તારમાં [illegible]ધ્વની વર્ધક યંત્રો [illegible]કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું [illegible]ી ફરમાવું છું.

આજ તારીખ ૨ માહે મે સને ૧૯૯૪ના રોજ મારી [illegible]હી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામા આ[illegible] છે.

---

**જાહેરનામું**

**ક્રમાંક : મજસ-૩-વ-૩૧૭૨-૩૨૨૧/૯૪.—**

**ચાલુ માસમાં કોલેજ પરીક્ષાઓ ચાલુ હોઈ તેમજ [illegible]વિધ રાજકીય પક્ષો મંડળો, તરફથી જુદી જુદી માંગણી [illegible]ર્ભે આંદોલન ચાલી રહેલ હોઈ તેને અનુલક્ષીને કાયદ[illegible]ને વ્યવસ્થાની પરિસ્થિતી સારી રીતે જળવાય રહે તે હેતુસ[illegible]મગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ ૨-૫-૯૪થી તા. ૧[illegible]-૯૪ સુધી કોઈપણ પાંચ કે તેથી વધુ માણસોએ એકઠા થ[illegible]નહીં. તથા સભા સરઘસ કાઢવા ની મનાઈ ફરમાવવી જરૂરી જ[illegible]ય છે.**

**વાસ્તે, હું આર. કે. પરમાર, અધિક જિલ્લા [illegible]ટ્રેટ સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર જીલ્લો, મને મળેલ અધિકારની [illegible]ઈએ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં ૨૨માંની કલમ [illegible]૭(૩) અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ ૨-૫-૯૪થી [illegible]રીખ ૧૫-૫-૯૪ સુધીના સમય દરમ્યાન સંબંધિત એક[illegible]ટીવ મેજી. શ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય ઉપરો[illegible]કૃત્યે કરવાની આથી મનાઈ ફરમાવું છું.**

**જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે [illegible]માં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ ૧[illegible]ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જા[illegible]મું સમગ્ર જિલ્લામાં તમામ વિસ્તારોમાં સહેલાઈથી [illegible]થી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સદરહુ [illegible]રમાં ધ્વની વર્ધક યંત્રો ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ [illegible]વાનું આથી ફરમાવું છ.**

**આજ રોજ તારીખ ૨ માહે મે સને ૧૯૯૪ના રો[illegible] મારી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.**

---

**જાહેરનામું**

ક્રમાંક : મજસ-૩-વ-૬૩૧૮/૯૪.—

આગામી તા. ૯-૧૦--૧૯૯૪નાં રોજ પ્રસિધ્ધ તરણેતર લોકમેળો તથા જુદી જુદી જગ્યાએ ભરાનાર મેળાઓનાં સંદર્ભમાં અને તેને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી સારી રીતે જળવાઈ રહે તે હેતુસર સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૯-૯૪ થી તા. ૧૫-૯-૯૪ સુધી કોઈપણ પાંચ કે તેથી વધુ માણસોએ એકઠા થવું તથા સભા-સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું આર.કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જીલ્લો સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂઈએ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં-૨૨માંની કલમ-૩૯ (૩) અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામા તા. ૧-૯-૯૪ થી તા. ૧૫-૯-૯૪ સુધીનાં સમય દરમ્યાન સંબંધીત એકઝી. મેજી.-શ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય ઉપરોકત કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે, કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ-અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું સમગ્ર જીલ્લામાં તમામ વિસ્તારમા સહેલાઈથી વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને સદરહુ વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો, ઢંઢેરો કે, દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ રોજ તારીખ ૩૧ માહે ઓગષ્ટ સને ૧૯૯૪નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૧ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

આર. કે. પરમાર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર, જીલ્લો.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળેનું જાહેરનામું

ક્રમાંક : ડીએમ--ડીસીએચ--૭૦૯/૫૮/૯૪.-આગામી ધાર્મિક તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઈ પોલીસ અધિ.-૧૯૫૧ ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયારબંધી ફરમાવવાનું જરૂરી જણાયેલ છે.

તેથી હું એન. જે. દેસાઈ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર. મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ ૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૫--૨--૯૪ના ૦૦--૦૦કલાકથી તા. ૧૦--૩--૯૪ ના ૨૪--૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) કોઈએ,

---

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળેનું જાહેરનામું

ક્રમાંક ડીએમ/ડીસીએચ/૧૯૩/૯૪.—આગામી પ્રજાસત્તાક દિનના રાષ્ટ્રીય પર્વની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઈ પોલીસ અધિ.-૧૯૫૧ની કલમ-૩૭(૧)તળે સમગ્ર જીલ્લામાં હથિયારબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગરે ભલામણ સાથે દરખાસ્ત કરેલ છે.


INDEX

જીલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાય છે. તેથી હું, એન. જે. દેસાઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઇ પોલીસ અધિનિયમ -૧૯૫૧ ની કલમ ૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૧--૧--૯૪ ના ૦૦--૦૦ કલાકથી તા.૪--૨--૯૪ના ૨૪--૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત, કોઈએ,

---

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ૩૭(૧) તળેનું જાહેરનામું

ક્રમાંકઃડીએમ--ડીસીએચ--૧૨૩૧--૮૦--૯૪.-આગામી ધાર્મિક તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઇ રહે અને કોઇ અનીચ્છનીય બનાવ બનવા પામે નહી તેની તકેદારી માટે મુંબઇ પોલીસ અધિ.-૧૯૫૧ ની કલમ ૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયારબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી, જામનગરે ભલામણ સાથે દરખાસ્ત કરેલ છે.

જીલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખાસ્ત મને વ્યાજબીજણાય છે, તેથી હું, એન. જે. દેસાઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઇ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ ૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૩૦-૩-૯૪ ના ૦૦--૦૦ કલાકથી તા. ૧૩-૪-૯૪ ના ૨૪--૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) કોઈએ,

---

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ૩૭(૧) તળે જાહેરનામું

ક્રમાંક : ડીએમ-ડીસીએચ-૯૯૨--૯૪.—આગામી ધાર્મિક તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઇ પોલીસ અધિ.-૧૯૫૧ નો કલમ ૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયારબંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગરે ભલામણ સાથે દરખાસ્ત કરેલ છે.

જીલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખારત મને વ્યાજબી જણાય છે તેથી હું, એન. જે. દેસાઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઇ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ ૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના પરીશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૧૩--૩--૯૪ના ૦૦--૦૦કલાકથી તા. ૨૩--૩--૯૪ ના ૨૪--૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) કોઈએ,

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છુરી લાકડી કે લાઠી અથવા શારીરિક ઇજા, પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થ સાથે લઈ જવા નહીં.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં.

(૪) મનુષ્ય અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહીં.

(૬) જેનાથી સુરૂચીનો અને શાંતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં.

પરિશિષ્ટ

"જામનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર"

**નીચેની વ્યકિતઓને લાગું પડશે નહીં.**

**(૧) ફરજ ઉપરના સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ઉપરોકત વસ્તુઓ ફરજ નિમિતે રાખવાની આવશ્યકતા હોઇ તેને.**

**(૨) પોલીસ ઈન્સપેકટરકક્ષીથી ઉતરતા દરજજાના ન હોય તેવા પોલીસ અધિકારીઓને.**

**(૩) જેમને શારીરિક અશકિતને કારણે લાકડી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.**

**(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.**
**(૫) સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી આપતા શખ્શ ને.**
**(૬) યજ્ઞોપવિત અપાનું હોય તેવા બળવાઓને દંડ રાખેલ હોઇ તેને**
**(૭) કિરપાણ રાખેલ શીખને.**

**આ જાહેરનામાના કોઇપણ ખંડના ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે અને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ—૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.**

**આ જાહેરનામાની પ્રસિધ્ધિ નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીએ સહેલાઈથી દેખાઇ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીનેતેમજ સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.**

**આજ, તા. ૨૧ માહે જાન્યુઆરી સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયું.**

એન, જે. દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

મામલતદાર આન કોલરા નિયંત્રણ અધિકારી દ્વારા

**વાંચાણે લીધા:- જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગરના જાહેરનામા ક્રમાંક ડીએમ. ડીસીએમ -૩૬૬૧/૩૭૫૦/૯૪, તા. ૧૮-૮૯૪**

**જાહેરનામું**

**નાં. મેજી-વર્ક -૨૯૨૪/૩૦૫૮/૯૪.-** ઉપરોકત વાંચાણ લીધા જાહેરનામાથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગર તરફથી કલ્યાણપુર તાલુકાના તમામ ગામોને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે અન અમોને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવેલ છે.

આથી હું, જે. ઓ. ગોહીલ, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી. કલ્યાણપુર, એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૮૭ની કલમ-૨ તથા કલમ-૨ બી અનુસાર કલ્યાણપુર તાલુકાના તમામ ગામોને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂ છું. અને અમોને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે નીચેના હુકમના અમલ કરવાનો છે. આ હુકમની તારીખથી ૩ માસ સુધી કલ્યાણપુર તાલુકાના તમામ ગામોને રોગથી બચવા નીચેની સુચનાઓનો અમલ કરવાનો છે.

INDEX

૧ જો કોઈ વ્યકિતને કોલેરા થાય તો તરતજ નજીકના હોસ્પીટલમાં કે દવાખાને જાણ કરવી.

૨. કોલેરાના દર્દીના ઝાડા, ઉલ્ટી, જતુનાશક દવા નાખીને જમીનમાં દાટી દેવા

૩. જાહેર પાણી પીવાના સ્થળે અને નહાવાના ધોવાના સ્થળે કોલેરાના દર્દી ના કપડા ધોવા નહી.

૪. કોલેરાના દર્દીના કપડાં ગરમ પાણીમાં ઉકાળીને ધોવા.

૫ સડેલા વધુ પાકી ગયેલ ફળ, ફળાદી કે લીલોતરી વહેચવા નહી

૬ ખાદ્ય પદાર્થ વહેચનારે ખાદ્યપદાર્થોને ઢાંકીને રાખવા અને તંદુરસ્તીને હાનિકારક પદાર્થો વહેચવા નહી અને તેનો નાશ કરવો.

૭. પાણી ઉકાળીને પીવું.

૮. ઉકરડાઓનો ગામની બહાર નિકાલ કરવો અને ૨૪ કલાકમાં ગામમાંથી ગંદકી ને કચરો ઉપાડી લેવો નહીતર કાયદેસર કેશ કરવામાં આવશે.

૯. ગંદા પાણીનો વ્યવસ્થિત નિકાલ કરવો અને મચ્છર અને માખી વિગેરે જીવ જતુનો ઉપદ્રવ ન થાય તે જોવા કાળજી રાખવી.

૧૦. ગ્રામ પંચાયત તરફથી નળ કનેકશન વાટે આપવામાં આવતું પાણી ખાડાઓ કરીને નળ કનેકશનની કાયદેસરની લાઈન નીચી લઈ પાણી લેવું નહી .

૧૧. જાહેર રસ્તાઓ ઉપર ગંદવાડ કે લેઠવાળ ફેંકવા નહીં, નિયત જગ્યાઓએ તેનો નિકાલ કરવો.

૧૨. અસ્વચ્છતા થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી કે કરાવવું નહી

૧૩. દવાનો છંટકાવ કરવો ફરજીયાત છે.

૧૪. બરફ, ડ્રગ્સ કે દુધની બનાવટો, માવાની બનાવટો વિગેરે, આરોગ્યને હાનીકર્તા વિતરણ કરવામાં ન આવે તેમજ જુનો સાંગ્રહેલ જથ્થો પતરાના ટીનના કાટ લાગી ગયેલ હોય તો તેનો નાશ કરવો

૧૫. દરેક ખાનગી ડોકટરો કે વૈદોએ તેમની પાસે કોલેરાના રોગ-ચાળાના કેશ સારવાર માટે આવે કે તુરતજ તેની જાણ સ્થાનિક સરકારી દવાખાના મેડીકલ ઓફીસરશ્રીને કરવી.

આ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ૬ માસની સજા અથવા રૂા. ૧૦૦૦ એક હજાર અથવા બન્ને સજાને પાત્ર થશે.

આ જાહેરનામું તા. ૨૨મી ઓગષ્ટ ૧૯૯૪થી અમલમાં આવશે.

કલ્યાણપુર, ૨૨ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

જે. એ. ગોહિલ,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ
અધિકારશ્રી જામકલ્યાણપુર.

---

## જાહેરનામું

**નં. વહવ-કોલેરા-૮/૯૪.—જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગરના જાહેરનામાના પત્ર નં. ડીઓમ /બીસીએચ/૩૬૬૧/તા. ૧૮-૮-૯૪ થી જોડિયા તાલુકાના સમગ્ર વિસ્તાર ને કોલેરા ભય ગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. જેથી અમોને જોડિયા તાલુકાના વિસ્તારની હદ પૂરતાં કોલેરા નિયંત્રણ અધિકારીશ્રી તરીકે નિયુકત કરેલ છે. જેથી હું, ડી.એમ. વ્યાસ, કોલેરા નિયંત્રત અધિકારી અને મામલતદાર જોડિયા તાલુકામાં નીચે જણાવેલ સૂચનાઓનો આથી ચુસ્તપણે પાલન કરવા ફરમાવું છું.**

૧. મકાન-માલીકો તેમજ મકાનમાં રહેતાં ઈસમો તથા ખાનગી ડોકટરો અને જેઓને કોલેરા અંગેની જાણ થાય તુરત જ તેની જાણ નજીકના દવાખાને કરવી અને આના કેસોને તુરત જ સારવાર માટે સરકારી દવખાને મોકલી આપવા તેમ જ કોલેરાના દર્દીના ઝાડા ઉલ્ટી જે તે જગ્યાએ ફેંકી નહિ દેતા જમીનમાં દાટી દેવા તેમજ દવાનો ઉપયોગ આ કામે ખાસ કરવો.

૨. અસરગ્રસ્ત સમગ્ર વિસ્તારોમાથી બહાર જતાં કે અસરગ્રસ્ત વિસ્તારમાં આવતા તમામ ઈસમો સરકારી દવાખાને સરકારી ડોકટર પાસે તપાસ કરાવવી.

૩. જે પાણી નહી લેવા સુચના કરેલ હોઈ તે પાણીનો ઉપયોગ રાંધવા કે પીવામાં ઉપયોગ કરવો નહી.

વધારે પડતા પાકી ગયેલા કે કોહવાઈ ગયેલા ફળોનો ઉપયોગ કરવો નહીં કે દુકાન બજારો, કે સ્ટોરમાં વેચાણ કરવું નહીં.

૫. ફેરીયાઓએ કોલેરા ફેલાય તેવા ખાદ્ય પદાર્થો તેમજ ખુલ્લી બગડી ગયેલા ખાદ્ય પદાર્થોનું વેચાણ કરવું નહીં.

૬. મીઠાઈની ખાસ જાળવણી કરવી કોલેરાનો ઉપદ્રવ ન થાય તેની માટે ખુલ્લી વાનગીઓ રાખવી નહી. કે માખી બેસે નહી તેની ખાસ કાળજી રાખવી.

૭. રેસ્ટોરેન્ટ લોજ, વિગેરે જગ્યાઓએ સ્વચ્છતા રાખવી પીવાની વસ્તુઓ અને ખોરાક વ્યવસ્થિત રાખવો જેનાથી આરોગ્યને હાની થાય નહી તે માટે ખાસ કાળજી રાખવી.

૮. ગ્રામ પંચાયતો તેમના વિસ્તારમાં આવેલી શેરીઓ લતાઓ તેમજ રસ્તાઓ સ્વચ્છ અને સારા રાખવા ગટરો પણ સારી રાખવી. નાશ કરવા પાત્ર વસ્તુઓનો વ્યવસ્થિત રીતે ભેગી કરી સમયસર તેનો નિકાલ કરવા અને મુતરડી તેમજ જાહેર વ્યવસ્થિત સ્વચ્છ અને સાફ કરાવવામાં તથા ગામમાં સ્વચ્છતા રહે તથા સ્વાસ્થ્યને હાની ન પહોંચે તેવું સાફ અને સ્વચ્છ અને ચોખ્ખુ પાણી પુરૂ પાડવા માટે વ્યવસ્થા કરવી.

૯. પાછલા છ માસમાં જેઓએ કોલેરાની રસી મુકાવેલ ન હોય તે દરેકે વ્યકિતએ આ જાહેરનામાની તારીખથી દિવસ ૧૫માં રસી મુકાવી લેવી.

કોઈપણ સંજોગોમાં ઉપરની સુચનાઓનો અમલ નહી કરેલો જોવામાં આવશે તો એપેડેમીકડીસીઝ એકટ ૧૮૯૦ મુજબ ગુન્હો થતો હોઈ આ હુકમનો ભંગ કરનારને ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે. અને આ જાહેરનામાના હુકમની તારીખથી અમલમાં રહેશે.

આજ તા. ૨૨ માહે ઓગસ્ટ ૧૯૯૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેર જનતાને જણાવવા માટે બહાર પાડવામાં આવ્યું છે.

ડી. એમ. વ્યાસ,
કોલેરા, નિયંત્રણ અધિકારી, અને મામલતદાર
જોડીયા

---

ચીફ ઓફીસર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

વંચાણે લીધા :—જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગરના તા. ૧૮/૮/૯૪ના જાહેરનામાની ક્રમાંક ડીઓમ-ડીસીએમ/૩૬૬૧-૩૭૫૦-૯૪ જા. જો. મ્યુ બ્યુરો પદ૨-૯૪/૯૫ક્રમાંક:પદ૨/૯૪-૯૫ ઉપર્યુકત વંચાણે લીધા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગરના જાહેરનામા થી જામજોધપુર, મ્યુ બ્યુરો વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે અને અમોને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં

INDEX

આથી હું બી. વી. ચાવડા, નાયબ મામલતદાર (મહેકમ) અને ચીફ ઓફીસરશ્રી મ્યુ. બ્યુરો જામજોધપુર એપેડેમીક ડીસીઝ એકટ નં. ૩ સને ૧૯૮૭ની કલમ-૨ તથા કલમ ૨બી અનુસાર જામજોધપુર મ્યુ. બરો વિસ્તારના કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરું છું અને અમોને મળેલ સત્તાની રૂઇએ ફરમાવું છું કે, નીચેનો હુકમોનો અમલ કરવાનો છે. આ હૂકમની તારીખથી ત્રણ માસ સુધી જામજોધપુર મ્યુ. બરો. વિસ્તારને રોગથી બચવા નીચેની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

**(૧) જો** કોઇ વ્યકિતને કોલેરા થાય તો તુરતજ નજીકની હોસ્પિટલ કે દવાખાને જાણ કરવી.

(૨) કોલેરાના દર્દીની ઝાડા ઉલ્ટી જંતુનાશક દવા નાંખીને જમીનમાં દાટી દેવા.

(૩) જાહેર પાણી પીવાના સ્થળ અને નહાવાના ધોવાના સ્થળે કોલેરાના દર્દીના કપડાં ધોવા નહીં.

(૪) કોલેરાના દર્દીના કપડા ગરમ પાણીમાં ઉકાળીને ધોવા.

(૫) સડેલા વધુ પાકી ગયેલા ફળ ફળાદી કે લીલોતરી વેચવા નહીં

(૬) ખાદ્ય પદાર્થ વેચનારે ખાદ્ય પદાર્થો ઢાંકીને રાખવા અને તંદુરસ્તીને હાનીકારક પદાર્થો વેચવા નહીં.

(૭) પાણી ઉકાળીને પીવું.

(૮) ઉકરડાઓનો ગામની બહાર નીકાલ કરવો. અને ૨૪ કલાકમાં ગામમાંથી ગંદકીનો કચરો ઉપડાવી લેવો. નહીંતર કાયદેસર કરવામાં આવશે.

(૯) ગંદા પાણીનો વ્યવસ્થિત નિકાલ કરવો. અને મચ્છર માખી વિગેરે જીવ જંતુઓનો ઉપદ્રવ ન થાય તે જોવા કાળજી લેવી.

(૧૦) મ્યુ. બ્યુરો તરફથી નળ કનેકશન માટે આપવામાં આવતું પાણી ખાડાઓ કરીને કે નળ કનેકશની કાયદેસરની લાઈન નીચી લઈ પાણી લેવું નહીં

(૧૧) જાહેર રસ્તાઓ ઉપર ગંદવાડ કે એકવાડ ફેંકવા નહીં તેનો નિયત જગ્યાએ નિકાલ કરો.

(૧૨) અસ્વચ્છ થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી કે કરાવવું નહીં.

(૧૩) દવાનો છંટકાવ કરવો ફરજીયાત છે.

(૧૪) આઇસ, ડ્રગ્સ, દૂધની બનાવટો, પીવાની બનાવટો વિગેરે આરોગ્યને હાની કર્તાનું વિતરણ કરવામાં ન આવે તેમજ જુનો સંગ્રહેલ જથ્થો પતરાની ટીનમાં કાટમાં લાગી ગયેલ હોય તેનો નાશ કરવો.

(૧૫) દરેક ખાનગી. ડોકટરો કે વૈદ્યોએ તેમની પાસે કોલેરાના રોગચાળાના કેસ સારવાર માટે આવે કે તરતજ તેની જાણ સ્થાનિક સરકારી દવાખાને મેડીકલ ઓફીસરને કરવી.

આ હુકમનો ભંગ કરનાર કોઇ વ્યકિત સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ મુજબ છ માસની સજા અથવા રૂપિયા ૧૦૦૦/- એક હજાર અથવા બંને સજાને પાત્ર થશે.

આ જાહેરનામું તા. ૧૮/૮/૯૪થી અમલમાં આવશે.

બી. વી. ચાવડા
ચીફ ઓફીસર મ્યુ. બરો. અને
કોલેરા નિયંત્રણ અધિ. જામજોધપુર.

---

જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

**વંચાણે લીધા ;**

**૧. સરકારશ્રીના ખેતી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ ડીડીસી/ ૧૧૮૮/૫૨૦૪/જે. તા. ૩૦-૩-૧૯૯૧**

**૨ આ કચેરીના હુકમ ક્રમાંક ફડચ/૭૯૨/૪૦૭ તા. ૫-૭-૯૩**

**૪ ફડચા અધિકારીશ્રીના તા. ૨૭-૬-૯૪ના પત્ર ક્રમાંક ફડચ/૧૩૯/૯૪.**

**હુકમ**

**ક્રમાંક ફડચ/ગ-૨/૫૨૧ને ૯૩.—શ્રી છત્રીપાળા દૂધ ઉત્પાદક સ.મં.લી. મું. છત્રીપાળા તા. લીંબડી જિ સુરેન્દ્રનગર કે જેની નોંધણી નં. સે ૧૦૬૦૭ તા. ૨૧-૯-૭૭થી કરવામાં આવેલ હતી અને સદરહુ મંડળીને આ કચેરીના વંચાણે લીધેલ આનુ. નં. ૨ થી ક્રમાંક ફડચ/૭૯૨ તા ૫-૭-૯૩ સુધી ફડચામાં લઈ જવામાં આવેલ અને ફડચાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હતી (સદરહુ મંડળીની કામગીરી પુર્ણ થઈ જતા અને ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ (અધિનિયમ ક્રમાંક (૧૦)ની કલમ ૧૪ (૨) અન્વયે સદરહુ કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. આ સાથે જ અધિનિયમની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે**

**સુરેન્દ્રનગર, ૩૦ માહે જુન સને ૧૯૯૪**

---

વંચાણે લીધાં : (૧) ગુજરાત સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૨૪/૯૧/ ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે, તા. ૩૦/૩/૯૧.

(૨) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક: ફડચ/ગ-૨/૪૦૨/૪૦૩/૨૦૪/૩૯૮/૪૦૪/૪૦૬/૪૦/૪૦૫ તા. ૨૫/૫/૯૪ના હુકમ.

(૩) શ્રી જીલ્લા ખાસ અન્વેષક સ.મં. — સુરેન્દ્રનગરની કચેરીના તા. ૪/૫/૯૪ના પત્ર ક્રમાંક: આષણ/ફડચ/ ૩/૧૬૮૭/૯૪.

(૪) શ્રી જીલ્લા અને ખાસ અન્વેષક સ.મં સુરેન્દ્રનગરની કચેરી તા. ૪/૫/૯૪ના પત્ર ક્રમાંક: આષણ/ફડચ/૩/૧૬૮૬/૯૪

(૫) શ્રી જીલ્લા ખાસ, અન્વેષક સ. મં. સુરેન્દ્રનગરની કચેરીના તા. ૭/૪/૯૪ના પત્ર ક્રમાંક: આષણ/ફડચ/૩/૧૪૨૬/૯૪.

(૬) આ કચેરીની નોટીસ ક્રમાંક: ફડચ/ગ-૨/૩૮૩/૯૩, તા. ૧૦/૬/૯૩.

(૭) શ્રી જીલ્લા ખાસ અન્વેષક સ.મં. સુરેન્દ્રનગરની કચેરીના તા. ૪/૫/૯૪ના પત્ર ક્રમાંક: આષણ/ફડચ/૩/૧૬૮૫/૯૪.

(૮) શ્રી ખાસ અન્વેષક સ.મં. દુધ સુરેન્દ્રનગરની કચેરીના તા. ૫/૫/૯૪ના પત્ર ક્રમાંક:આષણ/ફડચ/૨૫/૯૪.

(૯) શ્રી ખાસ અન્વેષક જીલ્લા સ.મં. સુરેન્દ્રનગરની કચેરીની તા. ૪/૫/૯૪ના પત્ર ક્રમાંક: આષણ/ફડચ/૩/૧૬૮૮/૯૪.

(૧૦) શ્રી ખાસ અન્વેષક સ.મં. દૂધ સુરેન્દ્રનગરની કચેરીના તા. ૫/૫/૯૪ના પત્ર ક્રમાંક: આષણ/ફડચ/ખ/૨૪/૯૪.

**અંતીમ આદેશ**

આથી સુરેન્દ્રનગર જીલ્લાની નીચે જણાવેલ સહકારી મંડળીઓ કે જેનો નોંધણી નં. તથા તારીખ કોલમ નં. ૩માં દર્શાવેલ છે. સદરહું મંડળીને વંચાણે લીધાં આનુ. નં. ૨થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તેની સામે તે સંસ્થાના હોદેદારોએ અત્રેની કચેરીએ

INDEX

નિયત કરેલ તારીખે સમયે રજુઆત કરેલ/કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી તે સંસ્થાના તે અન્વયે મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફડચામાં લઈ જવા અંગેનો હુકમ કરવામાં આવે છે.

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારીમંડળીનું નામ, ગામ,અને તાલુકો<br>૨ | નોંધણી નંબર અને તારીખ<br>૩ |
|---|---|---|
| ક્રમાંક: ફડચ/ગ-૨/૫૨૨ થી ૫૨૮/૯૪, તા. ૩૦/૬/૯૪ | શ્રી શકિત સામુ. ખેની સહકારી મંડળી લી.<br>મુ. ચુડા, તા. લીંબડી. | ક.:૧૮૪૪, તા. ૧૮/૫/૭૪ |
| | શ્રી ચચાણા હરી.સામુ. ખેતી સહકારી મંડળી લી.<br>મુ. ચંચાણા, તા. લીંબડી. | ખે.-૧૮૫૫, તા. ૨૧/૨/૮૨ |
| | શ્રી વાસુકી કો.ઓપ.હાઉ. સહકારી મંડળી લી.<br>થાનગઢ ના. ચોટીલા | — |
| | શ્રી ફુલવાડી ગોપાલક વ્યાહત સહકારી મંડળી લી.<br>ફુલવાડી, તા. લીંબડ | ક. ૧૮૫૪ તા. ૨૧/૧/૮૧ |
| | શ્રી પરાલી અઢાર સામુ ખેતી સહકારી મંડળી લી.<br>મુ. પરાલી તા. લીંબડી | ક. ખે ૧૮૬૫ તા. ૩/૧/૯૧ |
| | શ્રી ઈશનપુર દુધ ઉત્પા. સહકારી મંડળી લી.<br>મુ. ઈશનપુર તા. હળવદ | ક. ઉ. દુ. ૩૦૪૫ તા. ૨૭/૬/૮૩ |
| | શ્રી જયોતી કો. ઓપ. હાઉ. સહકારી મંડળી લી.<br>મુ. સુરેન્દ્રનગર તા. વઢવાણ | ક. ૪૪૨ તા. ૩/૧૨/૬૦ |
| | શ્રી જય ભારત માલણીયાર દુધ સહકારી મંડળી લી.<br>મુ. માલણીયાર તા. હળવદ | ક. ઉ. દુ. ૨૦૩૩ તા. ૩૦/૧૧/૮૨ |

---

**વંચાણે લીધા :**

૧. સરકારશ્રીના ખેતી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧ ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦/૩/૧૯૯૧.

૨. આ કચેરીના હુકમ ક્રમાંક ફડચ/૫૬/ગ-૨ ૭૬૧થી ૭૭૪ તા. ૪-૧૨-૯૦

૩. ફડચા અધિકારીશ્રીના તા. ૩૦/૮/૯૪ના પત્ર ક્રમાંક ફડચ/છ/૯૧/૯૪.

હુકમ

ક્રમાંક ફડચ—ગ—૨—૭૬ સને ૯૪.—

નાં. મજસ-૩-ચ-તરણેતર-મેળો--૬૩૧૯--૯૪.— સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના તરણેતર ગામે દર વર્ષે લોકમેળો યોજાય છે. ચાલુ વર્ષે આવો મેળો તા. ૯-૯-૯૪ થી તા.૧૧-૯-૯૪ સુધીનાં સમય દરમ્યાન યોજાનાર છે. લોકમેળા સમયે મંદીરના મહાદેવની જગ્યામાં આવેલ કુંડમાં નાહવા માટે તથા શ્રી તરણેતર મહાદેવનાં દર્શન કરવા માટે બહોળો સમુદાય એકઠો થાય છે. મંદીરની ચારેય દિવાલોનાં વિસ્તારમાં મંદિર તથા કુંડ બન્ને આવેલા છે. સ્ત્રી સમાજ પણ મોટી સંખ્યામાં હોય છે. તેથી લોકોની સલામતીની દ્રષ્ટિએ તેમજ કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (ડબલ્યુ'૩) નીચે લોકમેળો કરવા નિયંત્રણ મુકવા જરૂરી છે. સબબ, તા. ૯-૯-૯૪ થી તા. ૧૧-૯-૯૪ નાં સમય દરમ્યાન આથી નીચે મુજબનાં નિયંત્રણો મુકવામાં આવે છે.

મંદિરના ચોગાનમાં દાખલ થતા ફરતી દિવાલમાં પુર્વ તરફ જે દ્વાર આવેલ છે. તેનો ફકત સ્ત્રીઓનાં આવવા તથા જવા માટે ઉપયોગ કરવો. અને દક્ષિણ તરફનાં દ્વારનો ફકત પુરુષોને આવા જવા માટે ઉપયોગ કરવો. મંદોરની આજુબાજુમાં જાળીવાળો ભાગ છે. અને ઉત્તરે, દક્ષિણે તથા પુર્વ તરફ દરવાજા છે. જેથી દક્ષિણના દરવાજેથી પુરુષો અને ઉત્તરના દરવાજેથી ફકત સ્ત્રીઓ દાખલ થાય. પુર્વ તરફના દ્વારનો બહાર નીકળવા માટે સ્ત્ર પુરુષોએ સામાન્ય ઉપયોગ કરવો જાળીવાળા ભાગમાં ઉત્તર-દક્ષિણ દિશાના દ્વારથી ફરજ પરનાં પોલીસ અમલદારો સ્ત્રી પુરુષોને મર્યાદિત સંખ્યામાં દાખલ થવા દેશે. અને પુર્વ તરફનાં દ્વારેથી બહા નીકળવા દેશે.

ઉપરોકત પેરા-૨ની વ્યવસ્થાનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ નીચે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧ માહે ઓગષ્ટ-૯૪નાં રોજ મારીય સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૧ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

———

**જાહેરનામું**

**નં મજસ-૩-ચ-તરતેતર મેળો-૬૩૨૦/૯૪ —એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી ચોટીલા તાલુકા મુ ચોટીલાના તા ૨૪-૮-૯૪થી રજુ થયેલ અહેવાલ અનુસાર ચોટીલા તાલુકાના તરણેતર મેળો તા ૯-૯-૯૪થી તા ૧૧-૯-૯૪ દરમ્યાન યોજનરા છે આ મેળામાં વિપુલ પ્રમાણમાં જનમેદની એકઠી થાય છે અને.**

જાહેર આરોગ્ય જોખમાઈ તે હેતુથી તરણેતર ગ્રામ પંચાયત વિસ્તારને આ સમય દરમ્યાન કોલેરા, ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવાની ભલામણ છે

સબબ, સને-૧૮૯૭ વાવર રોગ અધિનિયમ-૩માની કલમ-૨ની પેટા-કલમ-૨ મુજબ સરકારશ્રીનાં લોકલસેલ્ફ ગવર્મન્ટ અને પબ્લીક હેલ્થ વિભાગના જાહેર નામા ક્રમાંક-ઈડીએ/૧૧૫૭/પી તા. ૨૦-૧૦-૫૭ થી સુરેન્દ્રનગર જીલ્લાને કોલેરા રેગ્યુલેશન લાગુ પડે છે તે જાહેરનામાની કલમ-૨ તથા ૩ અન્વયે મળેલ સત્તાની રૂએ હું આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર આથી ચોટીલા તાલુકાના તરણેતર ગ્રામ પંચાયત વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કર છ. અને એકઝીકયુટીવ-મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી ચોટીલાને કોલેરા, નિયંત્રણ અધિકારીશ્રી તરીકે નિયુકત કરું છું.

આ જાહેરનામું ચોટીલા તાલુકાના તરણેતર ગ્રામ પંચાયત વિસ્તારમાં તા. ૯-૯-૯૪ થી તા. ૧૧-૯-૯૪ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૧ માહે ઓગષ્ટ, સને ૧૯૯૪. નાં રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે આ જાહેરનામું જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યું.

---

જાહેરનામું

મજસ-૩-૬-તરણેતર મેળો-૬૩૨૨/૯૪.—સુરેન્દ્રનગર જીલ્લામાં ચોટીલા તાલુકામાં તરણેતર ગામે :દર વર્ષે મેળો યોજાય છે તરણેતર ગામનાં સ. નં. ૧૦૭, ૧૦૮માં તા. ૯-૯-૯૪થી તા. ૧૧-૯-૯૪ સુધી લોકમેળો ભરાનાર છે. આ મેળામાં લોકો વાહનો લઈને ઘુંસી જાય છે. અને અડચણ ઉભી કરે છે. અને પરીણામે મેળામાં અકસ્માતની શકયતા નિવારવા અને ટ્રાફીક વ્યવસ્થા જાળવવાનાં આશયથી તેમજ આ મેળામાં જુદા જુદા પ્રાન્તમાંથી માણસો વાહનો દ્વારા થાનગઢ ગામમાંથી તરણેતર ગામે જાય છે. જેથી મેળાનાં સમય દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ મુકવાનું યોગ્ય જણાય છે.

સબબ, સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-૧-બી થી :મળેલ અધિકારની રૂએ હું આર. કે. પરમાર અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર તા. ૯-૯-૯૪થી તા. ૧૧-૯-૯૪ સુધી નીચે જણાવેલ વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ચોટીલા તાલુકાના તરણેતર ગામે સ. નં. ૧૦૭ અને ૧૦૮માં મેળો ભરાતો હોય આ જગ્યામાં કોઈ પણ દીસમે યાંત્રિક વાહનો સાથે પ્રવેશ કરવો નહીં

(૨) થાનગઢથી તરણેતર સુધીનો રોડ એકમાર્ગીય કરવામાં આવેલ હોય તરણેતરથી થાનગઢ આવવા માટે ટુ વીલ અને ફોર વીલર સિવાયનાં વાહનો માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે જેનાં પરિણામે અન્ય વાહન માટે તરણેતરથી થાન આવવા માટે લખધીર ઠાકોર સાહેબનાં વીડમાં થઈ નવાગામ જવાનાં ગાડા રસ્તે થઈ વાયા નવાગામ થાન મારૂતી પોટરી, ઘોળેશ્વર રેલ્વે ફાટક થઈ આવી શકશે

(૩) ધ્રાંગધ્રા તરફથી થાનગઢ ચોટીલા તરફ વાયા-તરણેતર વાહનો સાથે જઈ શકશે નહીં પરંતુ વીજળીયા ગામનાં ભોર્ડ પાસે થઈ વાયા વીજળીયા નવાગામ, થાનગઢ મારૂતી પોટરી ઘોળેશ્વર રેલ્વે ફાટક થઈ જઈ શકશે

(૪) થાનગઢથી ધ્રાંગધ્રા તરફ જવા માટે વાયા-તરણેતર વાહનો સાથે જઈ શકશે નહીં પરંતુ થાનગઢ મારૂતી પોટરી થઈ નવા ગામ વીજળીયા અને વીજળીયા ભોર્ડ પાસેથી ધ્રાંગધ્રા જઈ શકશે

(૫) ચોટીલા તરફથી આવતાં ભારે વાહનો જકાતનાકાથી થાનગઢ શહેરમાં દાખલ થઈ શકશે નહીં તેમજ મુળી તરફથી વઢવાણ રોડથી આવતાં ભારે વાહનો સ્ટેશન રોડ ઉપર પ્રવેશ થઈ શકશે નહીં

(૬) તરણેતર મેળામાં સારા તરફનાં રોડ ઉપર તેમજ થાનગઢ તરફનાં રોડ ઉપર કે જયાં વાહનો માટે પાર્કીંગ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે ત્યાંથી આગળ મેળામાં કોઈપણ જાતનાં યાંત્રિક વાહનો સાથે પ્રવેશ કરી શકાશે નહીં.

આ જાહેરનામાની અસર સરકારી વાહનોને થશે નહીં. જાહેરનામાનો ભંગ કરનાર ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧નીચે શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૩૧મી માહે ઓગષ્ટસને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

આર. કે. પરમાર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જીલ્લો.

---

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંક: રાજ/સીપી/એલબી/-૪/૧૨૧૩/૧૯૯૪—આગામી તા. ૨૭/૮/૯૪ થી તા. ૩૧/૮/૯૪ સુધી જન્માષ્ટમીના તહેવારો સબબ શાસ્ત્રી મેદાનમાં યોજાતા લોકમેળા અન્વયે પ્રજાની સલામતી તેમજ વાહન વ્યવહારના સરળ નિયમન માટે રાજકોટ શહેરના નીચે મુજબના રસ્તાઓ દરેક પ્રકારના વાહનોની અવરજવર માટે સદતર બંધ રાખવાનું હિતાવહ જણાય છે.

(૧) ડૉ. રાજેન્દ્રપ્રસાદ : હરીહર ચોકથી માલવીયા ચોક બન્ને બાજુથી પ્રતિબંધીત

(૨) ડૉ. રાધાકૃષ્ણ રોડ : સુચક દવાખાનાથી શાસ્ત્રી મેદાન તરફ આવવા માટે પ્રતિબંધીત

(૩) સુભાષ રોડ મોટી ટાંકી ચોકથી કોરોનેશન એમ્પેરીયમ ચોક સુધી બન્ને બાજુથી પ્રતિબંધીત

(૪) જવાહર રોડ : જંગ્લીલી ચોકથી ત્રિકોણબાગ સુધી બન્ને બાજુથી પ્રતિબંધીત

ઉપરોકત સમય દરમ્યાન પાર્કીંગ વ્યવસ્થા નીચે જણાવેલ જગ્યાઓમાં રહેશે.

(૧) મોહનદાસ ગાંધી વિદ્યાલય.
(૨) જીલ્લા પુસ્તકાલય ગેસ્ટફોર્ડ સીનમાની બાજુમાં.
(૩) ખાદીભવનની બાજુમાં આવેલ બાર્ટન સ્કુલની પાછળના ભાગે આવેલ ખુલ્લુ કમ્પાઉન્ડ.

જેથી હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ એકટ ૧૯૫૧ની કલમ ૩૩ (૧)અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા. ૨૭/૮/૯૪ના સવારે કલાક ૭/૦૦ વાગ્યાથી તા. ૧/૯/૯૪ની બપોરે સવારે ૪/૦૦ વાગ્યા સુધી ઉપર દર્શાવેલ રસ્તાઓ ઉપર કોઈપણ જાતના વાહનો, જેવા કે સાયકલ, મોટર સાયકલ, મોટરકાર, બસ, ટ્રક રીક્ષા, ઘોડાગાડી, બળદગાડું, ઉંટગાડી, હાથ રેકડી, ટ્રેકટર વિગેરે માટે આ રસ્તા ઉપર અવરજવર કરવાની મનાઈ ફરમાવું છું. હાથથી દોરીને લઈ જવાના વાહનો પણ લઈ જઈ શકાશે નહીં.

આ જાહેરનામું પગપાળા ચાલનારાઓને લાગુ પડશે નહીં તેમજ પોલીસ વાહનો એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટરને આક-

INDEX

આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં. કોઈ આકસ્મીક જરૂરીયાત ઉભી થાય તો પોલીસ ઈન્સ. ટ્રાફીક શાખાની મંજુરી લઈ જે તે વિસ્તારના વસનાર તેમજ નગરપાલીકાના વાહનોને અવરજવર માટે છુટ આપી શકાશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે મુંબઈ પોલીસ એકટની કલમ—૧૩૧ અનુસાર કામ ચલાવી શકાશે.

આજરોજ તા. ૧૮/૮/૯૪ના રોજ મારી રાહી તથા કચેરીના સીક્કા હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

રાજકોટ, ૧૯, માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

કે. આર. કાંશિક
પોલીસ કમિશનર,
રાજકોટ શહેર.

---

સક્ષમ અધિકારી અને અધિક કલેકટર દ્વારા

**સુધારા નોટિસ**

**કલમ—૧૦ (૧)**

**નં. યુએલસી—૬ (૧) ૧૬૪/૭૬ ક.—૧૦ (૧)**

**નં.યુએલસી—૬ (૧) ૧૬૪/૭૬/ક.—૧૦ (૧).—ડો. શાંતિલાલ પી. માલવાણીયા રહે. રાજકોટની વધારાની જમીન અંગે શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ—૧૯૭૬ની કલમ—૧૦ (૧) અન્વયે નોટિસ ગુજરાત રાજયપત્ર ભાગ—૧, પાના નંબર--૩ ઉપર તા. ૨-૧-૮૬નાં રોજ નીચે જણાવેલ વિગતે પ્રસિધ્ધ થયેલી.**

| ગામનું નામ | સર્વે નંબર | પ્લોટ નંબર | વધારાની જમીન ચો. મી. |
|---|---|---|---|
| કોઠારીયા | ૧૫૦ | ૧૨૪ | ૫૧૪—૩૪ |
| રૈયા | ૧૩૬/૧ | ૧૮ પૈકી | ૨૩૫—૦૦ |
| | | | કુલ ... ૭૪૯—૩૪ |

**જે નોટિસમાં કોઠારીયાનાં સર્વે નંબર ૧૫૦ પ્લોટ નં. ૧૨૪ની વિગત રદ કરી નીચે મુજબ નોટિસ સુધારીને વાંચવી.**

| ગામનું નામ | સર્વે નંબર | પ્લોટ નંબર | વધારાની જમીન ચો.મી. |
|---|---|---|---|
| રૈયા | ૧૩૬/૧ | ૧૮ પૈકી | ૨૩૫—૦૦ |

**રાજકોટ. ૧૭ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.**

**આર. બી. દવે,**
**સક્ષમ અધિકારી અને અધિક કલેકટર,**
**શહેરી જમીન ટોચ મર્યાદા,**
**રાજકોટ.**

---

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર દ્વારા

જાહેરનામું

શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમન (અધિનિયમ-૧૯૭૬)

(૧૯૭૬નો ૩૩મો અધિનિયમ)

ક્રમાંક: યુએલસી/જામ/ક.-૬/(૧)/કેસ/-૮૨-૭૬, ઉકત અધિનિયમની કલમ—૯ હેઠળ આખરી પત્રક નિમ્ન અનુસુચિમાં નિર્દિષ્ટ વ્યકિતને તારીખ: ૫-૨-૧૯૯૪નાં રોજ બજાવવામાંઆવતાં સદરહું અધિનિયમની કલમ-૧૦(૧) અન્વયે મળેલ નાની રૂએ, આથી હું જાહેર કરૂ છું કે:-

(૧) ઉકત વ્યકિત તેમાં જણાવ્યાં પ્રમાણે ટોચ મર્યાદાથી વધુ ખાલી જમીન ધારણ કરે છે.

(૨) સદરહું વધુ ખાલી જમીન ફાજલ થયેલ સરકારે સંપાદન કરવાની થાય છે અને

(૩) પ્રસ્તુત જમીનમાં હિત ધરાવતી બધી વ્યકિતઓ જાતે અગર તેમનાં પ્રતિનિધિ દ્વારા આવી જમીનમાં તેમનાં હિત પ્રકારની વિગતો સાથેનાં દાવા ત્રીસ દિવસમાં મારી સમક્ષ રજુ કરી શકશે.

અનુસુચિ

વધુ જમીન ધારણ કરનારનું નામ અને સરનામું :
રતીલાલ જેઠાલાલ વિશરોલીયાના વારસો, મનસુખલાલ રતીલાલ વિ. જામનગર.

(Rjt.) -I-3

INDEX

| ક્રમાંક | વધુ ખાલી જમીન ની ઓળખ માટેનું વર્ણન | | વધુ ખાલી જમીનનું ક્ષેત્રફળ ચો.મીટરમાં. |
|---|---|---|---|
| | જામનગરના રે.સા.નાં. | | |
| (૧) | ૨૯૧ પૈકી પ્લોટ નાં. | ૧૧/૨ | ૪૦૧ |
| (૨) | ,, | ૧૨/૩ | ૩૯૧--૭૫ |
| (૩) | ,, | ૧૨/૪ | ૩૮૬--૭૪ |
| (૪) | ,, | ૧૩/૨ | ૩૪૭--૮૩ |
| (૫) | ,, | ૧૩/૧ | ૩૪૫--૭૮ |
| (૬) | ,, | ૧૨/૨ | ૩૯૪--૭૪ |
| (૭) | ,, | ૧૧/૧ | ૪૦૨--૬૫ |
| (૮) | ,, | ૧૬/ પૈકી | ૩૧--૧૨ |
| (૯) | ,, | ૧૭ | ૫૫૭--૨૧ |
| (૧૦) | ,, | ૧૮ | ૫૪૧--૨૫ |
| (૧૧) | ,, | ૩૮ | ૨૩૪--૧૦ |
| (૧૨) | ,, | ૩૯ | ૪૩૪--૩૨ |
| | | | ૪૪૬૮--૩૮ |

જામનગર, ૧૫ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર,
શહેરી જમીન ટોચ મર્યાદા, જામનગર

જાહેરાત

નં. યુએલસી/૬(૧)/૨૭૨૫/ક.૧૦(૧) શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૦(૧) અન્વયે રાજકોટ ગામના રહીશ શ્રી જયંતિલાલ હિરાચંદ ચોકસી નીચે પ્રમાણે શહેરી જમીન ટોચ મર્યાદા કરતાં વધારે જમીન ધારણ કરતાં હોવાનું જાહેર કરવામાં આવે છે.

| ગામ | સર્વે નંબર | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | |
|---|---|---|---|---|
| મવડી | ૩૫ | ૯ પૈકી | ૫૩૦--૫૯ | ઉત્તર દક્ષિણ શેઢો નાંખી પશ્ચિમ તરફનાં ભાગની. |

ઉપરોકત જમીન ગુજરાત સરકારશ્રી તરફથી ઉપરોકત કાયદા નીચે પ્રાપ્ત કરવાપાત્ર છે.

આ જમીનમાં કોઈનો હક્ક હિત હોય તો પોતે જાતે અગર પોતાના અધિકૃત પ્રતિનિધિ મારફત પોતાનો કંઈ જાતનો, કેવી રીતે હક્ક, હિત છે, તેની રજૂઆત લેખિત જરૂરી આધારો સાથે આ જાહેરાતની તારીખથી દિવસ-૩૦માં કરવી.

રાજકોટ, ૨૫ માહે, જુલાઈ, સને ૧૯૯૪.

જાહેરાત

નં. યુ.એલ.સી./૬(૧).૩૩૬૭/ક-૧૦(૧) શાખા નં. ૨(૩) શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૧૦(૧) અન્વયે રાજકોટ ગામના રહીશ શ્રી હંસીકાબેન અરવીંદભાઇ મણીયાર નીચે પ્રમાણે શહેરી જમીન ટોચ મર્યાદા કરતાં વધારે જમીન ધારણ કરતાં હોવાનું જાહેર કરવામાં આવે છે.

| | ગામ | સરવે નંબર | પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો. મી. | |
|---|---|---|---|---|---|
| (૧) | રાજકોટ | ૧૨૫ પૈકી | તેમના હિસ્સાની | ૧૭--૦૦ | સરકારશ્રીના તથા જમીનધારક બન્નેને |
| (૨) | ,, | ૧૦૧ પૈકી | તેમના હિસ્સાની | ૧૫૦--૦૦ | રહેતા મળે તે રીતે. |
| (૩) | ,, | ૧૦૩ પૈકી | ૫ પૈકી | ૨૫૫--૧૩ | |
| (૪) | ,, | ૨૬ પૈકી | તેમના હિસ્સાની | ૭૫--૦૦ | |
| (૫) | ,, | ૨૬ પૈકી | તેમના હિસ્સાની | ૭૫--૦૦ | |
| | | | કુલ: | ૫૭૨--૧૩ | |

ઉપરોકત જમીન ગુજરાત સરકારશ્રી તરફથી ઉપરોકત કાયદા નીચે પ્રાપ્ત કરવાપાત્ર છે.

આ જમીનમાં કોઈનો હક્ક હિત હોય તો પોતે જાતે અગર પોતાના અધિકૃત પ્રતિનિધિ મારફત પોતાનો કંઈ જાતનો કેવી રીતે હક્ક હિત છે તેની રજૂઆત લેખિત જરૂરી આધારો સાથે આ જાહેરાતની તારીખથી દિવસ --૩૦માં કરવી.

રાજકોટ, ૨૫ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા,
રાજકોટ.

INDEX

કઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ—૮૫ (૧) મુજબનું

જાહેરનામું

નં.વહવ/બીનવારસુ/કેશ નં. ૧/૯૪.—આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે પોલીસ ઈન્સપેક્ટરશ્રી સીટીએ ડીવીઝન પોલીસ સ્ટેશન જામનગરના જાવક નં. ૧૮૫૩/૯૪ તા. ૩૧-૭-૯૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બીનવારસુ લોઈ અને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ—૮૩ (૧) અન્વયે નિકાલ થવા આ કોર્ટને દરખાસ્ત આવેલ છે. સબબ સદરહુ અધિનિયમની કલમ—૮૫ (૧) અન્વય જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ તેના માલિક હોવાનો દાવો ધરાવતો હોય તો તેણે આ જાહેરનામાની તારીખથી છ માસની અંદર આ કચેરીએ રૂબરૂ હાજર થવું સદરહુ મુદત દરમ્યાન જો કોઈ પણ માલીક હાજર થશે નહિ તો સદરહુ અધિનિયમની કલમ—૮૯ અન્વયે મુદ્દામાલનો નિકાલ કરવામાં આવશે જેની ખાસ લોકોએ નોંધ લેવી.

| અનુ. નં. | મુદ્દામાલની વિગત | મુ.પા.નં. તારીખ | સ્ટે. ડાયરી એન્ટ્રી નં. તારીખ | અંદાજી રકમ |
|---|---|---|---|---|
| (૧) | સીટી 'એ' | પત્રક સામેલ છે. | | |

જામનગર, તા માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

**જામનગર સીટી "એ" ડીવીઝન પો. સ્ટે.માં બી.પી.એ ૮ (૨)મુજબ બીનવારસુ હાથ થયેલ મુદ્દામાલ જાહેર હરરાજી કરવાની બાકી રહેલનું**

**"પત્રક"**

**ઓકઝી. મેજીસ્ટ્રેટ અને મામલતદાર દ્વારા**

| અનુ. નંબર ૧ | મુદ્દામાલ પાવતી નંબર ને તારીખ ૨ | સ્ટે. ડા. એન્ટ્રી નંબર તારીખ ૩ | મુદ્દામાલનું વર્ણન ૪ | | રૂા. |
|---|---|---|---|---|---|
| ૧. | ૧/૯૩<br>૧૬/૧/૯૩ | ૧૨/૯૩<br>બી.પી.એકટ૮૨(૨)<br>લોસ પ્રોપર્ટી | ૧. જંતુનાશક દવાનો પંપ<br>૨. જુનો રૂમાલ, તુટેલ ચશ્માની ફ્રેમ<br>૩. એક સુટકેશ, સાડીનંગ ૧, બ્લાઉસ ૩ ચણીયા નંગ ૩, રૂમાલ ૩ લેડીઝ પાકીટ ૧<br>૪. એક પાકીટ રૂા. ૫૬૭/ | કિ.<br><br><br>કુલ | ૧૫૦/–<br>૦૧૦/–<br>૩૫/–<br>૭૯૨/– |
| ૨. | ૨/૯૩<br>૩૦/૩/૯૩ | ૧૮/૯૩<br>,, | સ્કુટરનું ટાયર વ્હીલ પ્લેટ સહીત | <br>કુલ | ૧૦૦/–<br>૧૦૦/– |
| ૩. | ૪/૯૩<br>૪/૫/૯૩. | ૧૨/૯૩<br>,, | એક કાળા કલરની ૨૨"ની સાયકલ ફ્રેમ નંબર વાંચી શકાતા નથી. | <br>કુલ | ૧૦૦/–<br>૧૦૦/– |
| ૪. | ૫/૯૩<br>૪/૫/૯૩ | ૧૩/૯૩<br>,, | એક કાળા કલરની હિરોકંપનીની સાયકલ ડબલ બારની ફ્રેમ નંબર<br>એમએચ—૧૯૭૪૨ ૨૪" સાઈઝ | <br>કુલ | ૧૦૦/–<br>૧૦૦/– |
| ૫. | ૬/૯૩<br>૧૭/૬/૯૩ | ૧૭/૯૩<br>એસ.ટી. લોસ પ્રોપર્ટી | ૧. એક કાળા કલરના જુના પોર્ટફોલીયામાં ટીશર્ટ ૩, લેંઘા ૩ જુનો ૨, લુંગી ૧, થેલી ૧, પાવડરનો ડબ્બો ૧,<br>૨. એક લાલ પાકીટમાં રૂા. ૧૦૦/ની નોટ<br>૩. એક જુના પોર્ટફોલીયામાં જુનું ધોતી ૧, બ્લાઉસ ૧, જુનો લેંઘો ૧, ચડી ૧, | | ૧૫/–<br>૧૦૦/–<br>૫/– |
| ૬. | ૭/૯૩<br>૨૨/૬/૯૩ | ૨૫/૯૩<br>,, | એક લાલ કલરનું લ્યુના મોપેડ નં. જીયુપી—૮૮૨૪ ટીઆરબીઓ કપડાની શીટ છે પેન્ડલ નથી. | | ૪૦૦/– |
| ૭. | ૧૧/૯૩<br>૧/૧૧/૯૩ | ૩/૯૩<br>,, | ૧. એક એટલાસ જુની સાયકલ ફ્રેમ નં. જી.૮૮૨૦૧૧<br>૨. એક એટલાસ કું.,ની સાયકલ ફ્રેમ નં. બી. બી. ૦૫૦૩૧૧<br>૩. એટલાસ કું.ની સાયકલ ફ્રેમ નંબર જીએમ—૩૩૭૪૯૬. | | ૧૫૦/–<br>૧૫૦/–<br>૧૦૦ |
| ૮. | ૧૨/૯૩<br>૧૯/૧૧/૯૩ | ૮/૯૩<br>,, | ૧. એક હીરો કું. ની સાયકલ ફ્રેમ નં. ૧૮૯૮૧ છે તે | | ૧૦૦/– |

INDEX

| ૧ | ૨ | | ૩ | ૪ |
|---|---|---|---|---|
| ૧. | ૧/૯૪ બી. પી. એકટ ૮૨ (૨) ૬/૧/૯૪ | ૧૭/૯૪ લોસ પ્રોપર્ટી | ૧. એક નાની સુટકેશ અંદર લાઈફબોઈ સાબુ ડબ્બો ૧, પ્લાસ્ટીકની બંગડી, કપાસ તેલની શીશી, અરીસો, દાંતીયો, પરચુરણ માલ | એક પાવડરનો કુલ ૧૪૫/- |
| ૨ | ૫/૯૪ ૯/૪/૯૪ | ૨૦/૯૪ ,, | ૧. એક કાળા કલરની એટલાસ કું ની સાયકલ ૨૨" સાઈઝ ફ્રેમ નં. બી, ૧૦૭૭૦૧ | ૨૦૦/- |
| ૩. | ૮/૯૪ ૨૩/૪/૯૪ | ૧૨/૯૪ ,, | સાયકલની ફ્રેમ નંગ ૧૮ સડી ગયેલ છે. તે તેમજ રેન્ડલ, ચીપીયા, ટાયર રીંગ, પંખા, વિ. સાયકલનો સામાન | ૭૦૦/- |
| ૪. | ૯/૯૪ ૨૧/૫/૯૪ | ૨૯/૯૪ ,, | એક બુશ કું., રેડીયો ચાલુ હાલતનો | ૨૦૦/- |
| ૫. | ૧૦/૯૪ ૮/૬/૯૪ | ૩/૯૪ ,, | ૧. એક કાળા કલરની રેન્ડલ ઉપર અનમોલ સાયકલ સર્વીસ લખેલ ફ્રેમ નં. એએફ ૨૩૭૭૮ બી.<br>૨. એક જુના જેવી સાયકલ જેના હેન્ડલ ઉપર એ. ગૌરી ખોડીયાર કોલોની લખેલ છે. ફ્રેમ નં. બી. સી.૧૮૦૫૧૩. | ૧૫૦/-<br>૧૦૦/- |
| ૬. | ૧૧/૯૪ ૮/૬/૯૪ | ૫/૯૪ ,, | ચાર વ્હીલવાળી લાકડાની રેકડી એક રીંગ તુટી ગયેલ છે. | ૭૦૦/- |
| ૭. | ૧૨/૯૪ ૯/૬/૯૪ | ,, | એક બ્લુ કલરની સાયકલ ફ્રેમ નં. ૧૧૮૯ છે. તેની ઉપર જે. ડી. લખેલ છે. | ૧૫૦ |

જામનગર, ૬ માહે ઓગષ્ટ સને ૧૯૯૪

**બી. આર સાગઠીયા**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને**
**મામલતદાર, જામનગર.**

---

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

ધી બોમ્બે પોલીસ એકટની કલમ ૧૯૫૧ની કલમ ૮૫ અન્વયે

**બીન વારસી કેસ મુદ્દામાલ નં. ૧/૯૪ મજમ/વશી/૫૦૩૬.—**

આથી સર્વે જાહેર જનતાને જણાવવાનું કે જામકંડોરણાના પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રી તરફથી જાવક નંબર ફુબરૂ ૧૯૯૪ તારીખ ૨૭ માહે જુલાઈ, સને ૧૯૯૪ અન્વયે આવેલ બીન વારસી મુદ્દામાલ નીચે દર્શાવેલ વિગતેનો બીન ધણિયાતો હોવાથી યોગ્ય નિકાલ થવા અત્રેની કોર્ટમાં આવેલો છે, તો સદરહું મુદ્દામાલ જે કોઈપણ શખ્સ પોતાનો હોવાનો દાવો ધરાવતા હોય, તેમણે આ જાહેરનામાની તારીખથી ૬, (છ) માસની અંદર માલીકી આધાર પુરાવા દસ્તાવેજ સાથે આ કોર્ટમાં અરજદાર થવું.

સદરહું મુદત દરમ્યાન આ બીનવારસી મુદ્દામાલના કોઈ માલીક રજુ નહીં થાય તો સદરહું તમામ મુદ્દામાલ સરકારશ્રીમાં ખાલસા કરવામાં આવશે. જેની દરેકે નોંધ લેવી.

મુદ્દામાલની વિગત

| આનુ.નાં. | માલની વિગત | સાંખ્યા | કિંમત |
|---|---|---|---|
| (૧) | એક સાયકલની ફ્રેમ કાળા કલરની ડબલ બારની એટલાસ કંપનીની ફ્રેમનાં. સી.સી. ૯૨૪૯૨૦ | ૧(એક) | રૂા.-૧૦૦/- |
| (૨) | સાયકલની ફ્રેમ ગ્રીન કલરની ડબલ બારની હીરો કંપનીની ફ્રેમ નાં. પી.ઓ.-૩૬૭૬૧ | ૧(એક) | રૂા.-૧૦૦/- |
| (૩) | સાયકલના પાછળના વીલનો પંખો જેમાં લાલ અક્ષરે રેલબર ૨૦ તેમજ સફેદ અક્ષરે ૨૦ લખેલ તે એટલાસ કંપનીના માર્કાવાળો | ૧(એક) | રૂા. ૧૫/-- |
| | કુલ... | | રૂા.૨૧૫/-- |

જામકંડોરણા, ૧૨ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

બી. એમ. સિપાઈ,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ.
જામકંડોરણા.

---

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

વંચાણે લીધાં : જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જુનાગઢના જાહેરનામા નં. એમ./એજી/સી/૨૩૭/૯૪, તા. ૨૩—૭—૯૪.

જાહેરનામું

નાં. મેજી/સી./૯૪૭/૯૪.— ઉપરોકત વંચાણે લીધેલ જાહેરનામાથી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જુનાગઢ તરફથી સમગ્ર વિસાવદર તાલુકાને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. અને અમોને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવેલ છે. તથા નગરપાલીકા બગે વિસાવદર માટે ચીફ ઓફીસર શ્રી ન.પા. વિસાવદરને નિમંત્રણ અધિકારી તરીકે નીમેલ છે.

INDEX

આથી હું, વી.આર. ભરવાડ, કોલેરા નિયંત્રણ અધિકારી અને મામલતદાર વિસાવદર આથી ઈન્ડીયન એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ના સેકશન ૨(બિ)ના નિયમ -૩ અન્વયે વિસાવદર તાલુકાને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરૂં છું મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચેના હુકમનો અમલ વિસાવદર શહેર તથા વિસાવદર તાલુકાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં કરવાનો રહેશે.

(૧) જે કોઈ વ્યકિતને કોલેરા થાય તો નજીકની હોસ્પીટલમાં તથા અત્રેની કચેરીને જાણ કરવી.

(૨) કોલેરાના રોગના દર્દીના ઝાડા ઉલ્ટી જંતુનાશક દવા નાંખી જમીનમાં ખાડા કરી દાટી દેવા, ખુલ્લામાં કયાંય નાખવા નહીં.

(૩) પાણી ઉકાળીને પીવું તથા જાહેર પાણી પીવાના સ્થળે નાવાધોવાના સ્થળે કોલેરાના રોગના દર્દીનાં ખરાબ થયેલાં કપડા કે અન્ય વાસણો ધોવા નહી.

(૪) સડેલા વધુ પાકી ગયેલા ફળફળાદી કે શાકભાજી વેચવા નહીં.

(૫) ખાદ્ય પદાર્થ વહેંચનારે ઢાંકીને રાખવા.

(૬) શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના તમામ ખાણી-પીણીના સ્થળોએ સ્વચ્છતાનાં ઉચ્ચધોરણો ફરજીયાત જાળવવાના રહેશે.

(૭) ગુલ્ફી, બરફના ગોલા, ઠંડાપીણાનાં વહેચનારાએ ખુલ્લા બજારમાં વેચવા ખાસ કાળજી રાખવાની રહેશે.

(૮) ઉકરડાઓનો ગામની બહાર નિકાલ કરવો અને ચોવીસ કલાકમાં ગામમાંથી ઉપાડી લેવા નહીંતર કેસ કરવામાં આવશે.

(૯) ગંદા પાણીનો વ્યવસ્થિ નિકાલ કરવો. તેમજ જાહેર રસ્તા ઉપર ગંદવાડ કે એઠવાડ ફેંકવો નહીં.

(૧૦) પાણી ઉકાળીને પીવું અથવા બ્લીચીંગ પાવડર નાખીને પીવું.

(૧૧) રેકડીઓમાં તથા દુકાનમાં વેચાતાં ખુલ્લા ખાધ પદાર્થો ફરસાણ-મીઠાઈ ભેળપુરી કે અન્ય નાસ્તાની આઈટમો ખાવી નહીં.

(૧૨) અસ્વચ્છતા થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં કે કરાવવું નહીં.

(૧૩) કોલેરા કોઈને લાગુ પડે કે તુરત જ સારવાર માટે નજીકના આરોગ્ય કેન્દ્રના ડોકટરનો સંપર્ક કરવો.

આ હુકમનો ભંગ કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮માં કરેલ જોગવાઈઓ મુજબ છ માસની કેદ તથા રૂા. ૧૦૦૦/-- દંડ અથવા બંને સજા પાત્ર થશે.

આ જાહેરનામું તારીખ ૨૪-૮-૯૪ સુધીના સમય માટે અમલમાં રહેશે. જરૂર પડયે યથાપ્રસંગે જાહેરનામાની મુદત વધારવામાં આવશે.

આજરોજ તા. ૨૪ જુલાઈ માહે સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

વિસાવદર, ૨૪ માહે જુલાઇ સને ૧૯૯૪.

વી. આર. ભરવાડ,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી,
વિસાવદર.

---

જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

**વંચાણે લીધાં :**

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક—ધ્યખ/૧૪૮/૮૨/ડીડીસી/(૧)/૮૨ ૭૪૨૫—તા. ૨૧-૭-૮૨.

(૨) જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ), સુરેન્દ્રનગરના હુકમ ક્રમાંક —ફડચ/ગ-૧/૯૫૧/૭૦/ તા. ૧૪-૫-૧૯૭૦.

(૩) ફડચા અધિકારીશ્રીના તા. ૩૦/૮/૯૩ના પત્ર ક્રમાંક —૧૫૧૮/૯૩.

(૪) અત્રેના હુકમ નાં. ફડચ/ગ-૩/૩૫૮/૯૪, તા. ૨/૭/૯૪.

(૫) જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), સુરેન્દ્રનગરના હુકમ ક્રમાંક ફડચ/ગ-૩/૫૩૦/૭૭/ તા. ૧૨-૯-૧૯૭૭.

(૬) અત્રેનાં હુકમ નાં. ફડચ/ગ-૩/૩૫૯/૯૪, તા. ૨-૭-૯૪.

**હુકમ**

ક્રમાંક ફડચ/ગ-૩/૬૫૨ તથા ૬૫૩/૯૪,— (૧) શ્રી સર્વોદય મીઠા ઉત્પાદક સ.મં. લી. મું.તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર કે જેની નોંધણી નં. ૩૪૮૦, તા. ૫/૬/૧૯૫૦થી સહકારી કાયદા અન્વયે કરવામાં આવેલ હતી. અને સદરહુ મંડળીને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉદ્યોગ) સુરેન્દ્રનગરના હુકમ ક્રમાંક —ફડચ/ગ-૧/૯૫૧/૭૦, તા. ૧૪-૫-૭૦. (૨) શ્રી ભુતેશ્વર ક્રામજીવી મીઠા ઉત્પાદક સ.મં. લી. મુ. તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર કે જેનાં નોંધણી નં. ઉ.-૧૯૭૩ તા. ૨૮/૧/૧૯૬૪થી સહકારી કાયદા અન્વયે કરવામાં આવેલ હતી. અને સદરહુ મંડળીને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉદ્યોગ) સુરેન્દ્રનગરના હુકમ ક્રમાંક ફડચ/ગ-૨/૫૩૦/૧૯૭૭ તા. ૧૨-૯-૭૭થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થઈ જતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ- ૧૧૪(૨) અન્વયે સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. અને તે જ અધિનિયમની કલમ—૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૧ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

એમ. ડી. ચૌહાણ,
જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ),
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
સુરેન્દ્રનગર.



INDEX

BY THE COLLECTOR

NOTIFICATION

No. N. A. WS/2862.—In exercise of the powers conferred under Section 10 of the Bombay Land Revenue Code, 1879 (Act V of 1879), the Collector of Rajkot District, Rajkot hereby conferes upon the Prant Officer, Rajkot, Gondal Morvi for Non--Agriculture, Rajkot District, Rajkot the powrs of the Collector, as Speciafied below for the purpose of initiating proceedings in cases relating to breach of conditions of non-agriculture permission or Sanads of Rajkot District.

Powers to issue final order after completing the due proceeding of issuing show cause notice etc., in cases of breach under Section--66 and 67 of the Land Revenue Code, 1879 and Rules, 100 & 101 of the said Code.

Rajkot, 3rd, September, 1994.

V. S. GADHAVI,
Collector,
Rajkot District,
Rajkot.

---

કલેકટર દ્વારા

જાહેરનામું

ક્રમાંક:એનએ-વસી-૨૮૬૨-મહેસુલ સંહીતા-૧૮૭૯(સને ૧૮૭૯નો એકટ નં. ૫)ની કલમ-૧૦ મુજબ પ્રાપ્ત થયેલ અધિકારો અન્વયે રાજકોટ જીલ્લાના કલેકટર, આથી બીનખેતીના હુકમોની શરતોના ભંગ, સનંદોની શરતોના ભંગ બદલના કેઈસો ચલાવવાના અધિકારો પ્રાન્ત અધિકારીશ્રી રાજકોટ, ગોંડલ અને મોરબીને એનાયત કરે છે. જેની વિગત નીચે મુજબ છે.

"બીનખેતીના હુકમોની શરતોના ભંગ/સનંદની શરતોના ભંગ બદલના જમીન મહેસુલ સંહીતા-૧૮૭૯ની કલમ-૬૬, ૬૭ તથા નિયમ ૧૦૦, ૧૦૧ હેઠળના કેઈસો ચલાવી આખરી નિર્ણય લેવા સહીતની કાર્યવાહી તથા તેને આનુસંગીક સમગ્ર કાર્યવાહીના અધિકારો."

આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી અમલી બનશે.

રાજકોટ, ૩ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

વી. એસ. ગઢવી,
કલેકટર,
રાજકોટ જીલ્લા,
રાજકોટ.

---

સંદર્ભ.—(૧) મામલતદારશ્રી વલભીપુર તરફથી તૈયાર કરેલ રેવન્યુ મોજણી પત્રક.

(૨) યુવક સેવા અને સાંસ્કૃતીક પ્રવૃતિ ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક જી/વાયસી/૧૫/૫૨૭/એમઆર/૧૧/(૯૩)અ. તા. ૧૧-૫-૯૩.

(૩) મામલતદાર કચેરી વલભીપુરના પત્ર નં. એડીએમ/વશી/૪૬૦૮/૯૩ તા. ૨૧-૧૦-૯૩.

(૪) પુરાતત્ત્વ નિયામકશ્રી અમદાવાદના પત્ર નં. અરલ/૫૧૮૬/૩/૨૨૧૨ તારીખ ૩-૧૧-૯૩.

જાહેરનામું

નં.એકા/૨/વકે/૧૪૩૫/૯૪.—ભાવનગર જિલ્લાના વલભીપુર તાલુકાના લોલીયાણા મુકામે આવેલ મીનારાની માલીકી સંદર્ભ-૧માં જણાવેલ પત્ર મુજબ માલીકી સુન્ની-વકફ કમીટી લોલીયાણા ની બતાવવામાં આવેલ હતી અને તે મુજબ સંદર્ભ-૨થી આ સ્મારકને રક્ષીત સ્મારક જાહેર કરતી વખતે માલીકી ખાનગી બતાવવામાં આવેલ હતી ખરેખર સંદર્ભ-૩થી મામલતદારશ્રી પાસેથી ફેર તપાસ કરાવતાં સુન્ની વકફ કમીટી જેવી કોઈ સંસ્થા લોલીયાણામાં અસ્તીત્વમાં નથી અને માલીકી સાર્વજનીક છે. આ અંગેનું પંચનામું તા. ૧૩-૧૦-૯૩ના રોજ સ્થળ પર કરવામાં આવેલ છે જેથી હવે ગુજરાત પ્રાચીન સ્મારક અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો બાબત અધિનિયમ-૧૯૬૮ના નિયમ-૫(૨) અન્વયે આ સ્મારકની માલીકી સરકારશ્રીની જાહેર કરવામાં આવેલ છે.

ભાવનગર, ૨૫ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

અનિલ મુકીમ,
કલેકટર,
ભાવનગર જિલ્લો,
ભાવનગર.

---

BY THE COMPETENT AUTHORITY AND DEPUTY COLLECTOR

NOTIFICATION

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT--1976 (No. 33 of 1976.)

No. ULC/2/Case-6/1250/1262-1263-1264-1265, Dated 24—8—94.— Where as the Final Statement under section 9 has been served on 31-12-193, to the person shown in below mentioned schedule. I in exercise of the powers confereed upon me under Sub-Section (I) of Section 10 hereby notify that:—

(1) The said person holds vacant land in excess of ceiling limit stated therein ;

(2) the said excess vacant land is to be acquired by the State Government and ;

(3) All the persons interested may file their claims in respect of the said land either personaly or through their agents giving perticulars of the nature of ther interested before me.

INDEX

SCHEDULE

Names of the Excess Holders : Late Shri Lallubhai K. Maniar., Shri Ghansyamlal Lallubhai Maniar, Shri Himatlal Lallubhai Maniar.

Address : : Sherdipith Dello, Sharaf Bazar Bhavnagar

| Sr. No. | Identiacation of area of excess vacant land | Area of vacant land in excess in in Sq. Mtrs. Hactaress. |
|---|---|---|
| 1. | City, Sy. No. 238-239-240 Paiky Press Road. | Sq. Mtrs. 4745--18 |

Bhavnagar, 24th August, 1994.

V. S. MORI,
Competent Authority & Deputy Collector, Urban Land Ceiling, Bhavnagar.

---

સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર જમીન ટોચ મર્યાદા દ્વારા

**શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ-૧૯૭૬, ૩૩મો અધિનિયમ**

જાહેરનામું

**ક્રમાંક:યુએલસી/૨/કેસ--૬/૧૨૫૦-૧૨૬૨-૧૨૬૩-૧૨૬૪-૧૨૬૫ /૭૬.**—ઉકત અધિનિયમની કલમ-૯ હેઠળ આખરી પત્રક નિમ્ન અનુસુચિમાં નિર્દિષ્ટ વ્યકિતને તા. ૩૧-૧૨-૯૩નાં રોજ બજાવવામાં આવતાં સદર અધિનિયમની કલમ-૧૦(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું આથી નિચે મુજબ જાહેર કર છું કે:—

(૧) ઉકત વ્યકિત તેમાં જણાવ્યા પ્રમાણે ટોચ મર્યાદાથી વધુ ખાલી જમીન ધારણ કરે છે.

(૨) સદરહુ વધુ ખાલી જમીન રાજય સરકારે સંપાદન કરવાની થાય છે અને

(૩) પ્રસ્તુત જમીનમાં હીત ધરાવતી બધી વ્યકિતઓ જાતે અગર તેમનાં પ્રતિનિધિ દ્વારા આવી જમીનમાં તેમનાં હીત ઇન્ટરેસ્ટ વિગતો સાથેનાં દાવા અમારી સમક્ષ રજુ કરી શકશે

અનુસુચિ

| | |
|---|---|
| વધુ જમીન ધારણ કરનારનું નામ | સ્વ. લલ્લુભાઈ કે. મણીયાર, શ્રી ઘનશ્યામ લલ્લુભાઈ મણીયાર શ્રી હિમતલાલ લલ્લુભાઈ મણીયાર. |
| સરનામું : | શેરઠીપીઠનો ડેલો, શરાફબજાર, ભાવનગર. |

| ક્રમાંક | વધુ ખાલી જમીનની ઓળખ માટેનું વર્ણન | વધુ ખાલી જમીનનું ક્ષેત્રફળ (ચોરસમીટર) |
|---|---|---|
| ૧. | સી. સ.નં.૨૩૮-૨૩૯-૨૪૦ પૈકી પ્રેસરોડ, ઉપરની | ૪૭૪૫--૧૮ |

ભાવનગર, ૨૪ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

વી. એસ. મોરી,
સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર,
શહેરી જમીન ટોચ મર્યાદા, ભાવનગર.

---

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ-૩ હેઠળનો હુકમ.

જાહેરનામું

નં નાયિ-પલસ-વશી-૩૫૫૧થી ૩૬૦૦ ૯૪.—આગામી દિવસોમાં જન્માષ્ટમી, ઈદે મિલાદ, રક્ષાબંધન વિગેરે તહેવારો આવતા હોય, જેનાં અનુસંધાને અમરેલી શહેર તથા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ સભા, સરઘસ તેમજ રેલી નકાઢે કે ભરે તે હેતુથી મુંબઈ પોલીસ એકટની કલમ-૩૭ની પેટા કલમ-૩ અન્વયે સભા સરઘસબંધી ફરમાવવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલીએ દરખાસ્ત કરેલ છે

આથી અમરેલી જિલ્લા અને શહેરની સંવેદનશીલ પરિસ્થિતિ તથા હાલનાં વાતાવરણને ધ્યાનમાં લેતા જિલ્લા પોલીસ અધિકારીશ્રીની ઉકત દરખાસ્ત જે ધ્યાને અમરેલી શહેર તથા જિલ્લામાં કોઈ ચોક્કસ વિસ્તારમાં સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરસ્થિતિ જળવાઈ રહે તે માટે નીચેનો હુકમ કરવા જરૂરી જણાય છે

જેથી હું એ. કે. અનસારી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ યોગ્ય અધિકારીની એટલે કે, અમરેલી શહેર સુધરાઈ વિસ્તાર માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલી તથા તાલુકાઓ માટે તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની મંજુરી સિવાય તા. ૨૦-૮-૯૪ થી તા. ૩-૯-૯૪ બંન્ને દિવસો સહિત અમરેલી જિલ્લા અને શહેરનાં વિસ્તારની હદની અંદર સભા મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વધુમાં આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓનું લાગુ પડશે નહિ.

૧. ફરજ પરના કોઈ ગૃહ રક્ષક દળનાં વ્યકિતઓને.
૨. કોઈ લગ્નનાં વરઘોડાને.
૩. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે ફરજ પરના કર્મચારીને.
૪. કોઈ સ્મશાનયાત્રાને.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર તથા દંડદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૯-૮-૯૪નાં રોજ મારી સહી તથા સિકકો કરી હુકમ બહાર પાડયો.

એ. કે. અનસારી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

**નાં./એમએજી/કેસ નાં./૩/૯૪.**—જુનાગઢ જીલ્લાના વેરાવળ તાલુકાના વેરાવળ સીટી પોલીસ સ્ટેશનનાં તારીખ ૨૨-૮-૧૯૯૪ ના રિપોર્ટથી નીચેની વિગતેનો બિનવારસી મુદ્દામાલ રજુ થયેલ છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૮૨ મુજબ વ્યવસ્થા કરવાની થાય છે. જેથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે સદરહુ મુદ્દામાલ જે કોઈ શખ્સનો હોય તેણે આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૬ (છ) માસની અંદર આધાર પુરાવા સાથે માલીકી હકક સાબીત કરી આપવાનો રહેશે. અન્યથા સદરહુ મુદ્દામાલ સરકાર ખાલસા ગણી જાહેર હરરાજીથી નિકાલ કરવામાં આવશે.

INDEX

| અનુ. નંબર | મુદ્દામાલની વિગત | અંદાજી કિંમત |
|---|---|---|
| ૧ | હિરો જેટ સાયકલ કાળા કલરની ડબલ બારની ૨૨" ની સાઈઝની ફ્રેમ નાં. ઓડી ૬૩૮૨૪ની એક | રૂા. પૈ. ૩૦૦-૦૦ |

વેરાવળ, ૩૧ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

---

જાહેરનામું

નાં.એમએજી/બિનવારસી/કેસ નાં./૨/૯૪.—જુનાગઢ જીલ્લાના વેરાવળ તાલુકાના વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના તારીખ ૧૮-૮- ૯૪ના રિપોર્ટથી નીચેની વિગતેનો બિનવારસી મુદ્દામાલ રજુ થયેલ છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૨ મુજબ વ્યવસ્થા કરવાની થાય છે. જેથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, સદરહુ મુદ્દામાલ જે કોઈ શખ્સનો હોય તેણે આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૬ (છ) માસની અંદર આધાર પુરાવા સાથે માલીકી હક્ક સાબીત કરી આપવાનો રહેશે. અન્યથા સદરહુ મુદ્દામાલ સરકાર ખાલસા ગણી જાહેર હરરાજીથી નિકાલ કરવામાં આવશે.

| અનુ. નંબર | મુદ્દામાલની વિગત | અંદાજી કિંમત |
|---|---|---|
| ૧ | રૂપિયા પાંચના દરની નોટ નંગ—૧ | રૂા. ૫--૦૦ |
| ૨ | રૂપિયા બેના દરની નોટ નંગ—૨ | રૂા. ૪--૦૦ |
| ૩ | રૂપિયા બે આના ખંદર પૈસાનું પરચુરણ | રૂા. ૨--૧૫ |
| ૪ | ગુલાબી કલરની કેપ્સ્યુઅલ, શીવાજી બીડી, બે બાકસ, પ્લાસ્ટીકની ફ્રેમવાળા ચશ્મા જોડી-૧ જે એક પડીકામાં રાખેલ તે | રૂા. ૦--૦૦ |
| | કુલ | રૂા.૧૧--૧૫ |

વેરાવળ, ૨૪ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

(સહી)અવાચ્ય
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
વેરાવળ.

---

જાહેરનામું

વંચાણ :—વહીવટદારશ્રી પાટડીના પત્ર નં. ગપચ-વહટ-જાહેર સલામતી ૮-૯૪ તા. ૨૫-૮-૯૪

ક્રમાક-મજમ-૭-૮-૯૪.—પાટડી ગામે પાટડી વિરમગામ રોડની બાજુમાં તાલુકા પંચાયત નજીક નવા દરવાજા બહાર આવેલ પાણીની જુની ટાંકી જમીન દોસ્ત કરી, પાડવાની કામગીરી તા. ૪-૯-૯૪ને રવિવાર સવારના ૮-૦૦ વાગ્યાથી શરૂ કરી ટાંકી પાડવાની કામગીરી પુરી થાય ત્યાં સુધીનાં સમય માટે સદરહું ટાંકીની આસપાસના ૫૦ (પચાસ) મીટર વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવા જરૂરી જણાય છે. વાસ્તે હું.એફ. એ. બાભી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, દસાડા તાલુકા પાટડી મને મળેલ અધિકાર ની રૂએ સી. આર. પી. સી. ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે ટાંકીની આસપાસના ૫૦ મીટર સુધીના વિસ્તારમાં કોઈ પણ જાનહાનિ ન થાય તથા સલામતી માટે કામ કરનાર કારીગરો તથા દેખરેખ રાખનાર કર્મચારી સીવાય, કોઈને પણ સદરહું, પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવા સામે આથી મનાઈ ફરમાવું છું.

જાહેર રસ્તા ઉપર વાહનોની તથા વ્યકિતઓની અવરજવર કોઈપણ જાનહાની તથા નુકશાન ન થાય તે રીતે નિયમન કરવાની તથા બંદોબસ્ત જાળવવાની ઉપરોકત સમગ્ર સમય દરમ્યાન પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી બજાણાની રહેશે.

પાટડી, ૩૧ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

એફ. એ. બાભી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
દસાડા તાલુકો—પાટડી.

---

કોલેરા નિયંત્રણ અધિકારી અને મામલતદાર દ્વારા જાહેરનામું

નાં. વહવ- ૮-૯૪.—જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરનાં જાહેરનામા ક્રમાંક ડીએમડીસીએચ-૩૬૬૧-૩૭૫૦-૯૪ તા. ૧૮-૮-૯૪ થી જીલ્લાનાં જુદા જુદા વિસ્તારમાં ઝાડા, ઝાડા-ઉલટી, કોલેરા પોઝીટીવ કેસો નોંધાયેલ હોય, આ રોગનો ફેલાવો થતાં અટકાવવા માટે તાત્કાલીક પગલા લેવા માટે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરનાં ઉકત જાહેરનામાથી અમોને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક કરેલ છે, અને એપેડેમીક ડીસીઝ એકટ નાં. ૩ ઓફ ૧૮૯૭ની કલમ-૩ હેઠળ સત્તાઓ સોંપેલ છે.

સબબ સામાને એપેડેમીક ડીસીસ એકટ ૧૮૯૭ની કલમ-૨ તથા (ડી) મુજબ મળેલ સત્તાની રૂએ ખંભાલીયા તાલુકાની મ્યુની-સીપાલ વિસ્તાર સિવાયના ગામોને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂં છું.

આજરોજ તા. ૨૩મી ઓગસ્ટ સને ૯૪નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડયું.

ખંભાલીયા, ૨૩ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
કોલેરા નિયંત્રણ અધિકારી અને
મામલતદાર, ખંભાલીયા.

---

ચીફ ઓફીસર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા જાહેરનામું.

વંચાણે લીધા :- જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગરના જાહેરનામા ક્રમાંક ડીએમ-ડીસીએચ/૩૬૬-૩૭૫૦ તા. ૧૮/૮/૯૪.

નાં. જીલ્લા મેજીસ્ટ્રેટ જામનગરના તા. ૧૮/૮/૯૪ના જાહેરનામા થી ધ્રોળ તાલુકાને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરેલ છે તેથી ચાલુ વર્ષમાં રોગચાળો વધતો અટકાવવા જાહેર હિત તથા લોકોના આરોગ્યના હિતમાં રોગ અટકાયતી પગલાં લેવા માટે ધ્રોલ મ્યુનિ. બ્યુરો વિસ્તારમાં ચીફ ઓફીસરશ્રી તથા આ તાલુકાના અન્ય ગામો માટેના વિસ્તાર પુરતા એપેડેમીક ડીસીઝ એકટ ૩ અને ૧૯૮૭ની કલમ ૨ તથા નિયમ-૨ની જોગવાઈ અન્વયે કોલેર નિયંત્રણ અધિકારી તરીકે નિયુકત કરતા હું શ્રી આર. ટી. ગોસાઈ ચીફ ઓફીસર અને કોલેરા નિયંત્રણ અધિકારી ધ્રોલ, ધ્રોલ તા. પંચાયત (મ્યુ. બ્યુરો વિસ્તાર) ધ્રોલ ગામના વિસ્તારમાં નીચેની સુચનાઓનો અમલ આ રોગથી બચવા માટે કરવાનો છે. તેમ જાહેર કરૂં છું.

(૧) દરેક ખાનગી ડોકટરોએ કે વૈદ્યોએ તેમની પાસે રોગ-ચાળા કોલેરાના કેસ સારવાર માટે આવે કે તુરત જ તેની જાણ સ્થાનિક સરકારી દવાખાનામાં મેડીકલ ઓફીસરશ્રી ને કરવી.

INDEX

(૨) સરકારશ્રી તરફથી નિમાયેલ સ્ટાફ કે જે કાંઈ મકાનમાં જંતુનાશક દવા છાંટવા આવે તે છાંટવા દેવી, કોઈપણ રહેણાંક બીન રહેણાંક વાગું મકાન જંતુનાશક દવા છાંટવા સિવાય રહેવુ જોઈએ નહીં.

(૩) કોઈપણ વ્યકિત રોગચાળા કોલેરાથી પીડાતી હોય પર તુ અધિકૃત અધિકારીશ્રી તરફથી લોહી પરીક્ષણ માટે માંગવામાં આવે તો લોહી પરીક્ષણ કરવા દેવું .

(૪) રોગચાળા કોલેરાથી પીડાતી દર્દીને અધિકૃત અધિકારીશ્રી તરફથી સુચના મળે તે રીતે સારવાર કરવી.

(૫) ફેકટરી કે કારખાનાનાં માલીકશ્રીએ તેની નીચે કામ કરતા મજુરો રોગચાળા કોલેરાથી પીડાતા હોય તો તે વિશેની જાણ સરકારી દવાખાને તુરતજ કરવી.

(૬) જાહેર પાણીના સ્થળે કોલેરાવાળા દર્દીના કપડા ધોવા નહીં કપડા વાસણ વિ. ઉકળતા પાણીમાં સાફ કરવા કોઈપણ વ્યકિત બાંધકામ કે બીજા હેતુ માટે રોગચાળા કોલેરાગ્રસ્ત વિસ્તારમાં ૨૦ કરતાં વધારે માણસો એકઠા કરવા માંગણી હોય તો તેણે ૧૫ દિવસ અગાઉથી અમારી પુર્વ મંજુરી લેવાની રહેશે.

(૭) જાહેર જળાશયો જેવા કે નદી, તળાવ, કેનાલ વરસાદનું પાણી ભરાઈ રહેતુ હોય તે પાણી બગડે તેવું કાર્ય કરવું નહી તેમજ ખાનગી માલીકોના મકાનની કુંડી, ગટરો, ખાબોચીયામાં પાણી ભરાઈ ન રહે તેવી તેના માલીકો એ તકેદારી રાખવી તથા મચ્છર માખીના ઉપદ્રવ થાય નહીં તે માટે બહાર ગંદુ પાણી વહેવડાવી ને કે ઉકરડો કરી ગંદકી કરવી નહીં.

(૮) ખાવા પીવાના ધંધાર્થીઓએ ખાદ્ય પદાર્થો ઢાંકીને રાખવા અને તંદુરસ્તીને હાનીકારક પદાર્થ વેચાણ કરવા નહીં. સડેલા કે વધુ પાકી ગયેલા ફળફળાદી શાક ભાજી વેચવા નહીં તેનો નાશ કરવો.

(૯) પાણી ઉકાળીને પીવું, ગ્લીચીંગ પાવડર નાખીને પીવું, ગુલ્ફી કે ખુલ્લા રખાયેલ પદાર્થોનો ઉપયોગ કરવો નહીં.

(૧૦) આરોગ્યપ્રદ થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત સામે ઈન્ડીયન પીનલકોડ કલમ-૧૧૮ મુજબ છ માસની સજા અથવા રૂપિયા ૧૦૦૦/- દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

આ જાહેરનામું તા. ૨૪/૮/૯૪થી અમલમાં રહેશે

ધ્રોલ, ૨૪ માહે ઓગસ્ટ સને ૧૯૯૪.

આર.ટી. ગોંસાઈ,
ચીફ ઓફીસર,
નગર પંચાયત,
(મ્યુ. બ્યુરો) ધ્રોલ.

---

**જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા**

**વંચાણે લીધાં :**

**(૧) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગ સચિવાલય અમદાવાદના હુકમ ક્રમાંક: ધ-૨૭૭-ડી.ડી.સી. ૧૧૬૮-૧૮૪૯૬ બી, તા. ૨૭/૫/૬૮.**

**(૨) નિયામકશ્રી, કુટિર ઉદ્યોગ અને ઔદ્યોગિક સહકાર ગુજરાત રાજ્ય અમદાવાદના આ.સ. પત્ર ક્રમાંક: ગ-વહીવટ ૪૫૬/૭૮ તા. ૨૨-૮ ૭૮.**

(૩) અત્રેના કાર્યાલયના હુકમ ક્રમાંક : ફડચ-ચ-૬૫૧-૯૪ તા. ૧૪-૬-૯૪ ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

ક્રમાંક:ફડચ-૯૨૪૩-સને-૯૪.—શ્રી જગેશ્વર મહાદેવ વાંસ કામદાર સહકારી મંડળી લી. મુ. જળીયા, તા. અમરેલી, જી. અમરેલી જે નોંધણી નં. ઉ-૧૫૯૨ તા. ૧૪-૬-૮૯થી નોંધવામાં આવેલ છે.

ઉપરોકત મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ જે ઉપરોકત ક્રમાંક-૩માં દર્શાવેલ નં તારીખથી જણાવેલ કારણોસર કાઢવામાં આવેલ હતો. ઉપરોકત હુકમ અન્વયે મંડળીને કોઈપણ રજુઆત કરવાની હોય તો માસ એડમાં ટુંકા અગર પત્રથી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. આ સમય દરમ્યાન મંડળી તરફથી લેખીત અગર ટુંકા રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોકત મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવેલ છે. તેને બહાલી આપતો નીચે પ્રમાણે આદેશ કરવામાં આવે છે.

હું, શ્રી જે. એસ. દોશી, મેનેજર, ખાદી વિલેજ અને ક્રોફેજ ઈન્ડસ્ટ્રીઝ અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) અમરેલી મને મળેલ સત્તાની રૂઈએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-સને ૧૯૬૧ની કલમ ૧૦૩(૩) અન્વયે શ્રી જગેશ્વર મહાદેવ વાંસ કામદાર સહકારી મંડળી લી. મુ. જળીયા, તા. અમરેલી, જી. અમરેલીને ફડચામાં લઈ જવાનો આથી અંતિમ આદેશ કરવમાં આવે છે.

સદરહુ અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) જી.૨૯૧ (ઉદ્યોગ) કેન્દ્ર અમરેલીની નિમણુંક કરવામાં આવે છે.

ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે.

અમરેલી માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

---

**વંચાણે લીધાં :**

**(૧) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગ સચિવાલય અમદાવાદના હુકમ ક્રમાંક: ધ-૨૭૭-ડી.ડી.સી.-૧૧૬૮-૧૮૪૯૬-બી, તા. ૨૭/૫/૬૮**

**(૨) નિયામકશ્રી કુટિર ઉદ્યોગ અને ઔદ્યોગિક સહકાર ગુજરાત રાજ્ય અમદાવાદના આ.સ. પત્ર ક્રમાંક:-ગ.વી.ટી. વહીવટ-૪૫૬-૭૮ તા. ૨૨-૮-૭૮.**

**(૩) અત્રેના કાર્યાલયના હુકમ ક્રમાંક: ચ-૪૫૧-૯૪ તા. ૧૪-૬-૯૪ ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.**

ક્રમાંક ફડચ-ચ-૬૫૬-સને-૯૪.— શ્રી જય ભારત વાંસ કામદાર સહકારી મંડળી લી. મુ. બગસરા, તા. કુકાવાવ, જી. અમરેલી જે નોંધણી નં. ઉ-૧૫૯૨ તા. ૨-૧૨-૮૮થી નોંધવામાં આવેલ છે.

ઉપરોકત મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ જે ઉપરોકત ક્રમાંક-૩માં જણાવેલ નં તારીખથી તેમાં જણાવેલ કારણોસર કાઢવામાં આવેલ હતો. ઉપરોકત હુકમ અન્વયે મંડળીને એ કોઈપણ રજુઆત કરવાની હોય તો માસ એડમાં ટુંકા અગર પત્રથી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. આ સમય દરમ્યાન મંડળી તરફથી લેખીત અગર ટુંકા રજુઆત કરવામાં આવેલ નથી. જેથી ઉપરોકત મંડળીને ફડચામાં લઈ લઈ જવાનો હુકમ કરવામાં આવેલ છે. તેને બહાલી આપતો આપતો નીચે પ્રમાણે આદેશ કરવામાં આવે છે.



INDEX

આદેશ

હું જે. એસ. દોશી, મેનેજર, ખાદી વિલેજ અને કોટેજ ઈન્ડસ્ટ્રીઝ અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) અમરેલી મને મળેલ સત્તાની રૂઈએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-સને ૧૯૬૧ની કલમ ૧૦૭(૩) અન્વયે શ્રી જયભારત વાંસ કામદાર સહકારી મંડળી લી. મુ. બગસરા, તા. કુંકાવાવ, જી. અમરેલીને ફડચામાં લઈ જવાનો આથી અંતિમ આદેશ કરવામાં આવે છે.

સદરહુ અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે મંડળીના ફડચાધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમરેલીની નિમણુંક કરવામાં આવે છે.

ફડચાની કામગીરી નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે.

અમરેલી, ૩૦ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

———

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ- ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ

(૨) સરકારશ્રીના ખેતીવાડી અને સહકાર વિભાગ, સચિવાલય અમદાવાદના હુકમ નં. ધ-ખ-૨૭૭-ડી.ડી.સી./૧૧૬૮-૧૮૪૯૬-બી, તા. ૨૭-૫-૧૯૬૮.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: ફડચ/ચ/૪/૫૩૪/૯૪, તા. ૪-૭-૯૪.

આદેશ

ક્રમાંક: ફડચ/ચ/૯૨૪૯/સને-૯૪,—હું, શ્રી જે. એસ. દોશી, મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજીસ્ટ્રાર,સહકારીમંડળીઓ (ઉદ્યોગ) અમરેલી મને મળેલ સત્તાની રૂઈએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૦૭(૩) અન્વયે શ્રી તાંતણીયાં જુના રોહીદાસ ચર્મોદ્યોગ સહકારી મંડળી લી. મુ. તાંતણીયાં, તા. ખાંભા, જી. અમરેલીને ફડચામાં લઈ જવાનો આથી અંતિમ આદેશ કરવામાં આવે છે. સદરહુ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી(ફડચા) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમરેલીની નિમણુક કરવામાં આવે છે. ફડચાની કાર્યવાહી નિયત સમયમાં પુર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૩૦ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

જે. એસ. દોશી,
મેનેજર,
ખાદી વિલેજ અને કોટેજ ઈન્ડસ્ટ્રીઝ,
અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
અમરેલી.

———

વંચાણે લીધાં (૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: હ/૨૮/૮૪/ડી.ડી.સી./૧૧૮૨/૭૪૨૫/ તા. ૨૨/૩/૮૪.
(૨) શ્રી ચાન્દ્રા ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ.સ. મં. લી. મું. જામનગર તા. જામનગર જી. જામનગરના તા. ૯૪ નો પત્ર.
(૩) શ્રી સબ ઓડીટર સ.મં.લી. (૩) જામનગર તરફથી તા. ૨૯/૬/૯૪- તથા ૮/૮/૯૪નો પત્ર.
(૪) શ્રી જોડીયા વિભાગીય ઔદ્યોગિક મહિલા સહકારી મંડળી લી. મું. જોડીયા, તા. જોડીયા, જ. જામનગર.
(૫) શ્રી ઓખા મંડળ મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી. મું. દ્વારકા, તા. ઓખામંડળ, જીલ્લા: જામનગરનો તા., ૯૪નો પત્ર.
(૬) શ્રી ભાણવડ મહિલા હસ્તકલા ઉ. સહકારી મંડળી લી. મું. ભાણવડ, તા. ભાણવડ જી. જામનગર, ૯૪નો પત્ર.
(૭) શ્રી ઓખા મંડળ ચર્મોદ્યોગ ઉત્પાદક સહકારી મંડળી મું. મકનપર, તા. ઓખામંડળ, જી. જામનગરનો ૯૪નો પત્ર
(૮) શ્રી ધ્રોલ જુથ મહિલા ઔદ્યો.સ. ગૃહઉદ્યોગ સ.મં.લી. મુ.તા. ધ્રોલ, જી.જામનગરનો તા. ૯૪ નો પત્ર.
(૯) શ્રી જયશ્રી નવદુર્ગા મહિલા ઉદ્યોગ સહકારી મંડળી લી. મું. ગઢકા, તા. કલ્યાણપુર જી. જામનગરનો તા. ૯૪નો પત્ર.
(૧૦) શ્રી શુભશ્રી કાર્પેટ મેન્યુ. સહકારી મંડળી લી. મું.જામનગર, તા.જી. જામનગરનો—૯૪નો પત્ર.

અંતીમ આદેશ

હું, આર.જી. રોબરીયા જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જામનગર અમોને મળેલ અધિકારની રૂએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ અને ૧૯૬૧ની કલમ ૧૦૭(૧) ક તથા ૧૦૭(૧) ગ/૧ અન્વયે નીચે જણાવેલ જામનગર જીલ્લાની સહકારી મંડળીઓ કે જેનો નોંધણી નંબર અને તારીખ કોલમ ૩માં દર્શાવેલ છે. તેને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરું છું.

સદરહુ અધિનિયમની કલમ ૧૦૮(૧) અન્વયે મંડળીનાં ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) કચેરીમાં જામનગરની નિમણુંક કરવામાં આવે છે તેઓએ મંડળીની ફડચાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં પુર્ણ કરવાની રહેશે

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ ગામ અને તાલુકો<br>૨ | નોંધણી નંબર અને તારીખ<br>૩ |
|---|---|---|
| ક્રમાંક: જાઉકે/સહડાર/૨૫૩૬<br>તા ૨૫/૮/૯૪. | શ્રી ચાન્દ્રા ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ.સો.લી. સહકારી મં.લી.<br>મું. તા. જામનગર | ઉ-૪૯૬૫, તા. ૨૨/૯/૮૬ |
| — ,, — ૨૫૩૭ | શ્રી જોડીયા વિભાગીય ઔદ્યોગિક મહિલા સહકારી<br>લી. મું./તા. જોડીયા | ઉ-૫૯૮૯, તા. ૭/૨/૮૭ |
| — ,, — ૨૫૩૮ | શ્રી ઓખામંડળ મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી.<br>મુ દ્વારકા, તા. ઓખામંડળ | નં ૬૭૮૭,<br>તા. ૩/૧૧/૮૭ |

INDEX

| ૧ | | ૨ | ૩ |
|---|---|---|---|
| ક્રમાંક/જાઉકે/૨૫૩૯ તા. ૨૫-૮-૯૪. | | શ્રી ભાણવડ મહિલા હસ્તકલા ઉ.સહ. મંડળી લી મું. ભાણવડ, તા. ભાણવડ | ઉ ૬૭૮૪, તા. ૨૯/૧૦/૮૭ |
| ,,—,, | ૨૫૪૦ | શ્રી ઓખામંડળ ચર્મોદ્યોગ સહકારી મંડળી લી મું. મકનપુર, તા. ઓખામંડળ | નં. ૮૯૯૪, તા. ૩૦/૧૦/૮૪ |
| ,,—,, | ૨૫૪૧ | શ્રી ધ્રોલ જુથ મહિલા ઔદ્યો. ગૃહઉદ્યોગ સ.મં.લી. મુ. તા. ધ્રોલ, | ઉ ૫૯૭૬, તા. ૨૦/૯/૮૫ |
| ,,—,, | ૨૫૪૨ | શ્રી જયશ્રી નવદુર્ગા મહિલા ગૃહ ઉદ્યોગ સહ મં.લી. મંડળી લી. મું. ગઢકા, તા. કલ્યાણપુર | ઉ ૫૦૫૬, તા. ૧૮/૧૨/૮૯ |
| ,,—,, | ૨૫૪૩ | શ્રી શુભશ્રી કાર્પેટ મેન્યુ સહકારી મંડળી લી, | ઉ ૫૦૩૬ તા. ૨૦/૧૦/૮૬ |

જામનગર, ૨૫ માહે ઓગસ્ટ સને ૧૯૯૪.

આર. જી. ડોબરીયા
મેનેજર (કે.વી.સી.આઈ.)
અને જીલ્લા રજીસ્ટ્રાર
મ. મં. (ઉદ્યોગ) જામનગર.

---

વંચાણે લીધાં :

(૧) અત્રેની કચેરીના ફડચાના અંતીમ હુકમ નંબર ફડચ/ચ/૩૫/૧૬૯૪/૯૩ તા. ૭/૭/૯૩.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ ૧૧૪(૧)ની જોગવાઈ.

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન નંબર એચ.કે.એમ. ૨૪/ડીસી/૨૧૮૮/૫૨૦૪/ તા. ૩૦/૩/'૯૪.

(૪) સહકારી અધિકારી (ફડચા)ના પત્ર ક્રમાંક: ૫૨૬ તથા ૫૨૭ થી રદ કરવાનો અહેવાલ.

હુકમ

ક્રમાંક: ફડચ/ચ/૨૩૨૨/૨૩૩૧/૯૪.—શ્રી ખાખરીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. ખાખરીયા, તા. બાબરા જિલ્લા અમરેલીનો વંચાણે લીધેલ ક્રમ નં. ૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

સદરહુ મંડળીના નોંધણી નંબર ૮૮૬૩ તા. ૧૯૭૫ થી નોંધાયેલ છે.

આ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૧૪(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી ખાખરીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ખાખરીયા, તા. બાબરા, જિ. અમરેલીના ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

---

ક્રમાંક: ફડચ/ચ/૨૩૩૧/૯૪.—શ્રી ખડાધાર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. ખડાધાર, તા. ધારી, જિલ્લા અમરેલીનો વંચાણે લીધેલ ક્રમ નં. ૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

સદરહુ મંડળીના નોંધણી નંબર ૧૩૬૮૧ તા. ૧૯૭૫ થી નોંધાયેલ છે.

આ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૧૪(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી ખડાધાર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ખડાધાર, તા. ધારી, જિ. અમરેલીની ફડચાના કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું તેમજ આજ કાયદાની કલમ ૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

અમરેલી, ૩૧ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

એ. એસ. ધોધાર,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

---

વંચાણે લીધાં: (૧) શ્રી નામદાર સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: સ-૨૮/૮૪/૧૧૮૨/૭૪૨૫-ગ તા. ૨૨-૩-૮૪.
(૨) શ્રી મેનેજર શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેન્ક લી. ભાવનગરના તા. ૨૨/૨૬-૪-૯૪ના ક્રમાંક: ઈન્સ/૩૭/૨૭૦.
(૩) આ કચેરીનાં ક્રમાંક: વહટ/૦૧/ગ ૧/૧૪૮/૧૯૯૪ તા. ૨-૭-૧૯૯૪થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.
(૪) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે મળેલ અધિકાર.
(૫) શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેન્ક લી. નાં પત્રાંક :ઈન્સ/૩૭/૨૬૬/તા. ૨૨/૨૬-૪-૯૪
(૬) આ કચેરીના ક્રમાંક: સવન/૦૧/(ગ૧) ૧૪૭/૧૯૯૪ તા. ૨-૭-૧૯૯૪થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.
(૭) શ્રી મેનેજર શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેન્ક લી. ભાવનગરના તા. ૧૯-૭-૯૪ના પત્રાંક: ઈન્સ./૩૫/૨૬૬૪
(૮) આ કચેરીના ક્રમાંક: સવન/૦૧/ગ-૧/૮૯૪/૧૯૯૩ તા. ૧૩-૧૦/૯૩થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.
(૯) આ કચેરીની તા. ૮-૮-૯૪થી મંજુર થયેલ નોંધ.
(૧૦) શ્રી મેનેજર શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેન્ક લી.ભાવનગરના તા. ૨૨-૨૬/૪/૯૪ના પત્રાંક:ઈન્સ./૩૭/૨૬૨.
(૧૧) આ કચેરીના તા. ૨/૭/૧૯૯૪નાં જા.નં. વહટ/૦૧/ગ-૧/૧૪૫/૧૯૯૪થી આપવામાં આવેલ કારણદર્શક નોટિસ.
(૧૨) શ્રી પ્રમુખશ્રી હરિ કો.ઓપ.હા.સોસા.લી. મહુવા, નો તા. ૧૯/૭/૧૯૯૪ના પત્રથી થયેલ રજુઆત.
(૧૩) આ કચેરીની તા. ૧૬-૮-૯૪નાં રોજની મંજુર થયેલ નોંધ.

INDEX

આદેશ

ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ –૧૯૬૧ની કલમ –૮૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે.બી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ભાવનગર જીલ્લાના નીચે જણાવેલ સહકારી મંડળીઓ કે જેનો નોંધણીનં નંબર અને તારીખ કોલમ નં. ત્રણમાં દર્શાવેલ છે. તેન વ્યવસ્થા કમિટિને દુર કરી તેમની જગ્યાએ તેજ કાયદાની કલમ-૮૧(૧) (બ) અન્વયે શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેન્ક લી. ભાવનગરની વહીવટદાર તરીકેની નિમણુંક કરૂ છું અને વહીવટદારશ્રીએ ચાર્જ સંભાળ્યાની તારીખ થી એક વર્ષની મુદત માટે આથી નિમણુંક કરૂ છું.

વહીવટદારશ્રીએ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ –૧૯૬૧ની કલમ –૮૧(૨) અન્વયે આ કચેરીમાં નિયંત્રણને આધિન રહીને મંડળીના વ્યવહારમાં નાણાંકીય લેવડ-દેવડની અવારનવાર જે સુચનાઓ આપવેલ છે આપવામાં આવે તેને આધિન રહીને વહીવટ કરવાનો રહેશે. અને ઉપરોકત દર્શાવેલ કારણોની પુર્નતા પ્રથમ હાથ ધરવાની રહેશે.

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ, ગામ અને તાલુકો<br>૨ | નોંધણી નંબર અને તારીખ<br>૩ |
|---|---|---|
| જા.નં. સવન/૦૧/ગ-૧/૨૦૨/૨૦૩/૨૦૪/૨૦૫/૯૪<br>તા. ૩૧-૩-૯૪—૩-૪-૯૪ ૮-૯ | શ્રી નશીમ ઘર બાંધનારી સહકારી મંડળી લી.<br>મુ. તા. જી. ભાવનગર. | ધ-૧૦૬૩૭, તા. ૨૨-૮-૮૩ |
| | શ્રી વસુંધરા ઘર બાંધનારી સહકારી મંડળી લી.<br>મુ. તા. જી. ભાવનગર. | નં.ધ-૧૦૬૩૪, તા.૨૭-૬-૮૩ |
| | શ્રી વૃંદાવન પાર્ક કો. ઓપરેટીવ હાઉર્સીંગ સોસાયટી લી. મુ. શામપરા, તા.જી. ભાવનગર. | ધ-૧૧-૫૪૯૫, તા. ૯-૬-૮૩ |
| | શ્રી હરિ કો.-ઓપરેટીવ ઘર બાંધનારી સહકારી મંડળી લી. મુ. તા. મહુવા જી. ભાવનગર. | ધ-૧૦૬૩૩, તા. ૨૭-૬-૮૩ |

વંચાણે લીધા :

(૧) નામદાર સરકારશ્રીનાં સહકાર વિભાગ, ઠરાવ ક્રમાંક: ફ/૨૮/૮૪/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪.

(૨) શ્રી મેનેજરશ્રી ભાવનગર જિલ્લા સહકારી બેન્ક લી. ભાવનગરના તા. ૨૨/૨૬-૪-૯૪ના પત્રાંક: ઈન્સ/૩૭/૨૬૮.

(૩) આ કચેરીનાં ક્રમાંક: વહટ/૦૧/ગ-૧/૧૪૬/૧૯૯૪ તા. ૨-૭-૧૯૯૪ થી આપવામાં આવેલ કારણ દર્શક નોટિસ.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ—૮૧ અન્વયે મળેલ અધિકારો.

આદેશ

જા.નં. સવન/૦૧/ગ-૧/૧૯૯/૯૪.- ગુજરાત સહકારી મંડળીનાં અધિનિયમ—૧૯૬૧ની કલમ—૮૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું કે.બી. ઉપાધ્યાય, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, ઓ, ભાવનગર શ્રી ઈશ્વરકૃપા ઘરબાંધરનારી સહકારી મંડળી લી. મુ. ભાવનગર તા. જિ. ભાવનગરની વ્યવસ્થાપક કમિટીને દુર કરી તેમની જગ્યાએ તેજ કાયદાની કલમ—૮૧(૧) (બી) અન્વયે શ્રી ભાવનગર સહકારી બેન્ક લી. ભાવનગરની વહીવટદાર તરીકેની નિમણુક કરું છું. અને વહીવટદારશ્રીની ચાર્જ સંભાળ્યાની તારીખથી એક વર્ષની મુદત માટે આથી નિમણુક કરું છું.

વહીવટદારશ્રીએ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ—૮૧(૨) અન્વયે આ કચેરીના નિયંત્રણને આધિન રહીને મંડળીના વ્યવહારમાં નાણાંકીય લેવડ-દેવડની અવાર નવાર જે સુચનાઓ અપાય કે આપવામાં આવે તેને આધિન રહીને વહીવટ કરવાનો રહેશે અને ઉપર્યુકત દર્શાવેલ કારણોની પુર્નતા પ્રથમ હાથ ધરવાની રહેશે.

ભાવનગર, ૩૦/૩૧ માહે ઓગષ્ટ સને ૧૯૯૪.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: હ-૨૮-૮૪-ડી.ડી.સી.-૧૧૮૨-૭૪-૨૫ ગ. તા. ૨૨-૩-૮૪

(૨) આ કચેરીના તા. ૫-૧-૯૩ ના હુકમ નાં. ફડચ/૧૦૨૪/૫-૪/૬/૧૯૯૩નો સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક: ફડચ/ઉખસ/ફ-૯૫૮૯/૫-૪/૪૬૨/૯૪.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭—૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, કે. બી. ઉપાધ્યાય જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં.ઉ. ભાવનગર સદરહુ સંસ્થાનો તા. ૫-૧-૯૩ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂ છું.

તેમજ આ જ કાયદાની કલમ ૧૦૮-૧ અન્વયે સદરહુ સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.૪ ભાવનગરની આથી નિમણુંક કરવામાં આવે છે.

ભાવનગર, ૩૧ માહે ઓગષ્ટ/૨ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક: સક્ક/૦૧/ગ-૧/૭૨૫/૮૫-૯૦, તા. ૨૬-૨-૯૦

INDEX

(૩) શ્રી રજીસ્ટ્રાર સાહેબ, સ.મં.ગુ.રા. ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: ૪૨૭/૪૪/૧૦૯૩/૯૧, તા. ૨૫-૪-૯૧.

(૪) વહિવટદારશ્રી નવજીવન કો.ઓપ. હા.સો.લી., ભાવનગરના ફડચા/નં.-૩/ ૧૮૬/૯૪, તા. ૮-૮-૯૪નો અહેવાલ.

(૫) નવજીવન કો.ઓ.હા.સો.લી. ભાવનગરની સા.સભા તા. ૮-૮-૯૪ના ઠરાવ નં. ૫ની નકલ.

આદેશ

ક્રમાંક: ફડચા/ખ-૪/ફ-૯૫૮૮/૪૬૧/૧૯૯૪.—શ્રી નવજીવન કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. ભાવનગરને વંચાણે લીધાં ક્રમ નં.૨ના આદેશ તા. ૨૬-૨-૯૦થી સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદાર નીચે મુકવામાં આવેલ હતી જેની મુદત પુર્ણ થતાં અને વંચાણે લીધાં ક્રમ નં. ૧ અને ૩માં પરિપત્રો/ઠરાવોની જોગવાઈઓને આધીન રહીને વંચાણે લીધાં ક્રમ નં. ૪ મુજબના વહવટદારશ્રી નવજીવન કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ભાવનગરના તા. ૮-૮-૯૪ના અહેવાલ મુજબ મંડળીની સા.સ તા. ૮-૮-૯૪નાં ઠરાવ નં.-૫ મુજબ મંડળીના સભાસદોને કમીટી રચીને વહિવટ સંભાવવામાં રસ ન હોવાથી ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૩(૧) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, કે.બી. ઉપાધ્યાય, જીલ્લા રજીસ્ટ્રાર સહ. મંડળી ભાનગગર સદરહુ શ્રી નવજીવન કો.ઓપ. હાઉસીંગ સોસા.લી. ભાવનગરને ફડચામાં લઈ જવાનો આથી કાયમી આદેશ કરૂ છું. આ હુકમનો અમલ તા. ૮-૯-૯૪થી ગણવાનો પણ આદેશ કરૂ છું.

તેજ કાયદાની કલમ—૧૦૮(૧) અન્વયે સદરહુ સંસ્થાનાં ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નાં. ૩ ભાવનગરની આથી નિમણુક કરવામાં આવે છે.

ભાવનગર, ૩૧/૨ માહે ઓગષ્ટ/સપ્ટેમ્બર સને ૧૯૯૪.

કે. બી. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

વંચાણે લીધાં : (૧) ગુજરાત સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા [illegible],૨૬,૯૧ ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧
(૨) આ કચેરીના વચાળાનો આદેશ ક્રમાંક: ફડચા/ગ ૨/૫૧૮/૯૪થી તા. ૩૦-૬-૯૪ના હુકમ.
(૩) શ્રી જીલ્લા અન્વેષયક સ.મં. સુરેન્દ્રનગરની કચેરીના તા. ૪-૫-૯૪ના પત્રક્રમાંક: અષણ/ ૩/૧૬૨૯/૯૪.
(૪) આ કચેરીના વચગાળાનો આદેશ ક્રમાંક: ફડચા/ગ ૨/૫૨૦/૪૪૭/૯૪થી તા. ૩૦-૬-૯૪ના હુકમ.
(૫) શ્રી ખાસ અન્વેષક, સ.મં. દુધ સુરેન્દ્રનગરની કચેરીના તા. ૪-૬-૯૪ના પત્ર ક્રમાંક: અષણ/ફડચા/ખ/૨૮/૯૪.
(૬) શ્રી ખાસ અન્વેષક સ.મં. દુધ સુરેન્દ્રનગરની કચેરીના તા. ૮-૪-૯૪ના પત્ર ક્રમાંક: અષણ/ફડચા/ખ/૧૨/૯૪.

અંતિમ આદેશ

આથી નીચે જણાવેલ સહકારી મંડળીઓ તા. ૨૫-૯-૫૯ (૨) ૨-૯-૮૨ (૩) ૧૩-૧૨-૮૯થી નોંધાયેલ છે જેનો નોંધણી નંબર ને તારીખ કોલમ ત્રણ(૩)માં દર્શાવેલ છે. સદરહુ મંડળીને નીચે જણાવેલ કારણોસર ફડચામાં લઈ જવા અંગેના વંચાણે લીધાં અનું. નાં. ૨થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તેની સામે સંસ્થાના હોદેદારોએ અત્રેની કચેરીએ નિયત કરેલ તારીખે અને સમયે રજુઆત કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી તે અન્વયે મંડળીને સહકારી કાયદાની કલમ—૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફડચામાં લઈ જવા અંગે હુકમ કરવામાં આવે છે. જેના કારણો નીચે મુજબ છે.

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ અને તાલુકો<br>૨ | નોંધણી નંબર અને તારીખ<br>૩ |
|---|---|---|
| ક્રમાંક: ફડચા/ગ/૨/૧૨૨/૧૪૮/૧૩૫/૯૪<br>તા. ૫-૯-૯૪ | શ્રી અંજાર સેવા સહકારી મંડળી લી.<br>મુ. અંજાર, તા. હળવદ સુરેન્દ્રનગર | નં. ૨૮૨૮, તા. ૨૫-૯-૫૯ |
| | શ્રી દેવપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મુ. દેવપુરા, તા. લીંબડી, જી સુરેન્દ્રનગર. | નં. ૨૦૨૫, તા. ૨-૯-૮૨ |
| | શ્રી ચોબારી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મું. ચોબારી તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર | સે.દુ. ૨૩૯૧૮<br>તા. ૧૩—૧૨—૮૯ |

| | શ્રી ભૂતિયા જુથ પિયત સહકારી મંડળી લી.<br>મુ. ભૂતિયા, તા. પાલીતાણા, જી. ભાવનગર. | વર્ષ : ૬ — |
| | શ્રી સાવરકુંડલા તાલુકા મજુર સહકારી મંડળી લી.<br>મુ. સા.કુંડલા, તા. સા.કુંડલા જિ.ભાવનગર. | — — |
| | શ્રી ભાંભણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.<br>મું. ભાંભણ, તા. બોટાદ, જિ.ભાવનગર | મું. ભાંભણ તા. બોટાદ<br>નં. ૨૦૩૭૧ તા. ૫-૯-૮૫<br>વર્ષ : ૯ |

કે. બી. ઉપાધ્યાય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

---

વંચાણે લીધા ;

(૧) ગુજરાત રાજ્યનાં સને ૧૯૬૧નાં સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યનાં ખેતીવાડી અને સહકારી ખાતાનાં હુકમ નાં. ધખ-૨૭૭ ડી.ડી.સી.૧૧૬૮-૧૪૪૯૬-બી તા. ૨૭-૫-૬૮.

(૩) શ્રી રજીસ્ટ્રાર, સ.મં.ગુ.રા. ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક વહર/ ૨૮૦/અ/૩૨૧૪/તા. ૩-૧૧-૭૨.

(૪) આ કચેરીનાં વચગાળાનાં આદેશ નાં. ઉખસ/ફડચ/ખ-૪/છ/૧૫/ ૪૦ સને ૯૪-૫૦ તા. ૧૧-૪-૯૪

(Rji)—I—4

અંતિમ આદેશ

ક્રમાંક ઉસખ/ફડચ/૯૪૨૯/ખ-૪/છ/૧૫/૬૫૨/૯૪/૯૫.—

આથી હું, બી. એન. યાજ્ઞિક, જીલ્લા રજીસ્ટ્રાર. સરકારી મંડળી ઓ જુનાગઢમને મળેલ અધિકારની રૂએ શ્રી છેલણકા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., છેલણકા, તાલુકો વિસાવદર, જીલ્લો, જુનાગઢ જે નોંધણી નાં. ૧૭૮૨૨, તા. ૩૧-૮-૮૦થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યનાં સને ૧૯૬૧નાં સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧)(ગ) (૨) અન્વયે ફડચામાં લઈ જવા અને તે જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ઉકત વંચાણે લીધા ક્રમાંક (૪) વાળા આદેશથી નિમવામાં આવેલ ફડચા અધિકારી તરીક શ્રી સહકારી

INDEX

અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણૂક કાયમી કરી ફડચા કામગીરી નિયત સમયમાં સંપૂર્ણ કરવા આદેશ કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઇ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીનાં છેલ્લાં સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી કાયદાની ૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

ભી. એન. યાજ્ઞિક,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

---

**વંચાણે બીધા** : (૧) સરકારશ્રીના સહકાર વિભાગ ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: હ-૨૮-૮૪-/ડીડીસી/૧૧૮૨–૭૪૨૫-૭૪-ગ, તા. તા. ૨૨/૩/૮૪

(૨) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક: જિઉકે/ભુજ/આસમ/ફડચ/ધ(૬)૪૧૪/૪૧૩/૪૧૨/૪૧૩/૪૧૧/૪૧૦/ ૪૧૬/૪૧૫/, તા. ૨૩/૬/૯૪.

(૩) સદર મંડળીના હોદ્દેદારો તરફથી થયેલ તા. ૨૫/૮/૯૪ વાળી રજુઆત.

**અંતિમ આદેશ**

આથી નીચે જણાવેલ ભુજ/કચ્છ જિલ્લાની સહકારી મંડળીઓ કે જેનો નોંધણી નંબર તથા તારીખ કોલમ ૩માં દર્શાવેલ છે. જેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ હેઠળ સહકારી સંસ્થા/મંડળી તરીકે નોંધવામાં આવેલ છે અને જેને વંચાણ–૨ વાળા હુકમથી ફડચામાં લઈ જવાનો વચ્ચગાળાનો હુકમ કરવામાં આવેલ છે.

તેને વંચાણ–૩ વાળી રજુઆત આ નીચે સહી કરનારને સંતોષકારક અને વજુદવાળી નહીં જણાતા અથવા આ અંગે કોઈ રજુઆત થયેલ ન હોતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમની કલમ ૧૦૭(૩) હેઠળ આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

વંચાણ–૨ વાળા વચ્ચગાળાના હુકમમાં કલમ–૧૦૮(૧) અન્વયે જે તે અધિકારીની ફડચા અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવે છે.

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ, ગામ અને તાલુકો<br>૨ | નોંધણી ક્રમાંક અને તારીખ<br>૩ |
|---|---|---|
| નં. જીઉકે/ભુજ/આસમ/ફડચ/ધ-૬/૨૩૬/૨૪૫/૨૫૪/૨૫૯/ /૨૭૧/૨૮૬/૨૯૨/૩૦૭/તા. ૨૩/૯/૯૪ | શ્રી લુણા મોટા મહિલા ગૃહ ઉદ્યોગ સ.મં.લી. મુ. લુણા મોટા તા. ભુજ | ઉ-૫૧૯૪/ ૨૮/૬/૮૭ |
| | શ્રી ઉગમણી બન્ની (દધ્ધર મોટી) ભરત-ગુંથણ સહકારી મંડળી લી. મુ. દધ્ધર મોટી તા. ભુજ | ઉ-૬૨૭૭ તા. ૧૦/૧૧/૮૭ |
| | શ્રી ભીટારા મોટા મહિલા હસ્તકલા સહકારી મંડળી લી. મુ. ભીટારા મોટા તા. ભુજ. | ઉ૬૨૮૯ તા. ૧૯/૧૨/૮૮ |
| | શ્રી ગોરેવલ્લી(સુમરાણી વાંઢ) ભરત-ગુંથણ હસ્તકળા સહકારી મંડળી લી. મું. ગોરેવલ્લી, તા. ભુજ | ઉ:૬૨૯૬ તા. ૧૯/૧૨/૮૮ |
| | શ્રી ભીટારા નાના હસ્તકળા મહિલા ગૃહ. સહકારી મંડળી લી. મુ. ભીટારા નાના, તા. ભુજ. | ઉ : ૬૨૮૨ તા. ૩૧-૮-૮૮ |
| | શ્રી બન્ની હસ્તકળા સહકારી મંડળી લી. મુ. ગોરેવાલી, તા. ભુજ. | ઉ: ૫૧૮૯ તા. ૧૦/૩/૮૬ |
| | શ્રી ટપ્પર ભરત-ગુંથણ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. ટપ્પર તા. મુંદરા | ઉ : ૧૦૧૩૦ તા. ૧૨/૩/૯૨ |
| | શ્રી પત્રી ભરત ગુંથણ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. પત્રી તા. મુંદ્રા. | ઉ: ૧૦૧૨૮ તા.૨૫/૯/૯૧ |

આઈ. કે. ત્રિવેદી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ઉદ્યોગ) અને
મેનેજર (કે. વી. સી. આઈ),
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર–ભુજ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગના હુકમ નં. ૩૮-૨૮-૮૪-ડીડીસી ૧૧૮૨/૭૪૨૫/ગ તા. ૨૨-૩-૯૪.

૨. ખેતીવાડી, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નંબર ધખ/૨૪/૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧.

૩. આ કચેરીનાં ક્રમાંક ફડચ/ધ-૨ સને ૯૪. તા. — —થી થયેલ વચગાળાનો ફડચાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ ધ-૨-૧૩૭૨૮૩ સને ૯૪.—શ્રી નોંધણુચોરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. નોંધણુચોરા, તા. કોટડા સાંગાણી, જી. રાજકોટ કે જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ હેઠળ સંસ્થા બંધ અને સ્થગિત હોય તેમજ સંસ્થા કાયદો, કાનુન, પેટા નિયમ મુજબ ચાલતી ન હોય વિગેરે કારણોસર ફડચામાં લઈ જવા માટે ઉકત વંચાણે— ૩ વાળા આદેશથી ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવે છે. તે સામે કોઈ રજુઆત થયેલ નથી, રજુઆત સંતોષકારક જણાયેલ નથી. જેથી તેને તે જ કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ આથી કાયમ કરવામાં આવે છે.

રાજકોટ, ૧૩ માહે જાન્યુઆરી સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

વંચાણે લીધાં

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦/૩/૯૧નો પરિપત્ર.

(૨) આ કચેરીનો વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૫૧૯/ થી તા. ૩૦/૬/૯૪નો હુકમ.

(૩) શ્રી જીલ્લા ખાસ અન્વેષક, સ.મં. સુરેન્દ્રનગરની કચેરીના તા. ૪-૬-૯૪ના પત્ર ક્રમાંક અપણુ/ફડચ/ખ-૪/૨૭/૯૪

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ચ-૨/૨૧૯/૧૯૯૪- શ્રી માથક દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. માથક તા. હળવદ, જીલ્લો સુરેન્દ્રનગર, કે જેનો નોંધણી ક્રમાંક ૫૫૭૭ તા. ૭/૧૨/૮૫થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહુ મંડળીને નીચે જણાવેલ કારણોસર ફડચામાં લઈ જવા અંગેનો વંચાણે લીધાં અનુ. નં. ૨થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તેની સામે સંસ્થાના હોદેદારોએ અત્રેની કચેરીએ નિયત કરેલ તારીખે અને સમયે રજુઆત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી તે અન્વયે મંડળીને નીચેના કારણોસર સહકારી કાયદાની કલમ—૧૦૭ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફડચામાં લઈ જવા અંગેનો હુકમ કરવામાં આવે છે. જેના કારણો નીચે મુજબ છે.

(૧) મંડળીનું ઓડીટ તા. ૧/૬/૯૨થી ૩૧-૩-૯૪ સુધીનુ થયેલ છે અને ઓડીટ વર્ગ ડ આપવામાં આવેલ છે તેમાં જણાઈ આવેલ ક્ષતિઓ ધ્યાને લઈ મંડળીને ફડચામાં મુકવા માટે વંચાણે લીધાં નં. ૩ થી ભલામણ થયેલ છે.

(૧) મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત છે.

(૨) મંડળીનો ઓડીટ વર્ગ ત્રણ વષથી "ડ" આપાયેલ છે.

(૩) મંડળીમાં પેટા નિયમ મુજબ કારોબારીની મીટીંગ મળતી નથી. તેમજ વાર્ષિક સાધારણ સભા બોલાવવામાં આવતી નથી. છેલ્લી વાર્ષિક સા.સભા ૯૧-૯૨ વર્ષની મળેલ છે.

(૪) મંડળીમાં વર્ષો વર્ષ ખોટનુ પ્રમાણ વધતુ જાય છે. છેલ્લે તા. ૩૧-૩-૯૪ના રોજ કુલ્લે એકંદર ખોટ રૂા. ૨૯૫/- છે.

(૫) મંડળી ચલાવવામાં સભ્યોને રસ જણાતો નથી.

(૬) મંડળી તેના મંજુર થયેલ પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ છે. અને સહકારી કાયદો અને કાનુન મુજબની કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૭) મંડળી વર્ષો વર્ષ ઓડીટ મેમોની દુરસ્તી વાસ્તવિક રીતે દફ્તર ઉપર કરવામાં કસુર કરે છે.

આમ ઉપરોકત સંજોગો જોતાં મંડળીને સહકારી કાયદાની કલમ ૧૦૭ નીચે ફડચામાં લઈ જવા અંગે આ કચેરી તરફથી તા. ૩૦/૬/૯૪ હુકમ ક્રમાંક ફડચ/ગ-૨/૫૧૯/૯૪થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ તેની સામે મંડળીને કાંઈ વાંધો હોય તો આદેશની તારીખ એકમાં અત્રેની કચેરીએ લેખીતમાં તેમજ મૌખિકમાં રૂબરૂ જાતે હાજર થઈ રજુઆત કરવા માટેની તક આપવામાં આવેલ હતી. પરંતુ મંડળી તરફથી સદરહું સમય દરમ્યાન અત્રેની કચેરીએ સદરહુ હુકમ સામે વાંધા કે લેખીત રજુઆત અત્રે રૂબરૂ હાજર થઈ કરવામાં આવેલ નથી તેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવેલ છે. અને તેજ કાયદાની કલમ—૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીનાં સહકારી અધિકારી ફડચો નં.—૨ની નિમણુંક કરવામાં આવે છે. અને સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા અંગે જે વચગાળાનો આદેશ કરવામાં આવેલ તે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૬ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર

INDEX

કલેકટર દ્વારા

વાંચાણ (૧) ડી.આઈ.એચ.આર.કચી ભુજના નાં. સીટી ઓફ્સ-નારણપર-રાવળી-જાહેરનામું-૯૨. તા. ૨૪-૯-૯૨,

(૨) મામલતદારશ્રી ભુજના પત્ર નાં. લેન્ડ-વશી-૪૪૧-૯૨. તા. ૧૭-૫-૯૪

(૩) નાયબ કલેકટરશ્રી, ભુજના શેરા પત્ર નાં. લેન્ડ-વશી-૧૩૨૫-૯૪, તા. ૩૦-૫-૯૪.

જાહેરનામું

નાં.જમન-૨-વશી-૧૪૯૪-૯૪.—મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૧૨૬ની જોગવાઈ અનુસાર આ સાથેના પત્રકમાં દર્શાવેલ સર્વે નંબરો નારણપર (રાવળી) સીટી સર્વે વિસ્તારમાં આવતા હોઈ જાહેર કરવામાં આવે છે.

મોજે નારણપર રાવળી (ગામઠાણ) સીટી લીમીટમાં આવેના ખેતીના રેવન્યુ સર્વે નંબરનું પત્રક

પત્રક—૧

| અનુ. | સર્વે નંબર | ક્ષેત્રફળ એકર—ગુંઠા | હેકટર—આરે | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ૫/૩ | ૦—૩૬ | ૦—૩૬—૪૨ | |
| ૨. | ૫/૨ | ૧—૩૨ | ૦—૭૨—૮૪ | |
| ૩. | ૨/૧ | ૬—૩૩ | ૨—૭૬—૨૦ | |
| ૪. | ૨/૨ | ૨—૧૦ | ૦—૯૧—૦૫ | |
| ૫. | ૩ | ૪—૧૩ | ૧—૭૫—૦૩ | |
| ૬. | ૧૧ | ૧૫—૧૧ | ૬—૧૮—૧૬ | |
| ૭. | ૧૨ | ૪—૩૬ | ૧—૯૮—૩૦ | |
| ૮. | ૧૩ | ૬—૧૨ | ૨—૫૪—૯૫ | |
| ૯. | ૫૬/૨ | ૧—૧૪ | ૦—૫૪—૬૩ | |
| ૧૦. | ૫૬/૩ | ૧—૦૫ | ૦—૪૫—૫૩ | |
| ૧૧. | ૧૪૩ | ૫—૧૫ | ૨—૧૭—૫૨ | |
| ૧૨. | ૧૪૪/૧-૨-૩ | ૮—૨૭ | ૩—૫૧—૦૭ | |
| ૧૩. | ૧૪૫ | ૩—૨૪ | ૧—૪૫—૬૯ | |
| ૧૪. | ૧૪૬ | ૧૮—૦૪ | ૭—૩૨—૪૯ | |
| ૧૫. | ૧૪૭ | ૧—૦૬ | ૦—૪૬—૫૪ | |
| ૧૬ | ૧૪૮ | ૧૫—૨૫ | ૬—૩૨—૩૨ | |
| ૧૭. | ૧૪૯ | ૪—૩૪ | ૧—૯૬—૨૭ | |
| ૧૮. | ૨૧૯ | ૭—૩૦ | ૩—૧૩—૬૩ | |
| ૧૯ | ૨૨૦ | ૫—૦૨ | ૨—૦૪—૩૭ | |
| | કુલ... | ૧૧૫—૦૯ | ૪૬—૬૩—૦૧ | |

મોજે નારણપર : રાવળી (ગામઠાણ) સીટી લીમીટમાં આવતા બીનખેતીના સર્વે નંબરનું લીસ્ટ.

પત્રક-૨

| અનુ. | સરવે નંબર | ક્ષેત્રફળ એ. ગુ. | હેકટર-આરે |
|---|---|---|---|
| ૧. | ૧/૧ | ૩—૦૦ | ૧—૨૧—૪૧ |
| ૨. | ૧/૧ | ૨—૧૫ | ૦—૯૬—૧૧ |
| ૩. | ૧/૧ | ૧—૦૩ | ૦—૪૩—૫૭ |
| ૪. | ૧/૧ | ૧—૦૭ | ૦—૪૭—૫૫ |
| ૫. | ૧/૧ | ૧—૦૫ | ૦—૪૫—૫૩ |
| ૬. | ૧૪૬પૈકી | ૦—૩૭ | ૦—૩૭—૪૩ |
| ૭ | ૧૪૬પૈકી | ૧—૧૩ | ૦—૫૩—૬૨ |
| ૮. | ૨૨૧પૈકી | ૦—૨૦ | ૦—૨૦—૨૩ |
| ૯. | ૨૨૦પૈકી | ૫—૦૨ | ૨—૦૪—૩૭ |
| ૧૦. | ૨૨૧પૈકી | ૧—૨૧ | ૦—૬૧—૭૧ |
| ૧૧. | ૧/૧ | ૧—૧૩ | ૦—૫૩—૬૨ |
| ૧૨. | ૨/૧ | ૧—૨૦ | ૦—૬૦—૭૦ |
| | | ૨૦—૩૬ | ૮—૪૫—૯૮ |

મોજે નારણપર રાવળી (ગામઠાણ) સીટી લીમીટમાં આવતા સરકારી ખરાબાના સર્વે નંબરનું લીસ્ટ.

પત્રક—૩

| અનુ. | સરવે નંબર | ક્ષેત્રફળ એ. ગું. | રીમાર્કસ હેકટર આરે. પૈકીની ટાવર્સ |
|---|---|---|---|
| ૧. | ૨૨૧/૧ | ૨૫—૦૦ | જમીન ૧૦--૧૧--૭૨ |

મોજે નારણપર-રાવળી (ગામઠાણ) સીટી લીમીટમાં આવતા વધારાના ગામતળના સર્વે નંબર લીસ્ટ.

પત્રક—૪

| અનુ. | સરવે નંબર | ક્ષેત્રફળ એકર-ગુંઠા | હેકટર-આરે |
|---|---|---|---|
| ૧. | ૨૨૧/૧ | ૨—૦૦ | ૧—૧૦—૦૦ |

મોજે નારણપર-રાવળી (ગામઠાણ) સીટી લીમીટમાં આવતા ગામતળ ના હકીકત દર્શાવતું પત્રક.

પત્રક—૫

| અનુ. | સરવે નંબર | ક્ષેત્રફળ એકર ગુંઠા | હેકટર-આરે | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | — | ૪૨—૩૦ | ૧૭—૩૦—૦૪ | ગામતળ જમીન જુનું |

INDEX

મોજે નારણપર-રાવળી (ગામડાણ) સીટી લીમીટમાં આવતા નદી તથા માર્ગનું ક્ષેત્રફળ લીસ્ટ.

પત્રક—૬

| અનુ. | સરવે નંબર | ક્ષેત્રફળ એ. ગુંઠા | હેકટર-આરે | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | — | ૨—૦૦ | ૦—૮૦—૯૪ | મારગનો ખરાબો સીટી લીમીટમાં આવતા |

ભુજ, ૫ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

પી. કે. પરમાર,
કલેકટર,
કચ્છ.

---

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ—૧૯૫૧ (મુંબઈ અધિનિયમ—૨૨) ની કલમ—૩૭ ની પેટા કલમ—૧નો હુકમ :

જા હે ર ના મું

નં.નાચિ : પલસવશી:૫૮૨ થી ૬૩૧/૯૪.— આગામી તા. ૧૦/૨/૯૪ ના રોજ ભારત બંધ પ્રોગ્રામ થનાર હોય તેમજ બીજા અન્ય કાર્યક્રમ થનાર હોવાનું જાણવા મળેલ હોવાથી હાલની પરિસ્થિતિને ધ્યાને લેતા જાહેર જનતાના હિતાર્થે અમરેલી જીલ્લામાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને પ્રજાના હિત જાળવવાના હેતુથી અમરેલી શહેર તાલુકા મથકો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને જાહેર વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ બરાબર જળવાય રહે તે માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલીએ તા. ૫/૨/૯૪ ની દરખાસ્ત સાથે સંમત થઈને નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

હું એ.કે. અનસારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ સને ૧૯૫૧નો અધિનિયમ—૨૨ની કલમ—૩૭ ની પેટા કલમ—૧ થી મને મળેલ સત્તાની રૂઈએ તા. ૮/૨/૯૪ થી ૨૨/૨/૯૪ સુધી (બંન્ને દિવસો સહિત) અમરેલી જીલ્લાની સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તેમજ શહેર સુધરાઇ વિસ્તારની અંદર નીચેના કૃત્ય કરવા મનાઈ ફરમાવું છું.

**૧. શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, ચપ્પુ, છરી-છરા કે લાકડી કે કુંડલીવાળી લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ સાધન સાથે લઈને નીકળવું કે જવું.**

**૨. કોઈપણ ક્ષયકારી સ્ફોટક પદાર્થો સાથે લઈ જવા કે લઈને નીકળવા અથવા,**

**૩. પથ્થર અથવા રોડા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા, એકઠા કરવા, તૈયાર કરવા, કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો લઈ જવા, મુકિત અથવા તેના શબ અથવા આકૃતિ અથવા પુતળા દહન દેખાડવાની.**

**૪. લોકોને ભુમો પાડવાની, ગાવાની અથવા વાદ્યો વગાડવાની**

**૫. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાની અથવા વાદ્યો વગાડવાની અથવા યંત્રોની નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થો વસ્તુઓ તૈયાર કરવાના, દેખાડવાના અથવા તેનો કોઈ ફેલાવો કરવાની આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા શિસ્તભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જે તે પરિણામે રાજ્ય ઉથલી પડવાની શંકા હોય, તેવા છટાદાર ભાષણ કરવાની અને ચાળા પાડવાની કે કરવાની કે તેવા યંત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.**

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

**૧. સરકારી નોકર તરીકે કામ કરતી કોઈ વ્યકિતને તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય,**

**અથવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાની તેમની ફરજ હોય.**

**૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી, અમરેલી અથવા તેઓશ્રીએ અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતને.**

૩ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અમરેલી અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલીએ ખાસ અધિકૃત કરેલ હોય તેવી બીજી કોઈ વ્યકિતઓને.

**૪. માલધારીઓ માલઢોર ચારવા માટે અન્યને નુકશાન ન કરવા શુધ્ધબુધ્ધિથી માલઢોર પુરતી સારી લાકડી રાખે તેને.**

**આ જાહેરનામાનો અથવા તેનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૧૩૫ ની પેટા કલમ—૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.**

**આજ તા. ૨૮મી ફેબ્રુઆરી સને ૧૯૯૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.**

---

**મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ ૩ હેઠળનો હુકમ**

**જાહેરનામું**

**નં.નાચિ/પલસ વશી/૬૩૨થી૬૮૧/૯૪.**—આગામી તા. ૧૦-૨-૯૪ ના રોજ ભારતબંધ પ્રોગ્રામ થનાર હોય તેમજ બીજા અન્ય કાર્યક્રમ થનાર હોવાનું જાણવા મળેલ હોવાથી આ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી અમરેલી શહેર તથા જિલ્લા ના સમગ્ર વિસ્તારમાં કોઈ સભા, સરઘસ તેમજ રેલી ન કાઢે કે ન ભરે તે હેતુથી મુંબઈ પોલીસ એકટની કલમ ૩૭ની પેટા કલમ ૩ અન્વયે સભા સરઘસબંદી ફરમાવવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલીએ દરખાસ્ત કરેલ છે.

આથી અમરેલી જિલ્લા અને શહેરની સંવેદનશીલ પરિસ્થિતિ તથા હાલના વાતાવરણને ધ્યાનમાં લેતાં જિલ્લા પોલીસ અધિકારીશ્રીની ઉકત દરખાસ્ત જે ધ્યાને લેતા અમરેલી શહેર તથા જિલ્લામાં કોઈ ચોકકસ વિસ્તારમાં સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે નીચેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, એ. કે. અનસારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી આથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ યોગ્ય અધિકારીની મોટલે કે અમરેલી શહેર સુધરાઈ વિસ્તાર માટે જીલ્લા પોલીસ અધિકારીશ્રી અમરેલી તથા તાલુકા ઓ માટે તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની


INDEX

મંજુરી સિવાય તારીખ ૮-૨-૧૯૯૪થી તા. ૨૨-૨-૯૪ સુધી બંને દિવસો સહિત અમરેલી જીલ્લા અને શહેરના વિસ્તારની હદની અંદર સભા મંડળી ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

વધુમાં આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી,

(૧) ફરજ પરના કોઈ ગૃહ રક્ષક દળની વ્યકિતઓને,

(૨) કોઈ લગ્નના વરઘોડાને,

(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે ફરજ પરના કર્મચારીઓને,

(૪) કોઈ સ્મશાનયાત્રા

આ જાહેરનામું ઉલ્લંઘન કરનાર અથવા મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૮-૨-૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

એ. કે. અનસારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

---

મુંબઈ પોલીસ અધિનિયમ--૧૯૫૧નીકલમ—૩૭(૧)તળેનું

જાહેરનામું

ક્રમાંક : ડીએમ--ડીસીએચ--૩૯૩૧/૯૪.—આગામી ધાર્મિક તહેવારોની છે. ત્યારે શાંતિપૂર્ણ રીતે થાય અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યથાવત જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામે નહીં તેની તકેદારી માટે મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ—૩૭(૧) તળે સમગ્ર જીલ્લામાં હથીયાર બંધી ફરમાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી જામનગર તરફથી અત્રેને દરખાસ્ત મળેલ છે. જીલ્લા પોલીસ અધિકારીશ્રીની દરખાસ્ત મને યોગ્યજણાયેલ છે.

તેથી હું, એન. જે. દેશાઈ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ--૧૯૫૧ની કલમ—૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૩--૯--૯૪ના ૦૦--૦૦કલાકથી તા. ૧૭--૯--૯૪ના ૨૪--૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) કોઈએ.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છુરી, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થ લઈ જવા નહીં.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુ અથવા વસ્તુઓ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં.

(૪) મનુષ્ય અથવા શબ્દો અથવા આકૃત્તિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહીં.

(૬) જેનાથી ધાર્મીક લાગણીનો અને શાંતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં.

પરિશિષ્ટ
"જામનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર"

નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં;—

(૧) ફરજ ઉપરના સરકારી અધિકારીઓ કે કર્મચારી કે હોમગાર્ડઝ ગ્રામરક્ષક દળના સભ્યો કે જેમને ઉપરોકત વસ્તુઓ ફરજ નિમિતે રાખવાની આવશ્યકતા હોઈ તેને.

(૨) પોલીસ ઈન્સ્પેકટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીઓને.

(૩) જેમને શારીરીક અશકિતને કારણ લાકડી રાખવાની પરવાનગી આપેલ હોઈ તેને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી આપતા શખ્સને

(૬) યજ્ઞોપવિત આપાતું હોય તેવા બળવાઓને દંડ રાખેલ હોઈ તેને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

આ જાહેરનામાના કોઈપણ ખંડના ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીએ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને, લાઉડ સ્પીકર મારફત જાહેરાત કરીને તેમજ સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૨ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયું.

એન. જે. દેશાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭/૧/અન્વયે જાહેરનામું**

**જાહેરનામું**

**નં.એમએજી/સી/૮૯૮.—હાલમાં રાજકીય બીન રાજકીય પક્ષો તથા ધાર્મિક તહેવાર જેવા કે મહાશીવરાત્રી, રમઝાન ઈદ**

INDEX

વિગેરે આવતા હોય તેનાં કારણોના પ્રસંગોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ જાળવવા સારુ મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૩૭ (૧) અન્વયે, સમગ્ર પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરી જરૂરી જણાય છે.

સબબ, પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણોસર જાહેર સુલેહશાંતિની જાળવણી સારું અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિ. નિયમ- ૧૯૫૧માં આંક ૨૨ માંની કલમ ૩૭(૧) અન્વયે મળેલી સત્તાની રૂએ, પોરબંદર પોલીસ જીલ્લાનાં વિસ્તારોના તા. ૧-૩-૯૪ થી તા. ૨-૪-૯૪ સુધી બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે ફરમાવું છું કે કોઈપણ વ્યકિતએ,

રાજેન્દ્ર બી. દવે,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જી. જુનાગઢ.

---

મુંબઇ પોલીસ અધિ--૧૯૫૧ ની કલમ—૩૭(૧) અન્વયે જાહેરનામું

જા હે ર ના મું

નાં.એમએજી--૩--૧૯૯(૨).—જુનાગઢ જીલ્લામાં (જુનાગઢ પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં) હાલમાં ચાલુ માસ દરમ્યાન ધાર્મીક તહેવાર તેમજ રાજકીય, સંસ્થાકીય, કર્મચારીઓ વિગેરે તરફથી સરઘસો, શોભાયાત્રાઓ, સભાસરઘસોનું આયોજન થનાર હોય તેમજ પોરબંદર મુકામે માનનીય ભારતના વડા પ્રધાનશ્રી તા. ૨--૧૦--૯૪ ના રોજ પધારનાર હોય તેઓ સામે કોઈ દેખાવો કે ત્રાસોચ્ચારો ન કરે તે માટે કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ જાળવવા સામે મુંબઈ પોલીસ અધિ-કલમ ૩૭(૧) અન્વયે સમગ્ર પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, સમગ્ર જુનાગઢ જીલ્લા વિસ્તારમાં ઉપરોકત કારણોસર જાહેર સુલેહશાંતિની જાળવણી સારૂ અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિ. ૧૯૫૧ના આંક--૨૨ માંની કલમ— ૩૭(૧) અન્વયે મળેલી સત્તાની રૂએ સમગ્ર જીલ્લામાં તા. ૨૦--૯--૯૪ થી તા. ૧૮--૧૦--૯૪ સુધી બન્ને દિવસો સહીત નીચે પ્રમાણે ફરમાવું છું કે કોઈપણ વ્યકિતએ :—

૧. શસ્ત્રો, દંડા, તલવાર, બંદુક, લાકડી કે લાઠી ધોકા અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહીં.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી ચીજ વસ્તુઓ અથવા તે વસ્તુ ફેકવાના કે ધકેલવાના યંત્રો તથા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહીં, તૈયાર રાખવા નહીં.

૩. કોઈપણ ક્ષયકારી પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહીં

૪. મનુષ્યો અથવા શબ્દો જેવી આકૃતિઓ અથવા પુતળા દેખાડવા, નહીં અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહીં.

આ હુકમનો નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઇ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીશ્રીઓએ ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથિયાર લઇ જવાનું જેની ફરજ હોઇ.

૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી પોરબંદરે જેને શારિરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઇ જવાની અથવા બુભહેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો કોઇ ખંડનો ભંગ કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ--૧૯૫૧ ની કલમ– ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૯--૯--૯૪ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેરજનતાની જાણીઆમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૯ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

---

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની આંક-૨૨માંની કલમ ૩૭ની પેટા-કલમ-૩ હેઠળ હુકમ.

જાહેરનામું

નાં. એમએજી-સી-૧૯૯(૧).—હાલમાં સમગ્ર જિલ્લામાં ચાલુ માસ દરમ્યાન ધાર્મિક તહેવારો તેમજ રાજકીય, સંસ્થાકીય કર્મચારીઓ વિગેરે તરફથી સરઘસો તથા શોભાયાત્રાઓ તથા સભા સરઘસોનું આયોજન થનાર હોય તેના અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે સભા સરઘસ વગર પરવાનગીએ કોઇ કાઢે નહીં તે માટે કોઇપણ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે હેતુ માટે જે તે પોલીસ અધિકારીશ્રીના વિસ્તારમાં વ્યકિતઓની કોઇપણ મંડળીઓએ સરઘસની મનાઇ તા. ૨૦-૯-૯૪ થી ૩-૧૦-૯૪ સુધી કરવાનું મને ઇષ્ટ જણાય છે.

તેથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ હેઠળ સને ૧૯૫૧ના મુંબઇના આંક-૨૨માંની કલમ ૩૭ની પેટા કલમ ૩થી મને મળેલ સત્તાની રૂઇએ હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ આથી જુનાગઢ—પોરબંદર કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં તા. ૨૦-૯-૯૪થી તા. ૩-૧૦-૯૪ સુધી બન્ને દિવસો સહીત સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇપણ મંડળી કે સરઘસ માટે મનાઇફરમાવું છું વધુમાં, હું આદેશ કરું છું, કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. ફરજ ઉપર હોય તેવો ગૃહ રક્ષક દળની મંડળીને.
૨. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
૩. કોઇ લગ્નના વરઘોડાને.
૪. સક્ષમ અધિકારીની કાયદેસરની પરવાનગી લઈને.

હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાય આવે તે રીતે સ્થળોએ તેની નકલો ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરીને અથવા સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની જાહેર ખબર આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમ કલમ ૧૩૧ની પેટા કલમ-૩ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૯૫૧ના આંક-૧૪૫ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૧૯-૯-૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જે. બી. વોરા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

INDEX

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ નાં મુંબઈ અધિનિયમ નાં ૨૨ની કલમ—૩૩ પેટા કલમ—૧ ખંડ બ મુજબ જાહેરનામું :

નંબર--મેજી--પોલ--૯--૯૪. કચ્છ—જીલ્લામાં ભુજ શહેરમાં તા. ૨૮--૮--૯૪ તેમજ તા. ૨૯--૮--૯૪ શીતળા સાતમ અને જન્માષ્ટમી પ્રસંગે મહાદેવ નાકા બહાર મેળો યોજનાર છે. જેનાં અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જાળવવાનાં હેતુસર આ મેળાનાં પ્રસંગે વાહન વ્યવહારનું નિયમન કરવું જરૂરી જણાય છે. જેથી નીચે જણાવેલ રસ્તો વાહનો લઈ જવા અને લાવવા માટે બંધ કરવાનું ઈષ્ટ જણાય છે.

તેથી હું, જે. જી. પંડ્યા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ નાં મુંબઈ ના ૨૨માં અધિનિયમની કલમ—૩૩(૧) (બી) અને(સી) અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ફરમાવું છું તા. ૨૮-૮-૯૪ અને તા. ૨૯-૮-૯૪ સુધી આ નીચે અનુસૂચિમાં જણાવેલ ભુજ શહેરનો રસ્તો સદરહું તારીખોએ વાહન વ્યવહાર માટે વાહનો લઈ જવા લાવવા માટે સદંતર બંધ રાખવાનું ફરમાવું છું.

આ હુકમની અંદર "વાહન" શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટ ૧૯૭૮માં વાહનની જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસૂચિ :

૧ ભુજ સીટી પોલીસ સ્ટેશન તરફથી આવતા વાહનો મ્યુઝીયમ તરફ નહીં જઈ શકે પરંતુ જાડેજા બોર્ડીંગ તરફ જઈ શકશે જ્યારે એજ રસ્તે સીટી પોલીસ સ્ટેશન તરફ આવી શકશે અને ઘનશ્યામનગર જાડેજા બોર્ડીંગ તરફ જઈ શકશે.

૨ ભુજ શહેરમાંથી મહાદેવ નાકા મોંથી આવતાં વાહનો મહાદેવ બજાર હમીરસર તળાવ આવી શકશે નહીં જ્યારે મામલતદાર કચેરી પાસેથી જીલ્લા પંચાયત રોડ તરફ જઈ શકશે.

૩ જીલ્લા પંચાયત એસ.ટી. સ્ટેશન તરફથી આવતા વાહનો હમીરસરતળાવ તરફ આવી શકશે નહીં જ્યારે મામલતદાર કચેરી તરફથી પસાર થઈ શકશે.

૪ શરદબાગ તરફથી આવતા વાહનો ગાયત્રી મંદીર તરફ જઈ શકશે. જ્યારે એંગાર બાગથી આગળ આવી શકશે નહીં.

૫ ઉમેદનગર કોલોની તરફથી આવતા વાહનો રાજેન્દ્ર બાગ તરફ આવી શકશે નહીં પરંતુ "ઓમસંસ્કાર ધામ ગાયત્રીશકિતપીઠ" તરફનાં રસ્તે આવી જઈ શકશે.

ઉપરોકત જાહેરનામામાંથી નીચે જણાવેલ વાહનોને મુકિત આપવામાં આવે છે.

૧ પોલીસ ખાતાના ફરજ પરનાં વાહનો.
૨ જીલ્લા પોલીસ અધિકારીશ્રીનાં આદેશ અનુસાર કે સ્થળપરના બંદોબસ્ત અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ વાહનો.

આજરોજ તા. ૨૫--૮--૧૯૯૪ મારી સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જે. જી. પંડ્યા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ-કચ્છ,
ભુજ-કચ્છ.

જાહેરનામું

**ક્રમાંક : મજસ--૩--૧--૬૮૬૬થી૬૯૦૦/૯૪.—આગામી તા.૫-૧૦-૯૪થી નવરાત્રીના તહેવાર તથા દશેરાનો તહેવાર આવતો હોય તેને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે હેતુસર સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ ૧-૧૦-૯૪ થી ૧૫-૧૦-૯૪ સુધી કોઈપણ પાંચ કે તેથી વધુ માણસોએ એકઠા થવું તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.**

**વાસ્તે, હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર સુરેન્દ્રનગર જીલ્લો, મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ નાં ૨૨ માંની કલમ ૩૭(૩) અન્વયે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ ૧-૧૦-૯૪ થી ૧૫-૧૦-૯૪ સુધીનાં સમય દરમ્યાન સંબંધિત એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય ઉપરોકત કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.**

**જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે, કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું સમગ્ર જિલ્લામાં તમામ વિસ્તારોમાં સહેલાઈથી વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડો અને સદરહુ વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો, ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.**

**આજ તારીખ ૨૭ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.**

———

જાહેરનામું

ક્રમાંક : એમએજી-૩-વશી-૬૯૦૧થી૭૫૫/૯૪..—આગામી તા. ૫-૧૦-૯૪થી નવરાત્રીનો તહેવાર તથા દશેરાનો તહેવાર આવતો હોય તે સંદર્ભમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી સારી રીતે જળવાઇ રહે તે હેતુથી હથીયાર બંધી ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું, આર. કે. પરમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં ૨૨માંની કલમ ૩૭(૧) અન્વયે, અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૧૦-૯૪થી તા. ૩૦-૧૦-૯૪ સુધીના સમય દરમ્યાન જિલ્લામાં પોલીસ અધિકારીશ્રી સુરેન્દ્રનગરની આગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નિચેની વિગતે દર્શાવેલા કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા ધોકા, બંદુક, લાકડી કુંડલીવાળી લાકડી તથા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહીં.
(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ, ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં.
(૩) વ્યકિતઓ અથવા તેના શબ, આકૃતિઓ, અથવા પુતળા દેખાડવા નહીં તથા તૈયાર કરવાં નહીં.
(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં
(૫) જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા તો નીતિનો ભંગ થાય તેવું ભાગણ કરવું નહીં, તેવી ચેષ્ટા કરવી નહી તેવાં ચિત્રો, પત્રિકા પ્લે કાર્ડ, અથવા ભીંજ કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

INDEX

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ શબ્દો પોકારવા નહીં, અશિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, અથવા કોઈપણ હથીયાર લઈ જવાની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

જો કોઈ ઈસમો ઉપરોકત હુકમનો ભંગ કરશે, કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તે વાંચી શકાય તેવી જગ્યાએ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ધ્વની વર્ધક યંત્રો ટ ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ ૨૭ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે બહાર પાડવામાં આવ્યું.

આર.કે. પરમાર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

---

**નાયબ કમિશનર અને પ્લેગ નિયંત્રણ અધિકારી દ્વારા**

**જાહેરનામું**

**સંદર્ભ : જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના નં.ડી.એમ/ડીસીએચ/૫૧૦૮/૫૨૦૭/તા. ૨૪-૯-૧૯૯૪ પ્લેગ નિયંત્રણ અધિકારી તરીકેનું જાહેરનામું**

**નં. જેએલસી/મેઈન/૨/૧/૩/પ્લેગ/૬/૯૪–૯૫.—જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરના તા. ૨૪-૯-૯૪ના જાહેરનમાં અન્વયે 'પ્લેગ' નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક કરેલ હોઈ, અમો એન. જે. જોષી, નાયબ કમિશનર, જામનગર મહાનગરપાલિકા અને પ્લેગ નિયંત્રણ અધિકારી, એપેડેમીક ડીસીસ એકટ નં. ૩ ઓફ ૧૮૯૭ હેઠળ અમોને મળેલ સત્તાની રુઓ જામનગર શહેરમાં પ્લેગનો ફેલાવો અટકાવવા અંગે નીચે જણાવેલ કોઈ પણ કાર્યો નહી કરવા પ્રતિબંધ ફરમાવું છું.**

**૧. કોઈ ઘર અથવા ઈમારતમાંથી કે રસ્તામાં થઈને દુર્ગંધ મારતી વસ્તુ કે પદાર્થ લઈ જવો નહીં.**

**૨. કોઈપણ જગ્યાનો ભોગવટો કરનાર અથવા રહેવાસીઓ તે જગ્યામાં રોગબીજ કે ઉપદ્રવ કરવો નહીં. જગ્યા અસ્વચ્છ રાખવી નહી અથવા તેમને ન્યુમોનિક પ્લેગનો ચેપી રોગના લક્ષણો જણાય અથવા થયો છે તેવું જણાય તેવી વ્યકિતને ઘરમાં રાખવી નહી. અને તેવી વ્યકિતને હોસ્પીટલ અગર નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સત્વરે દાખલ કરવી.**

**૩. જાહેર આનંદ પ્રમોદની અથવા ખાનપાનની જગ્યામાં તમામ પ્રકારની 'મીઠાઈઓ' બનાવી નહી કે તેનું વેચાણ કરવું નહી કે કરાવવું નહી. કે સંગ્રહ કરવો નહી. તેમજ તમામ પ્રકારના ઠંડા પીણા અને આઈસ્ક્રીમ' બનાવવા નહી કે વેચાણ કરવુ નહી કે સંગ્રહ કરવો નહી.**

**૪. શહેરમાં સડેલા 'શાકભાજી અને ફળો' વેચવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.**

**૫. શહેરમાં જે જે આસામીઓએ પાળેલા/પાલતુ જનાવરો ધરાવતા હોઈ તેવા ઢોરના તબેલાના માલિકોએ તેમના તબેલા/વાડામાં મળ-મુત્ર/છાણ વિગેરે ગંદા પદાર્થ એકઠું કરવા/કરાવવા નહી અને તેને દુર કરાવી લેવાના રહેશે.**

**૬. મરેલા જાનવરો જેવા કે ઢોર,પશુ પંખી, ઉંદર અને ચુંવાટી-વાળા જાનવરો જોવા મળે તો તેને તાત્કાલીક નિકાલ કરાવવા માટે મહાનગરપાલિકામાંના કંટ્રોલરૂમમાં જાણ કરવાની રહેશે.**

**૭. ખાનગી હોસ્પિટલ, નર્સીંગહોમ કે દવાખાનામાં શંકાસ્પદ રોગીઓની સારવાર આપવામાં આવતી હોય તો તે અંગે મહાનગરપાલિકાના કંટ્રોલરૂમમાં જાણ કરવી અને તેવા દર્દીઓને સરકારી હોસ્પીટલમાં દાખલ કરવા જાણ કરવામાં આવે છે.**

**૮. રસયુકત ખાણીપીણીની બનાવટ, ઉત્પાદન કે સંગ્રહ કે વેચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.**

**૯. બરફના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.**

**આ હુકમ આજ તા. ૨૪-૯-૧૯૯૪થી તા. ૧-૧૦-૧૯૯૪ સુધી અમલમાં રહેશે આ હુકમનો ભંગ કરનાર સામે બોમ્બે પોલીસ એકટની જોગવાઈની કલમ—૧૩૧ તેમજ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.**

**આજ તારીખ, ૨૪-૯-૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડીને બહાર પાડયું.**

**એન. જે. જોષી,**
**નાયબ કમિશનર**
**જામનગર મહાનગરપાલિકા અને**
**પ્લેગ નિયંત્રણ અધિકારી,**
**જામનગર શહેર.**

---

મામલતદાર અને પ્લેગ નિયંત્રણ અધિકારી દ્વારા
જાહેરનામું

વંચાણે લીધા :—જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગરના જાહેરનામા
ક્રમાંક : ડીએમ.-ડીસીએચ/૫૧૦૮/૫૨૦૭.
તા ૨૪-૯-૯૪.

નાં. વહવ-૯/૯૪.—જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગર તરફથી તા.૨૪-૯-૯૪ના જાહેરનામાથી જામનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને પ્લેગ ભયગ્રસ્ત તરીકે જાહેર કરેલ છે. આ રોગનો ફેલાતો અટકાવવા એપેડેમીક ડીસીઝ એકટ નં. ૩ ઓફ ૧૮૯૭ની કલમ-૨ પ્રમાણે અમોને પ્લેગ નિયંત્રણ અધિકારી તરીકે નિયુકત કરતા હું જી. સી. ભટ્ટ મામલતદાર અને પ્લેગ નિયંત્રણ અધિકારી ધ્રોલ તાલુકા તમામ વિસ્તારના લોકોને નીચેના સુચનાઓનો અમલ કરવા આથી હુકમ કરું છું.



INDEX

(૧) દરેક ખાનગી ડોકટરો, વૈદ્યોએ તેમની પાસે પ્લેગના રોગચાળાના લક્ષણોકે જેવા જણાય તો તેની જાણ તુરતજ સ્થાનિક સરકારી દવાખાનામાં મેડીકલ ઓફીસરશ્રીને કરવી.

(૨) આ રોગને લગતું કોઈ લક્ષણ કે ઉધરસ સ્વાસમાં તકલીક અને સખ્ત તાવ કફમાં લોહી જણાય કે શંકા જાય તો નજીકના દવાખાને દાકતર ની સલાહ લેવી.

(૩) સુરત કે દક્ષિણ ગુજરાતમાંથી જે કોઈ આવે તો તેની જાણ નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કરવી અને તેમને ડોકટરની સુચના મુજબ દવાઓ લેવી.

(૪) કોઈપણ વ્યકિત રોગચાળા પ્લેગથી પીડાતી હોય પરતુ અધિકૃત અધિકારીશ્રી તરફથી લોહી પરીક્ષણ માટે માંગવામાં આવે તો લોહી પરિક્ષણ કરવા દેવું તેમજ સુચના મુજે તે રીતે સારવાર કરવી.

(૫) પાણી ના ખાડા ભરાય તે રીતે પાણી ઢોળવું નહીં, ગંદકી કરવી નહીં તેમજ જ્યાં ત્યાં કચરો ફેંકવો નહીં, સ્વચ્છતા અને આરોગ્ય જાળવવા માટે યોગ્ય દવાનો અને પાવડરનો છટકાવ કરવા દેવો.

(૬) મરેલા ઉંદરનો ડોરોસીન છાંટી નાશ કરવો ઉંદરના દર બુરવા તેમજ ઉંદરનો ઉપદ્રવ અટકાવવો અને પકડવા કાર્યવાહી કરવી. અને ચાંચડ માખીનો ઉપદ્રવ અટકાવવો

( ૭) ઉંદરનું મૃત્યુ થાય ત્યારે ઉંદરના શરીને નાશ માટે આરોગ્ય અધિકારીને સફાઈ કામદારનેજાણ કરવી.

(૮) ખોરાક બનાવી પીરસવામાં આવતો હોય તેવી જગ્યાઓ હોટલ, રેસ્ટોરન્ટ, ડાઈનીંગ હોલ, વગેરે જગ્યાએ તથા શાક માર્કેટ જાહેર ચોક જ્યાં અવર-જવર વધુ હોય તેવી જગ્યાએ સાફસુફ અને ચોકસાઈ જાળવવી.

(૯) ખોરાક રાખવામાં આવતો હોય તેવી જગ્યાએ તેમજ અનાજના સંગ્રહ કરવામાં આવતો હોય તેવી જગ્યાએ ઉંદરનો ઉપદ્રવ અટકાવવા કાર્યવાહી કરવી.

(૧૦) સુવા માટે પથારી જમીનથી ૧ ફૂટ ઊંચી રાખવી સલાહ આપવામાં આવે છે.

(૧૧) અસ્વચ્છતા થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યકિત સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ મુજબ છ માસની સજા અથવા રૂપિયા ૧૦૦૦/-નુ દંડ અથવા બન્ને સજાને પાત્ર થશે.

આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી ૧ માસ સુધીની મુદત માટે અમલમાં રહેશે.

ધ્રોલ, ૨૪ માહે સપ્ટેમ્બર, સને ૧૯૯૪.

જી. સી. ભટ્ટ,
મામલતદાર અને પ્લેગ
નિયંત્રણ અધિકારી,
ધ્રોલ,

## જીલ્લા રજીસ્ટાર સહકારી મંઠળીઓ દારા

વંચાણે લીધાં : (૧) ગુજરાત રાજયનાં સને-૧૯૬૧નાં સહકારી મંડળીઓના કાયદાની કલમ—૧૦૭ તથા ૧૦૮,ની જોગવાઈઓ.
(૨) ગુજરાત રાજયનાં સહકાર ખાતાના જાહેરનામાં ક્રમાંક: હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪.
(૩) અત્રેની તા. ૨૫/૭/૯૪ની કા. દ. નોટીસ ક્રમાંક: : ફડચ/ખ૪/૧૬૬/૯૪.
(૪) શ્રી સબ ઓડીટર, સહકારી મંડળીઓ, (દુધ) કેશોદનો તા. ૧/૮/૯૪નો ખાસ અહેવાલ.
(૫) અત્રેની તા. ૨૪/૮/૯૪નાં કારણ દર્શક નોટીસ ક્રમાંક ફડચ: /ખ૪/૯૬૫/૯૪.
(૬) શ્રી ઓડીટર (ગ્રેડ-૧) ટેસ્ટ ઓડીટ સ.મં. જુનાગઢનો તા. ૧૩/૬/૯૪નો ખાસ અહેવાલ.
(૭) અત્રેની તા. ૨૫/૮/૯૪ની કા. દ. નોટીસ ક્રમાંક: ફડચ/ખ૪/૧૬૮/૯૪.
(૮) શ્રી સબ ઓડીટર-સહકારી મંડળીઓ માંગરોળના તા. ૩૦/૬/૯૪નો ખાસ અહેવાલ.
(૯) અત્રેની કચેરીનો તા. ૨૫/૭/૯૪નો કા. દ. નોટીસ ક્રમાંક: ફડચ/ખ૪/૧૬૨/૯૪.
(૧૦) સબઓડીટરશ્રી, સહકારી મંડળીઓ, પોરબંદરના તા. ૩૦/૬/૯૪ના ખાસ અહેવાલ.
(૧૧) અત્રેની તા. ૨૫/૭/૯૪ની કા. દ. નોટીસ ક્રમાંક: ફડચ/ખ૪/૧૬૧/૯૪.
(૧૨) ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (ગ્રાહક) જુનાગઢનાં તા. ૨૦/૫/૯૪નો ખાસ અહેવાલ.
(૧૩) અત્રેની તા. ૯/૮/૯૪ની કા. દ. નોટીસ ક્રમાંક: ફડચ/ખ૪/૯૫૫/૯૪.
(૧૪) શ્રી ઓડીટર (ગ્રેડ--૨) સ.મં. જુનાગઢનો તા. ૨/૪/૯૪નો ખાસ અહેવાલ.
(૧૫) અત્રેની તા. ૨૫/૭/૯૪ની કા. દ. નોટીસ ક્રમાંક: ફડચ/ખ૪/૧૬૯/૯૪.

### વચગાળાનો આદેશ

આથી હું. ડી. બી. એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને સહકારી મંડળીઓના કાયદાથી મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ સહકારી મંડળીઓ કે જેનો નોંધણી નંબર તથા તારીખ કોલમનાં. ૩માં દર્શાવેલ છે. તેને ગુજરાત રાજયના સને—૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ—૧૦૭(૩) તથા જે તે કાયદાની કલમ—૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) નં.—૧, લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—આ આદેશ સામે મંડળીને વાંધો કે રજુ આત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિન—૩૦,ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાન કાંઈ રજુઆત થશે નહીં તો મંડળીને ફડચામાં લઈ જવાની અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

INDEX

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ, ગામ, અને તાલુકો<br>૨ | નોંધણી નંબર અને તારીખ<br>૩ |
|---|---|---|
| ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૪/૯૯૨થી/૯૯૩/૯૯૪/ ૯૯૪/૯૯૫/૯૯૬/૯૯૭/૯૯૮//૯૯૯/૧૦૦૦/૯૪ તા. ૨૧/૯/૧૯૯૪. | શ્રી કલ્યાણ મરઘા ઉછેર સહકારી મંડળી લી. મુ. ઈવનગર તા. જી. જુનાગઢ. | નં. ૮૬૨૪ તા. ૨૪/૮/૮૧ |
| ,, | શ્રી વાડલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. માંગરોળ જી. જુનાગઢ. | નં. ૮૩૦૮ તા. ૨૯/૧/૮૫ |
| ,, | શ્રી જય બાબા રામદેવ પત્થરખાણ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. આદિત્યાણા તા. રાણાવાવ જી જુનાગઢ | નં. ૫૫૩૫ તા. ૯/૧/૮૬ |
| ,, | શ્રી દિવાશા નેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. તા. માંગરોળ, જી. જુનાગઢ. | નં. ૨૨૧૩૧ તા. ૬-૧-૮૮ |
| ,, | શ્રી બાપોદર સેવા સહકારી મંડળી લી. તા. રાણાવાવ જી. જુનાગઢ. | નં. ૧૩૭૯ તા. ૧/૭/૫૫ |
| ,, | શ્રી વનખાતાના કર્મચારીઓની શરાફી સહકારી મંડળી લી. જુનાગઢ. | નં. ૧૯૬૪ તા. ૨૬/૧૦/૮૮ |
| ,, | શ્રી પુર્ણીમા કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. તા. જી. જુનાગઢ. | નં. ૪૦૪૭ તા. ૨૫/૧/૭૩ |

જુનાગઢ, ૨૧ માહે ઓકટોબર સને ૧૯૯૪

**સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.**

**ક્રમાંક: નધણ/ધ/૧૩૨૬૨/ખ-૩/૫૫૧/૯૪.-તા. ૩૦-૩૧-૮-૯૪ નં. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગર, આથી જાહેર કરે છે કે શ્રી કિર્તન કે.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી, મર્યાદિત સ્થળ : તાલુકો અને જીલ્લો : ભાવનગર.**

**ક્રમાંક: નધણ/સે--૨૭૨૬૦/ખ-૩/૫૫૩/૯૪ તા. ૩૦ ૩૧-૮-૯૪, નં. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગર, આથી જાહેર કરે છે કે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સેવા સહકારી મંડળી લી. મર્યાદિતસ્થળ : તાલુકો : બોટાદ, જીલ્લો: ભાવનગર.**

**કે.બી. ઉપાધ્યાય,**
**જિલ્લા રજીસ્ટ્રાર,**
**સહકારી મંડળીઓ,**
**ભાવનગર.**

---

**નં. નધણ/ક-૩/૨૧૩૭-૩૯/૯૪ તા. ૨૪-૨૫-૮-૯૪ શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જામનગર આથી જાહેર કરે છે કે :-**

**શ્રી જામનગર ફ્રુટ એન્ડ પોટેટો વેજીટેબલ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટોની સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ, તાલુકો, જીલ્લો : જામનગર.**

**જેનો નોંધણી નંબર ૨૨૯૪૩, તા. ૨૪/૮/૯૪ છે.**

**નં. નધણ-ક-૩—૨૧૮૧—૮૫/૯૪.—તા. ૨-૯-૯૪.—**

**જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર આથી જાહેર કરે છે કે શ્રી બેડેશ્વર સરકારી વસાહત કર્મચારી કન્ઝ્યુમર્સ કો.-ઓ. સ્ટોર્સ લી., સ્થળ, તાલુકો, જીલ્લો: જામનગર.**

**જેનો નોંધણી નંબર ભં.-૩૫૯૪/**

**બી. એન. વાણીક**
**જીલ્લા રજીસ્ટ્રાર,**
**સહકારી મંડળીઓ-**
**જુનાગઢ.**

**(સહી) અવાચ્ય,**
**જીલ્લા રજીસ્ટ્રાર,**
**સહકારી મંડળીઓ,**
**જામનગર.**

---

**સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.**

**નં. ૨૭૫૩૪, તા. ૧-૯-૯૪.—શ્રી ગાયત્રી કો.ઓપ. ક્રેડીટ સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ/તાલુકો/જીલ્લો રાજકોટ.**

**બી. એમ. પંડયા,**
**જીલ્લા રજીસ્ટ્રાર,**
**સહકારી મંડળીઓ,**
**રાજકોટ.**

---

**મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર દ્વારા**

**નંબર સે/૨૩૮૦૭ શ્રી જિલ્લ. પંચાયત-ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી લાઠીદડ સેવા સહકારી મંડળી લી. સ્થળ:-લાઠીદડ તાલુકો : બોટાદ, જિલ્લો: ભાવનગર**

**ભાવનગર ૧૮ માહે ઓગષ્ટ, સને ૧૯૯૪.**

**કે. બી. એચ. વિહોલા,**
**મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,**
**સહકારી મંડળીઓ,**
**જિલ્લા પંચાયત**
**ભાવનગર.**

INDEX

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં : (૧) ગુજરાત રાજ્યના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.
(૨) ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ નં. ધખ-૨૭૭-ડીડીસી-૧૧૬૮-૧૮૪૯૬,-બી, તા. ૨૭-૫-૬૮.
(૩) શ્રી રજીસ્ટ્રાર સ.મં.ગુ.રા. ગાંધીનગરનાં પરીપત્ર ક્રમાંક:/વહર/૨૮૦/અ/૩૨૧૪, તા. ૩-૧૧-૭૨
(૪) આ કચેરીના વચગાળાના આદેશ નાં. ઉખસ/ફડચ/ખ-૪/છ/૬/૧૧૬-૫/૯૪-૯૫, તા. ૨-૫-૯૪.

અંતીમ આદેશ

આથી હું, પી. એમ. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ સહ જુનાગઢ જીલ્લાની સહકારી મંડળીઓ કે જેના નોંધણી નંબર અને તારીખ કોલમ નં. ૩માં દર્શાવેલ છે. તેને ગુજરાત રાજ્યના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ—૧૦૭(૧)(ગ)(૨)(૪) અન્વયે ફડચામાં લઈ જવા અને તે જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ઉકત વંચાણે લીધાં ક્રમ (૪)ના આદેશથી નિમવામાં આવેલ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી લગત આ કચેરીની નિમણુંક કાયમ કરી ફડચાની કામગીરી નિયત સમયમાં પુર્ણ કરવા આદેશ કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીના તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪, અનુસાર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

| ક્રમાંક અને તારીખ<br>૧ | સહકારી મંડળીનું નામ, ગામ, અને તાલુકો<br>૨ | નોંધણી નંબર અને તારીખ<br>૩ |
|---|---|---|
| ક્રમાંક: ઉખસ/ફડચ/૯૪૨૧થી ૯૪૨૭/ખ-૪/છ/૬/ ૪૩૭થી૪૪૨/૯૪/૯૪ તા. ૧૧/૭/૯૪ ૨ાને ૨/૭/૯૪ | શ્રી નાના સમઢીયાળા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. નાના સમઢીયાળા તા.ઉના જી. જુનાગઢ | નાં. ૧૯૭૨૬ તા. ૧૭-૪-૮૧ |
| | શ્રી સરસવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. સરસવા, તા. વેરાવળ. જી. જુનાગઢ | નાં. ૨૩૭૨૯ તા. ૨૯-૫-૮૯ |
| | શ્રી મોઠા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. મોઠા, તા. ઉના. જી. જુનાગઢ | નાં. ૨૨૫૭ તા. ૧૪-૧૧-૯૦ |
| | શ્રી જાંબાળા(ગીર) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. જાંબાળા(ગીર) તા. વિસાવદર જી. જુનાગઢ | નાં. ૨૩૧૨૮ તા. ૨૦-૧૧-૮૭ |
| | શ્રી સીંડોકર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. સીંડોકર તા. વેરાવળ. જી. જુનાગઢ | નાં. ૨૩૭૪૫ તા. ૭/૮/૮૯ |
| | શ્રી કીંદરવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. કીંદરવા, તા. વેરાવળ. જી. જુનાગઢ | નાં. ૨૩૭૨૧ તા. ૨૩-૩-૮૯ |
| | શ્રી માયાસુરીયા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. માયાસુરીયા, તા. વેરાવળ જી. જુનાગઢ | નાં. ૧૨૭૮૨૮ તા. ૧૩-૧૨-૮૨ |

---

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ—૧૧૪, તથા ૨૦ ની જોગવાઈ.

(૨) ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ નંબર ધખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/પી, તા. ૨૫/૫/૮૦.

(૩) આ કચેરીના અંતીમ આદેશ ક્રમાંક: ઉખસ/ફડચ/૮૭૨૯/ ખ-૪/૮૨૪/સને-૯૦, તા. ૪/૬/૯૦.

(૪) ફડચા અધિકારી-વિરપુર ખે.વિ.વિ.કા. સહ. મંડળી લી. (તા. વિસાવદર)નો તા. ૩૧/૩/૯૩નો અહેવાલ તથા તા. ૧૬/૬/૯૪ની જીલ્લાના ફડચા :મહેકમની બેઠકમાં લેવાયેલ નિર્ણ.ય

(૫) આ કચેરીના અંતીમ આદેશ ક્રમાંક: ઉખસ/ફડચ/૧૨૨૩/ ખ-૪/૧૪૫૪/૯૨, તા. ૧૫/૨/૯૨.

(૬) ફડચા અધિકારી મોણીયા સેવા સહકારી મંડળી (તા.વિસાવદર વદર)નો તારીખ ૩૧/૩/૯૩નો અહેવાલ તથા તા. ૧૬/૬/૯૪ની જીલ્લાના ફડચા મહેકમની બેઠકમાં લેવાયેલ નિર્ણય

આદેશ

નાં. ઉખસ/ફડચ/ખ-૪/છ/૪૪૩/૪૪૪/૯૪-૯૫,—આથી હું, પી. એમ. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને સહકારી મંડળીઓનાં સને-૧૯૬૧ના અધિનિયમથી મળેલ અધિકારની મો(૧) શ્રી મોણીયા સેવા સહકારી મંડળી લી મોણીયા તા. વિસાવદર, જિલ્લો જુનાગઢ કે જે નોંધણી નંબર-૨૪૨૬, તા. ૨૨/૬/૫૭થી તથા (૨) શ્રી વિરપુર ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. વિરપુર, તા. વિસાવદર,

INDEX

જીલ્લો: જુનાગઢ, કે જે નોંધણી નંબર ૨૫૨૦, તા. ૩૧-૮-૫૯થી નોંધાયેલ છે. તેની ઉપર આમુખમાં જણાવ્યાં પ્રમાણેની વિગતે ફડચા કામગીરી પુર્ણ થતાં અને તે વિગત ધ્યાને લઈ, આ મંડળીની નોંધણી સહકારી કાયદાની કલમ—૨૦(૧)ની જોગવાઈ મુજબ રદ કરવાનો આદેશ કરૂ છુ.

જુનાગઢ, ૧૨ માહે જુલાઈ સને ૧૯૯૪.

---

વંચાણે લીધા :—

૧. ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ની જોગવાઈ.

૨. શ્રી રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક ફડચ/૮૩૫/ચ/૫૮૮/ તા.૨૧-૨-૮૦

૩. ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ નંબર ધખ-૨૭૭—ડીડીસી—૧૧૬૮/૧૮૪૯૬/બી, તા. ૨૫-૫-૮૦.

૪. ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ વેરાવળનો તા. ૧૧/૯૨, નો સ.કા. ક. ૨૦(૧) અન્વયેનો અહેવાલ.

૫. ઉકત વંચાણે લીધા ક્રમ (૪) અન્વયે ઓડીટરશ્રી, સહ-મંડળીઓ, વેરાવળ સાથે થયેલ પત્ર વ્યવહાર અને તેમનો છેલ્લો તા. ૨૦/૬/૯૪નો પત્ર.

આદેશ

નં. ઉખસ-ફડચ-ખ-૪/૬૭/૪૪૫-૯૪-૯૫—આથી હું, પી. એમ. રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમથી મળેલ અધિકારની રૂએ શ્રી ઉના શહેર સુધરાઈ કર્મચારી ઘર-બાંધનારી સહકારી મંડળી લી. તા. ઉના. જી. જુનાગઢ કે જે નોંધણી નં. ધ-૧૧૮-તા. ૨૩-૬-૫૬ થી નોંધાયેલ છે. જેનું ઉપર આમુખમાં જણાવ્યા પ્રમાણે કોઈ અસ્તિત્વ જણાતુ ન હોઈ સહકારી કાયદાની કલમ-૨૦ (૧) ની જોગવાઈ મુજબ નોંધણી રદ કરવાનો આદેશ કરૂં છું.

જુનાગઢ, ૧૨ માહે જુલાઈ સન ૧૯૯૪.

પી. એમ. રાવલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ-જુનાગઢ.

---

**વંચાણે લીધાં :**

**(૧) ગુજરાત રાજ્યનાં સને-૧૯૬૧-ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ—૧૦૩, તથા ૧૦૮ની જોગવાઈઓ.**

**(૨) ગુજરાત રાજ્યનાં સહકાર ખાતાના જાહેરનામાં ક્રમાંક હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪**

**(૩) પ્રમુખ/મંત્રીશ્રી જવાહર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. પોરબંદરના તા. ૪-૯-૯૪ નો મંડળીને સ્વેચ્છાએ ફડચામાં લઈ જવાનો પત્ર.**

**વચગાળાનો આદેશ**

**ક્રમાંક: ઉખસ/ફડચ/ખ/૯૭૪/સને-૯૪ "આથી હું, ડૉ.બી.એન. ચાશીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ- જુનાગઢ મને સહ-કારી મંડળીઓનાં કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી જવાહર કો.ઓપરેટીવ હાઉસીંગ સહકારી મંડળી લી. પોરબંદર, જી. જુના. ગઢ કે જે નોંધણી નંબર-ધ/૨૪૯૦ તા. ૯/૩/૬૮થી નોંધાયેલ છે તેને ગુજરાત રાજ્યના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૩(૩) તથા તે જ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) નં. ૧, લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.**

નોંધ :—

**આ આદેશ સાથે મંડળીને વાંધા કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિન-૩૦, ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાનમાં કાંઈ રજુઆત થશે નહીં તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેવી.**

**જુનાગઢ, ૮ માહે સપ્ટેમ્બર, સને ૧૯૯૪.**

**ડૉ. બી. એન. ચાશીક**
**જીલ્લા રજીસ્ટ્રાર,**
**સહકારી મંડળીઓ, જુનાગઢ**

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સરકારશ્રીના ખેતી સહકારી અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/ ૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧.

(૨) આ કચેરીના વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/ગ/૨/૪૪૮/૯૪ તા. ૯-૬-૯૪ના હુકમ.

(૩) શ્રી જીલ્લા ખાસ અન્વયક. સં.મ. દુધ સુરેન્દ્રનગરની કચેરીના તા. ૯-૪-૯૪ના પત્ર ક્રમાંક આપણા ફડચ/ખ/૧૩/૯૪.

અંતિમઆદેશ

ક્રમાંક : ફડચ ગ-૨/૭૧-૯૪.

શ્રી મુલાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. મુળડાં તા. દસાડા, જિ. સુરેન્દ્રનગર કે જેનો નોંધણી ક્રમાંક : શે. દુ. ૨૩૯૦૭ તા. ૨૨-૮-૮૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વંચાણેલીધા અનુ. નં. ૨ થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તેની સામે સંસ્થાના હોદેદારોએ અત્રેની કચેરીએ નિયત કરેલ તારીખે અને સમયે રજુઆત કરવામાં નિષ્ફળ ગયેલછેજેથી તેઅન્વયેમંડળીને સહકારીકાયદાનીકલમ-૧૦૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફડચામાં લઈ જવા અંગેનો હુકમ કરવામાં આવે છે જેના કારણો નીચે મુજબ છે.

આમ ઉપરોકત સંજોગો જોતા મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૩ અન્વયે ફડચામાં લઈ જવા અંગે આ કચેરી તરફથી તા. ૯-૬-૯૪ હુકમ ક્રમાંક :ફડચ/ગ૪૪૮/૯૪ થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ તેની સામે મંડળીને કોઈ વાંધા હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ લેખીતમાં તેમજ મૌખીકમાં રૂબરૂ જાતે હાજર થઈ રજુઆત કરવા માટેની તક આપવામાં આવેલ હતી પરંતુ મંડળી તરફથી સદરહુ દરમ્યાન અત્રેની કચેરીએ સદરહુ હુકમ સામે વાંધા કે લેખીત રજુઆત અત્રે રૂબરૂ હાજર થઈ કરવામાં આવેલ નથી. તેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૦૯ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવેલ છે. અને તેજ કાયદાની કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૧ લગત જિલ્લા રજિ. સ. મં. સુરેન્દ્રનગરની નિમણુંક કરવામાં આવે છે અને સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા અંગે જે વચગાળાનો આદેશ કરવામાં આવેલ તે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૬ માહે ઓગષ્ટ, સને ૧૯૯૪.

(એચ) અવાચ્ય
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર



INDEX

કલેકટર દ્વારા

વંચાણે લીધા ;

૧. ધી કેરોસીન (ફીકસેશન ઓફ પ્રાઈસ સીલીંગ ઓર્ડર, ૧૯૭૦.
૨. નિયામકશ્રી, નાગરીક પુરવઠા કચેરી,ગાંધીનગર,પત્રના ક્રમાંક/કસન-ભાવ-૧૯૨-૭૭ તા. ૧૨-૯-૭૭.
૩. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક/કસન/૧૧૦૮૩/જી.ઓ.આઇ.-૭૪ ખ-તા. ૩-૮-૧૯૮૩.
૪. અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક/મસઆ/૨૬૭૬-જીઓઆઇ-૧૮૩ બ. તા. ૨૬-૬-૮૧.
૫. આ કચેરીના હુકમ નં. પરવ-કસન-૫૦૦૩-૯૩ તા. ૨-૯-૯૩.
૬. અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ ગાંધીનગરના ટેલેક્ષનં. કેએમએન--૧૦૯૧૧૩૯૮ નં. બી. તા. ૧૭-૩-૯૪.
૭. અમરેલી જીલ્લા પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશન અમરેલીના તા. ૪-૪-૯૪ તથા તા. ૫-૪-૯૪ તથા તારીખ ૮-૪-૯૪ના પત્રો.

હુકમ

નં.પરવ-કસન-૧૧૦૯-૯૪.—ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-૬થી જણાવ્યા અનુસાર તા. ૧-૪-૯૩ થી એજન્ટ/સ્ટોક રૂા. ૬૦-૩૦ અને છુટક વિકેતાને રૂા. ૬૯-૭૦ કેરોસીનના હાલના કમીશન અને ઈન્સીડેન્ટલ ચાર્જ ઉપરાંત ઓવર એન્ડ એબોવ એક કીલોમીટરે રેમ્યુનરેશન વધારતા તેમજ સ્થાનિક સંસ્થાઓને કેરોસીન ઉપર જકાત વધારતાં અમરેલી જીલ્લામાં કેરોસીનના ભાવો વંચાણે લીધેલ ક્રમ-૫ના પત્રથી બાંધી આપેલ છે. અને આ હુકમથી ટ્રાન્સપોર્ટ ભાડું દર કીલોમીટરના રૂા. ૦૦-૫૦ (પચાસ પૈસા પુરા પ્રમાણે રાઉન્ડ ટ્રીપમાં આ હુકમથી મજરે આપવામાં આવેલ છે. .

વંચાણે લીધેલ અનુક્રમ નં. ૬ ના ટેલેક્ષ મેસેજથી સરકારશ્રીએ જણાવ્યા અનુસાર એજન્ટ જથ્થાબંધ વિકેતાને કુલ રૂા. ૭૩-૦૦ તથા છુટક વિકેતાને રૂા. ૮૬-૦૦નું કમીશન બાંધી આપવા જણાવેલ છે.

સબજ તારીખ ૨-૯-૯૩ના હુકમથી બાંધવામાં આવેલ ઘર વપરાશ માટેના કેરોસીનના જથ્થાબંધ તથા છુટક ભાવો નવેસરથી ઠરાવવાના થાય છે. નવા ભાવો જાહેર થતા અગાઉના હુકમો અમલમાં રહેશે નહિ. નવેસરથી કોયલી, કંડલા અને સાબરમતી ડેપો ઉપરથી રસ્તા માર્ગે આવતાં ઘર વપરાશના માટેના સુપિરીયર કેરોસીનનાભાવો નીચેના વિગતો સહ ઠરાવ આપવાનો હુકમ કરવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમ-૭ના પત્રથી અમરેલી જિલ્લા પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશનને એવી રજુઆત કરી છે કે ટ્રાન્સપોર્ટ ભાડું દર કિલોમીટરે રૂા. ૦૦-૫૮ પૈસા હાલના ટેન્કરના ખર્ચામાં ડીઝલ, ઓઈલ કિંમતમાં વધારો તેમજ સ્પેરપાર્ટસ વગેરેના ખર્ચમાં વધારો થતા ઉપર પ્રમાણેનું કિલોમીટર દીઠ વધારો મળવા રજુઆત કરેલ છે.

રજુઆત અંગે ચકાસણી કરતા તેમજ ટ્રાન્સપોર્ટ ચાર્જીસની ગણત્રી કરતાં આ ભાડુ રૂા. ૦૦-૫૨ પૈસા દર કિલોમીટર દર કિલોમીટરના થાય છે.

આથી તા. ૨-૯-૧૯૯૩ના હુકમથી બાંધવામાં આવેલ ઘર વપરાશ માટેના કેરોસીનના જથ્થાબંધ અને છુટક ભાવો નવેસરથી ઠરાવવાના થાય છે. નવા ભાવો જાહેર થતા અગાઉના હુકમો અમલમમાં રહેશે નહીં. નવેસરથી કોયલી, કંડલા અને સાબરમતી ડેપો ઉપરથી રસ્તા માર્ગે આવતાં ઘર વપરાશ માટેના સુપ્રિરીયર કેરોસીનના ભાવે નીચેની વિગતો સહી ઠરાવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમથી કેરોસીન (ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૭૦ની કલમ—૨ સાથે કલમ—૩ વાંચતા મળેલ અધિકારની રૂએ બહાર પાડવામાં આવે છે.

ઘર વપરાશ માટે રસ્તામાર્ગે આવતાં સુપ્રિરીયર કેરોસીનના જથ્થાબંધ ભાવ આ સાથેના પરિશિષ્ટ -૧માં અને છુટક વેચાણ ભાવમાં સાથેના પરિશિષ્ટ ૨(૧) અને ૨(૨) મુજબ નક્કી કરવામાં આવે છે.

આ ભાવો ઘર વપરાશ માટેના સુપ્રિરીયર કેરોસીનના એક કિલોલીટર માટેના કોયલી ઈન્સ્ટોલેશનના રૂા. ૨૨૪૩-૪૦ તથા કંડલા ઈન્સ્ટોલેશનના રૂા. ૨૨૭૭-૮૨ મને સાબરમતી ઈન્સ્ટોલેશનના રૂા ૨૨૫૫-૧૧નો દર મુજબ એટલે કે વંચાણે લીધેલ અનુક્રમ નં. ૫ ના હુકમમાં દર મુજબ જ બાંધેલ છે.

પરિશિષ્ટ-૧માં મળવાપાત્ર કમીશન, ટ્રાન્સપોર્ટ ચાર્જ, જકાત બીડીઓ, લીકેજ, હેન્ડલીંગ અને અન્ય ખર્ચાઓનો સમાવેશ થાય છે. તેમજ રૂા. ૨૪-૦૦ વતા રૂા. ૧૨-૭૦ મળી કુલ રૂા. ૩૬-૭૦ તથા જથ્થાબંધને રૂા. ૩૬-૩૦ મજરે આપવામાં આવેલ છે. અને ટ્રાન્સપોર્ટ ભાડું દર કિલોલીટરે દર કીલોમીટરે રૂા. ૦૦-૫૦ પૈસાને બદલે રૂા. રૂા. ૦૦--૫૨ પૈસા પ્રાણે રાઉન્ડ ટ્રીપમાં (બાવન પૈસા) મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

પરિશિષ્ટ-૨(૧)માં જકાત સાથેનો અને પરિશિષ્ટ-૨(૨)માં જકાત સિવાયનો સરકારશ્રીએ નક્કી કરેલ કમીશન દર કિલોમીટરે રૂા. ૬૯--૭૦પૈસા વતા રૂા. ૧૮-૩૦ કુલ રૂા. ૮૬-૦૦ પૈસા મજરે આપવામાં આવેલ છે. તેમજ હેરાફેરી બર્ચા ૧ થી ૫ કિ. મી. સુધીના અંતર માટે રૂા. ૧૦/-, ૫ કી. મી. થી વધુ પરંતુ ૧૦ કિ. મી. સુધીના અંતર માટે રૂા. ૨૦/ તેમજ ૧૦ કી.મી. છે. વધુ પરંતુ ૧૫ કી. મી. સુધીના અંતર માટે રૂ. ૩૦/- અને ૧૫ કી. મી. થી વધુ પરંતુ ૨૦ કી. મી. થી સુધીના અંતર માટે રૂા. ૪૦/- ૨૦ કી. મી. થી વધુ ગમે તેટલા અંતર માટે રૂા. ૧૦--૦૦ દર એક હજાર લીટરના (એક કીલોમીટર ) મજરે આપવામાં આવેલ છે.

સદરહુ હુકમ તાત્કાલીક અસરથી અમલમાં આવશે.

અને બનાવવામાં આવેલ છે કે આ પ્રસંગે લોકોના સંખ્યા બંધ પ્રમાણમાં એકઠા થવાને કારણે જાહેર સુલેહભંગ થાય, હુલ્લડ કે બખેડો થાય તેવો સંભવ છે. આ ઉર્ષની ધાર્મીક તહેવાર શાંતિથી ઉજવાય તે જાહેર સુલેહશાંતી માટે જરૂરી છે જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાની જરૂર છે.

તેથી હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો જુનાગઢ આથી તા. ૧૬-૮-૯૪નાં શુન્ય કલાકથી તા. ૨૩-૮-૯૪ના ૨૪—૦૦ કલાક સુધી ઉપલા દાતાર જવા માટે વિલીંગ્ડન ડેમ, સાઈટ તથા ઉપલા દાતારનાં ડુંગર વિસ્તારમાં


INDEX

નિયંત્રણો અને સમય મર્યાદા નકકી કરવાનું ઈચ્છનીય હોવાનું મુનાસબ માનુ છું અને તેથી હુકમ કરુ છું કે :-

(૧) તા. ૧૬-૮--૯૪ના શુન્ય કલાકથી તા. ૨૩-૮--૯૪ના કલાક ૨૪--૦૦ સુધીમાં ઉપલા દાતાર જવા સારુ ફરજ પરનાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ જુનાગઢની પરમીટ મેળવીને જવું.

(૨) આ પરમીટમાં જણાવેલ તારીખ તથા કલાકો દરમ્યાન દર્શન કરી ઉપલા દાતારથી નીચે ઉતરી આવવાનું રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત જાહેરનામાના ભંગ બદલ કરવાની સજાને પાત્ર થશે.

આ હુકમ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, જુનાગઢએ લેખિત હુકમથી અધિકૃત કરેલ શખ્સને તેમજ ફરજ ઉપરનાં સરકારી કર્મચારી/અધિકારીશ્રીઓ તથા હોમગાર્ડઝનાં ફરજ ઉપરનાં વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમની બહોળી પ્રસિધ્ધી નિયમ મુજબ જીલ્લા પોલીસ અધિકારીશ્રી જુનાગઢે કરવી. આજરોજ તા. ૧૨ માહે ઓગષ્ટ સને ૧૯૯૪ ના રોજ મારી સહી તથા કચેરીનાં સિકકા સાથે હુકમ બહાર પાડયો.

---

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક ૨૨ની કલમ ૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

ક્રમાંક : એમઓજી-સી-૧૧૧૦-૯૪,—સેનાપતિ શ્રી રાજય અનામત પોલીસ દળ, જુથ ૧૩, રાજકોટના પત્ર નંબર : ઓડજયુ ૮૩૧-૯૪, તા. ૬-૧૦-૯૪થી યુનિટના જવાનોનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ લેવાનું હોવાથી જુનાગઢ પોલીસ તાલીમ મહા વિદ્યાલય જુનાગઢનું ફાયરીંગ બટ ઉપર તા. ૧૫-૧૦-૯૪થી તા. ૨૫-૧૦-૯૪ સુધી લેવાનું નક્કી થતાં અહીંને જણાવેલ છે.

સબબ, ફાયરીંગ દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં લોકો તથા વાહનોની આવ-જવર ભયજનક જણાતાં, હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ—આંક ૨૨ની કલમ ૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સેનાપતી રા.અ.પો. દળ જુથ ૧૩ રાજકોટના યુવાનો સને ૧૯૯૪ વર્ષનું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ લેવાની હોય માટે તા. ૧૫—૧૦—૯૪થી તા. ૨૫—૧૦—૯૪ સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય જુનાગઢના ફાયરીંગ બટના વિસ્તારમાં પુર્વભાગે—૧ ફર્લાંગ, પશ્ચીમે ભાગે ૧ ફર્લાંગ, તથા ઉતર ભાગે—૩ ફર્લાંગ અને દક્ષિણ ભાગે—૧ ફર્લાંગ વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનો માટે ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશ બંધી ફરમાવું છુ.

આ જાહેરનામાના કોઈપણ ખંડના ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિ. ૧૯૫૧ની કલમ ૧૩માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૪ માહે ઓકટોબર—૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જે. બી. વોરા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો,
જુનાગઢ.

---

મુંબઈ પોલીસ અધિ. ૧૯૫૧ની કલમ ૩૩/૧ અન્વયે

જાહેરનામું

નં.એમઓજી/સી/૪/૯૪.—હાલમાં એચ.એસ.સી. તથા કોલેજમાં પરીક્ષાઓ ચાલતી હોય તેમજ રામનવમી મહાવીર જયંતિ વિગેરે તહેવારો આવતા હોય તેના કારણોના પ્રસંગોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાહેર સુલેહશાંતિ જળવવા સારુ મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૩૩ (૧) અન્વયે, સમગ્ર પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ કરી જરૂરી જણાય છે.

સબબ, પોરબંદર જીલ્લા પોલીસ વિસ્તારમાં ઉપરોકત કારણો સર જાહેર સુલેહશાંતિની જાળવણી સારુ તેને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી યથાવત જળવાય રહે તેમજ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે હું રાજેન્દ્ર બી. દવે, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક ૨૨ માંની કલમ ૩૩(૧) અન્વયે મળેલી સત્તાની રૂએ, પોરબંદર પોલીસ જીલ્લાનાં વિસ્તારોનાં તા. ૫-૪-૯૪ થી ૨-૫-૯૪ સુધી બંન્ને દિવસો સહિત નીચે પ્રમાણે ફરમાવું છે કે કોઈપણ વ્યકિતએ,

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, બંદુક, લાકડી કે લાકડી ધોકા, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજા કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ.,

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુ ફેંકવાના કે ઘકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા કરવા નહિ. તથા તૈયાર કરવા નહીં.

(૩) કોઈપણ ક્ષયકારી પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

(૪) મનુષ્યો અથવા શખ્સો જેવી આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ. અપમાન કરવાના અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહિ. અશ્લીલ ગીતો ગાવા નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :—

(૧) સરકારશ્રીની નોકરી કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જીલ્લા પોલીસ અધિકારી પોરબંદરે જેને શખ્સને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને,

INDEX

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિ–૧૯૫૧ની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજ રોજ તા. ૫-૪-૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૫ માહે એપ્રીલ, સને ૧૯૯૪.

રાજેન્દ્ર બી. દવે,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો,
જુનાગઢ.

---

## જીલ્લા પોલીસ અધિકારી દ્વારા જાહેરનામું

નં. સીબી-૫ જા.નં. ૨૯૭૨ -૯૪.— જામનગર શહેરમાં શ્રી શકિત યુવક મંડળ તરફથી ખંભાલીયા નાકા પાસે દર વર્ષે નવરાત્રી ઉત્સવમાં ગરબી કરવામાં આવે છે. ખંભાલીયા દરવાજાનો લગત બાજુનો નવો રસ્તો આવેલ છે તે રસ્તો વન વે તરીકે જાહેર થયેલ હોય શ્રી શકિત યુવક મંડળ જામનગર, તરફથી નવરાત્રીના સમય દરમ્યાન રાત્રીનાં ૨૧-૦૦ કલાકથી ૧-૦૦ કલાક સુધી જે નવો રસ્તો કરવામાં આવેલ છે તે વાહન વ્યવહાર ની અવર જવર માટે બંધ કરવા માંગણી કરેલ છે. ઉપરોકત હકીકતો શ્રી શકિત યુવક મંડળ, જામનગરની માંગણી મુજબનો રસ્તે તા. ૬-૧૦-૯૪થી તા. ૧૨-૧૦-૯૪ સુધીનાં દિવસો અને નિર્દેશ કરેલ સમય માટે વાહન વ્યવહારની અવર જવર માટે બંધ કરવા જાહેરનામું બહાર પાડવાનું મને ઉચીત જણાયેલ છે. તેથી હું, ઈન્ચાર્જ જી.પો.અધિ. શ્રી રમણ પ્રકાશ જી.પો. અધિ.શ્રી જામનગર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૬(ગ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ રસ્તો તા. ૬-૧૦-૯૪થી તા. ૧૨-૧૦-૯૪ સુધી ૨૧-૦૦ કલાકથી ૧--૦૦ કલાક સુધી દરેક જાતનો વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવે છે.

### પરિશિષ્ટ

રસ્તાનું વર્ણન :—જામનગર મહાનગરપાલીકા વિસ્તારમાં ખંભાલીયા નાકાના દરવાજા લગતે જે નવો રસ્તો આવેલ છે તે એટલે કે ખંભાલીયાના નાકાના દરવાજા બહારથી જામનગર શહેરમાં આવતાં રસ્તાને લગત.

ઉપર જણાવેલ તારીખ અને સમય દરમ્યાન ખંભાલીયાના નાકા બહારથી આવતાં વાહનોને વચલા નાકામાંથી જામનગર શહેરમાં દાખલ થવું.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સ સામે કાયદેસર પગલાં હાથ ધરવામાં આવશે.

આજ તા. ૬ માહે ઓકટોબર સને ૯૪ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયું.

રમણ પ્રકાશ,
ઈન્ચાર્જ, જી. પો. અધિ.શ્રી
જામનગર.

## અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માની કલમ–૩૩ પેટા કલમ–૧ ખંડ–બ મુજબનું જાહેરનામું

નં. મેજી/પોલ જાહેરનામું ૩૩(૧) ૧૦-૯૪.— આગામી નવરાત્રીના તહેવારો તા. ૫/૧૦/૯૪થી તા. ૧૩/૧૦/૯૪ સુધી ઉજવવામાં આવનાર છે. આ પર્વ દરમ્યાન જુદાં જુદાં શહેરોમાંથી અને ખાસ કરીને ભુજથી મોટી સંખ્યામાં પદયાત્રીઓ માતાનાં મઢ જાય છે. તેમજ નાના મોટા વાહનો દ્વારા પણ યાત્રાળુઓ માતાના મઢ જાય છે. મુખ્યત્વે પદયાત્રીઓ માતાનાં મઢ ભુજથી દેશલપર, નખત્રાણા, લખપત, રવાપર થઈ માતાના મઢ જાય છે. અને પદયાત્રીઓની વ્યવસ્થા માટે નાનાં રીક્ષાઓ, ટેક્ષીઓ મેટાડોર, જેવા વાહનો મોટી સંખ્યામાં આવ જવ કરે છે. તેમજ આ રસ્તે લિંગ્નાઈટનાં ટ્રકો જેવા ભારે વાહનો પણ દરરોજ મોટી સંખ્યામાં અવર જવર કરતા હોઈ પદયાત્રીઓને મુશ્કેલી પડે છે. અને કયારેક અકસ્માત થવાની સંભાવના રહે છે. જેથી નખત્રાણાથી પાનધ્રો જતા આવતા ભારે (એસ.ટી. બસ તથા ખાનગી પેસેન્જર સિવાયના) વાહનો માટે વાહન વ્યવહાર એકમાર્ગીય કરવો આવશ્યક છે.

જેથી હું, એસ. એન. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ–૩૩(૧) (બી) અને (સી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૫/૧૦/૯૪થી ૧૨-૧૦-૯૪ સુધી આ નીચેની અનુસૂચિમાં જણાવેલ રસ્તો વાહનો લઈ જવા લાવવા માટે એકમાર્ગીય કરવાનું ફરમાવું છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ વ્હીકલ એકટ ૧૯૪૯માં વાહનની જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસૂચિ :—

(૧) એસ.ટી. બસ તથા ખાનગી પેસેન્જર બસો સિવાયના ભારે વાહનો પાનધ્રોથી નખત્રાણા આવતી વખતે દયાપર, વાલકા ધડાણી, રવાપર, નેત્રા થઈ ટોડીયા ફાટક પાસે હાઈવે રોડ થઈ નખત્રાણા તરફ આવશે.
(૨) તેમજ ખાલી ટ્રકો તથા વાહનો નખત્રાણાથી રવાપર, માતાના મઢ થઈ પાનધ્રો જશે.

ઉપરોકત જાહેરનામાથી નીચે જણાવેલ વાહનોને મુકિત આપવામાં આવે છે.
(૧) એસ.ટી.ની બસો તથા ખાનગી પેસેન્જર વાહનો.
(૨) પોલીસ ખાતાના ફરજ પરના વાહનો.
(૩) જીલ્લા પોલીસ અધિકારીશ્રીના આદેશ અનુસાર કે સ્થળ પરના સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલા વાહનો.

આજરોજ તા. ૪-૧૦-૯૪ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૪ માહે ઓકટોબર, સને ૧૯૯૪.

એસ. એન. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ—ભુજ.

---

INDEX

જાહેરનામું

નંબર મેજી-પોલ-જાહેરનામું-૩૭(૧)૮-૯૪-આગામી ઈદ તથા શ્રાવણ માસ દરમ્યાન આવતાં તહેવારો અનુલક્ષીને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવાઈ રહે અને કોઈ જાતનો અનઈચ્છનીય બનાવ બનવા ન પામે તે માટે સુલેહ શાંતિ અને સાવચેતી ના પગલાં લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, જે. બી. પંડયા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળે અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૭-૮-૧૯૯૪ થી તા. ૫-૯-૯૪ સુધી દિવસ ૩૦ની મુદત દરમ્યાન નીચેની અનુસુચિમાં જણાવેલ વિસ્તારમાં

---

જાહેરનામું

નંબર--મેજી--પોલ--જાહેરનામું--૩૭ (૧) --૩--૯૪-આગામી હોળી ધુળેટીના તહેવારો સંદર્ભે જીલ્લા માં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ જાતનો અનઈચ્છનિય બનાવ બનવા ન પામે તે માટે સુલેહશાંતીઅનેસાવચેતીના પગલાં લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું જે. જી. પંડયા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ--૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેા અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૨૨--૩--૯૪ થી તા. ૩૧--૩--૯૪ સુધી દિવસ--૧૦ ની મુદત દરમ્યાન નીચેની અનુસૂચિ માં જણાવેલ વિસ્તારમાં.

(ક) શસ્ત્રેા, દંડા, તલવાર, ભાલા , ધેાકા, છરેા, બંદુક, લાકડી, લાઠી, હજામનેા અસ્ત્રેા, ત્રિશુલ, શારીરિક ઈજા પહેાંચાડી શકાય તેવું બીજું કેાઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કેાઈ ક્ષયકારી સ્ફેાટક પદાર્થ લઈ જવેા નહી.

(ગ) અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રેા પેાકારવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તથા તેવા ચિત્રેા પ્લેકાર્ડો પત્રિકાઓ અથવા બીજા કેાઈ પદાર્થ વસ્તુ તૈયાર કરવી નહીં અગર અપમાન કરવાના ઈરાદાથી કેાઈ નનામી બાળવી નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યકિતઓ એટલે કે જે તે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હેાય અથવા કેાઈ હથીયાર લઈ જવાની ફરજ હેાય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કેાઈપણ પેાલીસ અધિકારીએ જેની અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હેાય તેવી વ્યકિતઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા પેાલીસ અધિકારીશ્રી એ અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ-ભુજ અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરે તેવી બીજી કેાઈ વ્યકિતને.

અનુસૂચિ :—

સમગ્ર કચ્છ જિલ્લેા.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪ (ચાર) માસની સજા થશે. અને વધુમાં વધુ ૧(એક) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫-(૧) મુજબ દંડની સજા થશે.

આજ રોજ તા. ૧૭-૩-૧૯૯૪. ના મારી સહી કરી કચેરીનેા સિકકેા મારી બહાર પાડયેા.

જે. જી. પંડયા,
અધિક જિલ્લ મેજીસ્ટ્રેટ,
કચ્છ--ભુજ.

---

**મુંબઈ પોલીસ અધિનિયમ- ૧૯૬૧ સને ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમની કલમ—૩૭(૧) અન્વયે કાઢેલેા હુકમ .**

જા હે ર ના મું

**નં. ડી.એમ/૧/૨૧૯૮/૯૪.—આગામી માહે જુલાઈમાસ દરમ્યાન આવતા તા. ૧૦--૭-૯૪ ના રોજ અષાઢી બીજ તા. ૨૨--૭--૯૪ ના અષાઢ સુદ પુનમનું જગન્નાથ નેા તહેવાર તેમજ તા. ૨૪--૭--૯૪ના રોજ મેાટું જાગરણ આવે છે તેમજ તા. ૧૨--૭--૯૪ થી કર્મચારીઓની હડતાલ આંદોલન આવે છે. જે થી આ તહેવારો દરમ્યાન તેમજ ઉપરોકત પરિસ્થિતિને અનુલક્ષીને ભાવનગર જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને આને અનુલક્ષીને સામાજીક કે કોમવાદી માનસ ધરાવતા તત્વો ગેરલાભ ન ઉઠાવે અને શાંતી ન જોખમાય તે માટે સાવચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાય છે. તેમજ જીલ્લા પોલીસ વડાશ્રીના અહેવાલ પરથી આને સમર્થન મળેલ છે. અને સામાન્ય જન જીવન રોકટોક, ભય કે ત્રાસ વગર ચાલે, કાયદો અને વ્યવસ્થા ૨ લેહશાંતીપૂર્વક જળવાઈ રહે તે માટે આગમચેતીના પગલાં લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જીલ્લામાં લોકો જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે છરી, ધારીયા, કુહાડી, પાઈપ, ભાલ, કુંડલી વાળી લાકડીઓ, તલવાર વગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરી ફરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેરશાંતી અને સલામતી જળવવા બહાર પાડવું જરૂરી છે.**

**તેથી મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ—૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું એસ. બી. રાવલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લેા ભાવનગર આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારું ફરમાવું છું કે, કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શવિલ વિસ્તારમાં તા. ૪--૭--૯૪ થી તા. ૩૧--૭--૯૪ સુધી (બન્ને દિવસેા સુધ્ધા)**

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, ધોકા, બંદુક, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં,

(ધ) સરઘસમાં સળગતાં અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) મનુષ્યની અથવા શબેાની આકૃતિઓ પુતળા દેખાડવા નહી.

INDEX

(છ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં. અસ્લીલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

(જ) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા નહીં, તેવા હાવભાવ કરવાં નહી, તેવી ચેષ્ટા કરવી નહીં, તેવાં ચિત્રો પત્રિકાઓ પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવા નહીં બતાવવા નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

અનુસૂચિ

**ભાવનગર જીલ્લાનો સમગ્ર વિસ્તાર.**

**આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધી ની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ માંની કલમ–૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.**

**આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી અને સદરહુ વિસ્તારમાં ધ્વની વર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.**

**મે આજ તા. ૪–૭–૯૪ ના રોજ મારી સહી કરી સિક્કો માર્યો.**

---

ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે કાઢેલો હુકમ.

જાહેરનામું

નં. ડીએમ/૧/વશી/૩૫૨૦/૯૪.—આગામી ભાવનગર શહેરમાં જીવસંટી સંચાલીત કોલેજોમાં તા. ૩-૧૦-૯૪થી પરીક્ષાઓ શરૂ થયેલ છે અને આ પરીક્ષાઓ તા. ૨૦-૧૦-૯૪ સુધી જુદી જુદી કોલેજોમાં લેવામાં આવનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષાના કેન્દ્રો ઉપર બહારના તત્વો પરીક્ષા સંચાલનમાં કોઈ મુશ્કેલી ઉભી ન કરે અને પરીક્ષાનું સંચાલન યોગ્ય રીતે થઈ શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ (સને ૧૯૭૪ ભાગ-૨જો) કલમ-૧૪૪ મુજબ પગલાં લેવાને જરૂરી કારણ છે, અને ઝડપી ઉપાય યોજવાનું ઈષ્ટ છે તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું, એસ. બી. રાવલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જીલ્લો, ભાવનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ–૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે લોકોએ જીલ્લા પોલીસ અધિકારીશ્રીની લેખીત પરવાનગી વિના નીચે આનુસૂચિમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા સમયે કેન્દ્રનાં વિસ્તારમાં ચારે તરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં ચાર કે તેથી વધુ માણસો, રાજમાર્ગો ઉપર શેરી, અથવા ગલી, કે પેટા ગલીમાં એકઠા થવા અથવા ભેગા થવું નહીં, અથવા સભાઓ ભરવી નહી,

અનુસૂચિ :—

અ.નં. પરીક્ષા કેન્દ્રનું નામ.

(૧) સર પી. પી. ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, વાઘાવાડી રોડ, ભાવનગર.

(૨) વળીયા આર્ટર્સ-કોમર્સ કોલેજ, વાઘાવાડી રોડ, ભાવનગર.

(૩) શેઠ એચ. જે. લો કોલેજ, વિદ્યાનગર, ભાવનગર.

આ હુકમ તા. ૩–૧૦–૯૪ થી તા. ૨૦-૧૦-૯૪ સુધી અમલમાં રહેશે.

મે આજરોજ તા. ૧૨-૧૦-૯૪ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ બહાર પાડયું.

ભાવનગર, ૧૨ મોહે ઓકટોબર સને ૧૯૯૪.

એસ. બી રાવલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

---

હુકમ

**નં.મજસ-૨-વ ૫૦૬૪/૯૪.—કમાન્ડીંગ ઓફિસરશ્રી ૩૧૮ મીડીયમ રેજીમેન્ટ ૩૧૮ ફીલ્ડ રેજીમેન્ટ ૩/૦/૫૬ એ.પી.ઓ. તરફથી ફાયરીંગ પ્રેકટીસ માટે તા. ૧-૯-૯૪ થી તા. ૨૦-૯-૯૪ ના દરમિયાન પોલીસ ફાયરીંગ બટ ઉપર કરવામાં આવનાર છે. પોલીસ ફાયરીંગ બટનો ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી સુરેન્દ્રનગર તરફથી મંજુરી આપવામા આવેલ છે. આ ફાયરીંગ પ્રેકટીસના. ઓલએમજી ૭.૬૨ એમ.એમ.આઈ.એ રાયફલ ૭.૬૨ એમ. એમ. એસએલઆર તથા કાર્બાઈન મશીન ૯ એમ. એમ. હથિયારનો ઉપયોગ થનાર હોઈ અને તેની રેન્જ ૫૦૦ મીટર સુધીની હોઈ ગોળીબારના બટ નજીક આસ કરીને ખેરાળી, ખમીસણા, દુધરેજ જેવા ગામો આવેલ છે. જેથી આ વિસ્તારમાં ચાલતા માણસો બસ અને અન્ય વાહનો તથા ઢોરઢાંખરને ગોળીબાર થી ઈજા થવાનો સંભવ હોય તે અટકાવવાનું જરૂરી જણાતા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ પ્રોટેક્શન એન્ડ એમેન્ડમેન્ટ એકટ ૧૯૫૯ની કલમ-૨ સાથે વાંચતા મને મળેલ અધિકારની રૂએ હું, આર.કે. પરમાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર આથી ફરમાવું છું કે તા. ૧-૯-૯૪થી તા. ૨૦-૯-૯૪ સુધી સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાકના સમય દરમિયાન પોલીસ ગોળીબારનો બટ જે ખોળીધજા ડેમ પર મહાદેવના દેરા પાસે છે. તેની આજુબાજુ એક માઈલના વિસ્તારમાં કોઈએ હરવું ફરવું નહીં કે વાહન લઈ નીકળવું નહીં. તેમજ પોતાના ઢોરઢાંખર ચારવા નહીં કે છુટા ફરવા દેવા નહીં.**

**આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.**

**આજ તા. ૧લી સપ્ટેમ્બર સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.**

---

જાહેરનામું

**ક્રમાંક : એમ.એ.જી.–૩–વશી-૧૦૫૪૬ થી ૯૦.—આગાઉ તા. ૨૧-૮-૯૪ના રોજ મુકવામાં તેમજ તારીખ ૨૯-૮-૯૪ના રોજ જન્માષ્ટમી વિગેરેના તહેવારો આવતા હોઈ કાયદો–વ્યવસ્થા ની પરિસ્થિતિ જળવાઈ રહે તે જરૂરી જણાય છે.**



INDEX

વાસ્તે, હું, આર. કે. પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧નાં ૨૨માંની કલમ—૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૧--૮--૯૪ થી તા. ૩૦--૮--૯૪ સુધીનાં સમય દરમ્યાન જીલ્લા પોલીસ અધિકારીશ્રી સુરેન્દ્રનગરની આગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતે દર્શાવેલા કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું :

(૧ શસ્ત્રો, દંડા તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી, અને લાઠી, કુંડળીવાળી લાકડી, તથા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહીં.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની યંત્રો અથવા સાધનો લઈ જવા નહીં.

(૩) વ્યકિતઓ અથવા તેમનાં સબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં

(૫) જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા તો નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવી ચેષ્ટા કરવી નહીં તેવા ચિત્રો-પત્રકો--પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસુઓ તૈયાર કરવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(૬) અપમાન કરવાનાં અથવા જાહેર કરવાનાં ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહીં. અશ્લિલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમનાં ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેઓએ કે જેને શારિરીક અશકિતનાં કારણે લાકડી, લાઠી, લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમોનો ભંગ કરશે, કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ ૨૯ માહે જુલાઈ સને ૧૯૯૪નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામાં બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૨૯ માહે જુલાઈ સને ૧૯૯૪.

---

જાહેરનામું

ક્રમાંક: એમ.એ.જી. ૩-વશી-૨૦૯૩ થી ૨૧૪૬/૯૪.—ચાલુ માસમાં એચ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા તેમજ કોલેજ પરીક્ષા તેમજ તા. ૧૪-૪-૯૪નાં રોજ આંબેડકર જયંતિ તહેવાર, ખેડુત-પ્રવૃત્તિ તથા જુદાં જુદાં રાજકીય પક્ષો તરફથી કાર્યક્રમોને અનુલક્ષીને કાયદો-વ્યવસ્થાની પ્રવૃત્તિ જે જાળવવાનાં હેતુથી સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં હથીયાર બંધી ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું, આર.કે પરમાર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો સુરેન્દ્રનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં ૨૨માંની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૧-૪-૯૪થી ૩૦-૪-૯૪ સુધીનાં સમય દરમ્યાન જીલ્લા પોલીસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગરની અગાઉની મંજૂરી મેળવ્યા સિવાય નીચેની વિગતે દર્શાવેલા કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહીં.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી ફેંકવાનાં કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહીં.

૩. વ્યકિતઓ અથવા તેમનાં શબ અથવા આકૃતિઓ, અથવા પુતળા દેખાડવા નહીં તથા તૈયાર કરવા નહીં.

૪. કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

૫. જેનાથી સુરૂચીનો ભંગ થાય અથવા તો નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો પત્રીકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ વસ્તુઓ તૈયાર કરવી નહીં. અથવા તેનો ફેલાવો કરવો નહીં.

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહી અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં. —

(૧) સરકારી નોકર કે કામ કરવી વ્યકિત કે જેને તેમનાં ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમોનો ભંગ કરશે કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામા તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને સદરહુ વિસ્તારમાં ધ્વની વર્ધક યંત્રો ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ ૨૯ માહે માર્ચ સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

---

હુકમ

નં.મજસ/૩/વ/૬૩૨૧/૯૪.—ચોટીલા તાલુકાનાં તરણેતર ગામે દર વર્ષની જેમ તા. ૯—૯—૯૪ થી તા. ૧૧—૯—૯૪ સુધી લોક મેળો યોજાનાર છે. તરણેતરના સ. નં. ૧૦૩માં તરણેતર મંદિરની પુર્વ બાજુ તળાવ આવેલ છે. મંદિરમાં દર્શને આવતાં

INDEX

યાત્રિકે આ તળાવમાં પાણીનો ઉપયોગ કરે છે. આ તળાવમાં અમુક શખ્સો માછલાં પકડવાના હેતુથી તળાવમાં પડે છે. અને તળાવનું પાણી ડહોળાય છે. અને પાણી વાપરવા લાયક રહેતું નથી. તળાવનું પાણી દુષિત થતું અટકાવવાનું જાહેર પ્રજાના આરોગ્યનાં હીતમાં જરૂરી જણાતાં મુંબઈ પોલીસ ધારાની કલમ ૩૩(૧) એમ, અન્વયે અમોને મળેલ સત્તા ની રૂએ હું, આર. કે. પરમાર ,અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર ચોટીલા તાલુકાના તરણેતર ગામનાં સ. નં. ૧૦૩ માં તરણેતર મંદીરની પુર્વે આવેલું તળાવમાં માછલાં પકડવાના હેતુથી તળાવ માં પડી પાણી ડહોળવા પર આથી મનાઈ ફરમાવું છું.

આ મનાઈ હુકમનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ ધારાની કલમ—૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧ માહે ઓગષ્ટ સને ૧૯૯૪ ના રોજ મારી સહીતના આ કચેરીના મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

આર. કે. પરમાર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જીલ્લો.

---

## જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ--૧૧૪ તથા ૨૦ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાના હુકમ નં. ધ-ખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬-બી, તા. ૨૫/૫/૮૦.

(૩) મેનેજરશ્રી, જુ. ડિ. સે. કો. ઓપ. બેન્ક લી. જુનાગઢનાં તા. ૧૫/૭/૯૪ના પત્ર નં. બ્રોચીંગ/૪/૩૬/૧૧૯૨૭થી રજુ થયેલ દરખાસ્ત.

### આદેશ

ક્રમાંક: ઉખસ/ખ-૪/૯૮૧/સને-૧૯૯૪.—આથી હું, ડો. બી.-એન. યાશીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ- જુનાગઢ, મને સહકારી મંડળીઓનાં સને-૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી જલોદર સેવા સહકારી મંડળી તા. માળીયા-હાટીના, જી. જુનાગઢ, કે જે નોંધણી નંબર-૧૧૬૦૬, તા. ૫-૬-૭૨થી નોંધાયેલ છે. તેની ફડચા કામગીરી પુર્ણ થતાં મંડળીની નોંધણી સહકારી કાયદાની કલમ-૨૦(૧)ની જોગવાઈ મુજબ રદ કરવાનો આદેશ કરૂ છું.

જુનાગઢ, ૯ માહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

બી. એન. યાશીક,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

---

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ—૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: હ-૨૮-૮૪-ડી.ડી.પી.-૧૧૮૨-૭૨૫૫-ગ, તા. ૨૨-૩-૮૪.

(૩) આ કચેરીના વર્ગ-૩ના આદેશ નં. જીઉકે-જુના.-ફુટીર ફડચ/૬૫૭/૯૩.— તા. ૧૯-૪-૯૩.

### અંતિમ આદેશ

નં. જીઉકે/જુના/ફુટીર/ફડચ/૬૭/૯૪. —આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં. (ઉદ્યોગ) અને મેનેજર (કેવીસીઆઈ) મને મળેલ અધિકારની રૂએ શ્રી ગાયત્રી પ્રિન્ટીંગ સર્વિસ સહકારી મંડળી લી. મુ. વંથલી, જિલ્લો: જુનાગઢ જે નોંધણીને નં.-ઉ-૫૨૮૨ તા. ૩-૧૦-૮૩ થી નોંધાયેલ છે. તેની ગુજરાત રાજ્ય-ના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ ગયેલ વચગાળાના આદેશને બહાલી રાખી કાયમ કરવા અને તે જ કાયદાની કલમ-૧૦૮ ના આદેશથી નિમ-વામાં આવેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચા)ની નિમણુંક કાયમ કરી ફડચા ની કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવા આદેશ કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટના નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ની ફીની નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ—૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૪/૧૧ માહે ઓકટોબર, સને ૧૯૯૪.

જે. એમ. કટારા,
મેનેજર (કેવીસીઆઈ) અને,
જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં. ઉદ્યોગ,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
જુનાગઢ.

---

વંચાણે લીધાં.—

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧નાં સહકારી મંડળીઓના કાયદાની કલમ- ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યના સહકાર ખાતાના જાહેરનામાં ક્રમાંક હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૫૫/ગ, તા. ૨૨-૩-૮૪.

(૩) સબ-ઓડીટર સહકારી મંડળીઓ(દુધ) વેરાવળ (૧)ના તા. ૩-૧-૯૪ના અહેવાલ નાં. અપણ/ફડચ/૯/૯૩.

(૪) સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ (દુધ) જુનાગઢનો પત્ર નાં. અષા./ખા.અ./૩૦/૯૪, તા. ૩-૧-૯૪.

(૫) આ કચેરીનાં ક્રમાંક; ફડચ ખ-૪/૬૭/૧૭૩૭/૯૩-૯૪, તા. ૨૪-૩-૯૪ની કારણદર્શક નોટીસ.

(૬) આ કચેરીનાં પત્ર નાં. ઉખસ/ફડચ/ખ-૪/૬૭/૧૧/૯૪/૯૫, તા. ૨૫-૪-૯૪ અને તે સંદર્ભમાં મંડળીનાં મંત્રીએ લખેલ પત્ર તા. નીલ.

(૭) આ કચેરીનાં પત્રનાં. ફડચ/ખ-૪/૬૭/૫૫૦/૯૪-૯૫, તા. ૪-૮-૯૪. (રજી. એડી. દ્વારા)

INDEX

વચગાળાનો આદેશ

ક્રમાંક· ઉખસ/ફડચ/ખ૪/છ/૧૧/૭૧૭/સને ૯૪-૯૫.—આથી હું બી. એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહારી મંડળીઓ જુનાગઢ મને સહકારી મંડળીઓનાં કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી બીજ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. બીજ, તા. વેરાવળ, જી. જુનાગઢ કે જે નોંધણી નંબર ૨૩૪૨૧, તા. ૩૦-૬-૮૮થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ ૧૦૭(૧)(એ)(સી)(૨)(૪) અન્વય ફડચામાં લઈ જવામાં આવે છે. તથા જે તે જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો ૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ ;

આ આદેશ સામે મંડળીને વાંધો કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિન ૩૦ ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાનમાં કાંઈ રજુઆત થશે નહીં તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

જુનાગઢ, ૭ માહે ઓકટોબર સને ૧૯૯૪.

———

વંચાણે લીધાં :—

(૧) ગુજરાત રાજ્યનાં સને ૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ—૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યનાં સહકાર ખાતાના જાહેરનામાં ક્રમાંક· હ/૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪.

(૩) સબ-ઓડીટર સહકારી મંડળીઓ, ઉનાનો તા. ૩૦-૭-૯૪નો પત્ર નંબર અપણ/ધ/૧૨/૯૪.

(૪) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ-જુનાગઢનો તા. ૭-૭-૯૪નો પત્ર ક્રમાંક અપણ/૦૧/ગ/-૨/૯૪૮/૯૪.

(૫) આ કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક· ફડચ/ખ-૪/છ/૫૬૩/૯૪-૯૫, તા. ૧૧-૮-૯૪.

(૬) શ્રી સબઓડીટર—સહકારી મંડળીઓ (દુધ) વેરાવળનો તા. ૧-૭-૯૪નો ખાસ અહેવાલ.

(૭) અત્રેની તા. ૨૫-૭-૯૪ની કારણદર્શક નોટીસ ક્રમાંક· ફડચ/ખ૪/૧૬૩/૯૪.

વચગાળાનો આદેશ

ક્રમાંક· ઉખસ/ફડચ/ખ ૪/૭૧૮ તથા ૧૦૦૮/સને-૯૪, આથી હું, બી. એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ-જુનાગઢ મને સહકારી મંડળીઓનાં કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી મોતીસર તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મોતીસર, તાલુકો· ઉના, જી. જુનાગઢ, કે જે નોંધણી નંબર-૨૧૨૯૧, તા. ૧૮-૧૨-૮૫ તથા (૨) શ્રી કુકસવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. કુકસવાડા, તા. માળીયાહાટીના જી. જુનાગઢ કે જે નોંધણી નંબર· ૮૩૧૯, તા. ૯/૪/૮૫થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૧૦૭(૩) તથા તે જ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી-(ફડચો) નં. ૧, લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ.—આ આદેશ સામે મંડળીને વાંધો કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિન-૩૦, ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાન કાંઈ રજુઆત થશે નહીં તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતીમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

જુનાગઢ, ૬/૭ માહે સપ્ટેમ્બર/ઓકટોબર સને ૧૯૯૪.

———

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સને-૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાનાં હુકમ નાં. ધખ/૨૭૭/ડીડીસી-૧૧૬૮--૧૮૪૬--બી, તા. ૨૭/૫/૬૮.

(૩) શ્રી રજીસ્ટ્રાર સ.મં.ગુ.રા. ગાંધીનગરનાં પરીપત્ર ક્રમાંક· વહર/૨૮૦/અ/૩૨૧૪, તા. ૩/૧૧/૭૨.

(૪) આ કચેરીનાં વચગાળાના આદેશનાં. ઉખસ/ફડચ/ખ૪/છ/૫૫૯/, સને ૯૪-૯૫ તા. ૧૧/૮/૯૪.

અંતીમ આદેશ

ક્રમાંક / ઉખસ/ફડચ / ખ--૪/છ / ૨૧ / ૯૪૩૩ / ૭૨૯/—સને—૯૪/૯૫,—આથી હું, બી. એન. યાજ્ઞીક, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ અધિકારની રૂએ શ્રી વિરપુર તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. વીરપુર, તાલુકો·—વિસાવદર, જી. જુનાગઢ જે નોંધણી નાં ૧૭૮૭૧, તા. ૩૦/૬/૮૧થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યનાં સને-૧૯૬૧નાં સહકારી મંડળી જોગા કાયદાની કલમ-૧૦૭ (૧)(સી) અન્વયે ફડચામાં લઈ જવા અને તે જ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ઉકત વંચાણે લીધા ક્રમ (૪) વાળા આદેશથી નિમવામાં આવેલ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો—૧) લગત આ કચેરીની નિમણુંક કાયમ કરી ફડચાની કામગીરી નિયત સમયમાં પુર્ણ કરવા આ અંતીમ આદેશ કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીના તમામ પ્રકારના ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ—૧૧૪, અનુસાર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૭ માહે ઓકટોબર સને ૧૯૯૪.

———

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજ્યના સને સહકારી મંડળીઓના કાયદાની ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. ગુજરાત રાજ્યના ખેતીવાડી અને સહકારી ખાતાના નં. ધખ-૨૭૭-ડીડીસી-૧૧૬૮-૧૮૪૯૬-બી, તા. ૨૭/૫/૬૮.

INDEX

૩. શ્રી રજીસ્ટ્રાર સ.મ. ગુ. રા. ગાંધીનગરનાં પરીપત્ર ક્રમાંક/વહર/૨૮૦/અ/૩૨૧૪, તા. ૩-૧૧-૭૨.

૪. આ કચેરીના વચગાળાના આદેશ નં. ઉખસ-ફડસ-૯૫૨-ખ-૪/૯૪ તા. ૧/૮/૯૪.

ક્રમાંક/ઉખસ-ફડચ-૯૪૩૦-ખ૪-છ-૯૯૯૯/૯૪-૯૫—આથી હું બી. એન. યાજ્ઞીક જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ અધિકારની રૂએ શ્રી ઈન્દીરા ગાંધી મહીલા શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. જુનાગઢ, તા. જીલ્લો જુનાગઢ જે નોંધણીના ૫૫૪૩ તા. ૧૨-૨-૮૯ થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજયના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૩ સી(૧) અન્વયે ફડચામાં લઈ જવા અને તે જ કાયદાની કલમ ૧૦૮ (૧) તા. ૧-૮-૯૪ ના આદેશથી નિમવામાં આવેલ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો-૧)ની નિમણુક કાયમ કરી ફડચાના કામગીરી સમયમાં પુર્ણ કરવા આદેશ કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મોકલી મંડળીની ફડચા ફીની નિયત ઘોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૪૪ અનુસાર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

ડો. બી. એન. યાજ્ઞીક,
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ,-જુનાગઢ.

---

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ

જિલ્લો : જુનાગઢ....

| ક્રમનં. ૧ | મંડળી ની નોંધણી નંબર અને તારીખ ૨ | મંડળીનું નામ ૩ | મયાદિત સ્થળ ૪ | |
|---|---|---|---|---|
| ૧. | નધણ/ખ-૨/સેદુ૨૭૪૫૪/૧૯૮૬ ૯૪, તા. ૨૩/૯/૧૯૯૪. | શ્રી મઢડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. | મઢડા | કેશોદ |
| ૨. | નં. નધણ/ખ-૩/સેદુ/૨૭૫૫૫/૧૯૮૨ ૯૪/ તા. ૨૩/૯/૧૯૯૪ | શ્રી ઢાંઢાવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. | ઢાંઢાવાડા | મેંદરડા |
| ૩. | નં. નધણ/ખ૩/ધ/૧૩૮૫૬/૧૯૯૪ તા. ૨/૧૦/૧૯૪. | શ્યામ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. | કેશોદ | કેશોદ |
| ૪. | નં.નધણ/ખ-૩મત્સ્ય. ૨૭૪૫૬ ૯૪/૧૯૯૪, તા. ૩/૧૦/૯૪. | જય ખોડીયારમાં મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી. | વેરાવળ | વેરાવળ |

(સહી) અવાચ્ય
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, જુનાગઢ.

---

વાંચણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના ખેતી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએ૨/૨૪/૯૧ડીઈસી/ ૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) આ કચેરીના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ-ગ-૨ ૪૫૧૦/૯૪થી તા. ૯/૬/૯૪ના હુકમ.

(૩) શ્રી ખાસ મદદનીશ નિબંધક સ.મં. દુધ સુરેન્દ્રનગરની કચેરીના તા. ૨૫/૬/૯૪ના પત્ર ક્રમાંક ફડચ/ખ/૧૧/૯૪.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ—ગ—૨—૫૮/૯૪.—

શ્રી આદલસર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. આદલસર તા. લખતર જિ. સુરેન્દ્રનગર કે જેનો નોંધણી ક્રમાંક : સે. ૨૫૫૩૫ તા. લખતરથી નોંધાયેલ છે. જે સહકારી સંસ્થા છે. સદરહુ મંડળીને નીચે જણાવેલ કારણોસર ફડચામાં લઈ જવા અંગે વાંધાણે લીધા અનુ. નં. ૨થી વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને તેની સામે સંસ્થાના હોદેદારોએ અત્રેની કચેરીએ નિયત કરેલ તારીખે અને સમયે રજુઆત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી તે અન્વયે મંડળ નીચેના કારણોસર સહકારી કાયદાની કલમ-બી-૧૦૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફડચામાં લઈ જવા અંગેનો હુકમ કરવામાં આવે છે.

આમ ઉપરોકત સંજોગો જોતાં મંડળીને સહકારી કાયદાની કલમ ૧૦૩ અન્વયે ફડચામાં લઈ જવા અંગે આ કચેરી તરફથી તા. ૯-૬-૯૪ના હુકમ ક્રમાંક : ફડચ-ગ-૨/૪૫૧૦/૯૪થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ તેની સામે મંડળીને કોઈ વાંધો હોય તો આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ લેખીતમાં તેમજ મૌખિકમાં રૂબરૂ જને હાજર થઈ રજુઆત કરવા માટેની તક આપવામાં આવેલ હતી. પરંતુ મંડળી તરફથી સદરહુ સમય દરમ્યાન અત્રેની કચેરીએ સદરહુ હુકમ સામે વાંધા કે લેખીત રજુઆત અને રૂબરૂ હાજર થઈ કરવામાં આવેલ નથી. તેથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૦૩ અન્વયે ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવેલ છે. અને તે જ કાયદાની કલમ ૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૨ લગત જિલ્લા રજી. સ.મં. સુરેન્દ્રનગરની નિમણુક કરવામાં આવે છે. અને સદરહુ મંડળીને ફડચામાં લઈ જવા અંગે જે વચગાળાનો આદેશ કરવામાં આવેલ તે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૬ માહે ઓગષ્ટ, સને ૧૯૯૪.

(સહી) અવાચ્ય
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.



INDEX

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ની કલમ ૯(૧) (અ) મુજબ આજરોજ નોંધણી કરેલ છે.

જીલ્લો : જુનાગઢ.

| ક્રમાંક | મંડળીની નોંધણી નંબર અને તારીખ | મંડળીનું નામ | મર્યાદિત સ્થળ | તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | |
| ૧. | જા.નં. જી.ધ./સહ./૨૬૨૮/સને-૧૯૯૪ તા. ૨૯/૯/૧૯૯૪. | શ્રી કેશોદ વાહનવાહક સહકારી મંડળી લી. ખીરસરા ઘેડ | ખીરસરા | કેશોદ |
| ૨. | જા.નં. જી.પં./સહ/૩૬૬૫૫/સને-૧૯૯૪ તા. ૨૯/૯/૧૯૯૪ | શ્રી માલજીંજવા નાનાખેડુત સહકારી ખેતીવીયત મંડળીલી. | માલજીંજવા | તાલાલા |
| ૩. | જા.નં. જી.પં./સહ/૧૭૮૭૨/સને-૧૯૯૪ તા. ૨૯-૯-૯૪ | શ્રી ગજુરગ વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. | સુરવા | તાલાલા |
| ૪. | જા.નં. જી.પં./સહ/૧૭૯૪૭/સને-૧૯૯૪ તા. ૨૯-૯-૯૪ | શ્રી ભીમરાવ મલ્ટીયોદ્યોગ સેવા સહ.મં.લી. | ડારી | વેરાવળ |
| ૫. | જા.નં. જી. પં./સહ/૧૭૯૪૮/સને-૧૯૯૪ તા. ૨૯-૯-૯૪ | શ્રી ડારી સેવા સહકારી મંડળી લી. | ડારી | વેરાવળ |

જુનાગઢ, ૨૯ મોહે સપ્ટેમ્બર સને ૧૯૯૪.

જે. એલ. ઠાકર,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સ. મં., જિ. ધં.,
જુનાગઢ.

---

**સને ૧૬૯૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.**

**નં. સે-હુ. ૨૭૫૩૬ તા. ૩૦-૯-૯૪ આથી જાહેર કરે છે કે શ્રી જેતપરડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી . મર્યાદિત .સ્થળ: જેતપરડા, તાલુકો વાંકાનેર જીલ્લો : રાજકોટ.**

**નં. સે.હુ. ૨૭૫૩૫ તા. ૩૦-૯-૯૪ આથી જાહેર કરે છે કે નોંધણીયેારા દુધ ઉત્પાદક :સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ: નોંધણીયેારા, તાલુકો: કોટડાસાંગાણી જીલ્લો: રાજકોટ.**

**પી. ડી. રાવલ,**
**જીલ્લા રજીસ્ટ્રાર,**
**સહકારી મંડળીઓ, રાજકોટ.**

---

**ક્રમાંક: નધણ/ધ/૧૩૨૬૫/ખ-૩/૬૬૩/૯૪, તા. ૧૧-૧૦/૯૪ નં. જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી મંગલમ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી :લી. મયા.સ્થળ: મહુવા તાલુકો: મહુવા જીલ્લો: ભાવનગર**

**ક્રમાંક: :નધણ/ઉ-૯૧૫૫/ખ-૩/૬૪૭/૯૪, તા. ૫-૧૦-૯૪ જિલ્લા રજિસ્ટાર, :સહકારી મંડળીઓ ભાવનગર, આથી જાહે કરે છે કે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ વિભાગીય કોટન સેલ્સર એન્ડ પ્રોસેસીંગ સહકારી મંડળી લી. :મર્યા. સ્થળ: કુભવા, તાલુકો સિહોર, જીલ્લો: ભાવનગર.**

**કે. બી. ઉપાધ્યાય,**
**જિલ્લા રજસ્ટ્રાર,**
**સહકારી મંડળીઓ, ભાવનગર.**

---

**ક. નધણ/ચ/૨૫૩૬/૯૪, તા. ૬-૧૦-૧૯૯૪,—જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી. આથી જાહેર કરે છે કે શ્રી ઈકોનોમીક વેલફેર બચત અને ધીરાણ કરનારી સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ: બાબર તા. બાબરા, જિ. અમરેલી. નોંધણી નંબર :ખે.શં. ૨૬૦૦૨, તા. /૧૦/૯૪.**

**નં. નધણ/ક-૩/૨૩૦૨/૯૪, તા. ૭-૧૦-૯૪, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર આથી જાહેર કરે છે કે શ્રી સનરાઈઝ કો.ઓપરેટીવ હાઉસીંગ લી. સ્થળ: જામનગર. તા. જી. જામનગર. નોંધણી નં. ૬૬૨૪ છે.**

**(સહી) અવાચ્ય.**
**જિલ્લા રજીસ્ટ્રાર,**
**સહકારી મંડળીઓ, જામનગર.**

---

Printed at the Government Press Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this publication accompanied
by the Wrapper.

INDEX

REGISTERED No. G.R.J.-24

©

# The Gujarat Government Gazette

*SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION*

*PUBLISHED BY AUTHORITY*

VOL. XXXV ] THURSDAY, 8th DECEMBER, 1994/AGRAHAYANA 17, 1916 [No. 49

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

## PART-I

| | Pages |
|---|---|
| PART-I—Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneons Notification Appointments etc. .. .. | 622—623 |
| PART-I-A—Orders and Notificatios (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audit Acts. — — — | Nil |
| PART-I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only — | |
| Supplement | 468—472 |
| PART-II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. . | 527—529 |
| PART-III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. — — | — |



INDEX

# Government Notification, Orders, Appointment, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION NOTIFICATIONS

**Miscellaneous Notification Appointments etc.**

### NOTIFICATION

### BY THE DISTRICT JUDGE

No. U.HC/39/B.8(2)/3/5/of 1994.—The following Judicial Officers of the Kachchh District have been prevented from availing of the Diwali Vacation for the Year 1994, commencing from 7-11-1994 to 13-11-1994 (both days inclusive), for the Period shown against their names in Column No. 3.

| Sr.No. | Name & Designation of the Judicial Ofiicers | Period from which prevented | | |
|---|---|---|---|---|
| | | From | To | Days. |
| 1 | 2 | | 3 | 4 |
| 1. | Mr. V. S. Shinde.<br>Civil Judge (S. D.), Bhuj. | NIL. | | |
| 2. | Mr. J. R. Shah<br>Chief Judicial Magi. Bhuj. | NIL. | | |
| 3. | Mr. C. K. Solanki<br>2nd Jt. Civil Judge (S.D.) Bhuj. | 8-11-94 | to 13-11-94 | 6 Days. |
| 4. | Mr. R. M. Sareen.<br>1st Jt. Civil Judge (J.D.) & J.M.F.C., Bhuj. | NIL. | | |
| 5. | Mr. B. B. Pathak.<br>2nd Jt. Civil Judge (J.D.) & J.M.F.C., Bhuj | 7—11—94 | to 13—11—94 | 7 days. |
| 6. | Mr. N.T. Solanki.<br>3rd Jt. Civil Judge (J.D.) & J.M.F.C., Bhuj | 7—11—94 | to 13—11—94 | 7 days. |
| 7. | Mr. S. M. Singal<br>4th Jt. Civil Judge (J.D.) & J.M.F.C., Bhuj. | 7—11—94 | to 13—11—94 | 7 days. |
| 8. | Mr. M. J. Mehta<br>Civil Judge (J.D.) & J.M.F.C., Bhauchau. | 7—11—94 | to 13—11—94 | 7 days |
| 9. | Mr. J. K. Thoria.<br>Civil Judge (J.D.) & J.M.F.C., Rahpar. | 7—11—94 | to 13—11—94 | 7 days |
| 10. | Mr. K. G. Patel<br>Civil Judge (J.D.) & J.M.F.C., Gandhidham. | 7—11—94 | to 13—11—94 | 7 days |
| 11. | Mr. V. M. Chavda.<br>Jt. Civil Judge (J.D.) & J.M.F.C., Gandhidham | 7—11—94 | to 8—11—94 | 2 days |
| 12. | Mr. J. C. Makwana<br>Civil Judge (J.D.) & J.M. F. C., Anjar. | 7—11—94 | to 13—11—94 | 7 days |
| 13. | Mr. M. K. Dave<br>Civil Judge (J.D.) & J.M.F.C. Mandvi | 7—11—94 | to 13—11—94 | 7 days. |
| 14. | Mr. D.T. Garasia<br>Civil Judge (J.D.) & J. M. F. C., Mundra. | 7—11—94 | to 13—11—94 | 7 days |
| 15. | Mr. D.D. Rajput.<br>Civil Judge (J.D.) & J.F.M.F.C., Nakhatrana | 7—11—94 | to 13—11—94 | 7 days |

Bhuj, 15th November, 1994.

N. S. MOGHE,
District Judge, Kachchh
at Bhuj.

**Printed at the Government Press, Rajkot**
**Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.**

INDEX

REGISTERED No G.RJ.-24

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXV ] THURSDAY, 15th DECEMBER, 1994/AGRAHAYANA 24, 1916 [No. 50

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| | Pages |
|---|---|
| PART-I—Government Notifications, Appointments, Promotions, Leave of absence, Rules and Orders (Other than those published in Part-I-A, IV-A, IV-B and IV-C) List of publications for sales etc. | |
| Miscellaneons Notification Appointments etc. .. .. | 624—625 |
| PART-I-A—Orders and Notificatios (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards. Village Panchayats, Municipals Boroughs, Districts Municipals Primary Education and Local Fund Audits Acts. .. .. .. | Nil |
| PART-I-B (Supplement) Government Notifications published under Land Acquisition Act only .. | |
| Supplement .. .. .. | 473—474 |
| PART-II-Miscellaneous Notices, advertisements, List of Books Sanctioned by the Director of Education List of Jurors, Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc. .. | 530—533 |
| PART-III-Miscellaneous Supplement Season and Crop Reports Prices Current, Rainfalls Returns District Local Boards Accounts, etc. .. .. | — |

# Government Notifications, Orders, Appointments, etc

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATIONS

### Miscellaneous Notifications, Appointments etc.

BY THE ASSISTANTS JUDGE

**OFFICE ORDER**

N. B/52/1994,- In view of section 40 of the Civil Courts Act and in exercise of the Powers conferred on him under provisions contained in para--539 of chapter—XXVIII of Civil Manual Vol. I. the under signed is pleased to empower Mr. A. U. Trivedi working as Clerk of the Court in this offlce whith the following powers from 10-11-1994.

(1) To receive and register appeals and papers accompanying them.
(2) To sign rojnama.
(3) To sign and serve the summons and notices.
(4) To satisfy himself as to the correctness of copies and mark the original documents for the purpose of identification.
(5) To receive application for summonses. In addition to the above powers, he is empowered to perform the following - duties.

(i) Authenticate translation (ii) to sign receipt for papers received in this court (iii) to have charge and affix the seal of the court, (iv) to sign registers and both of proceedings and notices on the notice board,(v) to received and register all applications and papers accompanying them being bound to refer such as he considers should be refused for amendment for the order of the judge, (iv) to receive and dispose of all merely formal applications which are presented in due time and must prima facie be granted as a matter of course i.e. application for adjournment on the ground that summons were not served or that service on the legal representative of a dead, defendant or guardian ad-litem of minor defendant or with consent of both the parties that a compromise be expected and (vii) in the temporary absente of the Judge ajourn proceedings, make orders for the attendance of the witnesses and take bail from the apprehended witnesses, and (viii) arrange the board of appeals for hearing.

In the temporary absence of Mr. A. U. Trivedi, Clerk of the Court, Mr. M. J. Joshi, Nazir, of this court and in absence of of Mr. Trivedi, Mr. M.J. Joshi, Mr. P.R.Bhatt; Sr. Clerk of this court shall perfom the above duties.

Porbandar, 10th November, 1994.

W. A. URAIZEE
Assistant Judge,
Porbandar.

---

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણ : ક્રીમીનલ મેન્યુઅલના પ્રકરણ--૨ના પેરા--૧૬-(૨).

હુ ક મ

નાં. એમ.એ. જી.,- પાવર્સ--૧૨૦૪--ક્રિમીનલ પ્રોસીજર કોડ--૧૯૭૪ની કલમ -૨૦ ની પેટા કલમ -૧ તથા ક્રીમીનલ મેન્યુઅલના પ્રકરણ--૨ના પેરા- ૧૬ (૨) અન્વયે મને મળેલ અધિકારની રૂએ હુ એન. પી. ઠાકર, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ભુજ, જીલ્લો કચ્છ. આથી ક્રી ડી. આર. જોષી, શીરસ્તેદારને ચાર્જ લીધાની તારીખથી નીચે પ્રમાણે સત્તા સોંપું છું.

૧. સાક્ષીઓને પ્રતિવાદીઓને મોકલવામાં આવતાં સમન્સ પર સહી કરવી.
૨. સમન્સની બજવણી કરવી.
૩. સમન્સની અવેજીમાં રજુ થતાં પત્રો પર સહી કરવી.
૪. રજુ થયેલ કાગળોની નકલોમાં ખરાપણા અંગે ખાત્રી કરવી અને અસલ દસ્તાવેજોની ઓળખ માટે તેમના ઓળખની ખાત્રીઓ કરવી.
૫. સાક્ષીઓને સમન્સ મોકલવા વિષેની અરજીઓ સ્વીકારવી.
૬. આમારી ગેરહાજરીમાં કાર્યવાહીની મુદત લંબાવવી સાહેદો અને પક્ષકારોને ફરી હાજર થવા માટેના હુકમો કરવા.
૭. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની મંજુરીની શરતે હુકમો તથા દસ્તાવેજોની નકલો આપવી.

ભુજ, ૯ માહે નવેમ્બર સને ૧૯૯૪.

એન. પી. ઠાકર,
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,
ભુજ.

---

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication Accompanied
By the Wrapper.

INDEX